# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
ઓકટોબર - ૨૦૧૬
અંક : ૪૬૧


(કુલ પાના : ૧૧૬)



: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત'નાં શ્રેષ્ઠ સૌંદર્યલક્ષી પ્રકાશનો




આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.







## 'નવનીત'નાં 'નામાવલી'નાં મોહક પ્રકાશનો

આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.







## 'નવનીત'નાં 'વાનગી' ઉપર શ્રેષ્ઠ પ્રકાશનો

- અનેરી વાનગીઓ
- અનેરી શાકભાજીઓ
- અનેરી લો કૅલરી વાનગીઓ
- અનેરી ચાઈનીઝ એન્ડ મૅક્સિકન
- અનેરી પનીર વાનગીઓ
- અનેરી ઈઝી ટુ કુક ફોર ટીનએજર્સ
- અનેરી જૈન વાનગીઓ
- વન્ડરફૂલ ડેઝર્ટ
- વન્ડરફૂલ માઈક્રોવેવ વાનગીઓ

આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

(આ બધાં પ્રકાશનો અંગ્રેજી, હિન્દી તથા મરાઠી ભાષાઓમાં પણ મળે છે.)

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**


## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સત્ સત્ નમન

● કચ્છ ગામ ●
ગોધરા



● હાલ ●
અમદાવાદ

# સ્વ. શ્રી મણીલાલ કુંવરજી ગોસર

**અરિહંત શરણ : તા. ૩૦-૧૦-૨૦૧૫**

## વસમી વિદાયને વિત્યું એક વર્ષ

સદેહે આપે લીધી છે વિદાય, અમહૃદયમાં આપ છો સદાય...
આપનું રક્ત અમારા તનમાં, આપની શીખ અમારા કર્મમાં...
આપનો વાત્સલ્ય અમારા વેણમાં... આપની યાદ આવે છે પળપળ,
આંખેથી અશ્રુઓ વહે છે દળદળ...

**આપનો આત્મા પરમશાંતિને પામે,**
**એ જ પ્રભુને પ્રાર્થના સહ અંતરભીની આદરાંજલી.**

**લિ. આપના જ લાડકવાયા**

**પુત્ર : મનીષ મણીલાલ ગોસર**
**પુત્રવધૂ : સ્વીટી મનીષ ગોસર**
**પૌત્ર : હેતાંશ મનીષ ગોસર**

# શ્રદ્ધાંજલિ

વાવ્યું તમે, લણ્યું અમે. સંઘર્ષ તમે કર્યાં, ફળ અમને મળ્યું.
સેવા તમે કરી, સન્માન અમને મળ્યું. ભક્તિ તમે કરી, પુણ્ય અમને મળ્યું.

**જન્મ**
**તા. ૨૪-૦૯-૧૯૫૨**
**કચ્છ તુંબડી**





**સ્વર્ગવાસ**
**તા. ૧૫-૧૦-૨૦૧૫**
**અમદાવાદ**



## સ્વ. નરેન્દ્ર છગનલાલ શાહ

**જીવન તમારું ખુલ્લી કિતાબ જેવું, અમારા માટે ગીતાની માર્ગદર્શિકા જેવું...**
**આપની સરળતા, કર્તવ્યનિષ્ઠા, પારદર્શિતા, વિનમ્રતા, આત્મીયતા,**
**પરોપકારી જીવન, અનંત પુરુષાર્થના સ્વામી અને**
**દરેક સમસ્યાના માર્ગદર્શક તરીકે આપ અમારા હૃદયમાં અંકિત રહેશો.**
**કોઈ અંગત વગર કેટલી અધૂરી છે જિંદગી, હવે તમારી સ્મૃતિઓનો ખજાનો એ જ અમારો સંગાથ છે.**
**અમારા પરિવારના આધારસ્તંભ એવા તમે અમારા દિલમાં અમારા કર્મોમાં સદાય જીવંત રહેશો.**

**પ્રભુ તમારા દિવ્યાત્માને શાશ્વત સુખ શાંતિ આપે એવી પ્રાર્થના.**

લિ.

**તરૂલતા નરેન્દ્ર શાહ**

**પુત્ર - પુત્રવધૂ**
કુણાલ – આશકા
પુનિત – ભાવિકા
**દીકરી-જમાઈ**
જાગૃતિ ચંદ્રશીલ મહેતા


**ભાઈ - ભાભી**
સ્વ. શાંતિભાઈ – કમલબેન
જવાહરભાઈ – મૃદુલાબેન
**કાકી :** ગુલાબબેન ચંદુલાલ શાહ
સુનિલભાઈ – અલકાબેન

**બેન - બનેવી**
સ્વ. સુશીલાબેન – સ્વ. ધીરજલાલ શાહ
રવ. પ્રેમીલાબેન છગનલાલ શાહ
સ્વ. હંસાબેન – સ્વ. નરેન્દ્ર શાહ

**પૌત્ર - પૌત્રી :** વિર, કશ્વી ● **દોહિત્રી :** ક્રિષા, કવિષા

**છગનલાલ સાકરચંદ શાહ પરિવાર – વીરચંદ (પૂનમભાઈ) આશકરણ શાહ પરિવાર**

**INDOTEX PAINTS PVT. LTD. - AHMEDABAD**


સનગ્લાસ
કલેક્શન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR
EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***— મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- વિશ્વ વિભૂતિઓ અને વૈશ્વિક પર્વો ..... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૧૧

**લેખ વિભાગ**

**કચ્છ વિશેષ**

- કચ્છી બોલીના ધ્વનિ તંત્રમાં 'હ્રસ્વ ઈ'નું મહત્ત્વ ..... મહેન્દ્ર દોશી ..... ૧૩

**કચ્છી કથા**

- કપૂરી અને કારાયેલ ..... સ્વામી સચ્ચિદાનંદ ..... ૧૫

**ગાંધી વિશેષ**

- બે સત્પુરુષોનું સુભગ મિલન ..... શાંતિલાલ ગઢિયા ..... ૧૮
- હિંદ સ્વરાજ : ગાંધીના અપેક્ષિત સમાજથી વેગળી વાસ્તવિકતા .... ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય ..... ૧૯
- ગાંધી ક્યાંક હશે ભારતમાં ..... ડૉ. ચંદ્રકાંત મહેતા ..... ૨૦
- એક પુસ્તકની જાદુઈ અસર ..... લેખક : મોહનદાસ ક. ગાંધી ..... ૨૧
  સંપાદક : મહેન્દ્ર મેઘાણી
- એક ઐતિહાસિક ભાષણ : કરેંગે યા મરેંગે ..... લેખક : મોહનદાસ ક. ગાંધી ..... ૨૩
  સંપાદક : રમેશ સંઘવી
- ક્રાંતિકારી ગાંધી વિચાર ..... લેખક : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ..... ૨૫
  સંપાદક : રમેશ સંઘવી
- ગાંધી તરફ પાછું મોં ફેરવીએ ..... લેખક : પુરુષોત્તમ માવલંકર ..... ૨૯
  સંપાદક : રમેશ સંઘવી
- તમારાં હૃદય કુસુમ વિકસાવો ..... કેશુભાઈ દેસાઇ ..... ૩૦

**સરદાર વિશેષ**

- ૫૬૫ સફરજનોની ટોપલી ..... જિતેન્દ્ર પટેલ ..... ૩૧
- 'સરદાર'નો જનક બારડોલી સત્યાગ્રહ ..... પ્રસાદ બ્રહ્મભટ્ટ ..... ૩૮
- સરદારના મતે સાચું શિક્ષણ ..... અંબેલાલ ગોપાળજી દેસાઈ ..... ૩૯

**વ્યક્તિ વિશેષ**

- બોફોર્સ સમયે સ્વીડનમાં ભારતના એક પ્રામાણિક રાજદૂત
  કચ્છ ભુજના - શ્રી ભૂપતભાઈ ઓઝા (IFS) ..... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૪૨
- ગર્ભપીઠથી વ્યાસપીઠ સુધીના ભાગવત યાત્રી
  ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા ..... ભદ્રાયુ વચ્છરાજાની ..... ૪૩
- કચ્છી ક્રિકેટ સમીક્ષક : આણંદજી ડોસા ..... ભરત'કુમાર' પ્રા. ઠાકર ..... ૪૫
- શ્રી મધુસૂદન ઢાંકીની મુલાકાત ..... હિના શુક્લ ..... ૪૭
- અગ્નિ પરીક્ષાના પંથે : હિલેરી ક્લિન્ટન ..... રક્ષા મ. વ્યાસ ..... ૪૮

**વાર્તા**

- ગોમતી મા ..... જોગેશ્વરી છાયા ..... ૫૦
- ત્યાં સ્વર્ગ છે! ..... ફાધર વર્ગીસ પોલ ..... ૫૧

**લલિત નિબંધ**

- સરગવો પાડે છે સાદ ..... રમેશ ર. દવે ..... ૫૬

**જીવન દર્શન**

- નફરત કો પ્યાર મેં બદલો : ક્ષમા વીરસ્ય ભૂષણમ્
  માનવતાની એક મહેંક ..... કુલીનકાંત ચાંપશી લુઢિયા ..... ૬૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ০૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ০૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ০૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**ધર્મ**
- ભગવાન મહાવીરના ઉપદેશમાં ત્યાગ - સંયમ જીવાદિ પદાર્થોના સ્વરૂપની પ્રધાનતા છે.. ........ **મહાભાઈ આર. વોરા** ...... ૬૧
- મિચ્છામિ દુક્કડમ્ : માફ કરી દેવાની ઉમદા પ્રણાલી ................................ **યશ રાય** ...... ૬૨

**વિજ્ઞાન**
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ : દૂરગામી અસરો ........................................**નીતિન શુક્લ** ...... ૬૩
- અવકાશનું ડ્રીમ ચેઝર ............................................................ **વિહારી છાયા** ...... ૬૫

**આરોગ્ય**
- આંખ નીચેના કાળા કૂંડાળા દૂર કરી ચહેરાનું લાવણ્ય નિખારો ........................................ ૬૭
- સુસ્વાસ્થ્યસભર જનતા એ દેશની મૂડી છે .................................... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ...... ૬૮

**સહકારી પ્રવૃત્તિ**
- સાર્વત્રિક વિકાસના અમોઘ શસ્ત્ર તરીકે સહકારી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીએ .. **ડૉ. કિશોર સાધુ** ...... ૬૯

**માહિતી**
- રાષ્ટ્રગીતને કોઈ નકશો નથી ........................................................................ ૭૧

**સમાજ ચિંતન**
- સંસ્કાર કોઈની ઠેકેદારી નથી ................................................ **રસિક મહેતા (પારેખ)** ...... ૭૨

**સંસ્મરણ**
- ગરીબની એક રાતની ઊંઘ............................................................ **ધીરુબેન પટેલ** ...... ૭૩

**મંથન**
- આ દેશની પ્રજાને ટોળું બનવાનો લાગેલ મહારોગ ................................**આકાશ પટેલ** ...... ૭૪
- સેકન્ડ ઈનિંગ ઑફ ધ લાઈફ ............................................... **અશોક વાડીલાલ શાહ** ...... ૭૫
- સાચા અર્થમાં માતા-પિતા બનીએ................ **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ (ગડા)** ...... ૭૬
- ચાલો ગામડે રહેવા જઈએ ............................................ **ડૉ. વલ્લભભાઈ કથીરિયા** ...... ૭૮
- વરિષ્ઠ નાગરિક : ચિત્તને પીડિત કરે એવી એક અવસ્થા ........................ **દિનકર જોશી** ...... ૭૯
- સ્ત્રી સંવેદનાની કશ્મકશ : સ્ત્રી પોતાના પૈસાનું રોકાણ જાતે ન કરી શકે? ..... **અમિતા મહેતા** ...... ૮૨

**ચિંતન**
- જાત સાથે જીવવાનો આનંદ ................................................ **ડૉ. કાલિન્દી પરીખ** ...... ૮૩
- ભૂખ : સૌથી મોટો રોગ છે ................................ **કાનજી જે. મહેશ્વરી 'રિખીયો'** ...... ૮૪

**હાસ્યની ક્ષણોમાં**
- બળ્યો આ વરસાદ!................................................**ડૉ. નલિની ગણાત્રા** ...... ૮૫
- રામકથાનું એક પૃષ્ઠ ............................................................ **કૃષ્ણ પંડિત** ...... ૮૭

**હળવાશની ક્ષણોમાં**
- બાલુડેં જ્યું ગાલિયું................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ...... ૮૮

**નિયમિત વિભાગો**
- આંજો કાગર ........................................................................................ ૮૯
- અન્ય સંસ્થાઓના સમાચાર ........................................................................ ૯૧
- *Nano Nine* શબ્દ રમત-૧૨૧ ................................ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૯૩
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૭૮).................... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૯૫
- જાણવા જેવું.................................................. **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૯૭
- વલોવતન ................................................ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૯૯
- શિક્ષણ તથા સર્વાંગી સમિતિના સમાચાર .................................................. ૧૦૧
- સમાજ દર્પણ ...................................................................................... ૧૦૩
- સંસ્થા સમાચાર .................................................................................. ૧૦૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ...................................... ૧૦૯
- ઊડતી નજરે ...................................................................................... ૧૧૦

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## વિશ્વ વિભૂતિઓ અને વૈશ્વિક પર્વો

ઑક્ટોબર મૂળ ગ્રેગરિયન કૅલેન્ડરનો આઠમો માસ હતો. પાછળથી વર્ષ દસ મહિનાને બદલે બાર મહિનાનું ગણવાની શરૂઆત થતાં એ દસમો મહિનો બની રહ્યો. આ મુદ્દે ભારતીય કાલગણના શરૂથી જ વધુ વૈજ્ઞાનિક હતી. આખી દુનિયાએ એક સરખી પાશ્ચાત્ય કાલગણના સ્વીકારી ત્યારથી આપણે ભારતીયો પણ એમને અનુકૂળ થઈ ગયા. કદાચ એ પણ કાળનો જ પ્રભાવ હશે! આપણા ચાતુર્માસ ઉર્ફે ચોમાસાનો આ અંતિમ તબક્કો છે. સામાન્ય રીતે વિક્રમ સંવતના સૌથી મહત્ત્વના પર્વ દીપોત્સવી સાથે ચોમાસું પૂરું થાય છે અને શિયાળાનો પ્રારંભ થાય છે. પાશ્ચાત્ય કૅલેન્ડર મુજબ દિવાળી મોટેભાગે ઑક્ટોબરના અંતમાં કે નવેમ્બરના પહેલા સપ્તાહમાં આવે છે. આપણી કાલગણનામાં દર ત્રીજા વર્ષે અધિક માસની વ્યવસ્થા હોવાથી તિથિ-તારીખ વચ્ચે સામ્ય નથી જળવાતું પણ ઓગણીસ વર્ષે તિથિ અને તારીખ એક સાથે આવી જાય છે. આ વર્ષે દિવાળી પછી બેસતા વર્ષના પ્રથમ દિવસે પૂર્ણ થતા ઑક્ટોબરમાં બે મહાપુરુષોની જન્મતારીખ પણ આવી જાય છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલ ભારતની આઝાદીની લડાઈના સેનાપતિ તો હતા જ, તદુપરાંત એમના સાદગીપૂર્ણ જીવન અને રાષ્ટ્ર નિર્માણની ભૂમિકાને લીધે બેઉની ગણતરી યોગ્ય રીતે જ ભારતીય ઇતિહાસના મહાનાયકો તરીકે થતી રહી છે. બીજી ઑક્ટોબર એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું પ્રાગટ્ય પર્વ. ભારતીય તિથિની રૂએ ભાદરવા વદ બારસને ગાંધીજીના જન્મદિન તરીકે 'રેંટિયા બારસ' તરીકે ઊજવવાનું શરૂ થયેલું. પરંતુ બીજી ઑક્ટોબરને વિશ્વ સ્તરે યુનો દ્વારા વિશ્વ અહિંસા દિવસ સ્વરૂપે માન્યતા પ્રાપ્ત થઇ છે અને 'રેંટિયા બારસ' કાળક્રમે વીસરાતી ગઈ છે. બીજી ઑક્ટોબરે જ વામન કદના વિરાટ લોકનાયક લાલબહાદુર શાસ્ત્રીનો પણ જન્મ થયેલો. આમ એક જ તિથિ રાષ્ટ્રપિતા અને સ્વતંત્ર ભારતના યાદગાર વડાપ્રધાનની જન્મતારીખ સ્વરૂપે ઊજવાય છે. લાલબહાદુર શાસ્ત્રી શુદ્ધ ગાંધીવાદી લોકનેતા હતા. પંડિત જવાહરલાલ નહેરુના નિધન પછી વિટંબણાગ્રસ્ત રાષ્ટ્રનું સુકાન આ સામાન્ય બૅકગ્રાઉન્ડમાંથી આવતા નેતાને સોંપાયું ત્યારે એની કાર્યક્ષમતા વિશે શંકા-કુશંકા પ્રવર્તતી હતી. પરંતુ પાકિસ્તાન સાથેના યુદ્ધમાં એમના દૃઢ સંકલ્પની પ્રતીતિ સ્વરૂપે ભારતીય સેનાએ છેક લાહોર સુધી કૂચ કરીને એમની ઠંડી તાકાતનો પરચો પૂરો પાડ્યો હતો. ગાંધીજીના 'કરેંગે યા મરેંગે' જેવું જ સૂત્ર શાસ્ત્રીએ અનેક મુશ્કેલીઓથી ઘેરાયેલા રાષ્ટ્રની પ્રજા સમક્ષ વહેતું મૂક્યું હતું : 'જય જવાન, જય કિસાન!' તદુપરાંત એમણે દેશને અન્ન સમસ્યામાંથી ઉગારવા સોમવારે એકાસણું કરવાનો વિચાર વહેતો મૂકેલો, તેને પણ પ્રજાએ ઉમળકાભેર વધાવી લીધેલો. ટૂંકા ગાળાના શાસનમાં શાસ્ત્રીજીએ કાળના કપાળમાં પોતાનું અમીટ યોગદાન નોંધાવી અણધારી વિદાય લીધી હતી. તાશ્કંદ કરાર પર હસ્તાક્ષર કર્યા પછી એમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને વિજેતા વડાપ્રધાન વિદેશની ધરતી પર જ કાળનો કોળિયો બની ગયા હતા.

સરદાર પટેલની સાચી જન્મતારીખની તો ખુદ સરદારને પણ ખબર ન હતી. પરંતુ મેટ્રિકની પરીક્ષાનું ફૉર્મ ભરતી વખતે કનૈયાલાલ મુનશીએ એમને જે યાદ આવે તે તારીખ ટાંકી દેવાની સલાહ આપેલી, ત્યારથી એમની રજિસ્ટર્ડ જન્મતારીખ ૩૧ ઑક્ટોબર જ ગણાય છે. આ ૩૧ ઑક્ટોબરે જ વર્ષો પછી દેશનાં લોખંડી મહિલા વડાપ્રધાન ઇંદિરા ગાંધીની કરપીણ હત્યા પણ થયેલી તે કેવો જોગાનુજોગ છે! સરદારનું જીવન એક તપસ્વી રાષ્ટ્રનાયક જેવું છે. ગાંધીજીનો પડતો બોલ ઝીલી લેનાર સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના બિસ્માર્ક ગણાય છે. એમણે અંગ્રેજોની કૂટનીતિ મુજબ રજવાડાંને પોતાની મરજી મુજબ ભારત કે પાકિસ્તાન સાથે જોડાવાનો વિકલ્પ મળતાં સરજાયેલી અરાજકતાને લોખંડી મનોબળ વાપરી દબાવી દીધી ન હોત તો દેશના અનેક ટુકડા

થઈ ગયા હોત. સરદાર પટેલનું એ ઐતિહાસિક પ્રદાન કૃતજ્ઞ રાષ્ટ્ર કદાપિ ભૂલી શકશે નહીં. અલબત્ત એમની પ્રતિભાને ઝાંખપ લગાડવાના અનેકવિધ પ્રયાસો થતા રહ્યા છે, પરંતુ સૂરજ છાબડે થોડો ઢંકાય છે? સરદાર વિશે એટલું જ કહેવું પૂરતું થઈ રહેશે : સરદાર એટલે સરદાર! ઑક્ટોબરના આ માસ દરમિયાન આપણી ઓળખ બની રહેલું વિશ્વનું સૌથી દીર્ઘ નૃત્ય પર્વ - શક્તિની આરાધનાનું નવરાત્રી પર્વ પણ આવે છે. ગુજરાતની નવરાત્રીએ હવે તો દુનિયા આખીને ઘેલું લગાડ્યું છે. શરદ પૂનમની રઢિયાળી રાત આપણા લોહીમાં ધબકતા શાશ્વત યૌવનને સંકોરે છે. નવરાત્રીના અંતે વિજયા દશમી — દશેરાનો રાષ્ટ્રીય ઉત્સવ એ દુરિત પર સત્યના વિજયનો ઉત્સવ છે. રાવણનો વધ કરી શ્રીરામે લંકાવિજય કર્યો અને 'જનની તથા જન્મભૂમિને સ્વર્ગથી પણ ચડિયાતાં' ગણી અયોધ્યા ભણી પ્રયાણ કર્યું. રામના અયોધ્યા આગમનને લોકોએ દીપોત્સવ દ્વારા વધાવી લીધો, ત્યારથી દિવાળી ઊજવાતી રહી છે. આ જ દીપોત્સવી ભગવાન મહાવીરના નિર્વાણનું પણ પર્વ છે. આપણા ગુજરાતની જ મહાન આધ્યાત્મિક વિભૂતિ મહર્ષિ દયાનંદ સરસ્વતી પણ દિવાળીના દિવસે જ નિર્વાણ પામ્યા હતા. આ ઑક્ટોબર એ દૃષ્ટિએ જોતાં આવા અનેકવિધ રાષ્ટ્રીય અને આધ્યાત્મિક પર્વોની ફૂલછાબ લઈને આવ્યો છે.

'મંગલ મંદિર'ના સર્વે વાચકોને આ તમામ પર્વો સહિત દીપોત્સવીની અને નવા વરસની આગોતરી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. આગામી નવેમ્બર-૨૦૧૬નો અંક **"કચ્છ : વિકાસ વિશેષાંક"** સ્વરૂપે આપ સૌની સેવામાં સમર્પિત કરવાનો સંકલ્પ કર્યો છે. પુનઃ હાર્દિક શુભકામનાઓ! ■

---

## મંગલ મંદિર : દીપોત્સવી અંક

### "૨૧મી સદીનું કચ્છ"

*મંગલ મંદિરનો નવેમ્બર-૨૦૧૬નો દીપોત્સવી અંક — "કચ્છ વિકાસ વિશેષાંક" તરીકે બહાર પડાશે.*

*આ અંકનું લોકાર્પણ ભુજ ખાતે દિવાળી પર્વ પછી રવિવાર, તા. ૬-૧-૨૦૧૬ના રોજ શુભેચ્છકો, સાહિત્યકારો, લેખકો તેમજ કચ્છના શ્રેષ્ઠી મહાજનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવનાર છે.*

*નોંધનીય છે કે આ અંક એકવીસમી સદીના કચ્છ વિશેનો યાદગાર વિશેષાંક બની રહેશે.*

*— મુખ્યતંત્રી, 'મંગલ મંદિર'*

---

## નવલું નજરાણું :
## ધારાવાહિક નવલકથા

*'મંગલ મંદિર'ના સુજ્ઞ અને વાર્તારસિક વાચકો માટે આગામી દીપોત્સવી અંકથી રસપ્રદ નવલકથા*

# છોરાંવછોઈ

**(લેખક : હંસરાજ સાંખલા)**

*ધારાવાહિક સ્વરૂપે પ્રકાશિત કરવાનો નિર્ણય કરેલ છે. આ નવલકથામાં કચ્છી પાટીદાર સમાજની કઠોર વાસ્તવિક્તાનું કરુણમંગલ ચિત્ર રજૂ થયું છે. એક બાળકોથી વિખૂટી પાડી દેવાયેલી ગ્રામીણ મહિલાની આ સત્ય ઘટનાત્મક કથા વાચકોની સંવેદનાને ઝણઝણાવી મૂકશે તે નક્કી!*

*— મુખ્યતંત્રી, 'મંગલ મંદિર'*

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • સોમવાર, તા. ૩૧-૧૦-૨૦૧૬ સાંજે ૫.૦૦થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ |
| • રવિવાર, તા. ૬-૧૧-૨૦૧૬ | ભુજ, કચ્છ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | મંગલ મંદિરના દીપોત્સવી અંકનું લોકાર્પણ |
| • ગુરુવાર, તા. ૧૦-૧૧-૨૦૧૬ બપોરે ૩.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | વડીલો માટે રમત ગમતનો કાર્યક્રમ. |
| • રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૬ સાંજે ૪.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ૩ થી ૮ વર્ષની વયના બાળકની બુદ્ધિ (ઇન્ટેલિજન્સ)ને ઓળખવા માટેનો સેમિનાર |
| • શુક્રવાર તથા શનિવાર તા. ૨-૧૨ તથા ૩-૧૨-૨૦૧૬ સાંજે ૭.૩૦થી રાતના ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | એપ્ટિટ્યૂડ ટેસ્ટ અને બાયોમેટ્રિક ટેસ્ટનો સેમિનાર. |

## લઘુકથા : ગંધ

*– રેખાબા સરવૈયા*

ટોળાને ન તો સુખની ભૂખ હોય છે કે ન તો પ્રેમની તરસ...! બસ...એક દિશાહીન દોટ અને પારાવાર ઝનૂન...!

શહેરનો આ ભાગ તો રૂના ગોદામ જેવો જ ગણાતો...એક જરાક જેટલો તિખારો પડ્યો નથી કે ભડ...ભડ...ભડ...કરતી જ્વાળાઓ...!

વિસરાઈ જાય એ જાણવાનું પણ કે શાને કાજે આ બધું...! શા કારણે આમ! રઘવાટ અને અંધાધૂંધી આ બે બાહુમાં સમાઈ જતી મહોલ્લા-શેરી-ઘરની શાંતિ...

અધ્ધર શ્વાસે થતી ભાગાભાગી અને દોડમદોડમાં કેટકેટલાં ચગદાઈ જતાં...કોણ જાણે!

ભડકે બળતી બજારો - દુકાનોની કાપડથી છાયેલી છાજલીઓ કોઈની આજીવિકાનું એકમાત્ર સાધન એવી લારીઓ... આમાંથી શું જોવું? શું બચાવવું? કેમ ભાગવું?

કેરોસીન અને એવા જ જ્વલનશીલ પદાર્થોની વાસથી ભરાઈ જતાં ફેફસાં લઈને એ વૃદ્ધા ભયાક્રાંત થઈને ભાગી રહી હતી. એની આંખોમાં મૃત્યુના ઓળા પ્રતિબિંબાતા હતા. આ મહોલ્લામાંથી મંદિરનો ટૂંકો લાગતો રસ્તો પકડીને હવે જાણે કે મોતને મારગ જઈ રહી હતી કે શું?

ગભરાટ અને ડર બેય જાણે કે એના પગની બેડી બનીને ગતિને અવરોધી રહ્યાં હતાં. પણ એથી વિપરીત, હૃદય જોર-જોરથી ધબકીને પગે પણ ઝડપ વધારવાનું કહી રહ્યું હતું. તો મગજ આ સ્થિતિમાં સંતુલન જાળવવા માટે મરણિયા પ્રયાસો કરીને અવિરત વિચારોમાં વીંટળાઈ રહ્યું હતું.

કપાયેલા માનવદેહનાં વિભિન્ન અંગો ઠેર-ઠેર પગની ગતિને રોકતાં હતાં. અવસ્થાએ પણ શરીરની સ્ફૂર્તિને અસર તો કરી જ હતી.

મન-હૃદય લાખ કોશિશ કરી લે પણ જ્યાં દેહ જ જવાબ આપી દઈને ઢગલો થઈ જાય ત્યાં વળી કોનું ગજું...?

રસ્તા પર સળગતા એક ટાયરને તારવીને ચાલવા (કે ભાગવા?) જતાં ડોશીને અડબડિયું આવી ગયું. લાગલું જ શરીર ઢગલો થઈને ફસકી પડ્યું...

ત્રાંસી પડેલી એક રેંકડીની ધારને એણે હાથ વડે પકડવાની મહેનત તો ઘણી કરી પણ એ પહેલાં એ ઢળી પડી. ગોઠણનું જૂનું દરદ જાણે કે નવા વાઘા પહેરીને એને સાથ આપવા ખડું થયું હતું. હોઠ અધખુલ્લા રહી ગયા અને ભિડાયેલા દાંતની બત્રીસી પણ પીડાથી ડગડગી ઊઠી. ત્રાંસી પડેલી એ રેંકડીની પછવાડેથી કંઈક સળવળાટ થયો કે પછી ડોશીને ભણકારો વાગ્યો?

'મારો-મારો-કાપો-કાપો' કરતુંક એક ઉન્મત્ત ટોળું રસ્તાની વચ્ચેથી પસાર થઈ ગયું. ખુલ્લી તલવારો, કેરોસીનના કેરબા, ચમકતાં છરી-ચપ્પુ-ધારિયાં જ જાણે ચાલી રહ્યાં હતાં. માણસ તો ક્યાંય નજરેય નહોતો પડતો...

સારું થયું કે રેંકડીની આડશ... ડોશી ઉપરવાળાનો આભાર માનવાનું કરતી'તી કે રેંકડીની સમાંતરે આડા પડેલા મોટા પ્લાસ્ટિકના બેરલમાંથી ૮-૯ વરસનો છોકરો સાપની જેમ પેટે ઘસાઈને ડોસીની નજીક સરકી-એકદમ ત્વરાથી ચસોચસ બાથ ભરીને વળગી પડ્યો. ડોસીની છાતી ઉપર બાળકનાં ધ્રુસકાં દબાતાં પગલે મજલ કાપી રહ્યાં હતાં...આ હરકતથી સ્તબ્ધ થયેલી ડોસી સહજપણે જ છોકરાને પુચકારવા લાગી. ધીમાં-ધીમાં હીબકાં ભરતાં એના ગળામાંથી અસ્ફુટ શબ્દો સરી પડ્યા...

'અમ્મીજાન...' ડોશી અને બાળકની વચ્ચે પરસેવાની, લોહીની, કેરોસીનની, બળતા માનવદેહની ગંધ ઊમટી રહી હતી એની હારોહાર ઊમટી એ બીજી ગંધ શેની હતી? ■

કચ્છ વિશેષ

# કચ્છી બોલીના ધ્વનિતંત્રમાં 'હ્સ્વ ઇ' નું મહત્ત્વ

• મહેન્દ્ર દોશી •

ગુજરાત રાજ્યમાં સરહદી વિસ્તારમાં બોલાતી કચ્છી બોલી (ભાષા) અતિપ્રાચીન, પ્રભાવશાળી અને સમૃદ્ધ બોલી છે. જેની પ્રતીતિ કચ્છી બોલીના ભાષકની સંખ્યાના આધાર અનુભૂતિ કરાવે છે. કચ્છી બોલીના ભાષકો માત્ર કચ્છ વિસ્તાર પૂરતા સીમિત નથી, પણ ભારત તેમજ ભારત બહારના સીમાડા સુધી કચ્છી ભાષકોએ 'કચ્છી બોલી'ને ઘરમાંથી બહાર સુધી પહોંચાડ્યાનું પગેરું મળે છે. આવી વિરાસત જે ભરપૂર ભંડારમેં ઓપંધલ હિકડી અમુલખ ઉમાણ, ઇતરે કચ્છી બોલી'નું નિરાશાજનક પાસું પણ છે. આ બોલીનું ભાષાવિજ્ઞાન માપદંડના આધારે વિશ્લેષણ કરવા માટે અભ્યાસુની નિરપેક્ષતા - ઉપેક્ષા રહી છે. કચ્છી બોલીની સંરચના વિષયક અભ્યાસ લેખો માત્ર અને માત્ર ત્રણ મહાનિબંધો જ કચ્છી બોલીની જોલીમાં જમા થયેલા જણાય છે. આની સીધી અસર જ્યારે કચ્છી બોલીના લેખો લખાય છે, તેમાંના મોટાભાગના લેખોમાં તાર્કિકતા અને અવૈજ્ઞાનિક વિગતોનું નિરૂપણ થયા હોવાની અનુભૂતિ થાય છે. પરિણામે કચ્છીની પોતીકી ઓળખનું ચિત્ર મૂળ કચ્છીથી વિમુખ કરે છે. જેનું એક ઉદાહરણ આ લેખનો વિષય બને છે.

કચ્છી બોલીમાં હ્સ્વ ઇ નથી, કચ્છી બોલીના ધ્વનિતંત્રની વ્યવસ્થામાં હ્સ્વ ઇ વિશિષ્ટ મોભો ધરાવે છે. કચ્છીનો હ્સ્વ ઇ અન્ય ભાષાના હ્સ્વ ઇ ના ઉચ્ચારણ કરતાં ઉચ્ચારણની દૃષ્ટિએ થોડોક અલગ અને ભિન્ન છે. કચ્છી બોલીના સ્વરૂપ અને ભાષાની સંરચનાની વ્યવસ્થા (ધ્વનિતંત્ર) અંગેના સંશોધનોને લગતા ત્રણ મહાનિબંધો, કચ્છ વિસ્તારના જુદા જુદા વિસ્તારમાંથી એકત્રિત કરેલી ડેટા સામગ્રી આધારિત પ્રકાશિત થયા છે. જેમાં કચ્છીના હ્સ્વ ઇ નો ધ્વન્યાત્મક મોભો અને તેની ઉપસ્થિતિની વિગતો આપેલી છે. જે મુજબઃ

**(૧)** કચ્છી શબ્દાવલિ : ડૉ. શાંતિભાઈ આચાર્ય.

ડૉ. શાંતિભાઈ આચાર્ય કચ્છી બોલીના કુલ અગિયાર અવિભાજ્ય સ્વરો સંશોધનના આધારે પ્રસ્થાપિત કરે છે. જે પૈકીના હસ્વ 'ઇ' કચ્છીમાં બે દર્શાવે છેઃ

ઇ. ઉચ્ચારણ સ્થાન અગ્ર ઉચ્ચ

ઇ. ઉચ્ચાર સ્થાન મધ્ય.

આ બંને હ્સ્વ 'ઇ'ના સ્થાન અને દીર્ઘત્વને કારણભેદક બને છે. બંને 'ઇ'ને સ્વતંત્ર ધ્વનિઘટક તરીકે વિભાજિત કરેલા છે.

આ બંને 'ઇ'ની ઉપસ્થિતિ ઉક્તિના ત્રણેય સ્થાન પર છે.

**(૨)** Description analysis of Kachi. ડૉ. સતીષભાઈ રોહડા.

ડૉ. સતીષભાઈ રોહડાના સંશોધનમાં કચ્છીના કુલ અવિભાજ્ય સ્વરો દસ સ્વીકારેલા છે, જે પૈકીના હ્સ્વ ઇ સ્વતંત્ર ધ્વનિઘટક તરીકે માત્ર એક જ સ્વીકારે છે.

ઇ હ્સ્વ ઉચ્ચારણ સ્થાન ઉચ્ચ અગ્ર.

શ્રી રોહડા, હ્સ્વ ઇ ના ઉચ્ચારણની દીર્ઘતા દર્શાવવા માટે હ્સ્વ ઇ ના બે ઉપઘટકોમાં વર્ગીકૃત કરી અને અલગ દર્શાવે છે.

(:) પૂર્ણ દીર્ઘતા, (.) અર્ધ દીર્ઘતા.

ઉક્તિના ત્રણેય સ્થાન પર હ્સ્વ 'ઇ'ની ઉપસ્થિતિ છે.

**(3)** કચ્છી ભાષાનું બંધારણ : ડૉ. ભરત છાયા.

ડૉ. છાયા ડૉ. શાંતિભાઈ આચાર્યએ પ્રસ્થાપિત કરેલ મધ્ય સ્થાન પરથી ઉચ્ચારણ થતાં હ્સ્વ ઇ ને સ્વીકારે છે. આ ઉપરાંત તેમના મંતવ્ય મુજબ કચ્છીના અનેક શબ્દોમાં હ્સ્વ ઇ સંભળાય છે. આથી તેને નુકતાથી બતાવવા પડે. (દા. કિતરા)

આ ઉપરાંત મણિલાલભાઈ ગાલાએ 'કચ્છી ભાષા જો વિભાજ્ય ધ્વનિ ઘટક'માં ડૉ. શાંતિભાઈ આચાર્યે પ્રસ્થાપિત કરેલ હ્સ્વ બંને ઇ-ઇનો સ્વીકાર કરે છે.

કચ્છીના હ્સ્વ ઇ નું ભાષાના ધ્વનિતંત્રની ઉચ્ચારણમૂલક વ્યવસ્થાની દૃષ્ટિએ આ મૂલ્યાંકન થયું. જેમાં ધ્વનિ ઘટકના ધ્વનાત્મક આવર્તન (માત્રા)ના આધારે કચ્છીના બે હ્સ્વ ઇ-ઇ અવિભાજ્ય ધ્વનિ ઘટક તરીકે સ્થાપિત થાય છે. ઉચ્ચારણના આવર્તનની માત્રાના આધારે ડૉ. શાંતિભાઈ આચાર્ય ઉચ્ચ અગ્ર અને મધ્ય એમ બે સ્વતંત્ર ધ્વનિ ઘટક આપે છે. જ્યારે ડૉ. સતીષભાઈ ઉચ્ચારણના આરોહ - અવરોહના આવર્તનની માત્રાને આધારે હ્સ્વ ઇ માત્ર એક જ ધ્વનિઘટક તરીકે સ્વીકારે છે. પણ ઇ ના ઉચ્ચારણની ભિન્ન દીર્ઘતા દર્શાવવા માટે હ્સ્વ ઇ ના બે ઉપઘટકો આવે છે. (:) (.) કચ્છીના હ્સ્વ ઇ ની ઉપસ્થિતિ અને ઉચ્ચારણના સ્થાન અને ઉચ્ચારણની લંબાઈના આધારે 'ઇ'ની દીર્ઘતા આ ઉપઘટકો દ્વારા દર્શાવી શકાય છે.

'કચ્છી'ના ધ્વનિ ઘટકોનું લિપ્યાંતર ગુજરાતી ભાષાની લિપિમાં થાય છે. ગુજરાતી ભાષાના હ્સ્વ ઇ-ઉ નો ઉચ્ચારણમાં ધ્વનાત્મક અસ્તિત્વને નકારવામાં આવે છે અને ગુજરાતીમાં હ્સ્વ ઇ-ઉ ની અક્ષરીય શ્રાવ્યતાની પરાકાષ્ઠાનું પરીક્ષણ કર્યા વગર ગુજરાતી ભાષાની લિપિ જોડણીમાં ઉપયોગ ન કરવા માટેના મતમતાંતરો ગુજરાતી લિપિ, જોડણી માટે સાંપ્રત સમસ્યા છે. પણ કચ્છીના હ્સ્વ ઇ ધ્વનિતંત્ર અને અક્ષરની શ્રાવ્યતાની

પરાકાષ્ઠાના આધારે વિશિષ્ટ મોભો ધરાવે છે. આથી જ્યારે 'કચ્છી'નું ગુજરાતી લિપિમાં લિપ્યાંતર કરવામાં આવે ત્યારે ઉચ્ચારણમૂલક સાથે અક્ષરવર્ણની શ્રાવ્યતાની પરાકાષ્ઠાની દૃષ્ટિએ તેનું અસ્તિત્વ કચ્છીમાંથી નકારી શકાય તેમ નથી અને આથી 'કચ્છી'નું ઉચ્ચારણમૂલક અને શ્રાવ્યતાની પરાકાષ્ટાએ અક્ષરીયે નિયમોને આધીન લિપ્યાંતર કરવું પડે. ગુજરાતી ભાષાની લિપિ જોડણીની મર્યાદાને કારણે કચ્છી ગુજરાતીનું લિપ્યાંતર વાસ્તવમાં અનુવાદ જ થાય છે.

આવા સંભવિત થતા અનુવાદની ખરાઈ કરવા માટે કચ્છી - ગુજરાતી ભાષાના પ્રકાશિત થયેલા 'શબ્દકોશ'નાં પાનાં પલટાવીએ તો 'બૃહદ્ શબ્દકોશ' (ભાગ : ૧-૨) પ્રતાપરાય ત્રિવેદી અને સંક્ષિપ્ત કચ્છી, ગુજરાતી કોશ (દુલેરાય કારાણી)ના શબ્દકોશના હ્રસ્વ ઇ માટે ફાળવેલી શબ્દાવલિનાં પાનાં પલટાવીએ તો બંને શબ્દકોશમાં 'કચ્છી'નો હ્રસ્વ ઇ સ્વતંત્ર ઘટક તેમજ ઉચ્ચારણ ભેદકતા દર્શાવતો ઇ ના ઉચ્ચારણ થતાં શબ્દોની અલગ યાદી આપેલી છે.

પણ આ શબ્દાવલિમાં સમાવેશ કરેલા શબ્દના ઉચ્ચારણનું બંને હ્રસ્વ ઇ ઉપરાંત સ્વતંત્ર ધ્વનિઘટક દીર્ઘ ઈ ના શબ્દો વચ્ચેની ભેદકતાનું ઉચ્ચારણમૂલક પરીક્ષણના અભાવે એકમેક યાદીમાં ઘણા શબ્દો ઘૂસી ગયા હોવાનું જણાય છે.

કચ્છી શબ્દાવલિ, કચ્છી ગુજરાતી, કચ્છી અંગ્રેજી શબ્દાવલિ, પ્રાદેશિક શબ્દકોશમાં ઇન્ટરનેશનલ ફોનેટિક આલ્ફાબેટનો ઉપયોગ કરી અને કચ્છીના મૂળ ઉચ્ચારણને મૂકવાનો પ્રથમ પ્રયાસ કરેલો છે. એટલું જ નહીં, આ શબ્દકોશ પ્રાદેશિક કોશની રચનાની સંપૂર્ણ શુદ્ધ ઉચ્ચારણની શબ્દાવલિ છે. જેમાં પ્રાદેશિકતા અને પ્રાદેશિક બોલીને કેન્દ્રસ્થાને રાખીને શબ્દાવલિની રચના કરવામાં આવેલી હોવાથી પ્રાદેશિક શબ્દકોશની પરિભાષામાં ઊણો ઉતરે એવો કોશ નથી. કચ્છીના ધ્વનિતંત્રની વ્યવસ્થા અને અક્ષરની શ્રાવ્યતાની પરાકાષ્ઠાના આધારે કચ્છી શબ્દોને વર્ગીકૃત કરવામાં આવેલા છે. જે ભવિષ્યમાં પ્રાદેશિક કોશની રચના કરવા માટે માર્ગદર્શક બની શકે તેવો કોશ છે.

લિપિ જોડણી હંમેશાં બોલાતી ભાષા કરતાં તેના પહેલાંની ભાષા ભૂમિકાને વધુ અનુસરતી હોય છે. આથી બોલાતી ભાષામાં થતાં પરિવર્તનોને યથાર્થ ઉચ્ચારણ મૂલક લિપ્યાંતર કરી શકવાનું કારણ લિપ્યાંતર માટે ભયસ્થાન બની શકે છે. કચ્છી એ સ્વરાંત તેમજ 'ઇ' કારાન્ત ઉચ્ચારણનું પ્રાધાન્ય પ્રબળ હોવાથી કચ્છીના હ્રસ્વ 'ઇ'ના અસ્તિત્વને નકારી શકાય નહીં.

ટૂંકમાં કચ્છીના લિપ્યાંતરમાં ગુજરાતી ભાષાની લિપિ (જોડણી)ની શ્રાવ્યતાની પરાકાષ્ઠામાં આવતા અક્ષરનું જ કચ્છીમાં આપોઆપ સહજ રૂપાંતર થતું હોવાથી આવા લિપ્યાંતર મૂળ ભાવથી અળગા કરવાનું કાર્ય અભાનપણે થતું હોવાનું ગણાવી શકાય. ■

## દશા નાતજી લાખેણી લાક્ષણિકતા...

તેની પાંજ્યું બાયું હલયું સમય ભેરીયું ને ખયોં મથેતેં ભરીયું
ને અજ એરહોસ્ટેસ ને પાયલોટ થૈ ચોવાણ્યું આકાશ પરીયું
શણગાર ઓછા હુવા તોયે બાઈયું શોભધ્યું હુઈયું ઘરોઘર
પિંઢ અપટુડેટ રૈ બે કે શણગારેલા એજ હલાંઈયેં બ્યુટી પારલર
રખેં લમ્મી દૃષ્ટિને ખુલ્લો આય પરિવર્તનશીલ મન
વહેંધે સમયજે સથવારે હલધલ, ઈજ નાતજો વિશેષ લક્ષણ
સુખ હુવે કાં દુઃખ હુવે સૈંયે થૈને વડા ખમતીધર
કરમેંકે સંભારે ડીં કઢેં સમતા રખી થીંયે પગભર
સુખ હુવે કાં ડુખ હુવે, કઢીંયે ન પિંઢજો કંધ
માડુ મીળે હિંમતવારા તડેં પૂજેતા પિંઢજે પંધ
જેંજી વડી ને નિંઢી પંચતીર્થી શોભે કચ્છજે અંદર
ફકત અચલગચ્છ કે વરેલી દશેંજી ધર્મપ્રેમી નાત
ગચ્છજી ઉન્નતિમેં યોગદાન ડૈ ચૈં દિશ થ્યા વિખ્યાત
સંખ્યા થુડી પણ કમ ક્યોં જિજ્જા લક્ષ સાધેમેં રેં આતુર
રશ્મિન ચેં માં મહાકાલીજી મ્હેરસેં નાતે મેં નાત ઈ થૈ કોહીનૂર
મુંભઈમેં બંધારણ ઘડેમેં પહેલી થૈ દશેંજી નાત
સમાજ જીવન કે કંઈ દિશા ડૈ વતાંય નંઈ વાટ
ઈન જ્ઞાતિમેં સજ્ઞે માડુએંજા મન અંઈ ઉદાર
ઘર અચીંધલ મેમાણજો કંઈયેં વડો આદર સત્કાર
ડિગ્રી વિવિધ વિષયજી હીન જ્ઞાતિમેં ભેશિયાલ
ઘર-ઘરમેં શોભે ગ્રેજ્યુએટ જાણે વિદ્વતાજી મશાલ
જિત્ત વસ્યા વિદેશમેં, કઢ્યાં વડેરો નાં
ડંકો વજાયાં ધર્મજો બેજી જલ્યાં બાં
વિદેશમેં થ્યા વેપારી થ્યા સચ્ચા શાહ સોદાગર
શાખ વધાર્યાં પિંઢજી ખેડ્યાં દેશ-દેશાવર
અલ્પ વસ્તીવારી પણ આય ધૈર્યવાળી નાત
શૂન્ય મીંજાથી સર્જન ક્યાં ધન્ય! દશેંજી નાત
ઈન જ્ઞાતિમેં કૈ પક્યા કઈ પકધાં સચ્ચા રત્ન
બહુરત્ના વસુંધરા, નાતજે વિકાશલા કઈંધા યત્ન
ઈન નાતજા વખાણજે રસ્મો રીત રીવાજ
દહેજજી પ્રથા નાંય સુખ આય વડો વિંયાજે કાજ
સત્કર્મીને સેવાભાવી જેજાં મન અઈં ઉદાર
વિકાસ જો સચ્ચો માપ ઈનજી સુશીલ ગુણિયલ નાર
અન્ના પ જિજ્જી સાધે ઉન્નતિ ને પ્રગતિ રખો એળી આશ
'રશ્મિન' વારંવાર વંદે જ્ઞાતિ મૈયાકે જેંજો અસીમ આય અવકાશ.

*રશ્મિન ખોનાનો કાવ્યસંગ્રહ : "ધન્ય! દશેંજી નાત : ભાગ-૧" માંથી સાભાર*

મિચ્છામિ દુક્કડમ્ સહ : સૌ. લીનાબેન હંસકુમાર શાહ

**મે. હેમંત સર્જીકલ ઇ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, ડૉ. મદનમોહન માલવિયા રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : (૦૨૨) ૨૫૬૮૬૧૦૨

કચ્છી કથા

# કપૂરી અને કારાયેલ

• સ્વામી સચ્ચિદાનંદ •

લૂંટફાટ કરવી એ પાપ જ કહેવાય. કોઈનાં માલમિલકત કે સ્થાવર - જંગમ સંપત્તિ જોરજુલમથી પડાવી લેવાં તે અધર્મ જ કહેવાય. આવું ન કરવું જોઈએ. રાજાનું કામ પ્રજાને આવી લૂંટફાટથી બચાવવાનું જ હોય. પણ આવી લૂંટફાટોમાં પણ કેટલાક અપવાદ હોઈ શકે. કેટલીક વાર ધર્મમાં અધર્મ થતો હોય છે અને અધર્મમાં ધર્મ થતો હોય છે. જેમ કે ધર્મના નામે ઈશ્વર કે દેવદેવીઓને રીઝવવા માટે જ્યારે કોઇ નિર્દોષ જીવનું બલિદાન અપાય છે ત્યારે તે ધર્મમાં અધર્મ કહેવાય. કતલખાનામાં પશુ કપાય તે તો યોગ્ય ન જ કહેવાય, પણ તે ધર્મના નામે કપાતું નથી. તેથી તે માત્ર પાપ જ કહેવાય. પણ જ્યારે ધર્મના નિમિત્તે ઈશ્વર કે દેવ-દેવીઓને રાજી કરવા મંત્રોચ્ચાર દ્વારા કોઈ જીવનું બલિદાન અપાય છે ત્યારે તે પાપ જ નહીં મહાપાપ જ કહેવાય. નવાઇ તો એ છે કે કતલખાનાના કસાઈને લોકો પૂજતા નથી, કદાચ ઘૃણા કરે છે, પણ ધર્મહેતુ જીવની કતલ કરનારાઓને કોઇ કસાઈ નથી કહેતું, પણ તેમને પૂજ્ય માનીને પૂજા થાય છે. આને ધર્મમાં અધર્મ કહેવાય.

કોઇ વિધવા થયેલી સ્ત્રીને જબરજસ્તી સતી થવા કે આખું જીવન વૈધવ્ય પાળવા મજબૂર કરવામાં આવે તો તે પણ ધર્મ કે સમાજના નામે અધર્મ કર્યો કહેવાય. આ રીતે તો આપણે પાપ કરીને પાપનું ગૌરવ લેતા થઇએ છીએ. આવું મહાપાપ કરનાર મહાન - ખાનદાન કહેવાય અને આવું પાપ ન કરનાર અર્થાત્ સતી ન થનાર કે વૈધવ્ય ન પાળનારને તિરસ્કારથી હલકાં માનીએ છીએ તે ધર્મમાં અધર્મ કહેવાય. આને ગૌરવપાપ પણ કહેવાય.

આવી જ રીતે કોઈ બાળક કે બાળકીને ફોસલાવી - પટાવીને સાધુ - સાધ્વીની દીક્ષા આપી જીવનભર તેમને પગ ઘસતાં કરી મૂકવાં, મોક્ષના નામે તેમને જીવનથી ભટકાવી મારવાં, જબરજસ્તી તપ કરાવવાં, દુઃખી કરવાં તે પણ ધર્મમાં અધર્મ કર્યો કહેવાય. આવાં બાળદીક્ષાર્થીઓ કુદરતી આવેગોમાં તણાઇ જાય અને ન કરવાનું કરી બેસે તો તેમાં દોષ તેમનો નહીં, પણ દીક્ષા આપનાર ગુરુઓનો કહેવાય, અનુમોદન કરનાર સમાજનો કહેવાય. એક અબુધ બાળકનું જીવન બરબાદ કરી નાખવું તે મૂંગા જીવને મારી નાખવાથી ઓછું પાપ ન કહેવાય. આ ધર્મમાં અધર્મ કહેવાય.

ધર્મના નામે આપણે બધા (સંપ્રદાયો) કેટલોય અધર્મ કરતા હોઈએ છીએ. દુઃખ એ છે કે આવા અધર્મને કોઈ અધર્મ માનતા નથી, ઊલટાનું તેનું ગૌરવ લેતા હોય છે.

આવી જ રીતે કેટલીક વાર અધર્મમાં પણ ધર્મ થઈ જતો હોય છે. મને યાદ છે કે અમરનાથની પ્રથમ યાત્રા વખતે છેલ્લા પડાવ પંચતરણીમાં એક યાત્રાળુને એટલી બધી ઠંડી ચઢી ગયેલી કે તેનું શરીર લાકડા જેવું થઈ ગયું હતું. બધા ઉપાયો કરવા છતાં તે ઠીક થતો ન હતો. તેવામાં એક નિવૃત્ત સૈનિક કેપ્ટન મારી પાસે આવ્યો અને મને કહ્યું : 'આપ કહો તો મૈં ઇસે વિસ્કી પીલા દૂં. અભી શરીર ગરમ હો જાયેગા.' મેં રજા આપી. તેણે પોતાની પાસેથી એક પ્યાલી પેલાને વિસ્કી પિવડાવી અને થોડી શરીરે ચોળી. થોડી જ વારમાં તે ઠીક થવા લાગ્યો. આખરે તે ઠીક થઈ ગયો. તેને જીવન મળ્યું. મારી દૃષ્ટિએ વિસ્કી પીવી - પિવડાવવી તે અધર્મ કહેવાય, પણ જે પરિસ્થિતિમાં તે પિવડાવી તેને ધર્મ જ કહેવાય. ધાર્મિક નિયમો અને પ્રતિબંધો જીવન માટે છે, જીવનને બરબાદ કરવા માટે નહીં.

પ્રાચીનકાળમાં નિયોગપ્રથા હતી. આજની દૃષ્ટિએ તે અધર્મ કહેવાય. પણ ત્યારે તે અધર્મમાં પણ ધર્મ જ કહેવાતો. પાંડવો વગેરે મહાન પુરુષો આવા નિયોગથી જ થયા કહેવાય છે. આ અધર્મમાં ધર્મ કહેવાય.

આવી જ રીતે કેટલીક વાર એવા બહારવટિયા પણ થયા હોય છે, જેઓ શાહુકારીના નામે ગરીબોનું લોહી ચૂસીને માલેતુજાર થયેલાને લૂંટીને ગરીબોને ખવડાવી દેતા હોય છે. ભયંકર વ્યાજખોર શાહુકારોથી ગરીબોને છોડાવવા કે બચાવવા જે હિંસા કરે છે, તે પણ અધર્મમાં કરેલો ધર્મ જ કહેવાય.

મૂળ વાત ઉપર આવીએ. કચ્છની ઉપલી સીમામાં આવેલા કારી - કચ્છના પ્રદેશમાં નારાયણ સમા થયો. તે જામ લખિયારનો વંશજ હતો. સમા અને સુમરા બે વંશો કચ્છ સિંધમાં બહુ પ્રસિદ્ધ થયા ગણાય છે. બંનેના ઈતિહાસના ઢગલા પડ્યા છે. પરાક્રમીઓનો ઈતિહાસ હોય, કાયરોનો ઈતિહાસ ન હોય. નારાયણની ધાક વાગતી હતી. બધાની ધાક ન વાગે. જેની હાક વાગે તેની જ ધાક વાગે. જેની હાકથી પાપીઓ ફફડી ઊઠે તેની જ ધાક હોય. જેની હાકથી પુણ્યાત્માઓ ફફડતા રહે તેની હાક ન હોય, રાડ હોય. રાડ પડાવનાર અંતે તો પોતે જ રોતો હોય છે. તેનો અંત કલંકિત હોય છે. નારાયણ સમો ધર્મરક્ષક હતો. પાપીઓનું દમન કરીને ધર્મરક્ષા થતી હોય છે. ધર્મરક્ષાનું ગૌરવ પ્રાપ્ત કરવું તે નિષ્ક્રિય ત્યાગી - વીતરાગી કરતાં પણ વધુ મહત્ત્વનું છે. શ્રીરામ ધર્મરક્ષક છે, તેથી રાક્ષસોનો સંહાર કરે છે. જેઓ રાક્ષસોનો સંહાર નથી કરતા તેઓ સંહાર કરવાની પ્રેરણા પણ નથી આપી શકતા. તેઓ ગમે તેટલા ત્યાગી - વીતરાગી હોય તો પણ તેઓ આડકતરી રીતે રાક્ષસોના સમર્થક બની જતા હોય

છે. સજ્જન અને ગુંડા વચ્ચેની લડાઈમાં વીતરાગ થવાનો અર્થ ગુંડાનું સમર્થન જ કહેવાય. આવી તટસ્થતા અથવા વીતરાગિતાને આધ્યાત્મિક કાયરતા જ કહેવી જોઈએ.

નારાયણ વીર હતો અને તેની ધાકથી ગુંડાઓ થરથર કાંપતા હતા. તેનાથી પ્રજા સુખી હતી. પણ પ્રૌઢ ઉંમર થવા છતાં પણ નારાયણના ઘરે પારણું બંધાયું નહોતું. તેથી તે બહુ દુઃખી હતો. માણસના પુરુષાર્થની પણ સીમા હોય છે. તે ઘણુંઘણું કરી શકે છે, પણ ઘણુંઘણું નથી પણ કરી શકતો. ગમે તેટલો પુરુષાર્થ કરીને પણ તે પોતાના ઘરે પારણું નથી બાંધી શકતો. આ મોટાની મોટી લાચારી કહેવાય. લોકો તેને અને તેની રાણીને વાંઝિયામહેણાથી મારી નાખતા હતા. તે નિરાશ થઈ ગયો. નિષ્ફળતામાંથી નિરાશા પેદા થાય અને સતત નિરાશાથી હતાશા પેદા થાય. વ્યક્તિને આત્મહત્યા સુધી પહોંચાડે તેને હતાશા કહેવાય.

નારાયણ આત્મહત્યા કરવા નજીકના ચિત્રાણા ડુંગર ઉપર પહોંચી ગયો. ચિત્રાણામાં એક તપસ્વી તપ કરતો હતો. તપની સાધના દૂરના એકાંત સ્થળમાં કરાય. ગામમાં કે નગરમાં લોકસાધના કરાય. લોકોથી દૂર એકાંતમાં રહેનાર તપસ્વી લોકૈષણાથી બચી જતો હોય છે. લોકો વચ્ચે રહીને તપ કરનારને લોકૈષણા ખાઈ જતી હોય છે. લોકૈષણાભોગી અંતે ઢોંગી - પાખંડી અને દંભી થઈ જતો હોય છે.

ચિત્રાણામાં ચિત્રનાથ નામનો તપસ્વી રહે. નારાયણની છેલ્લી ઘડીએ ચિત્રનાથ તપસ્વી મળી ગયો. આને યોગાનુયોગ કહો કે ઈશ્વરકૃપા કહો, મરવા નીકળનારો છેલ્લી ઘડીએ નવું જીવન પ્રાપ્ત કરીને પાછો ફરે તેને પુરુષાર્થ ન કહેવાય. પુરુષાર્થની સીમા પૂરી થયા પછી કૃપાનો પ્રદેશ શરૂ થતો હોય છે. જેણે પુરુષાર્થની સીમા વટાવી જ નથી તે કદી કૃપાપ્રદેશમાં પ્રવેશનો અધિકારી થઈ શકતો નથી.

ચિત્રનાથને દયા આવી. આત્મહત્યાના છેડા સુધી પહોંચનાર પ્રત્યે હંમેશાં દયા કરવી જોઈએ. નારાયણનું દુઃખ જાણ્યું અને તે દુઃખ દૂર કરવા યોગીએ એક વનફળ લઈ આવવા ભલામણ કરી. નારાયણ એકની જગ્યાએ બે વનફળ લઈ આવ્યો. એક હાથમાં રાખ્યું અને બીજું ફાંટમાં સંતાડી રાખ્યું. માણસે બને ત્યાં સુધી કોઈની આગળ લુચ્ચાઈ ન કરવી જોઈએ. પણ કરવી જ હોય તો બધે કરવી, પણ ગુરુજનો આગળ ન કરવી જોઈએ. જે લોકો જીવનદાતા ગુરુજનો પ્રત્યે પણ લુચ્ચાઈ કરતા રહે છે તેમનો વિનાશ થઈ જતો હોય છે.

યોગી ચિત્રનાથ નારાયણની ચાલાકી જાણી ગયો. તેણે કહ્યું કે આ ફળથી તારી રાણીને પુત્ર થશે, પણ તે બહારવટિયો થશે. "ચાલો, કાંઈ વાંધો નહીં. વાંઝિયામહેણું તો ટળશે ને!" એવું આશ્વાસન રાખીને નારાયણ પાછો ઘરે આવ્યો. તેણે પેલું ફળ રાણીને ખવડાવ્યું. તેને ગર્ભ રહ્યો અને યોગ્ય સમયે પુત્ર થયો. તેનું નામ 'કારાયેલ' રાખવામાં આવ્યું. વ્યક્તિનાં સ્વભાવ અને ક્ષમતા જન્મજાત હોય છે. કારાયેલ જન્મજાત સદ્‌ગુણો અને દુર્ગુણોનું મિશ્રણ હતો. તે બહુ ઉદાર અને દાતાર હતો, પણ સાથેસાથે પડાવી લેવાની લૂંટારુ વૃત્તિવાળો પણ હતો. તેને પિતા તરફથી જે રકમ મળતી તે ઉદારતાથી ભાટ ચારણોને આપવામાં વાપરી નાખતો. યાચકવર્ગ દાન આપનારનાં અતિશયોક્તિભર્યાં વખાણ કરે, જે દાતાને બહુ ગમી જાય. વખાણ કરનારો યાચકવર્ગ વારંવાર આવે અને કારાયેલ આપતો રહે. વખાણ માટે અપાયેલું દાન વ્યક્તિને વખાણભૂખ્યો બનાવી દેતું હોય છે. આ વખાણભૂખ અંતે તો દાતાનું અનિષ્ટ જ કરતી હોય છે, જ્યારે તે વ્યસન બની જાય. સાચા દાનીએ વખાણભૂખમુક્ત રહેવું જોઈએ. આવો દાની કુપાત્રથી બચીને સુપાત્ર તરફ વળતો હોય છે. વખાણભૂખ્યાને કુપાત્રો લૂંટી લેતા હોય છે. દાન માટેની રકમ ખૂટવા માંડી એટલે કારાયેલે ધાડ - લૂંટ કરવા માંડી. તેણે અનેક લૂંટો કરી અને યાચકવર્ગને સંતોષવા મંડ્યો. તેની પાસે ટોળેટોળાં ઊભરાવા લાગ્યાં. પ્રસિદ્ધ દાતાઓને યાચકોનાં ટોળાં ફરી વળતાં હોય છે. જેમાં સુપાત્રો કરતાં કુપાત્રો વધારે હોય છે. બને ત્યાં સુધી દાતાએ પ્રસિદ્ધ થવાના મોહથી મુક્ત રહેવું જોઈએ. જેથી યાચકવર્ગના ત્રાસથી બચી શકાય.

ઘણી લૂંટો કર્યા પછી કારાયેલે બાંભણસરના સુલતાનનો ખજાનો લૂંટવાનો મનસૂબો કર્યો. તેણે પૂરા આયોજન પછી સુલતાનનો ખજાનો ચૂપચાપ લૂંટી પણ લીધો અને સીધો કારી - કચ્છ આવી પહોંચ્યો. સુલતાનના દરબારમાં હાહાકાર થઈ ગયો. પગીલોકોએ પગ પકડ્યો. પગી એવા કુશળ હતા કે પાણીમાંથી પણ પગ પકડી પાડે. પગી નારાયણ સમાના ત્યાં પહોંચી ગયા. તેમને ખાતરી થઈ ગઈ કે પગ કારાયેલનો જ છે. નારાયણ સમા સુલતાનનો મિત્ર હતો. તેણે મિત્રતા સાચવવા માટે નારાયણને ચેતવણી અને સલાહ આપીને વાત જતી કરી. મૈત્રી મિત્રના દોષો અને દુર્ગુણોને સહન કરી લેવાથી જ ચિરંજીવી રહેતી હોય છે. તડફડ કરી દેનારાની મૈત્રી લાંબો સમય ટકતી નથી.

**Dhiren Shah - Director**
M. : 98795 00916 • E-mail : dhirenshah@favouriteshoes.com

HITSTEEL WAVES ULTIMA voltex Winner

**FAVOURITE**
**Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes**

**FAVOURITE SAFETY PRODUCTS**
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com

**FAVOURITE SHOE COMPANY**
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

નારાયણ પોતાના પુત્રના દોષોથી ત્રાસી ગયો. તેને રોજેરોજ ઠપકો સાંભળવો પડતો. પ્રશંસાની જગ્યાએ ઠપકો આપનારાં ટોળાં રોજ આવે તો આબરૂદાર બાપ પુત્રથી ત્રાસી જાય. નારાયણે કારાયેલને કડવાં વચનો કહ્યાં અને કારાયેલ કારી - કચ્છને સલામ કરીને વિદાય થઈ ગયો. દુર્ગુણી પુત્ર અથવા પુત્રીને આબરૂદાર બાપનું ઘર લાંબો સમય સંઘરતું નથી. અંતે તેને ઘર છોડવું જ પડતું હોય છે. મોક્ષ માટે ગૃહત્યાગી થનાર વ્યક્તિ વૈરાગ્યથી ગૃહત્યાગી થતી હોય છે, જ્યારે દુર્ગુણોથી ગૃહત્યાગી થનાર પુત્ર અથવા પુત્રી આક્રોશથી ત્યાગી થતાં હોય છે. આક્રોશત્યાગ શાંતિ નહીં અશાંતિ જ આપે.

કારાયેલને ક્યાં જવું તે નક્કી ન હતું. અનિર્ધારિત મંજિલ વ્યક્તિને વહેલી થકવી નાખતી હોય છે. તે ચિત્રાણાના ડુંગરે પહોંચ્યો અને આશીર્વાદ આપનાર વૃદ્ધ તપસ્વીનાં દર્શન કર્યા. તપસ્વી કારાયેલને ઓળખી ગયો : આ મારા આશીર્વાદથી ઉત્પન્ન થયેલો કુમાર છે. નારાયણે ફળ ચોર્યું અને તેના પરિણામે તેને ત્યાં દુર્ગુણી પુત્ર જન્મ્યો તે બધું તેને યાદ આવ્યું. તેમ છતાં 'મારો આપેલો છે' તેવા મોહથી તપસ્વીએ એક તાવીજ આપ્યું અને કહ્યું કે આ તાવીજ તેનું રક્ષણ કરશે. તપસ્વી - યોગીઓને પણ મમત્વનો મોહ વળગતો હોય છે. સદા નિર્મોહી તો સંત જ રહી શકે.

બહારવટિયાને રહેઠાણ માટે સારો ડુંગર જોઈએ. કચ્છમાં ડુંગરોનો પાર નહીં. અનેક ડુંગરો રખડતાં - રખડતાં અંતે તે વચ્છમાઈ ડુંગર આવ્યો અને અહીં રહેવાનું પસંદ કર્યું. અહીં રહીને તેણે લૂંટફાટ શરૂ કરી દીધી. પણ તેના ખાસ સિદ્ધાંતો હતા. કોઈ સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરવી નહીં. ગરીબોને, સાધુ - ફકીરોને લૂંટવા નહીં. આવા કેટલાક ઉચ્ચ આદર્શો અને કડક નિયમોના કારણે તેનું જીવન દોષોની સાથે ગુણભર્યું પણ બની ગયું હતું.

★

યુવાનીની શરૂઆત બે રીતે થતી હોય છે : એક તો ધંધા-રોજગારની શોધમાં અથવા કોઈ પ્રેમીની શોધમાં. ધંધો રોજગાર શરીરની - પરિવારની આવશ્યકતા હોય છે. જો બાપદાદાનો ધંધો પરંપરામાં ન મળ્યો હોય તો નવયુવાનને નોકરી ધંધો શોધવાં પડતાં હોય છે. નોકરી ધંધો શોધવા કરવામાં વ્યક્તિનું ઘડતર થતું હોય છે. તેઓ જીવનને અનુભવી શકતા નથી. જીવનનો સાચો અનુભવ દુ:ખોથી થતો હોય છે, સુખોથી નહીં. કારાયેલ રખડી આથડીને વચ્છમાઈ ડુંગર ઉપર સ્થિર તો થયો. તેને નોકરી ધંધો શોધવાનાં ન હતાં. લૂંટ - ધાડ તે તેનો ધંધો હતો જ. પણ હવે તે જુવાન થયો હોવાથી કુદરતી રીતે વિજાતીય આકર્ષણ વધવા લાગ્યું હતું. તે પોતાની ઉંમરની કન્યાઓને જોતો જ રહી જતો. જોર કરીને નજર પાછી વાળતો તો પણ નજર પાછી ફરીફરીને કોઈ વિજાતીય પાત્ર તરફ ખેંચાઈ જતી. આને દોષ ન કહેવાય, આ કુદરતી પ્રવાહ કહેવાય, જે લગભગ બધાં યુવાન-યુવતીઓને થતો હોય છે. આવા પ્રવાહને રોકવા માટે કઠોર પ્રયત્નો કરવા પડતા હોય છે. વહેવા માટે કોઈ પ્રયત્નની જરૂર રહેતી નથી. વહેવું કુદરતી છે, રોકવું એ પ્રયત્ન છે.

એક વાર કારાયેલ શિકાર કરીને થાકેલો - તરસ્યો એક સંઘાર પરિવારના નેસડે પહોંચી ગયો. નેસડાના પુરુષો પોતપોતાનું પશુધન લઈને ચારવા વનમાં ગયા હતા. મહાબળવાન યુવતી પાણી ખેંચી રહી હતી. ચામડાનો કોસ બનાવીને તે કોસ ખેંચી ખેંચીને પાણી કાઢીને ઢોરોને પીવા માટે હવાડો ભરી રહી હતી. કોસ એટલો મોટો હતો કે મોટા પાડાની ખાલમાંથી બનાવ્યો હોવાથી ત્રણ પુરુષો ભેગા મળીને ખેંચે ત્યારે માંડ ખેંચાય તેવો હતો. આવો ભારે કોસ આ યુવતી એકલી ખેંચી કાઢતી હતી. તેના ઉપરથી તેના બળનો ખ્યાલ આવી જશે. તેણે નક્કી કર્યું હતું કે જે ભડવીર પુરુષ આ કોસને એકલા હાથે ખેંચી કાઢશે તેની સાથે જ હું લગ્ન કરીશ. આજ સુધી કેટલાય પુરુષો વીલે મોઢે પાછા ગયા હતા. આ યુવતીનું નામ કપૂરી સંઘાર. ભલભલા મર્દોનાં તેણે પાણી ઉતારી દીધાં હતાં. એવી બળવાન હતી કપૂરી.

સ્ત્રીને ભગવાને નાજુક અને કોમળ ઘડી છે, તેથી તે શરીરબળથી નથી જીવતી, ના શરીરબળથી પુરુષને પહોંચી શકે છે. પુરુષ જો નાજુક, નમણો અને કોમળ હોય તો ગૌરવ ન પામે. તેના પુરુષત્વ વિશે શંકા કરાવે, પણ સ્ત્રી જો ભીમ જેવી હોય તો? કપૂરી ભીમ જેવી હતી તોપણ ઘણા પુરુષો તેને પામવા તલસી રહ્યા હતા.

એકવાર લાંબા લસરકાથી તે કોસ ખેંચી રહી હતી. તેની ઓઢણી માથા ઉપરથી ઊતરી ગઈ હતી અને કસાયેલું કદાવર શરીર તેની પડછંદતા બતાવી રહ્યું હતું ત્યારે તરસ્યો કારાયેલ કૂવે પહોંચી ગયો. કપૂરીનું દૃશ્ય જોઈને તે તો વિસ્મિત થઈ ગયો : બાપ રે! આ તે કોઈ સ્ત્રી છે કે પહાડ છે? ઓઢણી વિનાનું તેનું તેજસ્વી શરીર ચમકારા મારી રહ્યું હતું. ઓઢણી - ચૂંદડી માત્ર તન ઢાંકવાનું વસ્ત્ર જ નથી પણ તે આબરૂ ઢાંકવાનું પણ આવરણ છે. આબરૂ આવરણથી ઢંકાતી હોય છે અને સચવાતી હોય છે. આવરણ વિનાની આબરૂ લૂંટાઈ જતી હોય છે. ઓઢણી કે ચૂંદડી વિનાની કન્યાઓ લૂંટારાઓને આમંત્રણ આપતી રહે છે - "આવો, અમને લૂંટો!" તેવા પોકાર પાડતી હોય છે.

તરસ્યા કારાયેલને જોતાં જ કપૂરીએ ઝટ દઈને નીચે ઊતરી ગયેલી ઓઢણી ઓઢી લીધી. ઓઢણીથી માત્ર માથું જ નથી ઢંકાતું, પણ નવુંનવું ઊભરતું વક્ષ:સ્થલ પણ ઢંકાય છે. પુરુષોની દૃષ્ટિ બગાડનારું આ સ્થળ ઢંકાયેલું જ સારું. તેમાં સ્ત્રીનું રક્ષણ અને ગૌરવ રહેતાં હોય છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૨૨ ઉપર)**

ગાંધી વિશેષ

# બે સત્પુરુષોનું સુભગ મિલન

• શાંતિલાલ ગઢિયા •

સો વર્ષ પહેલાંની ઘટના છે. વિ.સં. ૧૯૭૨ની કારતક સુદ પૂનમ હતી. ગાંધીજીના અધ્યાત્મ ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર (વિ.સં. ૧૯૨૪-૧૯૫૭) ની જન્મજયંતી. બે સત્પુરુષોના મધુર મિલનનો આ દિવસ સાક્ષી બન્યો હતો. યોગાનુયોગ કહો કે ઈશ્વરીય સંકેત કહો, પણ એટલું નિશ્ચિત કે એ અલભ્ય ક્ષણ હતી.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફરી અમદાવાદમાં કોચરબ આશ્રમની સ્થાપના કરી હતી. રવિશંકર મહારાજને ગાંધીજીને મળવાની અદમ્ય ઈચ્છા હતી. બે ઠાકોર ભાઈઓની સાથે તેઓ અમદાવાદ આવ્યા. કોચરબ આશ્રમ પહોંચ્યા. એક રૂમમાં જમીન પર ગાદી-તકિયો હતા. ત્યાં કોઈ ભાઈ બેઠા હતા. રવિશંકરે એમને નમસ્કાર કર્યા, પણ એ ગાંધીજી નહોતા એવું જાણતાં છોભીલા પડી ગયા. થોડીવારમાં ગાંધીજી આવ્યા. તેમની સાથે બીજી બે વ્યક્તિઓ હતી. ત્રણે ચર્ચામાં મશગૂલ હતા. રવિશંકર મહારાજ અને બે સાથીદારો ત્રણ કલાક સુધી શાંત પ્રેક્ષક બની ત્યાં બેસી રહ્યા. રવિશંકર ગાંધીજીના હાવભાવ અને વાણીથી ખૂબ પ્રભાવિત થયા. ચહેરા પર એકદમ સૌમ્ય ભાવ. જરાય ઉગ્રતા નહિ, આવેશ નહિ.

ગાંધીજીનાં દર્શન તો થયાં, પણ એમની નિકટ જઈ બે-ચાર શબ્દોની આપલે કરવાની તક રવિશંકર શોધતા હતા. બન્યું એવું કે સાંજે પ્રેમાભાઈ હોલમાં ગાંધીજીનું વ્યાખ્યાન હતું. રવિશંકર બે સાથીઓ સાથે હૉલ તરફ જવા માટે ગાંધીજીની સાથે જ નીકળ્યા. માર્ગમાં રવિશંકરે ગાંધીજીને પૂછ્યું, 'આશ્રમમાં કોઈને રહેવું હોય તો આપની શી અપેક્ષાઓ છે?' પછી બીજો સવાલ કર્યો, 'સ્વરાજ્ય કોને કહેવું?' ગાંધીજીએ પોતાની વિલક્ષણ શૈલીમાં જવાબો આપ્યા.

સભાસ્થળ આવ્યું. ધાર્યા કરતાં લોકોની સંખ્યા વધારે હતી. હૉલમાં ભીડભાડ અને પુષ્કળ શોરગુલ હતા. કોઈ કોઈનું સાંભળે નહિ. રવિશંકર આ જોઈ આશ્ચર્યચકિત થયા. નામાંકિત વિદ્વાનો, કવિઓ અને લેખકો પણ આવ્યા હતા. આયોજકોની વિનંતી છતાં વાતાવરણમાં કોઈ ફરક પડતો નહોતો. એટલામાં ગાંધીજી એક ટેબલ પર ઊભા થયા. બધા જોઈ જ રહ્યા. ઘોંઘાટ હવે ધીમા ગણગણાટમાં પરિણમ્યો. ગાંધીજીના મુખેથી ભાવસભર વાક્પ્રવાહ શરૂ થયો :

'આજે આપણે એક પવિત્ર પુરુષની જયંતી ઊજવવા એકઠા થયા છીએ. અને એ પ્રસંગે બે શબ્દો કહેવા બોલાવ્યો છે, પણ ઘોંઘાટ અને ધાંધલમાં મારાથી ભાષણ નહિ થાય. એક પણ માણસ અવાજ કરતો હશે ત્યાં સુધી હું શરૂ નહિ કરું અને એક પણ માણસ મને સાંભળવા માગતો હશે ત્યાં સુધી હું સભા નહિ છોડું. તમે જાણો છો કે હું હઠીલો છું. માટે શાંત થઈને બેસી જાવ.'

*(સૌજન્ય : 'વાત્સલ્યમૂર્તિ રવિશંકર મહારાજ')*
*લે. બબલભાઈ મહેતા, પા. ૫૦)*

રવિશંકર મહારાજ કહે છે : 'દસેક મિનિટમાં બધા શાંત થઈ ગયા. જેમને જગા મળી તે બેસી ગયા અને બીજા શાંતિથી ઊભા રહ્યા. મને થયું, આ કેવો જાદુ! પૂરી શાંતિ સ્થપાયા પછી ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રના જીવન ઉપર એક સુંદર વ્યાખ્યાન આપ્યું. આ આખો પ્રસંગ મારા ઉપર ભારે અસર કરી ગયો.'

***એ-૬, ગુરૂકૃપા સોસાયટી,***
***ઈન્દ્રપુરી પાછળ, હરણી રોડ,***
***વડોદરા-૩૯૦ ૦૦૬.***
***ફોન : (૦૨૬૫) ૨૪૮૧૬૮૦***

## જીવન મૂલ્ય

જીવનથી કંટાળો નહીં, જીવન જીવી જાણો. જીવન જીવવા જેવું છે તે સ્વીકારો. જગતમાં સૌથી મોંઘી ચીજ હોય તો તે આપણું જીવન છે. દેવો પણ જે જીવનને ઝંખે એ માનવ જીવનનું મૂલ્ય કેટલું કહી શકાય?

અંધારામાં હાથ લાગેલો કાચ, કાચ નહીં પણ કોહિનૂર હીરો છે એમ ખબર પડ્યા પછી એને આપણે કેવો જાળવીએ છીએ!

જીવનનું પણ એવું જ છે. એની કિંમત આગમ ગ્રંથોએ એટલી આંકેલી છે કે એની એક પળ પણ ખોટી પસાર ન થાય એ માટે ખુદ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ પોતાના અગ્રીમ શિષ્ય શ્રી ગૌતમ સ્વામિને કહ્યું હતું કે 'સમયમ્ ગોયમ્ મા પમાયે.'

***– ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

॥ क्षमा वीरस्य भूषणाम् ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# હિંદ સ્વરાજ : ગાંધીના અપેક્ષિત સમાજથી વેગળી વાસ્તવિક્તા

• ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય •

'અંગ્રેજો ગયા પરંતુ અંગ્રેજિયત રહી ગઈ.' એમ વારંવાર વ્યવહારમાં કાને પડતું હોય છે. તેનું કારણ તેની સતત અનુભૂતિ થયા કરે છે. શું ભારત એ તેના મૂળ સ્વરૂપે રહ્યું છે? એ પ્રશ્ન જો દરેક વ્યક્તિ પોતાની જાતને પૂછે તો સંભવતઃ નિરાશા ઉત્પન્ન થશે. આઝાદી પછી ભારતમાં વિવિધ ક્ષેત્રે ખૂબ મોટે પાયે એ પરિવર્તન આવ્યું. પરંતુ જે 'સ્વરાજ' નું સ્વપ્ન ગાંધીજીએ જોયું હતું તે 'સ્વરાજ' ભારતને મળ્યું? લગભગ 'ના'. ગાંધીજીને જે ધાસ્તી હતી તે હૂબહૂ સાચી ઠરી છે. 'હિંદ સ્વરાજ' માં ગાંધીજી કહે છે કે, 'આપણને અંગ્રેજી રાજ્ય જોઈએ, પરંતુ અંગ્રેજો નહીં. તમે વાઘનો સ્વભાવ માંગો છો, પરંતુ વાઘ નહીં. એટલે કે, તમે હિંદુસ્તાનને અંગ્રેજ બનાવવા માંગો છો અને જ્યારે હિન્દુસ્તાન અંગ્રેજી થશે ત્યારે તે હિન્દુસ્તાન નહીં કહેવાય પરંતુ ઇંગ્લિસ્તાન કહેવાશે.' ગાંધીના સ્વરાજના વિચારનો આજે છેદ ઊડી ગયો છે. ભારતનું તંત્ર તેના મૂળ સ્વભાવમાં (પરંપરાગત સ્વભાવમાં) રહ્યું નથી તો પરિવર્તનનો પવન પણ મૂળ સ્વભાવથી વિપરીત દિશામાં ફૂંકાયો છે. અને એટલે જ ભારતને પશ્ચિમી હવા લાગી ગઈ છે તેમ દરેકે સહર્ષ સ્વીકારી પણ લીધું છે, એમ કહેવામાં કાંઈ જ અસ્થાને નહીં હોય. મૂડીનો સંચય, ધનનો વૈભવ, વગ-લાગવગ, દેખાડો, શોષણ, વગેરે સ્વરાજના ખ્યાલમાં અસ્થાને છે. તેમ છતાં સાંપ્રત પરિસ્થિતિનું વિશ્લેષણ કરો તો પ્રસ્તુત દરેક બાબતોનું વજનદાર અસ્તિત્વ છે. આઝાદી બાદ મૂડીવાદ વકર્યો છે અને તેને કારણે એકતરફી ધનનો સંચય થવા લાગ્યો છે. વિવિધ આયોજનોમાં, નીતિઓમાં ચોક્કસ વર્ગનું હિત જોવું સહજ બનતું જાય છે. બેરોજગારીનો પ્રશ્ન ઊડીને આંખે વળગે તેવો છે. સ્વાભાવિક રૂપે માનવીય કામ મશીનો કરે તો માનવ શક્તિનો ઉપયોગ શું? અને મૂડીનો સંચય તો ત્યાં જ થવાનો જ્યાં ઉત્પાદનનાં સાધનો (મશીનો) ની માલિકી હોય. આવા સુધારાને સુધારો કહેશો કે કુધારો? 'મજૂરોની દશા જાનવર કરતાં પણ હલકી થઈ પડી છે, અગાઉ માણસોને મારીને ગુલામ બનાવતા; હાલ માણસોને પૈસાની લાલચ આપીને ગુલામ બનાવાય છે, અગાઉ માણસો કોઈક જ પુસ્તકો લખતા તે અમૂલ્ય ગણાતાં, આજે જેને જેવું ફાવે તેવું લખે છે ને છાપે છે તથા લોકોનાં મન ભમાવે છે. હકીકતે સુધારામાં મોહાઈ પડેલો માણસ તેની સામે નહીં લખે; પણ તેને ટેકો મળે તેવી વાતો અને દલીલો શીધી કાઢશે' : ગાંધીજીના આ વિચારો આજે પણ તેટલા જ પ્રસ્તુત છે. શરીર સુખ માટે જ અપનાવેલો સુધારો વાસ્તવમાં સુખ આપતો જ નથી. કહેવાય છે કે, 'ભૂખ, ઊંઘ અને કામુકતા' વધારો તેટલી વધે. આજના સુધારાનું પણ આવું જ છે, વાસ્તવિક સુખથી ઘણું દૂર છે.

ગાંધીના મતે 'પાર્લામેન્ટનું કામ એવું સરળ હોવું જોઈએ કે દહાડે ને દહાડે તેનું તેજ વધારે દેખાય ને લોકોની ઉપર તેની અસર થતી જાય, તેને બદલે પાર્લામેન્ટના મેમ્બરો આડંબરિયા અને સ્વાર્થી જોવામાં આવે છે. સૌ પોતાનું ખેંચે છે. મોટા સવાલોની ચર્ચા જ્યારે પાર્લામેન્ટમાં ચાલતી હોય ત્યારે તેના મેમ્બરો લાંબા થઈને પડે છે અથવા બેઠા ઝોલાં ખાય છે. તે પાર્લામેન્ટમાં મેમ્બરો એવા બરાડા પાડે છે કે, સાંભળનારા કાયર થઈ જાય. ઇંગ્લેન્ડની પાર્લામેન્ટના સંદર્ભમાં આઝાદી અગાઉ ગાંધીજીએ પ્રસ્તુત મંતવ્યો રજૂ કર્યાં. આજની ભારતની સ્થિતિ શું આવી છે? તે વાચકવર્ગ નક્કી કરે. કારણ કે તે સમયે ગાંધીએ કહ્યું હતું કે, 'હિન્દુસ્તાન અંગ્રેજી પ્રજાની નકલ કરે તો હિન્દુસ્તાન પાયમાલ થઈ જાય.' પરંતુ ભારત એ બીજું ઇંગ્લિસ્તાન તો બની જ રહ્યું છે. કારણ માત્ર એટલું જ કે, ભારતે પશ્ચિમનું અનુકરણ તો કર્યું જ છે પરંતુ ભારતની ચેતના બદલવાનો પ્રયત્ન થયો છે. પશ્ચિમી ઢબે સ્વરાજ એ ભારતનો મુખ્ય ઉદ્દેશ હતો જ નહીં. હિંદ સ્વરાજમાં ગાંધીજીએ જે સ્વરાજનો ચિતાર રજૂ કર્યો છે તેનાથી વાસ્તવિક ચિત્ર તદ્દન વેગળું છે. સંતોષ, સાદગી, ત્યાગ વગેરે નૈતિક ગુણધર્મો ભારતના લોહીમાં છે પરંતુ તેની ઉપર પશ્ચિમી આવરણ ચઢ્યું છે. ભારતની ધરતી છોડીને અંગ્રેજો ગયે સાત દાયકા વીતી ગયા પરંતુ પશ્ચિમી પડછાયો ઓસર્યો નથી અને ભવિષ્યમાં તેમ થવાની સંભાવનાઓ પણ ઓછી છે. કારણ કે રાજકીય, સામાજિક, આર્થિક દરેક બાબતે જટિલતાઓ વધતી જાય છે, મૂળ સાદગી રહી નથી અને પ્રજા વિભિન્ન જટિલતાઓ તરફ આગળ વધી રહી છે. આને પશ્ચિમી ઢબના સ્વરાજનું પરિણામ કહીએ તો કાંઈ જ ખોટું નથી. સીધું ને સટ કહીએ તો અતિ ઉદ્યોગીકરણે માત્ર અને માત્ર વિકાસ જ કર્યો છે તેવું નથી પરંતુ ઘોર ખોદી છે અને સાથે સાથે પ્રજાએ પરંપરાગત ધંધાઓ ત્યજીને પોતાનું નુકસાન વહોર્યું છે. સમાજજીવનનું આખું માળખું પરિવર્તન પામ્યું છે અને નૈતિકતા નેવે મુકાઈ છે. રાજકીય ક્ષેત્રે તો કહેવું જ શું? વિવિધ વ્યવસાયોમાં માત્ર છેતરપિંડીએ વિશ્વાસ અને નૈતિકતા શબ્દ પ્રત્યે અવિશ્વાસ ઊભો હતો. માનવશરીરની બિનજરૂરી દાક્તરી ચીરફાડ એ સહજ થઈ ગઈ છે અને એ પણ માત્ર પૈસા સારુ. આવી જ પરિસ્થિતિ વકીલાત ક્ષેત્રે છે. વળી મૂડીના સંચયની વૃત્તિ અનેક ગોરખધંધા કરાવે છે. રોજીના રોજ સોગંદ ખાનારા આ દેશમાં ઓછા નથી. ગાંધીની અપેક્ષાએ નીતિનું પાલન શ્રેષ્ઠ છે અને નીતિપાલન થકી આપણે આપણી જાતને ઓળખવી એટલે સુધારો. ગાંધીની અપેક્ષાએ ભારતીય સમાજ કેવો હોય? તેનું ચિત્ર હિંદ સ્વરાજમાં આલેખાયેલું છે. પરંતુ તેમાં દર્શાવેલ ખ્યાલો આજની ઘડીએ વધારે પડતા આદર્શવાદીમાં ખપી ગયા હોય તેમ જણાય છે એટલે એમ કહી શકાય કે વર્તમાન સમાજ એ ગાંધીના 'સ્વરાજ' થી વેગળી વાસ્તવિકતા ધરાવે છે. ■

# ગાંધી ક્યાંક હશે ભારતમાં!

• ડૉ. ચંદ્રકાંત મહેતા •

વિવેકાનંદ ટાગોર અને ગાંધીજી મારી પ્રેરણામૂર્તિ છે એટલે આદરણીય નારાયણ દેસાઈ રચિત અને યજ્ઞ પ્રકાશન દ્વારા પ્રકાશિત 'ગાંધી કથા ગીતો' ની પુસ્તિકાનાં ગીતો મને હચમચાવી મૂકે છે. ભારતની માટીમાંથી મર્દ નિપજાવનાર એ વિભૂતિ યુગ-યુગાંતર સંચિત ભારતના પુણ્યનું કલ્પવૃક્ષ હતા. આપણે એમને 'મહાત્મા' કહ્યા, પણ એમને મહાત્મા શબ્દ કાંટાની જેમ ખટકતો હતો. એમને કશુંક આપવાની ઉતાવળ હતી; લેવાની નહોતી દાનત કે નહોતી ફુરસદ! મૂંગું ભારત એના મુખે બોલતું થયું. અકળાયેલું ભારત એના મુખે આશ્વસ્ત થયું હતું. એને રસ હતો સત્ય અને અહિંસાની ભાવનાને ભારતજીવી બનાવવામાં. વિધિની વિચિત્રતા તો જુઓ! ગાંધી 'ગોરા' ને હરાવી શક્યા, પણ ગોળી એમને ભરખી ગઈ! એનોય કદાચ ગાંધીજીને વસવસો નહીં હોય, પણ ગાંધીજીનો આત્મા જ્યાં ક્યાંય હશે, આજે કકળતો હશે!

*ગાંધી ક્યાંક હશે ભારતમાં*
*ગાંધીના સપનાનું ભારત*
*આજે કઈ હાલતમાં?*
*કેમ રહ્યા આરતમાં*
*ગાંધી ક્યાંક હશે ભારતમાં*
*રાષ્ટ્રપિતા કહીને સન્માન્યા*
*જીવનમાં એને ના જાણ્યા*
*ગરક રહ્યા સ્વારથમાં*
*ગાંધી ક્યાંક હશે ભારતમાં!*

'રાષ્ટ્રનો આર્તનાદ' શીર્ષક કવિતામાં કવિ પ્રહ્‌લાદ પારેખે ચોતરફ લાગેલી આગમાં બધું ભસ્મીભૂત થઈ રહ્યાની વેદના વ્યક્ત કરતાં અદના આદમીઓને એક થવા માટે પોકાર કર્યો છે :

*'દવ રે લાગ્યો ને ખંડો સળગિયા*
*સળગ્યાં સાગરને આભઃ ઓ ભાઈ મારા!*
*સળગ્યાં શહેરોને બળિયાં રે ગામડાં*
*લાગી સારે સંસારે લાહ્ય...*
*ઓ ભાઈ મારા...*
*બળે રે મહેલોને બળતાં ઝૂંપડાં*
*સળગે મોટાં ને બાળ, રે ઓ ભાઈ મારા...*
*ઊભા રે સળગાવી દૂર બેઠાં જે બધાં*
*થાતી સહુનો એ કાળ, રે ઓ ભાઈ મારા...*
*બૂઝવી શકે ન એને રંક રાજવી*
*કોઈ નહીં વા કુબેર...ઓ ભાઈ મારા*

અહીં આચાર્ય કૃપલાણીજીના શબ્દો ટાંકવાનું મન થાય છે : 'આજે લોકો સત્યપરાયણ જોવા મળે છે ખરા, પણ અસત્ય સામે લડે છે ખરા? આપણને સાચું બોલનારા લોકો માણસો મળી રહે છે, પણ 'સત્યનો વિજય' થાય એ માટે પોતાના એશ-આરામનો ભોગ આપવા, જીવન સુદ્ધાંને જોખમમાં મૂકવા તૈયાર થનાર કોઈ જ મળે. આજે સત્યને અનુસરનારા મળશે, પણ સત્યના સૈનિકો નથી, આજે 'સમાધાન'કારીઓ છે, પણ 'સત્યના આગ્રહીઓ' નથી!

ગાંધીજીને સત્યાગ્રહીની 'આચારસંહિતા' વિશે લેશમાત્ર ગેરસમજ નહોતી. સત્યાગ્રહી ખોટી પ્રતિષ્ઠાનો ખ્યાલ કરતો નથી. એને પોતાની વિચારસરણી કે યોજનામાં ભૂલ માલૂમ પડતાં ગમે તેટલો આગળ વધી ગયો હોય તોય થોભી જતાં અથવા 'પીછેહઠ' જેવું લાગે એવું કરતાં એને પોતાની ભૂલનો એકરાર કરતાં તથા જે નુકસાન થાય તે સહન કરી લેતાં કે તે માટે પ્રાયશ્ચિત કરતાં તે શરમાતો નથી, કારણ કે સત્ય કરતાં કોઈ પણ બીજા વિચાર કે કારણને સત્યાગ્રહી ઓછા મહત્ત્વનું સમજે છે. આથી ઈષ્ટકાર્ય બગડતું નથી, પણ સુધરે છે અને એમની દેખીતી 'પીછેહઠ' એ આગેબઢ હતી એમ પાછળથી સિદ્ધ થાય છે!

આજે સત્યાગ્રહને નામે હડતાળ પાડી કામ ન કરવું, સમાધાન કરી કામ નહીં કર્યાના દિવસોમાં પણ પગાર માગવો એવી આત્મપ્રવંચના કરતાં તથાકથિત સત્યાગ્રહી ઉર્ફે 'સ્વાર્થાગ્રહી' શરમાતો નથી!

આપણે સાચે જ ગાંધીજીના જીવનમાંથી સત્ય અને અહિંસાની પ્રેરણા લેવા ઇચ્છતા હોઈએ તો તેને 'સાધન' તરીકે પ્રયોજવાના આપણા તરકટમાંથી મુક્ત કરવા જોઈએ. અંગ્રેજોએ પણ ન કર્યો એટલો અત્યાચાર આજે આપણે આપણી દંભી શ્રદ્ધાંજલિઓ, પ્રતિજ્ઞાઓ અને ગાંધીને આપણી શરતંજના સોગઠા તરીકે ખેલીને કરી રહ્યા છીએ! ગાંધી રોજરોજ વીંધાય છે પોતાની જ કર્મભૂમિ ભારતમાં! શું વીંધાવું એ જ ગાંધીની નિયતિ છે?

'રાજઘાટ' એ સત્ય ખાતર ફના થનાર લોકહૃદયના બેતાજ બાદશાહની પવિત્ર સમાધિ છે. ત્યાં મેલી મુરાદ લઈ જનારને સ્થાન નથી! આજે રાજઘાટ રાજકીય ઘાટ બની ગયો છે! ■

# એક પુસ્તકની જાદુઇ અસર

• મો. ક. ગાંધી •

હું નાતાલ જવા ઊપડ્યો. પોલાક મને મૂકવા સ્ટેશન ઉપર આવેલા, ને 'આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તે વાંચી જજો. તમને ગમશે.' એમ કહી તેમણે રસ્કિનનું 'અનટુ ધીસ લાસ્ટ' મારા હાથમાં મૂક્યું.

આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો.

આ પહેલાં રસ્કિનનું એક પણ પુસ્તક મેં વાંચ્યું નહોતું. વિદ્યાભ્યાસના કાળમાં પાઠ્યપુસ્તકો બહાર મારું વાંચન નહીં જેવું જ ગણાય. કર્મભૂમિમાં પ્રવેશ કર્યા પછી સમય ઘણો થોડો બચે. એટલે આજ લગી પણ એમ જ કહેવાય કે મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. આ અનાયાસે અથવા પરાણે પળાયેલા સંયમથી મને નુકસાન નથી થયું એમ હું માનું છું. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શક્યો છું એમ કહી શકાય. એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ પુસ્તક જ કહેવાય. તેનો મેં પાછળથી તરજુમો કર્યો, ને તે 'સર્વોદય'ના નામે છપાયેલું છે.

મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું, ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર થતી નથી, કેમ કે બધામાં બધી સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી.

'સર્વોદય' ના સિદ્ધાંતો હું આમ સમજ્યો :

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.
૨. વકીલ તેમ જ વાળંદ બન્નેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક્ક બધાને એકસરખો છે.
૩. સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજી હું ઝાંખી જોતો હતો. ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બન્ને સમાયેલી છે. એ મને 'સર્વોદયે' દીવા જેવું દેખાડ્યું. સવાર થયું ને હું તેનો અમલ કરવાના પ્રયત્નમાં પડ્યો.

સવારે પ્રથમ તો મેં સૂચવ્યું કે 'ઇન્ડિયન ઓપીનિયન' ને એક ખેતર ઉપર લઈ જવું. ત્યાં સહુ એકસરખો ખાધાખરચ પૂરતો ઉપાડ કરે, સહુ પોતાની ખેતી કરે અને બચતા વખતમાં 'ઇન્ડિયન ઓપીનિયન' નું કામ કરે. દરેકનું ખાધાખરચ ઓછામાં ઓછું ત્રણ પાઉન્ડ થાય એવી ગણતરી કરી.

પ્રેસમાં તો દસેક કામ કરનારા હતા. બધાને જંગલમાં વસવું અનુકૂળ આવે કે નહીં એ એક સવાલ હતો, અને બધા એકસરખો ખાવાપહેરવા જોગો જ ઉપાડ કરવા તૈયાર થાય કે નહીં એ બીજો સવાલ હતો. અમે એવો નિશ્ચય કર્યો કે, જે આ યોજનામાં દાખલ ન થઈ શકે તે પોતાનો પગાર ઉપાડે; ધીમે ધીમે બધા સંસ્થાવાસી થઈને રહે એ આદર્શ રાખવો.

મારા ભત્રીજા છગનલાલ ગાંધી આ પ્રેસમાં કામ કરતા હતા. તેમને મેં વાત કરી. તેમને કુટુંબનો બોજો હતો. પણ બચપણથી જ તેમણે મારી નીચે તાલીમ લેવાનું ને કામ કરવાનું પસંદ કર્યું હતું. મારા પર તેમનો બહુ વિશ્વાસ હતો. એટલે દલીલ કર્યા વગર તે તો ભળ્યા ને આજ લગી મારી સાથે જ છે.

ગોવિંદસામી કરીને મશીનિયર હતા, તે પણ ભળ્યા. બીજાઓ જોકે સંસ્થાવાસી ન થયા, પણ તેમણે હું પ્રેસને જ્યાં લઈ જાઉં ત્યાં આવવા કબૂલ કર્યું.

તુરત મેં ડરબનની નજીક કોઈ પણ સ્ટેશન પાસે જમીનના ટુકડાને સારુ છાપામાં જાહેરખબર મૂકી. જવાબમાં ફિનિક્સની જમીનનું કહેણ આવ્યું. સાત દિવસની અંદર ૨૦ એકર જમીન લીધી. તેમાં એક નાનકડો પાણીનો ઝરો હતો. કેટલાંક નારંગીનાં ને કેરીનાં ઝાડ હતાં. જોડે જ ૮૦ એકરનો બીજો એક કકડો હતો. તેમાં વિશેષ ફળઝાડ ને એક ઝૂંપડું હતું. તે પણ થોડા દિવસ બાદ ખરીદ્યો. બેઉના મળીને ૧૦૦૦ પાઉન્ડ આપ્યા.

પારસી રૂસ્તમજી મારાં આવાં બધાં સાહસોના ભાગીદાર હોય જ. એક મોટા ગોડાઉનમાં પતરાં વગેરે તેમની પાસે પડ્યાં હતાં તે તેમણે મફત આપ્યાં. તે વડે બાંધકામ શરૂ કર્યું. કેટલાક હિંદી સુતારો અને સલાટોની મદદથી કારખાનું બાંધવાનું શરૂ કર્યું. એક માસમાં મકાન તૈયાર થયું. તે ૭૫ ફૂટ લાંબું ને ૫૦ ફૂટ પહોળું હતું.

ફિનિક્સમાં ઘાસ ખૂબ હતું. વસ્તી મુદ્દલ નહોતી. તેથી સર્પોનો ઉપદ્રવ હતો તે જોખમ હતું. પ્રથમ તો સહુ તંબૂ તાણીને રહેતા. મુખ્ય મકાન તૈયાર થયું એટલે એક અઠવાડિયામાં ઘણોખરો સામાન ગાડાવાટે ફિનિક્સ લઈ ગયા. ડરબન અને ફિનિક્સ

વચ્ચે તેર માઈલનું અંતર હતું. સ્ટેશનથી ફિનિક્સ અઢી માઈલ છેટું હતું.

મારી સાથે જે જે સગાઓ વગેરે આવેલા ને વેપારમાં વળગી ગયા હતા તેમને ફિનિક્સમાં દાખલ કરવાનો પ્રયત્ન મેં આદર્યો. તેમને સમજાવવાનું કામ મુશ્કેલ હતું. પણ કેટલાક સમજ્યા. આ બધામાંથી અત્યારે મગનલાલ ગાંધીનું નામ હું તારવી કાઢું છું. કેમ કે બીજા જે સમજ્યા તે થોડોઘણો વખત ફિનિક્સમાં રહી પાછા દ્રવ્યસંચયમાં પડ્યા. મગનલાલ ગાંધી પોતાનો ધંધો સંકેલી મારી સાથે આવ્યા ત્યારથી તે રહ્યા જ છે; ને પોતાના બુદ્ધિબળથી, ત્યાગશક્તિથી ને અનન્ય ભક્તિથી મારા આંતરિક પ્રયોગોમાંના મારા મૂળ સાથીઓમાં આજે પ્રધાનપદ ભોગવે છે.

ફિનિક્સ જેવી સંસ્થા સ્થાપ્યા પછી હું પોતે તેમાં થોડો જ સમય વસી શક્યો એ મને હંમેશાં દુઃખની વાત રહી છે. એની સ્થાપના વખતે મારી કલ્પના એ હતી કે હું પણ ત્યાં જ વસીશ, મારી આજીવિકા તેમાંથી મેળવીશ, ધીમે ધીમે વકીલાત છોડીશ, ફિનિક્સમાં પડ્યો જે સેવા થઈ શકશે તે કરીશ ને ફિનિક્સની સફળતા એ જ સેવા ગણીશ. પણ આ વિચારોનો ધારેલો અમલ ન જ થયો.

અમે બધા જાતમહેનતથી નીભશું એ ધારણાથી મુદ્રણાલયની આસપાસ દરેક નિવાસીને સારુ ત્રણ ત્રણ એકરના જમીનના ટુકડા પાડ્યા. આમાં એક ટુકડો મારે નિમિત્તે પણ મપાયો. તે બધા ઉપર અમારી બધાની ઈચ્છાવિરુદ્ધ અમે પતરાંનાં ઘર બાંધ્યાં. ઇચ્છા તો ખેડૂતને શોભે એવાં ઘાસમાટીનાં અથવા ઈંટનાં ખોરડાં બાંધવાની હતી. તે ન થઈ શક્યું. તેમાં વધારે પૈસાનો વ્યય થતો હતો, વધારે વખત જતો હતો. બધા ઝટ ઘરબારવાળા થવા ને કામમાં પરોવાઈ જવા આતુર હતા.

બીબાં ગોઠવવાને સારુ જોકે પગારદાર માણસો હતા, છતાં દૃષ્ટિ એ હતી કે છાપું છાપવામાં બીબાં ગોઠવવાની ક્રિયા, જે વધારેમાં વધારે વખત રોકનારી, પણ સહેલી હતી, તે બધા સંસ્થાવાસીઓએ જાણી લેવી અને કરવી. આથી જે નહોતા જાણતા તે તૈયાર થયા. હું આ કામમાં છેવટ લગી સૌથી વધારે ઠોઠ રહ્યો અને મગનલાલ ગાંધી સૌથી આગળ વધી ગયા. છાપખાનાનું કામ કદી કરેલું જ નહીં, છતાં તે કુશળ બીબાં ગોઠવનાર થઈ ગયા ને ઝડપમાં પણ સરસ પ્રગતિ કરી. એટલું જ નહીં પણ થોડા સમયમાં છાપખાનાની બધી ક્રિયાઓ ઉપર સારો કાબૂ મેળવી મને આશ્ચર્યચકિત કર્યો. તેમને પોતાને પણ પોતાનામાં રહેલી શક્તિની ખબર નહીં હોય એમ મેં હંમેશાં માન્યું છે.

*(સૌજન્ય : ગાંધીજી સાથે વાચનયાત્રા,*
*સંપાદક મહેન્દ્ર મેઘાણી, ૨૦૦૭)*

---

## કપૂરી અને કારાયેલ

**(અનુસંધાન : પાના નં. - ૧૭ ઉપરથી ચાલુ)**

કારાયેલે કૂવાની નજીક જઈને મોઢા ઉપર ખોબો ધરીને પાણી પિવડાવવા પ્રાર્થના કરી. આજ સુધી જોયેલા બધા યુવાનો કરતાં આ યુવાન કાંઈક જુદો જ દેખાતો હતો. કપૂરીએ જરા ગર્વ અને તોછડાઈથી કહ્યું : 'પાણી તો પાતાળમાં છે. જાતે કાઢો તો પીઓ, નહીં તો ઢોરાંની સાથે હવાડામાંથી પીઓ.' કપૂરીને અનેક યુવાનોની નિષ્ફળતા જોઈને યુવાનો પ્રત્યે તોછડાઈ થઈ આવી હતી અને તેથી પોતાના બરાબર કોઈ નથી તેવો ગર્વ પણ થયો હતો. જીતના ગર્વ કરતાં હરાવવાનો ગર્વ વધુ પ્રચંડ હોય છે.

તરસ્યા કારાયેલે ત્રણગણો મોટો કોસ હાથમાં લીધો. થાળામાંથી કૂવામાં નજર કરી : અધધધ! ખરેખર પાણી તો પાતાળમાં જ હતું. તેણે કોસને કૂવામાં સરકાવ્યો, બેત્રણ વાર પટકીને પૂરેપૂરો ભર્યો. કપૂરી મંદમંદ હસતી બધું જોઈ રહી હતી : હમણાં હવા નીકળી જશે! પણ આ શું? કારાયેલે સડસડાટ કોસ ખેંચ્યો અને થાળામાં પાણીનો ઢગલો કરી દીધો. કપૂરીનાં આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો. આખરે તેનો ગર્વ ઉતારનારો કોઈ ભડવીર મળ્યો ખરો. ગર્વીલી સ્ત્રી કોઈને ગાંઠતી નથી - હા, તેનો ગર્વ ઉતારે તેને જ ગાંઠે. કપૂરીનો ગર્વ ઊતરી ગયો. તેને દુઃખ ન થયું, આનંદ થયો. પત્ની પતિથી હારીને આનંદ પામતી હોય છે. પત્ની પતિને હરાવીને વધુ ઘમંડી અને ઉચ્છૃંખલ બનતી હોય છે. પત્નીને પતિના વિજયમાં પણ પોતાનું ગૌરવ અનુભવાતું હોય છે : આખરે તે મારો પતિ છે ને! પતિ આવો જ હોવો જોઇએ!

કપૂરીની ગર્વ અને તુચ્છકારભરી દૃષ્ટિ હવે પ્રેમથી છલકાવા લાગી. 'ઊભા રહો! ઊભા રહો! હું તમને પાણી પિવડાવું!' તેણે કોસમાંથી પાત્રમાં પાણી લીધું અને ખોબો માંડેલા કારાયેલના ખોબામાં રેડવા માંડ્યું. ચસક-ચસક કારાયેલ પાણી પી રહ્યો હતો અને કપૂરી પણ જનમજનમની તરસી તેને જોઈ-જોઈને તૃપ્ત થઈ રહી હતી. જળતૃપ્તિ કરતાં પણ પ્રેમતૃપ્તિ ઘણી મહાન છે, જે કોઈક ભાગ્યશાળીને જ મળતી હોય છે. યોગાનુયોગ આ જ સમયે કપૂરીનો બાપ આવી ગયો. ઉંમર વટાવી ચૂકેલી કુંવારી કન્યાના બાપને યોગ્ય જમાઈ મળે તો જાણે સ્વર્ગનો ખજાનો મળી ગયો.

પિતા સાઓ સંઘાર થાળા ઉપર આવ્યો અને પાણી પી ચૂકેલા કારાયેલને ઊભો કરીને તેના હાથમાં કપૂરીનો હાથ મૂકી દીધો. કપૂરીએ તરત જ ઓઢણીથી આખું મોઢું ઢાંકી દીધું. વરની લાજ કઢાય. લાજ વિનાની વહુ પગલે-પગલે ચાલનારી ન હોય, કદાચ માથે ચઢનારી પણ હોય.

સાઓ સંઘારે બંનેનાં ધૂમધામથી લગ્ન કર્યા અને બંનેને વિદાય કર્યાં. કારાયેલ પાછો પચ્છમનાં ડુંગરે આવી ગયો. હવે તે ગૃહસ્થ થઈ ગયો હતો. ગઢશીશા અને કોટડી વચ્ચે પોલડી ગામમાં આજે પણ કારાયેલની નિશાનીઓના અવશેષ છે. ■

# એક ઐતિહાસિક ભાષણ : કરેંગે યા મરેંગે

• ગાંધીજી •

*(મુંબઈ ખાતે મળેલી કોંગ્રેસ મહાસમિતિની બેઠક સમક્ષ ગાંધીજીએ તા. ૮-૮-૧૯૪૨ ની સાંજે પ્રથમ હિંદીમાં દોઢ કલાક અને પાછળથી વિદેશના લોકો, રાજપુરુષો, પત્રકારોને સંદેશ મળે તે માટે ૪૦ મિનિટ સુધી અંગ્રેજીમાં વ્યાખ્યાન આપેલું. નીચે તેનો સારાંશ ગાંધીજીના મૂળ શબ્દોમાં જ અપાયો છે. અંગ્રેજી વ્યાખ્યાનમાંથી છેલ્લે આપેલાં થોડાં વાક્યો જ લીધાં છે. આ વ્યાખ્યાન પછી 'હિન્દ છોડો' ની લડત શરૂ થઈ.)*

એક સમય એવો હતો જ્યારે પ્રત્યેક મુસલમાન કહેતો કે આખું હિન્દુસ્તાન એ મારું વતન છે. હિન્દુસ્તાન જેટલો હિન્દુઓનો તેટલો જ મુસલમાનોનો પણ દેશ છે. હિન્દુ-મુસ્લિમ એકતા કંઈ નવી વાત નથી. લાખો હિંદુઓ અને મુસલમાનો એ ઝંખે છે. છેક બાળપણથી હું એને માટે મથતો આવ્યો છું. હું દક્ષિણ આફ્રિકા ગયેલો તે પણ મુસલમાન અસીલના કામે જ ગયેલો. એ એકતા માટેની મારી જીવનભરની ઝંખનાને કારણે જ મેં ખિલાફતની ચળવળમાં મુસલમાનોને પૂરેપૂરો સાથ આપ્યો. તો આજે હું આવો બૂરો અને અકારો કેમ થઈ પડ્યો?

એ વાત સાચી કે ગાયને બચાવી લેવાનો લોભ મારા અંતરમાં હતો ખરો. હું ગાયને પૂજવાવાળો છું. ગાયને બચાવવા હું મારી જાતને કુરબાન કરવા તૈયાર છું. (છતાં) તે વેળાએ મેં કશો જ સોદો કર્યો નહોતો. સૌ એકબીજાની સગવડ અને લાગણીઓ સાચવવા મરી પડતા. ક્યાંયે એકબીજા પ્રત્યે શંકાની નજરે જોવાની તો વાત જ નહોતી. એ બધી શરાફત અને ખાનદાની આજે ક્યાં ગઈ?

એક જમાનામાં તો કાયદે આઝમ ઝીણા પણ કોંગ્રેસી હતા ને! આજે એઓ કોંગ્રેસ પર ખફા છે, કારણ એમના મનમાં શંકાનો કીડો પેઠો છે. પણ હું મરી જઈશ ત્યારે એ સમજશે, કબૂલ કરશે કે મુસલમાનો વિરુદ્ધ મેં કોઈ કાવતરું કર્યું નહોતું કે મેં મુસલમાનોને કદી દગો દીધો નહોતો. મારું ગળું એમની પાસે છે. ચાહે તે ઘડીએ છૂરી ચલાવવા તેઓ મુખત્યાર છે. અત્યાર લગી તો હું બચી ગયો છું. હુમલો કરનારાઓએ પશ્ચાત્તાપ પણ કર્યો છે. પણ ગાંધી બદમાશ છે એમ માનીને કોઈ કદી ગોળી ચલાવશે તો એણે પણ જેને એણે બદમાશ માન્યો હતો તે બદમાશ ગાંધી પર ગોળી ચલાવી હશે, સાચા ગાંધી પર નહીં.

કાયદે આઝમને હું કહું છું કે પાકિસ્તાનની માગણીમાં જે કંઈ સાચું અને સાધાર છે તે તો તમને મળી ચૂક્યું છે. એમાં જે કંઈ ખોટું અને ન ટકી શકે એવું છે તે કોઈ આપી શકે એમ નથી કે તમને સોંપી દે. કોઈ બીજાને માથે અસત્ય લાદવામાં સફળ થાય તોય તે એવી જબરદસ્તીનાં ફળ લાંબો સમય નહીં ભોગવી શકે.

રાજાજીએ મને કહ્યું : 'હું પાકિસ્તાનમાં માનતો નથી, પણ મુસલમાનો એ માગે છે, શ્રી ઝીણા માગે છે, અને તેમને એ ભૂતની જેમ વળગ્યું છે. તો અત્યારે તેમને 'હા' શું કામ ન કહેવી? એ જ શ્રી ઝીણાને પાછળથી પાકિસ્તાનના ગેરલાભ સમજાશે અને માગણી જતી કરશે.' મેં કહ્યું : 'પાછળથી જ્યારે આખરી સમજૂતી કરવાની આવશે ત્યારે એ માગણી કરવામાં નહીં આવે એમ સમજીને જે વસ્તુને હું ખોટી સમજું છું તેને સાચી તરીકે સ્વીકારવી અને બીજા પાસે સ્વીકારાવવી એમાં ન્યાય ક્યાં આવ્યો? ઘણા મિત્રોએ આવીને મને કહ્યું છે કે શ્રી ઝીણાને રીઝવવા ખાતર, તેમના મનનો વહેમ દૂર કરવા ખાતર અને તેમનો પ્રતિભાવ જોવા ખાતર હાલ તુરત એ સ્વીકારી લો. પણ ખોટું વચન આપીને કશું કરવામાં હું સાથ ન આપી શકું. કંઈ નહીં તોય મારી એ રીત નથી.'

મારા દિલમાં ઘણું બધું ભર્યું છે. હિન્દુઓએ અને મુસલમાનોએ પહેલાં તો આઝાદી માટે લડી લેવાના મુદ્દા ઉપર એક થવું જોઈએ.

એટલે મારે તો આજે મળતી હોય તો આજે જ મળસકું થાય તે પહેલાં જ આઝાદી જોઈએ છે. એ આઝાદી હવે કોમી એકતા સધાય તેની રાહ જોઈ શકે એમ નથી. જો એ એકતા ન સધાય, તો ઘણા વધારે ભોગો આપવા પડશે. પણ કોંગ્રેસે તો આઝાદી લેવી છે યા મરવું છે, એને માટે લડતાં જ ભૂંસાઈ જવું છે અને એ ન ભૂલશો કે જે આઝાદી લેવી છે તે માત્ર કોંગ્રેસીઓ માટે નથી લેવી, હિન્દુસ્તાનના ૪૦ કરોડ લોકો માટે લેવી છે. કોંગ્રેસીઓએ હંમેશને માટે લોકોના સેવક થઈને રહેવાનું છે.

કાયદે આઝમ કહે છે કે બ્રિટિશોએ મુસલમાનોના હાથમાંથી સામ્રાજ્ય લીધું હતું એટલે તેઓ મુસ્લિમ લીગને રાજ્ય સોંપી દેવા તૈયાર હોય તો લીગ તે સંભાળી લેવા તૈયાર છે. પણ એ તો મુસ્લિમ રાજ્ય થશે. મૌલાના સાહેબે ને મેં જે કહ્યું છે તેનો અર્થ એ નથી કે મુસ્લિમ રાજ્ય સ્થપાય અથવા મુસ્લિમોનું વર્ચસ્વ થાય. કોઈ એક જૂથ કે કોમનું વર્ચસ્વ જામે એમાં કોંગ્રેસ માનતી નથી. એ તો લોકશાહીમાં માને છે, જેમાં મુસ્લિમો, હિન્દુઓ, ખ્રિસ્તીઓ, પારસીઓ, યહૂદીઓ — આ વિશાળ દેશની એકેએક કોમનો સમાવેશ થઈ જાય છે.

આ દેશના કરોડો મુસલમાનોના વડવા હિન્દુ હતા. તેમનું વતન હિન્દુસ્તાનથી જુદું શી રીતે હોઈ શકે? એટલે આ દેશમાં વસતા તમામ મુસલમાનોનું વતન હિન્દુસ્તાન જ છે એમાં કોઈ શક નથી. એથી હિન્દુસ્તાનની આઝાદી માટેની લડતમાં એકએક મુસલમાને સાથ આપવો જ રહ્યો.

હું તમને કહી ગયો કે આ વખતની લડતમાં ઘણી મોટી કુરબાની કરવી પડશે. કારણ, મુસ્લિમ લીગનો વિરોધ છે. અંગ્રેજોનો પણ વિરોધ છે. આવી આ સલ્તનતનો આપણે મુકાબલો કરવાનો છે, જેના રસ્તા કુટિલ છે.

સત્યાગ્રહમાં ફરેબીને કે જૂઠને સ્થાન નથી. આજે દુનિયામાં બધે ફરેબી અને જૂઠ મહાલે છે. આવી સ્થિતિનો લાચાર સાક્ષી હું ન બની શકું. આખા હિન્દુસ્તાનમાં હું જેટલું ફર્યો છું તેટલું ભાગ્યેજ બીજો કોઈ ફર્યો હશે. આ દેશની કરોડોની મૂંગી જનતાએ મારામાં પોતાનો મિત્ર અને પ્રતિનિધિ જોયો છે, અને મેં તેમની સાથે એક માનવ સાધી શકે એટલી હદે તાદાત્મ્ય સાધ્યું છે. સલ્તનતની તૈયારી ભલે ગમે તેટલી મોટી હોય, આપણે એની ચુંગાલમાંથી છૂટવું જ રહ્યું. આ અણીની ઘડીએ હું શી રીતે મૂંગો રહી શકું અને મારા દીવાને ટોપલા નીચે સંતાડી શકું? આજે જો હું હાથ જોડીને બેસી રહું તો ખુદા મને ઠપકો આપશે, મારી પાસે હિસાબ માગશે કે આટલી હિંસા દુનિયાભરમાં વર્તી રહી છે તેને રોકવાનો જે ખજાનો મેં તને આપ્યો છે તે કેમ ખર્ચી ન નાખ્યો?

તેમ છતાં આપણી ખરી લડત આ ઘડીથી શરૂ થતી નથી. તમે બધી સત્તા મારા હાથમાં મૂકી દીધી છે. હવે હું વાઈસરોયને મળીશ, કોંગ્રેસની માગણી સ્વીકારવાની વિનંતી કરીશ. એમાં બે-ત્રણ અઠવાડિયાં જશે. (પણ) તમારે શું કરવું એ હું કહું છું. આ ઘડીથી સૌ કોઈ માને કે આપણે આઝાદ છીએ, અને હવે તમે આ સામ્રાજ્યની એડી નીચે નહીં પણ આઝાદ છો એમ માનીને વર્તજો.

આ હું કંઈ કલ્પનાની વાત નથી કરતો. આઝાદીનું સારસત્ત્વ જ એ છે. ગુલામ જે ઘડીએ એમ માને કે હું સ્વાધીન છું તે જ ઘડીએ તેની જંજીર તૂટી જાણવી.

તમે એટલું ખાતરીથી માનજો કે વાઈસરોય પાસે જઈને હું પ્રધાનપદાનો સોદો નથી કરવાનો. સંપૂર્ણ આઝાદી સિવાય કશાથી હું સંતોષ નથી માનવાનો. આઝાદીથી ઓછું એવું કશું જ હવે નહીં ખપે.

હું તમને એક ટૂંકો મંત્ર આપું છું. એને તમારે હૈયે કોતરી રાખજો અને તમારે શ્વાસે શ્વાસે એનો જાપ ચાલવા દેજો. એ મંત્ર છે "કરેંગે યા મરેંગે." હિન્દને કાં તો આઝાદ કરીશ, નહીં તો મરી ફીટશું. કોઈ પણ સાચો કોંગ્રેસી — પછી તે સ્ત્રી હોય કે પુરુષ — આ લડતમાં પડ્યા પછી દેશને આઝાદી વિનાનો અને ગુલામીમાં રહેલો જોવા જીવતો ન હોવાનો દૃઢ નિર્ધાર કરે. એને તમારી પ્રતિજ્ઞા માનજો. દરેક ભાઈ-બહેન આઠે પહોર એક ધ્યાન ધરે કે સવાર-સાંજ ખાઉં છું તે આઝાદીને માટે, જીવું છું તે આઝાદીને માટે અને પ્રસંગ આવ્યે મરીશ તે પણ આઝાદી માટે.

સૌ પહેલી વાત એ કે નિશ્ચય કરો. ઈશ્વરને સાક્ષી રાખીને દરેક પોતાપોતાના અંતરાત્મા આગળ પ્રતિજ્ઞા કરો કે આઝાદી મેળવ્યા વિના જંપવું નથી, અને એ મેળવવા મથતાં જ પ્રાણ પાથરીશું. જે માણસ જીવન ન્યોછાવર કરે છે તે જ પામે છે, જે બચાવવા મથે તે ખુએ છે. કાયર અને ડરપોક માટે આઝાદી નથી.

બીજી વાત છાપાંવાળાઓને સંભળાવવા ઈચ્છું છું. અત્યાર સુધી રાષ્ટ્રની માગણીને તમે જે ટેકો આપ્યો છે તે માટે તમને મુબારકબાદી આપું છું. તમારે જે નિયંત્રણો અને મુશ્કેલીઓ વચ્ચે કામ કરવાનું છે તે હું જાણું છું. પણ હવે હું તમને કહું છું કે હવે તમે એ જંજીરો તોડી નાખો. આઝાદી ખાતર મરી ફીટવાના મેદાનમાં છાપાંનો હક પહેલો છે. તમે આગેવાની લો અને દાખલો બેસાડો. તમારી પાસે કલમ છે, એને સરકાર દબાવી ન શકે. સર ફ્રેડરિક પકલને તમે કહી દો કે અમે તમારી ચિઠ્ઠીના ચાકર નથી, તમારી છાપાંજોગ યાદીઓમાં જૂઠાણું ભર્યું હોય છે, અમે તેને પ્રસિદ્ધ નહીં કરીએ.

રાજાઓ પાસે પણ હું પૂરા માનપૂર્વક ઓછું માગું છું. રાજાઓનો હું હિતચિંતક છું. હું દેશી રાજ્યમાં જન્મ્યો છું. મેં રાજાઓનું લૂણ ખાધું છે. એક નિમકહલાલ સેવક તરીકે મારી તેમને ચેતવવાની ફરજ છે કે હું જીવું છું ત્યાં સુધીમાં કંઈક કરશો તો સ્વતંત્ર ભારતમાં માનભર્યું સ્થાન પામશો. પોતાની મિલકતની માલિકી છોડી દઈ તેના સાચા ટ્રસ્ટી બનો. પારકી સલ્તનતને સલામી ભરવાને બદલે પોતાની પ્રજાની સલ્તનતને કાં ન માનો? તમે પોલિટિકલ ખાતાને લખી દો કે લોકો જાગ્યા છે, એમાં અમે કેવી રીતે ટકી શકીએ? તમે કહી દો કે અમે આજથી રૈયતના થયા. હું જે કહું છું તેમાં કશું ગેરબંધારણીય નથી.

કશું જ ગુપ્ત રહીને કરવાનું નથી. આ તો ખુલ્લો બળવો છે. આ લડતમાં ગુપ્તતા એ પાપ છે. આઝાદ માણસ ગુપ્ત પ્રવૃત્તિમાં ન જોડાય. આ લડતમાં તો ખુલ્લંખુલ્લા કામ કરવાનું છે અને ભાગ્યા વિના ખુલ્લી છાતીએ ગોળી ઝીલવાની છે.

મારે સરકારી નોકરોને પણ બે શબ્દો કહેવાના છે. સિપાઈઓ પણ આ કાર્યક્રમમાં આવી જાય. તમે સરકારને કહી દો કે અમારાં દિલ કોંગ્રેસની સાથે છે.

તમે જો આટલું કરી શકો, તો હું તમને ખાતરીથી કહું છું કે આખા વાતાવરણમાં વિદ્યુતસંચાર થશે. પછી ભલે બૉંબ વરસાવવા હોય તો વરસાવે. પણ પછી હું પૃથ્વી ઉપર એવી કોઈ તાકાત જોતો નથી જે તમને ગુલામીમાં રાખી શકે.

મારે કહેવું તો ઘણું છે, પણ મારું હૈયું ભારે છે. હું તમારો પુષ્કળ વખત લઈ ચૂક્યો છું. હજી મારે અંગ્રેજીમાં પણ બે શબ્દો કહેવાના છે. મેં મારો સંદેશો તમને આપી દીધો છે અને તમારી મારફત આખા દેશને સંભાળાવ્યો છે.

★

સ્વતંત્રતા જો આવવાની જ હોય તો આજે જ આવવી જોઈએ...આઝાદી આવતી કાલે નહીં, આજે જ આવવી જોઈએ. આથી મેં કોંગ્રેસને હોડમાં મૂકી છે અને કોંગ્રેસે પ્રતિજ્ઞા કરી છે કે 'કરેંગે યા મરેંગે.' ■

# ક્રાંતિકારી ગાંધીવિચાર

• ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન •

ગાંધીજી એક ક્રાંતિકારી વિચારક હતા. તેઓ માનવસ્વભાવમાં મહત્ત્વનો પલટો લાવવા મથ્યા હતા. તેમની વાણી ભાવિ યુગની વાણી હતી, જે યુગ અસ્ત પામી રહ્યો છે અને પામવો જ જોઈએ તેની નહિ. આપણે વસ્તુસ્થિતિ જેવી છે તેવી ને તેવી સ્વીકારી લેવાને બદલે ભાવિ યુગને નવું ધ્યેય અને દિશા અર્પવા મથવું જોઈએ. ક્રાંતિ જડતા કે ઉદાસીનતામાંથી નથી જન્મતી પણ ધ્યેય માટેની તીવ્ર લાગણીમાંથી જન્મે છે.

આપણે ઇતિહાસને ત્રિભેટે ઊભા છીએ. માણસજાતના મોટામાં મોટા દુશ્મન રોગો કે દુષ્કાળો કે વસ્તીનો સ્ફોટક વધારો નથી, પણ અણુશસ્ત્રો છે, જે યુદ્ધ સમયે સંસ્કૃતિનો સંપૂર્ણ નાશ કરવાની અને શાંતિના સમયમાં માનવજાતને ભયંકર અને કાયમનું નુકશાન કરવાની શક્તિ ધરાવે છે.

ગાંધીજી આપણને શસ્ત્ર વગરની દુનિયામાં રહેવાને લાયક બનાવવા માગતા હતા. આપણે ઝઘડા અને વેરઝેરભરી દુનિયામાંથી બહાર નીકળી સહકાર અને સુમેળપૂર્વક કામ કરવું જોઈએ. યુદ્ધની અવેજીમાં તેમણે સત્યાગ્રહ રજૂ કર્યો હતો. એના પાયામાં એ વસ્તુ રહેલી છે કે અથડામણને પ્રસંગે સત્યાગ્રહી સંપૂર્ણપણે સત્યને વળગી રહે, પ્રેમ આચરે અને જાતે દુઃખ વેઠે.

આખા વિશ્વના વિનાશના જોખમનો સમજપૂર્વક વિરોધ કરવાની દૃઢ વૃત્તિ આપણે કેળવી શક્યા નથી. આપણે આપણી વૃત્તિઓ અને કાર્યો દ્વારા તેને આમંત્રી રહ્યા છીએ. આપણે ઉઘાડી આંખે અને કાનને સત્યના અવાજ પ્રત્યે બહેરા બનાવીને વિશ્વના વિનાશ તરફ આગળ વધી રહ્યા હોઈએ એમ લાગે છે.

*पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।*
*न पापफलमिच्छन्ति पापं कुर्वन्ति यत्नतः ॥*

★

માણસોને પુણ્યનું ફળ જોઈએ છે, પણ તેઓ પુણ્ય કરતા નથી. તેમને પાપનું ફળ નથી જોઈતું છતાં તેઓ પ્રયત્નપૂર્વક પાપ કર્યા કરે છે!

## ૨

માણસ જેવો છે અને જેવો થવા ઇચ્છે છે એ બે વચ્ચે જીવલેણ અંતર છે. એટલો બધો અમેળ છે કે ઘાતક થઈ પડે. આ વિરોધમાંથી આપણો અજંપો જન્મ્યો છે. આપણે વાત જ્ઞાની પુરુષોની જેમ કરીએ છીએ પણ વર્તીએ છીએ ગાંડાની જેમ. આપણે એકી સાથે યુદ્ધની અને વિશ્વસમાજની તૈયારી ન કરી શકીએ. અંતરનો અજંપો અને અંતરાત્માના ડંખ આપણને પીડી રહ્યા છે. આપણે આપણામાં રહેલી ભ્રાતૃહત્યાની વૃત્તિને પરાસ્ત કરવા માગતા હોઈએ તો આપણી પ્રકૃતિની પરસ્પર વિરોધી બાજુઓ વચ્ચે મેળ સાધવો જોઈએ. આપણે આપણા જીવનમાં ચોમેર ફેલાયેલા અહંભર્યા સંકલ્પને, અહંકારના અભિમાનને તોડવું જોઈએ. માણસમાં પોતાને અતિક્રમી જવાની વૃત્તિ સદા રહેલી જ હોય છે, પણ જ્યાં સુધી તે પૂરેપૂરો નિઃસ્વાર્થ ન બની જાય ત્યાં સુધી સંકુચિત વફાદારીઓ અને વિઘાતક સ્પર્ધાઓનો જ વિજય થવાનો. આપણા અંતરનો વિસંવાદ જ જગતમાં અશાંતિરૂપે પ્રતિબિંબિત થાય છે.

કોઈ પણ પ્રજાનો ઉદ્ધાર તેના લશ્કરી સેનાપતિઓ કે ઉદ્યોગપતિઓથી નથી થતો કે તેના પુરોહિતો કે રાજકારણી પુરુષોથી નથી થતો, પણ તેના અનવદ્ય ચારિત્ર્યબળવાળા સંતોથી થાય છે. આપણા સ્વભાવમાં રહેલા વિસંવાદને જીતવામાં અને આપણા વ્યક્તિત્વને અખંડ એકીકૃત કરવામાં મદદરૂપ થનાર તાલીમ તો ધર્મની છે. ગાંધીજી પ્રધાનપણે ધર્મપરાયણ પુરુષ હતા. આધ્યાત્મિક તાલીમ દ્વારા, ઉપવાસ અને પ્રાર્થના દ્વારા તેઓ નવા જ પ્રકારનો માનવ સર્જવા માગતા હતા, જેને ન હોય ભય, ન હોય લોભ કે ન હોય દ્વેષ. માણસનો વિકાસ હજી પૂરો થયો નથી, ચાલુ જ છે.

આપણે જો ધર્મના વિકાસના ઇતિહાસ ઉપર વિચાર કરીએ તો આપણને એ જોઈને નવાઈ લાગે કે મૌન અથવા કવિતા જ જેની આગળ ઉચિત ગણાય એવા પરમ તત્ત્વની વ્યાખ્યા કરવા પાછળ કેટલી બધી બૌદ્ધિક શક્તિ, આવેશ અને ઉત્સાહ ખરચાયાં છે. પોતાને જ સાચા માની લેવાની વૃત્તિમાંથી મતાંધતા જન્મે છે. ઈશ્વર વિશેની પોતાની સમજ જ સાચી છે એવી ખાતરી મતાંધો અને મૂર્ખોને જ હોય છે. જેહાદીઓ સાથે દલીલ થઈ શકતી નથી.

ઈશ્વર આગળ કોઈ ગ્રીક નથી કે બર્બર નથી, રાય નથી કે રંક નથી, માલિક નથી કે ગુલામ નથી. બધા જ એક પ્રભુના રાજ્યના નાગરિકો છે, એક જ કુટુંબના કુટુંબીઓ છે. ગાંધીજીને મન ધર્મ એટલે વ્યક્તિનો ઈશ્વર સાથેનો વહેવાર. તેમણે ચાળીસ ઉપરાંત વર્ષો સુધી એ તત્ત્વના હૃદયમાં પ્રવેશવાનો, એ તત્ત્વનું રહસ્ય પામવાનો પ્રયત્ન કર્યો હતો. હિંદુ ધર્મની ભાવનાને અનુરૂપ રીતે તેઓ પરમેશ્વરને કોઈ પરાત્પર નિર્ગુણ તત્ત્વરૂપે નહીં પણ સગુણ ઈશ્વર રૂપે જોતા હતા. તેઓ સાચા ભક્ત હતા અને તેમને ઈશ્વર ઉપર શ્રદ્ધા હતી.

સત્યનો પ્રકાશ પવિત્ર જીવનરૂપે

પ્રગટ થાય છે. કોઈ સાચો ધર્મપરાયણ પુરુષ પાછળ રહી શકે જ નહીં, તેણે આગેવાની લેવી જ પડે. બોલવાને પ્રસંગે તે મૂંગો રહી જ ન શકે. જ્યારે મક્કમ રહેવાની જરૂર હોય ત્યારે તેનાથી બાંધછોડ થાય જ નહીં. માનવબંધુત્વ ઉપરની ગાંધીજીની શ્રદ્ધા, એ કોઈ અલૌકિક અમૂર્ત તત્ત્વ નહોતું, પણ એને જીવનમાં મૂર્ત કરવાની હાકલ હતી. એમણે જે માંગણી કરી હતી તે કંઈ હારેલાની કે નિરાશ થયેલાની સલાહ નહોતી. નૈતિક મૂલ્યોને સામાજિક પરિસ્થિતિ સાથે સંબંધ હોય છે. આપણે પાપ, અભિમાન અને લોભ જેવાં અણગમતાં અનિષ્ટોનો સામનો કરવો જ જોઈએ. માનવપ્રકૃતિ સ્વભાવે સારી છે; એ જુલમ, અન્યાય અને એકહથ્થુ સત્તાનો વિરોધ કરે છે. ગાંધીજી માણસોનાં હૃદયને અપીલ કરીને ભય, અપરાધ અને હિંસા વિશેની શ્રદ્ધાને જડમૂળથી ઉખેડી નાખવા માગે છે. તેઓ ધર્મને પોતાના જીવનનો જીવંત અંશ બનાવવા મથ્યા હતા અને પોતે જે જે પ્રશ્નોનો સામનો કર્યો હતો તે બધાનો ધર્મની દૃષ્ટિએ વિચાર કર્યો હતો. સૈકાઓ થયાં આપણને સહિષ્ણુતાની જે પરંપરા મળેલી છે તે કેવળ અભાવાત્મક નથી, ભાવાત્મક છે; બીજા ધર્મોનું ગુણદર્શન એ એનું સ્વરૂપ છે.

### 3

આજની દુનિયાનાં મોટા ભાગનાં વૈમનસ્યો મહત્ત્વની બાબતમાં સ્વાર્થની અથડામણોમાંથી જન્મે છે. એ બધાના મૂળમાં બીજી પ્રજાઓ અને સરકારોની લાગણીઓ, જરૂરિયાતો, પ્રયોજનો અને હેતુઓ વિશેની સમજણનો અભાવ રહેલો હોય છે.

શાંતિ એટલે અથડામણનો અભાવ નહીં, પણ અથડામણને પહોંચી વળવાની શક્તિ. સત્યાગ્રહનો પાયો પ્રેમ છે, નહીં કે દ્વેષ; વિરોધીઓ પ્રત્યેનો પ્રેમ અને તેમનો હૃદયપલટો લાવવા માટે સહન કરવાની ભાવના છે. સત્યાગ્રહ એટલે પાપનો પ્રતિકાર, પાપીનો નહીં. આક્રમણશીલતા એ માનવપ્રકૃતિનો આવશ્યક અંશ નથી. યુયુત્સાનું સ્થાન નમ્રતા અને કોમળતા લઈ શકે છે. સત્યાગ્રહ શિસ્ત માગી લે છે, અને એમાં કદાચ આત્મભોગ, સહન કરવાનું, ઉપવાસ, કારાવાસ અને મૃત્યુ પણ વહોરવાનો પ્રસંગ આવે, તેમ છતાં એનો મોટામાં મોટો ગુણ એ છે કે એ ઊંચામાં ઊંચા ધ્યેયને સંગત સાધન પૂરાં પાડે છે. ક્રૂસનો અર્થ જ એ છે કે સહન કરનારો પ્રેમ દુઃખ લાદનાર શક્તિ કરતાં વધારે બળવાન છે.

### ૪

આજે આપણી સામે મોટામાં મોટી સમસ્યા જાતિ-જાતિ વચ્ચેના દ્વેષની છે. આજે જુદી-જુદી જાતિઓ પહેલાં કદી ન આવી હોય એટલી નજીક આવી છે. ગાંધીજીને પોતાની કારકિર્દીની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકામાં જાતિદ્વેષનો સામનો કરવાનો આવ્યો હતો. તેમણે પોતાની આસપાસના માણસોની ઉચ્ચ સ્તરની માનવતાને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો જેથી જુદી જુદી જાતિના લોકો સુમેળથી રહી શકે. તેમણે પૂર્વગ્રહોને પરાસ્ત કરવાનો પ્રયાસ કર્યો અને વિશેષાધિકારો જતા કરવાની માગણી કરી. જાતિ સામેના પૂર્વગ્રહો અને ભેદભાવ તો સામાજિક ઘટના છે.

જાતિઓની સમસ્યા તો માણસે ઊભી કરેલી છે. જાતિ સામેના પૂર્વગ્રહો જન્મસિદ્ધ વસ્તુ નથી. એ તો સમાજની કેળવણીનું પરિણામ છે. પ્રજાઓના અમુક ચડિયાતી અને અમુક હલકી એવા ભાગ પાડવામાં આવ્યા એ તો આજકાલની વાત છે. માનવ અધિકારોની આખા વિશ્વે કરેલી ઘોષણા જાતિજાતિ વચ્ચે સમાનતા રાખવા કહે છે. એ તો માનવીના ગૌરવ ઉપર અને વ્યક્તિના મહત્ત્વ ઉપર ભાર મૂકે છે.

ભારતમાં ગાંધીજીએ કોમી એખલાસ સિદ્ધ કરવા સખત જહેમત ઉઠાવી હતી. તેમના સાચા દિલના પ્રયત્નો છતાં તેમને ધારી સફળતા મળી નહોતી. ભારતના ભાગલા થયા એ કોમી એખલાસ સ્થાપવામાં મળેલી નિષ્ફળતાની કબૂલાત હતી. ૧૯૪૭ ના ડિસેમ્બરમાં જ્યારે હું ગાંધીજીને છેલ્લો મળ્યો ત્યારે મેં તેમને પૂછ્યું હતું કે દેશના ભાગલા પડ્યા એ વિશે આપની લાગણી શી છે, ત્યારે તેમણે એ વસ્તુને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી, અને કહ્યું હતું : "આ કંઈ વિગતોનો સવાલ નથી, પણ સિદ્ધાંતનો સવાલ છે. એટલે પાયાના સિદ્ધાંતોની બાબતમાં કોઈ બાંધછોડ કરી શકાય જ નહીં." તેમનો જવાબ એ હતો કે "હું એટલો ઘરડો થયો છું કે અત્યારે લડત ન ઉપાડી શકું અને મારા વિશ્વસ્ત સાથીઓએ એનો સ્વીકાર કરી લીધો છે." (જુલાઈ ૧૭, ૧૯૪૭, પ્રાર્થનાસભા, "મારા નિકટના મિત્રોએ જે કર્યું છે અને તેઓ જે કરી રહ્યા છે, તેની સાથે હું સંમત નથી.")

એમના જીવનના છેવટના દિવસોમાં એઓ તદ્દન એકલવાયા અને હતાશ બની ગયા હતા. હત્યારાની ગોળી તેમના શરીરમાં દાખલ થઈ તે પહેલાં ભ્રમ ભાંગી ગયાની ઊંડી લાગણી તેમના અંતરમાં પ્રવેશી ચૂકી હતી (ઓક્ટોબર ૨, ૧૯૪૭ પોતાની છેલ્લી વર્ષગાંઠ ઉપર અભિનંદનોનો જવાબ આપતાં તેમણે કહેલું : "આમાં અભિનંદનને ક્યાં સ્થાન છે? આશ્વાસન કહેવું વધારે ઉચિત ગણાય. મારા અંતરમાં કેવળ વેદના સિવાય કશું છે જ નહીં.") કમભાગ્યે આજે પણ દેશમાં કોમી રમખાણો ચાલુ છે, એ એટલું જ બતાવે છે કે હજી આપણે લાંબો પંથ કાપવાનો છે.

કોઈ ગરીબાઈમાં રહેવાને રાજી નથી અને કોઈ એમ માનતું નથી કે આપણે એ રીતે રહેવાને જ સરજાયા છીએ. જો ગરીબોએ અન્નને અભાવે મરી ન જવું હોય તો તેમણે બીજાઓ પાસે જે કંઈ છે તે બળજબરીએ ખૂંચવી લેવું પડશે. આ હિંસામાંથી પ્રતિહિંસા જાગશે. એટલે સમાજે એવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી ગરીબો અને તવંગરો વચ્ચેની અસમાનતા ઓછી થાય. ગાંધીજીએ ભારતના ભૂખે

મરતા કરોડો માટે સ્વતંત્રતા માગી હતી. તેમનું ધ્યેય ગરીબમાં ગરીબ માણસોની સાથે એકતા સાધવાનું હતું, અને તેમની પેઠે જ પોતે જીવવા માગતા હતા. તેમના કરતાં લગારે સારી રીતે જીવવાની તેમની ઝંખના નહોતી. જો આપણે અવમાનની અને રોષની લાગણી દૂર કરવા માગતા હોઈએ તો માણસજાતના બધા જ વર્ગોનો આર્થિક વિકાસ થાય એ આવશ્યક છે.

રાષ્ટ્રપૂજાવૃત્તિ બુદ્ધિગમ્ય વિચાર નથી, પણ એક પ્રકારની લાગણી છે. ભારતના લોકોમાં કેટલાક સારા ગુણો છે એમ ગાંધીજી માનતા હતા તેમ છતાં તેઓ એમ પણ કહેતા કે દુનિયાનું ભલું થતું હોય તો હું ભારતને ભૂંસાઈ જતું જોવા રાજી છું. ૧૯૨૫ના ઓગસ્ટની ૧૮મીએ કલકત્તાની રોટરી ક્લબના સભ્યો આગળ બોલતાં તેમણે જણાવ્યું હતું :

‘અમને અમારા દેશનું સ્વાતંત્ર્ય જોઈએ છે, પણ તે બીજાને ભોગે કે તેમનું શોષણ કરીને નહીં, તેમજ બીજા દેશોને હલકા પાડવા માટે પણ નહીં. ભારત સ્વતંત્ર થાય એનો અર્થ જો એવો થતો હોય કે ઇંગ્લેન્ડ ભૂંસાઈ જાય અથવા અંગ્રેજોનું અસ્તિત્વ રહે જ નહીં, તો મારે એવી સ્વતંત્રતા નથી જોઈતી. મારો દેશ સ્વતંત્ર થાય એમ હું એટલા માટે ઈચ્છું છું કે જેથી મારા સ્વતંત્ર દેશ પાસેથી બીજા દેશો કંઈક શીખવા પામે, મારા દેશની સાધનસામગ્રી માનવજાતના લાભમાં ઉપયોગી થઈ પડે. જેમ રાષ્ટ્રપૂજાનો ધર્મ આજે આપણને એવું શીખવે છે કે વ્યક્તિએ ગામ ખાતર, ગામે જિલ્લા ખાતર ખપી જવાનું છે, તે જ પ્રમાણે કોઈ દેશ સ્વતંત્ર થાય તો એટલા માટે થાય કે જેથી જરૂર પડ્યે તે જગતના હિત ખાતર ખપી જઈ શકે. એટલે રાષ્ટ્રપ્રજાધર્મ પ્રત્યેનો મારો પ્રેમ તો એવું કહે છે કે મારો દેશ એટલા માટે સ્વતંત્ર થાય કે જેથી, જરૂર પડે તો માનવજાતના સુખ ખાતર આખો દેશ ખપી જાય.’’

અંગ્રેજોને એમ લાગતું હતું કે આ માણસ ચળવળિયો છે. ઑક્સફર્ડમાં આવેલા સેન્ટ મેરીના દેવળની છતમાં જે તક્તીઓ છે તેમાં, તેના સ્થપતિએ મધ્યયુગની પરંપરાને અનુસરીને, દેવળ ક્યારે બંધાયું તેનો સમય નક્કી કરવામાં મદદરૂપ થઈ પડે એ માટે સમકાલીન બનાવોનો ઉલ્લેખ કરેલો છે. હાઈસ્ટ્રીટની સામેની બાજુની સીડીની ઉપરના ભાગમાં આપણે જોઈએ છીએ કે બ્રિટિશ સિંહ જીભ કાઢીને ઊભો છે, સામે રોષે ભરાયેલો આયર્લેન્ડવાસી છે, રશિયાનું રીંછ છે અને લંગોટ અને ચશ્માં પહેરેલા ગાંધીજી ઊભા છે. બ્રિટિશ પ્રજાની એ જમાનામાં પુષ્કળ પજવણી કરનારાઓમાં આ લોકોનો સમાવેશ થતો હતો. અહિંસક અહકારનાં આંદોલનોએ બ્રિટિશ પ્રજાના અભિમાન ઉપર આઘાત કર્યો હતો.

રાજકીય વિચારસરણીઓએ આજે દુનિયાના ભાગલા પાડી નાખ્યા છે. માણસ આજે પોતાના સિદ્ધાંતો જ સંપૂર્ણપણે સાચા છે અને વિરોધી સિદ્ધાંતો સંપૂર્ણપણે ખોટા છે એમ માનવાનું વલણ ધરાવે છે. ગ્રીકો અને બર્બરોના અને રોમનો અને કાર્થેજિયનોના સમયથી માંડીને આજ સુધી આ ઝઘડા ધાર્મિક સ્વરૂપ લેતા આવ્યા છે. મુખ્ય પ્રશ્ન પોતાની જાત ઉપરનો અને બીજાઓ ઉપરનો અવિશ્વાસ દૂર કરવાનો છે. આપણે જે માનીએ છીએ તે તદ્દન સાચું છે એવી આપણી ખાતરી હોય તો બીજાઓ માને છે તે સાચું છે એમ આપણે માની જ ન શકીએ. આપણામાં સત્ય અને પ્રચાર વચ્ચે ભેદ કરવાની શક્તિ હોવી જોઈએ.

ગાંધીજીએ હરિજનોનો અને ગરીબોનો દરજ્જો ઊંચો કરીને અને પુરુષો અને સ્ત્રીઓને સરખાં ગણીને ભારતમાં એકીભૂત સમાજ રચવાનો પ્રયત્ન કર્યો હતો. આ એકીકરણની પ્રક્રિયા હજી ચાલુ છે, પૂરી થઈ નથી. નિષ્પાપ ભોળા લોકો એકબીજાનો અવિશ્વાસ રાખે છે અને લૂંટફાટ, બાળઝાળ અને મિલકતને નુકસાન પહોંચાડી રહ્યા છે. મુશ્કેલી ઊભી કરે છે અજ્ઞાન, પરસ્પરનો અવિશ્વાસ, ભેદભાવ અને બેકારી. પરિસ્થિતિ સુધારવી હોય તો આ પ્રશ્નો હલ કરવા જ જોઈએ. ગુસ્સે થવાનો આ સમય નથી. હિંસાનો આશરો લઈને આપણે પોતાને જ હાનિ કરીએ છીએ. ટોળાંશાહીના કે ગેરકાયદે વર્તવાના વાતાવરણમાં સ્વતંત્રતા કે સમાન તક કે સામાજિક ન્યાય હોઈ શકે જ નહીં.

દુર્ભાગ્યે કહેવાતાં યુવક આંદોલનો, વિદ્યાર્થીઓની વર્તણૂક, હડતાલો અને દેખાવો આત્મસંયમ ઉપર પૂરતો ભાર મૂકતાં નથી. ફરિયાદોને નામે જેમાં કેટલાકને તો આનંદ પડતો લાગે છે એ લોકો સ્વેચ્છાચારને અને સ્થાપિત વ્યવસ્થાના ઉલ્લંઘનને ઉત્તેજન આપે છે. જાગેલા રાષ્ટ્રમાં જુદા પડવાની જે વૃત્તિ હોય છે તેનાં આ એંધાણ છે. જો રાષ્ટ્રો આધ્યાત્મિક સ્વાસ્થ્ય સાચવવા માગતાં હોય તો તેમણે જાહેર જીવનમાં અપ્રામાણિકતાની, વેપારધંધા વગેરેમાં લાંચરુશવતની વધતી જતી વૃત્તિને રોકવી જ રહી. આપણે ગમે તે ધર્મ માનતા હોઈએ, એ ધર્મ સૌથી પહેલો આત્મસંયમ માગે છે. ત્યાગ દ્વારા ભોગવવાનું છે એમ ઉપનિષદ કહે છે. આપણે સમર્પણભાવે ક્રાન્તિકારી સમાજવ્યવસ્થા માટે કામ કરવાનું છે.

આજે મહાન સંસ્કૃતિઓ ભેગી મળી છે અને આપણે માણસજાતની વિવિધતાને અને એકતાને બંનેને પિછાનવાની છે. આત્માનો પ્રભાવ જ માનવજાતની એકતા અને ઉધ્ધાર સાધી શકે તેમ છે.

### ૫

આજની આ ઝપાટાભેર પલટાતી જતી દુનિયામાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર અને અવકાશયાત્રામાં પલટા આવતા જાય છે અને માણસ પોતાનું સ્થાન ગુમાવી રહ્યો છે. એ કેવળ એક વસ્તુ કે પદાર્થ માત્ર બનતો જાય છે. એની આશાઓ અને સ્વપ્નો વધુને વધુ ઉત્પાદન અને ઉપભોગના ભૌતિક ધ્યેય આગળ પરાસ્ત થતાં જાય છે. સ્વાધીન નિર્ણય શક્તિનો ઉપયોગ કરવાનું એને માટે અશક્ય નથી તોયે મુશ્કેલ બનતું જાય છે.

આપણા વ્યક્તિત્વ જેવું કંઈ રહ્યું જ નથી. અંગત જીવનની આપણી ઈચ્છા જ મરી પરવારી છે. આપણે કશું કરવાની સ્વતંત્રતા કે પસંદગી વગરનાં અસહાય પ્યાદાં બની જઈએ છીએ. આપણે મોટા તોતિંગ યંત્રના ભાગો બની જઈએ છીએ અને એ યંત્રના કલ્યાણ માટેના ઉત્સાહના આનંદાતિરેકમાં પોતાની જાતને હોમી દઈએ છીએ.

ગાંધીજીની અહિંસાના પાયામાં માનવપ્રકૃતિના ઉચ્ચતર અંશો રહેલા છે, જે જુલમ, અન્યાય અને એકહથ્થુ સત્તા સામે બળવો પોકારે છે. મૂલ્યોનો ઉદય માણસોના હૃદયમાંથી અને ઈચ્છાશક્તિમાંથી થાય છે. માનવપ્રકૃતિમાં રહેલી શાંતિ અને સ્વાતંત્ર્ય માટેની તીવ્ર ઝંખના ઉપર ગાંધીજીને વિશ્વાસ છે. એઓ જે સમાજ રચવા માગે છે, તે આખી દુનિયાના માણસોના હૃદયમાં રહેલો જ છે, પછી ભલે એ ભગ્નરૂપે રહેલો હોય. આપણે એને રાજકીય, સામાજિક અને માનસિક અનિષ્ટ પરિબળો સામે ઝઘડીને ઉપર લાવવાનો છે. ગાંધીજીને મન અહિંસામાં એક પ્રકારનું આંતર યુદ્ધ રહેલું છે, જેમાં આપણે ભય, લોભ, ક્રોધ અને અપરાધની વૃત્તિઓને પરાસ્ત કરવાની છે. જ્યારે જ્યારે કોઈ મહાન વિભૂતિ ઉદય પામે છે ત્યારે ત્યારે તે આપણા આત્માને પડકાર ફેંકે છે અને આપણે કંઈ કેવળ પશુ નથી પણ માનવ છીએ એ વાતની યાદ આપે છે. ગાંધીજીનો હેતુ બુદ્ધિપૂર્વક ચાલતી વિશ્વવ્યવસ્થા તરફની માણસની પ્રગતિને આગળ ધપાવવાનો છે.

આપણે યુગયુગ જૂના એ પ્રશ્નથી પરિચિત છીએ કે કોઈ અનિરુદ્ધ શક્તિનો ભેટો કોઈ અડગ વસ્તુ સાથે થાય તો શું પરિણામ આવે? પરિણામ એ જ આવે કે એક અકલ્પ્ય ક્ષોભ પેદા થાય અને આત્માની શક્તિ પરિસ્થિતિને પરાસ્ત કરી પોતાને રુચતો ઘાટ તેને આપે ત્યારે જ તેનો અંત આવે. આ ક્ષોભ ભારે યાતનારૂપ બની જાય. ગાંધીજીની "નિષ્ફળતા"એ સમજણ અને શાંતિ ઉપર રચાયેલા જગતનું ધ્યેય વધુ નજીક આણ્યું.

આપણે તો આદર્શ સિદ્ધ થઈ શકે એમ છે એમ માનીને જ ચાલવું રહ્યું. આપણે અશક્ય માટે મથવું જેથી જે શક્ય છે તે સિદ્ધ કરી શકાય. શાંતિ કોઈ એક વાર મેળવીને બેસી જવાની વસ્તુ નથી, એ તો મેળવવા અને જાળવવા સતત મથ્યા કરવું પડે એવી વસ્તું છે.

ઘણીવાર ઊલટું જ દેખાય છે તેમ છતાં ગાંધીજીને એવી ભારે શ્રદ્ધા હતી કે શાંતિ અને સ્વાતંત્ર્યનો યુગ અસંભવિત નથી, અને આપણે એને સિદ્ધ કરી શકીએ એમ છીએ. ઈશ્વરનું રાજ્ય હાથવેંતમાં છે. જે માણસોને શ્રદ્ધા છે, જેઓ સ્વાર્પણની ભાવનાથી પ્રેરાયેલા છે, જેમની માન્યતાઓ દૃઢ છે અને જેઓ સમજદારીપૂર્વક વર્તે છે, તેઓ જ ગાંધીજીના આદર્શના અનુયાયીઓ છે, અને ભાવિના ઘડવૈયા છે. તેઓ જ જગતની આશા અને તેની સિદ્ધિની ખાતરીના પ્રતીક છે. આપણે નવી સમાજરચનાની સિદ્ધિ માટે કામ કરવાનું છે. દ્વેષથી ગાંડી બનેલી અને ગેરસમજોથી છિન્નભિન્ન થયેલી દુનિયામાં ગાંધીજી જ પ્રેમ અને સમજદારીના શાશ્વત પ્રતીક છે. યુગોના યુગો સુધી ઇતિહાસમાં તેમનું નામ કાયમ રહેશે. ■

---

## તમારાં હૃદય કુસુમ વિકસાવો...

**(અનુસંધાન : પાના નં. - ૩૦ ઉપરથી ચાલુ)**

સમક્ષ દિલની વાત રજૂ કરી દીધી હતી : હવે રામનામ જ તરણોપાય છે. ડૉ. સુશીલીબહેન નૈયર કે ગિલ્ડર બાપુની વાત માનવા તૈયાર નહોતા. મૃત્યુનો અણસાર પામી ગયેલાં કસ્તુરબાની અંતિમ ઇચ્છા બાપુના ખોળામાં મરવાની હતી. ઇશ્વરને પ્રાર્થના કરતાં અને કહેતાં : 'તારી પાસે એક જ માગણી છે કે મહાદેવની જેમ બાપુના ખોળામાં મને સુવાડજે.' (મહાદેવ એટલે મહાદેવ દેસાઈ, ગાંધીજીના સચિવ, એમના હનુમાન.) છેક છેલ્લી ક્ષણપર્યંત એમણે બાપુની ચિંતા કરી છે. મૃત્યુના બે કલાક પહેલાં એમણે પુત્રીવત્ મનુને પૂછ્યું : 'બાપુની બાટલીમાં ગોળ થઈ રહ્યો છે, તેં કર્યો?' એક સમર્પિત જીવનસંગિની તરીકે કસ્તુરબા આખેઆખાં ગાંધીજીમાં ઓગળી ગયાં હતાં. સગાંવહાલાંથી ઘેરાયેલાં કસ્તુરબા છેલ્લે બાપુને બોલાવીને કહે છે : "હવે હું જાઉં છું. મારી પાછળ કોઈ રડશો મા. હવે મને શાંતિ છે." એટલું બોલતાં બોલતાં એમનો શ્વાસ રૂંધાય છે. બાપુ બધાને રામધૂન ગાવા જણાવે છે. રાજા રામ રામ રામ, સીતા રામ, રામ, રામની ધૂન વચ્ચે બા બાપુના ખભે માથું મૂકી ચિરનિદ્રામાં સરી પડે છે. આ મહામૃત્યુના સાક્ષી તરીકે રહેલા મહાત્મા પતિની અંજલિ જુઓ : "જો બાનો સાથ ન હોત તો હું આટલો ચડી જ શક્યો ન હોત. બા મારા હાથમાં જ જાય, મારી પહેલાં જ જાય, એ મારી પ્રબળ ઈચ્છા હતી. બા મારા હાથમાં જ ગઈ એથી એક રીતે આજે હું હળવો બન્યો છું. જો કે એની ખોટ તો પુરાઈ જ નથી શકવાની. જાણે અજાણે મારી પાછળ ચાલવામાં જ એણે પોતાનો ધર્મ માન્યો."

બા શ્રદ્ધાળુ હતાં. પતિપરાયણ પણ પૂરેપૂરાં. સેવાગ્રામ આશ્રમની વિદાય લેતા જાણે મૃત્યુનો આગોતરો અણસાર આવી ગયો હોય એમ મનુ ગાંધીને કહે : 'આ લાલ પટ્ટાવાળી સાડી બાપુએ કાંતેલી સૂતરની છે. કદાચ અમે પકડાઈ જઈએ અને આશ્રમમાં જપ્તી આવે તો મારી આ સાડીને સાચવજે. આ સાડી જ્યારથી વણાઈને આવી ત્યારથી મારા મનમાં નિશ્ચય કર્યો છે કે મરતી વખતે બાપુની આ સાડી ઓઢવી. એ જ એક મારી છેલ્લી ઇચ્છા, તે તું પૂરી કરજે.' મનુ ગાંધીએ બાની ઇચ્છા મુજબ એમના હૃદયસ્વામી બાપુના હાથના સૂતરની એ સાડી એમને ઓઢાડી અને બાનો દેહ અગ્નિદેવને સમર્પિત થયો. ■

# ગાંધી તરફ પાછું મોં ફેરવીએ

• પુરુષોત્તમ માવલંકર •

ફરી એક વાર બીજી ઓક્ટોબર આપણા સૌ માટે આવી ઊભી છે. રેંટિયા બારસ અને બીજી ઓક્ટોબર આ વર્ષે એક સાથે આવે છે, અને વળી આ સરદારની જન્મશતાબ્દીનું વર્ષ છે. એટલે આપણે સહુએ બમણા જોશથી, સવિશેષ સ્ફૂર્તિથી, આજનો દિવસ ઊજવવાનો છે અને પ્રસંગના ગૌરવમાંથી જરૂરી પ્રેરણાભાથું મેળવવાનું છે.

હવે, ભારત તો એનું એ જ છે! એ જ આકાશ, એ જ રંગો ને આબોહવા! ચોતરફથી વાદળાંઓ સનાતન સંદેશાઓ લાવે છે, રેલાવે છે અને લઈ જાય છે. છેલ્લા થોડા વખતથી, જોકે, કેટલાક બનાવો દેશમાં એવા બની રહ્યા છે કે ફરી એક વાર વધારે ઉત્કટતાથી ગાંધીને યાદ કરવાનું-સમજવાનું જરૂરી બની રહે છે.

જગપ્રખ્યાત બ્રિટિશ ઇતિહાસવેત્તા આર્નોલ્ડ ટોયન્બી પોતાના તાજેતરના એક પુસ્તક “સરવાઈવીંગ ધી ફ્યુચર” માં વિશ્લેષણ કરતાં કહે છે કે ભાવિ વિશ્વને માટે હવે એ વધારે જરૂરી બન્યું છે કે લોકો ગાંધીની વાતને સમજવા પ્રયત્ન કરે. એણે કહ્યું, ‘ગો બૅક ટુ ગાંધી!’ એ એમ કહેવા માંગે છે કે આપણે ગાંધી તરફ એટલા માટે પાછા વળવું જોઈએ કે જેથી માનવતાની દિશામાં, સ્વતંત્રતા તરફ, નિર્ભયતા તરફ આપણે સહુ હરખથી અને શ્રદ્ધાપૂર્વક આગળ ધપી શકીએ!

ગાંધીજીએ સ્વરાજ્યની વાત કરી. ભારતની સ્વતંત્રતા મેળવવા એમણે અનોખી લડત ચલાવી એની પાછળ મુખ્ય બે વાતો એમણે મૂકી હતી : એક તો, ભારતની આઝાદી વિશ્વશાંતિ માટે જરૂરી છે; ‘વસુધૈવ કુટુંબકમ્’ ની ભાવના સ્થપાય એ માટે પણ ભારતને સ્વતંત્ર રાખવું જોઈએ. ભારતની પરાધીન અવસ્થા વિશ્વના સ્વસ્થ વાતાવરણ માટે જોખમકારક છે. અને બીજું ભારત આઝાદ હોય તો દેશનો નાનામાં નાનો મનુષ્ય પણ સ્વમાનથી જીવી શકે. હું સ્વતંત્ર હોઉં તો જ મારું સ્વત્વ ખીલી ઊઠે, મારી સમગ્ર શક્તિ રાષ્ટ્ર અને વિશ્વના વિકાસમાં સક્રિય રચનાત્મક ફાળો આપી શકે. આમ, લોકશાહીની જ એ હેસિયત છે; એની ખૂબી એ છે કે દેશનો સામાન્યમાં સામાન્ય નાગરિક પણ સ્વતંત્રતા અનુભવી શકે એવી દેશની આબોહવા સર્જાવી ઘટે. પ્રોફેસર હૅરલ્ડ લેસ્કીને કોઈકે પૂછ્યું કે બ્રિટનની લોકશાહી વિશે તમારું શું માનવું છે, તો તેના જવાબમાં લેસ્કીએ કહ્યું કે મને પૂછવાનો બહુ અર્થ નથી, પણ બહાર નીકળીને પેલા શેરીને નાકે બેઠેલા મોચીને પૂછી જુઓ અને તમને દેશની લોકશાહીની પરિસ્થિતિનો સાચો ખ્યાલ એના જવાબ પરથી મળી જશે! તો આ છે સ્વતંત્રતાની - લોકશાહીની કસોટી. સામાન્ય માનવીને અનુભવ થવો જોઈએ કે એ સ્વતંત્ર દેશનો નાગરિક છે. કમભાગ્યે, આજે એમ લાગતું નથી. વધારામાં, આજકાલ તો, ગાંધીજીનાં વાક્યો ટાંકવાનું પણ મુશ્કેલ બની જાય એવી પરિસ્થિતિ પેદા થઈ છે! પણ આજે તો ગાંધીજીનો પ્રત્યેક બોલ સ્મરણમાં રાખવાનો દિન છે. ગાંધીજીએ એક વાર પ્રતીકાત્મક ભાષામાં સુંદર અને સ્પષ્ટ રીતે કહેલું તે યાદ આવે છે. એમણે એ મતલબનું કહ્યું કે સાચી લોકશાહી, સાચી સ્વતંત્રતા ત્યારે આવી ગણાય કે જ્યારે એક ભંગીબાળા દેશના રાષ્ટ્રપ્રમુખપદે આરૂઢ થઈ હોય!

આજે આ પવિત્ર સ્થળે પ્રાર્થનાસભામાં એકઠા થયા છીએ તો પ્રાર્થનાનું મહત્ત્વ પણ સમજીએ. પ્રાર્થનામાં ભારે બળ હોય છે. પ્રાર્થના માનવીને અંતર્મુખ કરે છે. એટલું જ નહીં પણ એનું આંતર-બાહ્ય જીવન સ્વચ્છ કરે છે. પ્રાર્થનાના શબ્દો સમજીએ, તપાસીએ અને એને અનુરૂપ જીવનના દરેક ક્ષેત્રમાં વ્યવહાર ગોઠવીએ. જોન બનિયને ખૂબ સૂચક રીતે કહ્યું હતું કે હું જેમ જેમ આધ્યાત્મિકતા તરફ જતો જાઉં છું તેમ તેમ મારી સ્થિતિ-ખામીઓ વધુ સ્પષ્ટ જોઈ શકું છું અને મારે કેવા થવાનું છે તેનો પણ ખ્યાલ મળતો જાય છે. પ્રાર્થનાથી મન આધ્યાત્મિકતાને વરે છે. એમાંથી મોટી શક્તિ મળી રહે છે. પણ બલિહારી તો એ છે કે આપણને પ્રાર્થના માટે ય પૂરતો સમય મળતો નથી!

આપણે ઘણું બધું કામ કરીએ, ખૂબ સમય શક્તિ અજમાવીએ પણ એ બધું ખોટી દિશામાં હોય તો પ્રગતિ તો ન જ થાય પણ કદાચ અધોગતિ તરફ જઈએ ખરા. તો, આ સંદર્ભમાં ટોયન્બીનું કહેલું “ગો બૅક ટુ ગાંધી” સમજીએ. આપણા વ્યક્તિગત અને જાહેરજીવનમાં ગાંધીના પંચશીલ-સચ્ચાઈ, સભ્યતા, સેવાપરાયણતા, સન્નિષ્ઠા અને સાદાઈને સ્વીકારીએ! ગાંધીજીએ આ પંચશીલ જીવી બતાવ્યું - એમની પરિણતશીલ પ્રજ્ઞા વડે અને પુરુષાર્થયુક્ત પ્રયોગશીલતા સાથે! બાપુનું આ પંચશીલ એ કોઈ ઔપચારિક દસ્તાવેજ નહોતો, કે નહોતી એમાં કશી આડંબરભરી વાણી-વિચાર વિલાસિતા! સત્યને સતત વરેલા એક મહામાનવની એ ક્ષણેક્ષણની મથામણ અને સિદ્ધિ હતી - એ દિશામાં આપણે થોડાંક ડગલાં માંડી શકીએ, તો જ બાપુના આત્માને સાચો હરખ થાય અને એમની જયંતી આપણે સાથે ઊજવી ગણાય!

*(તા. ૨ ઑક્ટોબર, ૧૯૭૫ ના રોજ ગાંધીજયંતી પ્રસંગે હરિજન આશ્રમ, અમદાવાદમાં પ્રાર્થનાસભામાં આપેલ વ્યાખ્યાન પરથી તૈયાર કરનાર સુરેશ પરીખ, ટૂંકાવીને - સંપાદક)*

# તમારાં હૃદય કુસુમ વિકસાવો...

• કેશુભાઈ દેસાઈ •

તે જમાનામાં 'વેલેન્ટાઈન ડે' ઉજવાતા હશે કે કેમ, એની કોઈ ચોક્કસ માહિતી નથી. પરંતુ ગાંધીજીએ સ્ત્રીઓને સમાન દરજ્જો આપવાની ફક્ત હાકલ જ નહોતી કરી, એમણે એ મુદ્દે ઊંડું ચિંતન કરી સમકાલીન સ્ત્રીજગતને સાચી શિખામણ પણ આપી હતી. એમણે સ્ત્રીની પીડા આત્મસાત્ કરવાની પ્રમાણિક કોશિશ કરી હતી. પુરુષજાતે સ્ત્રીનું દમન અને દુરુપયોગ કરી જે અનિષ્ટ કાર્ય કર્યું છે તેને મહાત્મા ગાંધી સૌથી વધારે હીણપતભર્યું, આઘાતજનક અને પાશવી માને છે. આવી વિકટ સ્થિતિમાં પણ સ્ત્રી એના અંતર્નિહિત આત્મબળથી એનું સ્ત્રીપણું જાળવી શકી કારણ કે એ મૂળભૂત રૂપે જ વધારે ઉમદા છે - તે આત્મસમર્પણ, તિતિક્ષા, નમ્રતા, શ્રદ્ધા અને જ્ઞાનની મૂર્તિ છે. ગાંધીજી કહે છે : 'જો હું સ્ત્રી હોત તો જરૂર સ્ત્રીને પોતાનું રમકડું માનનારા પુરુષની સામે બંડ પોકારત.' એથીયે આગળ એ ગાંધી જ કરી શકે એવું વિધાન કરે છે : આજે હું મનથી તો સ્ત્રી બની ગયો છું. સ્ત્રીના હૃદયમાં પેસવા માટે સ્ત્રી બન્યો છું. મારી સ્ત્રીનું હૃદય પણ જ્યાં સુધી હું એને ભોગનું સાધન માનતો હતો ત્યાં સુધી નહોતો ચોરી શક્યો. પણ જ્યારે મેં એને માતાનું સ્થાન આપ્યું અને પતિ તરીકેના મારા બધા હક છોડી એને એના સર્વ હક્ક સ્વાધીન કર્યા ત્યારે એ સ્વતંત્ર થઈને આજે મહાલે છે. એને મને ખુશ કરવા ખાતર શણગાર સજવાનું રહેતું નથી. હું તમને એવી જોવા માંગું છું. તમારા મનના અનેક તરંગો અને ફાંકાઓની ગુલામ થતી મટી જાઓ, પુરુષોની ગુલામી છોડો. તમારાં લવેન્ડર વૉટર, તમારા પાઉડર અને તેલ ફુલેલને તિલાંજલિ આપો. તમારે તમારી સુવાસ ફેલાવવી હોય તો તે તમારા હૃદયકુસુમમાંથી ફેલાવવી પડશે. અને તમારાં હૃદયકુસુમ વિકસશે ત્યારે તમે પુરુષના મન પણ હરણ કરતી મટીને મનુષ્યમાં મન હરણ કરશો. એ તમારો જન્મસિદ્ધ હક છે, એ તમારું સ્વરાજ છે. માણસ સ્ત્રીની કૂખમાંથી પાકેલો છે, માણસ માત્ર સ્ત્રીને માતા તરીકે પૂજતો થાય એવી સ્થિતિ લાવી મૂકો, એ તમારા જ હાથમાં છે.

ગાંધીજી સ્ત્રીને 'અબળા' કહેવાની વિરુદ્ધમાં હતા. સ્ત્રીને 'અબળા' કહી ઉતારી પાડવી એ એની બદનક્ષી કરવા બરાબર છે. તેઓ લખે છે : બળનો પશુબળ એવો અર્થ કરવામાં આવતો હોય તો સાચે જ પુરુષ કરતાં સ્ત્રી ઓછા પ્રમાણમાં પશુ છે. બળનો ક્યાંય નૈતિક બળ એવો અર્થ કરવામાં આવતો હોય તો સ્ત્રી પુરુષ કરતા ક્યાંય ચડિયાતી છે.

સ્ત્રી વિશેનું એમનું આ ચિંતન ઊંડા અનુભવ પછી સાંપડેલું છે. એમાં ધર્મગ્રંથો કે શાસ્ત્રો કરતાં વધારે તો એમને અભણ જીનવસંગિનીના વર્તન-વ્યવહારમાંથી શીખવા મળ્યું. કસ્તુરબા સાથે ખૂબ નાની વયે લગ્નગ્રંથિથી જોડાયા પછી એ એમના પ્રત્યે 'ધણીપણું' દાખવતા થયા હતા. પત્નીએ પતિની ઇચ્છા પ્રમાણે જ વર્તવું જોઈએ, એણે પતિના આદર્શો અને આદેશોને માન આપવું જોઈએ - એવી એમની પરંપરાગત રૂઢ માનસિકતાને કારણે એ ક્યારેક એમને અન્યાય પણ કરતા રહ્યા હતા. પરંતુ એમને 'સુધાર્યા' કસ્તુરબાની જ દૃઢતાભરી સમર્પણ ભાવનાએ. 'સત્યના પ્રયોગો' માં ગાંધીજી નાયક તરીકે ઊપસે છે. આપણા શિરોમણિ કવિ ઉમાશંકર જોષીએ કસ્તુરબાના અવસાન પ્રસંગે એક હૃદયંગમ સોનેટ રચેલું. તે સોનેટની અંતિમ કડી કેવી ચોટડૂક છે!

***'ગઈ જ શીખવી, ભોળી જેને ગણી હતી, ધર્મ તે;***
***સ્મરણ બની એ સાધ્વી, આત્મા પ્રસાદદ્યુ, રુદ્યતે!'***

ગાંધીજીનું સ્ત્રી ચિંતન મહદંશે કસ્તુરબાના સહવાસની જ નીપજ છે. શરૂઆતનું વાસનાપર્વ કાલાંતરે અધ્યાત્મ સાધનામાં પલટાઈ જાય છે. ગાંધીજીની દરેક ભૂલ ઉદારતાપૂર્વક સહી લઈને કસ્તુરબા અજાણતાં જ એમના ગુરુપદે સ્થાપિત થઈ જતાં લાગે છે. શરૂઆતમાં ગાંધીજી અભણ પત્નીને કેળવતા લાગે, એમને કસ્તુરબાએ જેલવાસ દરમિયાન પૂછેલા સવાલોના નિખાલસ જવાબો આપે છે. આત્મવિકાસની એ યાત્રાના એક તબક્કે કસ્તુરબા ગાંધીજી કરતાં પણ બે ડગલાં આગળ નીકળી જતાં વરતાય! પત્રકાર લુઈ ફિશરે 'ક્વિટ ઈન્ડિયા' ના ઠરાવ પહેલાં સેવાગ્રામમાં ગાંધીજી સાથે એક અઠવાડિયું રોકાઈને જે અનુભવ્યું તેના પ્રતિભાવ સ્વરૂપે બા વિશે લખ્યું હતું : "તેઓ આત્મવિલોપનની મૂક પ્રતિમા સમાં લાગે છે."

મનુબહેન ગાંધી બાર-તેર વર્ષની કુમળી વયે રજાઓ ગાળવા બા-બાપુ પાસે આવેલાં. પરંતુ બેઉના વાત્સલ્યથી એવાં બંધાઈ ગયાં કે છેક એમની અંતિમ વિદાય પર્યંત એમની પડખે રહ્યાં : 'બા બાપુની શીળી છાયામાં' એ શીર્ષકના પુસ્તકમાં એમનાં પાવન સંસ્મરણો સંગ્રહિત છે. કસ્તુરબાના છેલ્લા દિવસોનું અધિકૃત અને હૃદયદ્રાવક ચિત્ર આપણને એમનાં જ અંતેવાસીની કલમે મળે છે. બાનું અવસાન ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૪૪ ના દિવસે થયેલું. તે દિવસે મહાશિવરાત્રી હતી. બાપુએ બે દિવસ અગાઉ જ, બાનો ઇલાજ કરવા છેક લાહોરથી આવેલા વૈદરાજ

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૨૮ ઉપર)**

સરદાર વિશેષ

# ૫૬૫ સફરજનોની ટોપલી

• જિતેન્દ્ર પટેલ •

સ્વતંત્ર ભારત પાસે સૌથી મોટો પ્રશ્ન દેશી રાજ્યોનાં વિલીનીકરણનો હતો. દેશમાં એ વખતે ૫૬૫ રજવાડાં હતાં. એમાં કોઈ સમાનતા નહોતી. કોઈ નાનાં હતાં, કોઈ મોટાં હતાં. ક્યાંક રાજા હિન્દુ તો પ્રજા મુસલમાન, ક્યાંક નવાબ મુસલમાન તો પ્રજા હિન્દુ. કોઈ સરહદ પર આવેલાં હતાં, તો કોઈ દેશની વચ્ચે. ખરેખર આ એક માથાના દુઃખાવારૂપ પ્રશ્ન હતો. આ રજવાડાઓ એમ માનવા માંડ્યા હતાં કે એમને એ અધિકાર આપવામાં આવ્યો છે કે તેઓ ભારત કે પાકિસ્તાન બેમાંથી કોઈ પણ એક દેશ સાથે જોડાઈ શકશે. કેટલાક રાજાઓ એમ પણ માનતા હતા કે એમનો પ્રદેશ હવે એક સંપૂર્ણ સર્વસત્તાધિકારી રાજ્ય તરીકે અસ્તિત્વ ધરાવશે. ઝીણાએ જ એવી ચિનગારી ચાંપી હતી. તેમણે જણાવેલું કે, ‘કેબિનેટ મિશનની રિયાયતો સંબંધી ઉલ્લેખમાં ક્યાંયે એવું નથી જણાવવામાં આવ્યું કે એમણે એ દેશની વિધાનસભાઓમાંથી કોઈ પણ એકમાં જોડાવું જ જોઈએ. એ સિવાય ત્રીજી કોઈ રીતે એ રહી જ ન શકે એવું સૂચન એમાં ક્યાંયે કરવામાં નથી આવ્યું. દેશી રિયાસતો પોતાની ઈચ્છા મુજબ પૂર્ણપણે સ્વતંત્ર રહી શકે છે.’

એનો અર્થ એવો થયો કે ભારત પહેલાં કરતાંયે વધારે નિરંકુશ એવા રાજાઓની સત્તા હેઠળ સબડ્યા કરે! આ રાજાઓની મહત્ત્વાકાંક્ષાને કાબૂમાં રાખીને તેમને ભારતીય સંઘમાં સામેલ કરવાનું કામ કેટલું કપરું હતું એ તો જેણે કર્યું હોય એ જ જાણે.

સરદાર પાસે ગૃહ ખાતા ઉપરાંત દેશી રાજ્યોનું ખાતું પણ હતું. કારણ કે ૧૯૨૭થી તે રજવાડાંના પ્રજામંડળોમાં કામ કરી રહ્યા હતા.

આઝાદી મળ્યા પહેલાં વચગાળાની સરકાર હતી ત્યારથી જ દેશી રાજ્યોના વિલીનીકરણનું કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આઝાદી મળે એ પહેલાં આ કામ આટોપી લેવાની સરદારની ગણતરી હતી. ૫ જુલાઈ, ૧૯૪૭ના રોજ સરદારને વાઈસરોય માઉન્ટબેટને નવું રચાયેલું રજવાડાનું ખાતું સોંપ્યું ત્યારે સરદારે તેમને કહેલું કે, ‘ખાતાનો હવાલો સંભાળવાનું આમંત્રણ સ્વીકારું છું, પણ એક શરતે. મને પૂરેપૂરા સફરજનો ભરેલી ટોપલી તમારે આપવી પડશે.’ માઉન્ટબેટન સરદારના કહેવાનો અર્થ સમજી ન શક્યા એટલે એમણે સામો પ્રશ્ન કર્યો : ‘તમે શું કહેવા માગો છો?’ જેના જવાબમાં સરદારે કહ્યું : ‘હું ૫૬૫ સફરજન ભરેલી ટોપલી ખરીદીશ. તેમાં બેત્રણ ઓછાં હશે તો સોદો ફોક!’

માઉન્ટબેટનને સરદારની શક્તિ અને કુનેહ પર વિશ્વાસ હતો એટલે રજવાડાં ખાતું સરદાર પાસે ગયું એ એમને ગમ્યું. તેમણે સરદારને પૂરક થવાની ખાતરી આપી. થોડા દિવસ પછી તેમણે રાજવીઓને ઉદ્દેશીને અપીલ કરી : સૈદ્ધાંતિક રીતે રાજ્યો પોતાનાં મન મુજબ તેમના ભાવિને કોઈ પણ સાથે સાંકળી શકે છે... પણ કેટલાંક ભૌગોલિક દબાણ રહેવાનાં. તેને તમે ચાતરી ન શકો... રાજ્યોની ઘણી મોટી બહુમતી ભૂગોળની રીતે ભારત સાથે અતૂટ કડીથી જોડાયેલી છે... કોઈ પણ પ્રકારની નાણાકીય જવાબદારી વિના તમારે ફક્ત ત્રણ વિષયમાં કેન્દ્ર સરકાર સાથે જોડાવાનું છે. વિદેશી બાબતો, રક્ષણ અને વ્યવહાર વિનિમય... જોડાણખતમાં સ્પષ્ટ અને ચોખ્ખી જોગવાઈ છે. બીજી કોઈ બાબતમાં કેન્દ્રની તમારા ઉપર સત્તા નહિ રહે...'

વલ્લભભાઈએ પણ રાજવીઓને સચ્ચાઈપૂર્વક અપીલ કરી તેમાં એમણે રાજવીઓનાં પરાક્રમો યાદ દેવડાવ્યાં. રાજકીય રીતે ભારત જ્યારે જ્યારે છૂટું-છવાયું રહ્યું છે, ટુકડાઓમાં વહેંચાઈ છિન્નભિન્ન થયું છે ત્યારે ત્યારે નબળું પડ્યું છે. બહારના આક્રમકોએ ત્યારે હુમલા કર્યા છે. આપણે તેનો ભોગ બન્યા છીએ. ગુલામ થયાં છીએ. એ જ ભૂલ આપણે ફરી ન કરી બેસીએ! ભારત તેમજ રાજ્યોની સલામતી જુદા જુદા ભાગોની એકતા અને પરસ્પર સહકાર માગે છે... આપણે સ્વહિત માટે જોડાયા છીએ એટલું જ નથી. આપણા સંબંધો લોહી અને લાગણીના છે. છૂટા-છવાયા ભાગલા કે ટુકડામાં આપણને કોઈ વહેંચી નહિ શકે. આપણા વચ્ચે કોઈ આડશો ઊભી કરી શકશે નહિ. ડાંગે માર્યા પાણી છૂટા નહિ પડે... હું મારા રાજવી મિત્રો અને તેમની પ્રજાને આવકારું છું. આવો દોસ્તો, સર્વના સર્વસાધારણ કલ્યાણ માટે આપણે મૈત્રી અને સહકારની ભાવનાથી સહયજ્ઞમાં જોડાઈએ... આપણે વિદેશીઓની જેમ સંધિ કરવાને બદલે મૈત્રીની ભાવનાથી બંધારણસભામાં સાથે બેસી કાયદા ઘડીએ તે વધુ સારું છે...'

સરદારની લાગણીભરી અપીલનો પડઘો કેટલાય રાજવીઓનાં હૃદયમાં પડ્યો. ગ્વાલિયર, વડોદરા, બીકાનેર, પતિયાલા વગેરે રાજ્યોએ જોડાણ માટે રાજીખુશીથી તૈયારી બતાવી. પરંતુ ભોપાલ, જોધપુર, ઈન્દોર, ત્રાવણકોર, મયૂરભંજ વગેરે રાજ્યો ગલ્લાંતલ્લાં કરતાં રહ્યાં. સરદાર પટેલે એમને તક આપતાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ‘હું એમને કહી દઉં છું કે ૧૫મી તારીખ સુધીમાં ભારતીય સંઘમાં જે આવી ગયા તે આવી ગયા. ત્યારબાદ એમની સાથે જુદી જ રીતે હિસાબ પતાવી લેવામાં આવશે. આજે જે શરતો મળે છે

એ પછી કાલે નહિ મળે! એટલા માટે જો રાજ સંભાળવું હોય તો ભારતીય સંઘમાં જોડાઈ જાઓ. આજની દુનિયામાં એકલા હાથે રહેવું મુશ્કેલ છે. જ્યારે વંટોળિયો ફૂંકાય છે ત્યારે એકલું ઝાડ ફસડાઈ પડે છે. પણ જે બીજાં ઝાડનાં સમૂહમાં રહે છે એ બચી જાય છે.'

ત્રાવણકોરના દીવાન સર સી.પી. રામાસ્વામી અય્યર આડા ફાટ્યા હતા. તેમને નિઝામનો ટેકો હતો. ભોપાલના નવાબ પણ મેલી રમત રમી રહ્યા હતા. જોધપુર અને જેસલમેરને ઝીણા ફોસલાવી રહ્યા હતા. ત્રાવણકોરમાં પ્રજાએ બળવો કરીને દીવાનની શાન ઠેકાણે લાવી.

ઓરિસ્સા અને મધ્ય ભારતનાં કેટલાંક નાનાં રાજ્યો સ્વતંત્ર રહેવા માગતાં હતાં. ઓરિસ્સા સાથે હૈદરાબાદની સીમા મળતી હતી. હૈદરાબાદના નિઝામની દાનત નાનાં રજવાડાંને હડપ કરી જવાની હતી. ત્યાંના બસ્તરમાં લોઢાની ખાણો હતી. નિઝામ એને પાટા પર લેવા માગતો હતો. સરદારને ખબર પડી કે ત્યાં પહોંચી ગયા. રાજાઓને બોલાવી તેમની સાથે વાટાઘાટો કરી. જેમની આમદની એક લાખ હોય એમને ૧૫ ટકા, ચાર લાખની હોય એમને ૧૦ ટકા તથા પાંચથી દસ લાખવાળાને સાડા સાત ટકા ભાગ આપવો. ઉપરાંત થોડીક અંગત જાયદાદ રાખવાનો અને કેટલાક બીજા પણ અધિકારો આપવાની વાત કરી.

૧૩ ડિસેમ્બરે સરદાર પટેલે ઓરિસ્સાના નાના રાજાઓની એક સભા બોલાવી. તેમને સમજાવ્યું કે, 'તમારી પાસે એવાં કોઈ સાધનો નથી કે જેને આધારે તમારું સ્વતંત્ર રાજ્ય ટકી શકે. તમારું કલ્યાણ તો પોતાની બધી જવાબદારીઓમાંથી મુક્ત થઈ જવામાં જ રહેલું છે. જો તમે તેમ કરશો તો ભારત સરકાર તમારા અધિકારો, માનમરતબાઓ અને તમારા ગૌરવને સુરક્ષિત રાખવાનું વચન આપશે.'

સરદારની વાતમાં બધાને વિશ્વાસ બેઠો. મયૂરભંજ સિવાયના બધા રાજાઓ માની ગયા. મોડે મોડે મયૂરભંજના રાજાની પણ સાન ઠેકાણે આવી ગઈ. સરદાર પટેલે આ આખીયે ઘટનાઓનું રોચક વર્ણન કર્યું છે : 'હું હમણાં જ ઓરિસ્સા ગયો હતો. ત્યાં નાનામોટા ૨૮ રાજાઓ હતા. એમને મેં સમજાવ્યા કે આ નાના નાના કૂવામાંના દેડકા થઈને ક્યાં સુધી રહેશો? તમે શું એમ માનો છો કે તમે રાજાઓ છો? મારો જન્મ કોઈ રાજકુટુંબમાં નથી થયો, પણ આજે આખાયે દેશની હકૂમતમાં મારો હિસ્સો છે. તમે પણ એવું શા માટે નથી કરતા? અને એ બધાયે રાજાઓ મારી વાત માની ગયા અને હવે એ લોકો નિરાંત જીવે ઊંઘે છે. એમનો બધો બોજો મારા માથે આવી ગયો છે. ત્યાંથી ઊડીને હું નાગપુર ગયો. અહીં પણ ૧૮ રાજાઓ હતા. એમનાં રજવાડાંને સલામી રિયાસત કહેવામાં આવે છે. મેં પણ એમને સલામ ભરી. જ્યારે મેં એમને બધું સમજાવ્યું તો તેઓ પણ માની ગયા અને એમણે બધાએ સહી કરી આપી.'

આ સાંભળી ગાંધીજીએ કહ્યું : 'રાજ્યોનું વિલીનીકરણ તો અપચાથી પીડાતા બાળકોને એરંડિયાનો જુલાબ આપવા જેવું છે. એવું કરવાથી છેવટે તો રાજાઓનું જ હિત થયું છે.'

બધા રાજાઓને સરદારે એક લાકડીએ ન હાંક્યા. પ્રથમ તો એમણે નમ્રતાથી જ કામ લીધું. જ્યાં સમજાવટ અસરકારક ન નીવડી ત્યાં ધમકીની ભાષા પણ વાપરી. આનાકાની કરતા ભોપાલના નવાબને તેમણે આવી રીતે જ મનાવ્યા. નવાબે પોતાની હાર સ્વીકારતાં સરદારને પત્રમાં લખ્યું કે 'જ્યાં સુધી ભારત સરકારની સાથે ભળી જવાની બાબતમાં મારી લડાઈ ચાલુ હતી ત્યાં સુધી મારા રાજ્યની સ્વતંત્રતા અને તટસ્થતાની રક્ષા માટે મેં મારી બધીયે શક્તિ અને મર્યાદા અનુસાર દરેક પ્રકારનો પ્રયત્ન કરી જોયો હતો. આ હકીકતને હું આપનાથી છુપાવવા નથી માંગતો. પરંતુ હવે મારી હારને કબૂલ કરું છું અને આશા રાખું છું કે હવે પછી આપને ખાતરી થશે કે હું આપનો એટલો જ નિષ્ઠાવાન અને વફાદાર મિત્ર છું જેટલો હું આ પહેલાં આપનો પ્રખર વિરોધી હતો. મારા દિલમાં કોઈને માટે બૂરી ભાવના રાખતો નથી, કારણકે આપે અને આપના પક્ષના લોકોએ મારી સાથે હંમેશાં પૂરેપૂરા આદરમાનથી વર્તાવ રાખ્યો છે. હવે હું આપને ખાતરી આપું છું કે દેશના વિદ્રોહી અને વિરોધી તત્ત્વોનો નાશ કરવામાં જો આપનો વ્યવહાર દૃઢ અને નિશ્ચયાત્મક રહેશે ત્યાં સુધી હું આપનો સદાયે વિશ્વાસુ મિત્ર રહીશ.'

નવાબના આ પત્રના જવાબમાં સરદારે જણાવ્યું છે, 'હું તમારા જોડાણને મારી જીત સમજતો નથી કે તમારી હાર સમજતો નથી. અંતે જે સત્ય અને યોગ્ય હતું તેનો વિજય થયો છે. મેં અને તમે આપણી પોતપોતાની ભૂમિકા ભજવી છે. તમે પરિસ્થિતિનું સાચું માપ કાઢ્યું અને તે પ્રમાણે વર્ત્યા. તેમ કરવામાં તમે દેખાડેલી હિંમત, સચ્ચાઈ અને નિષ્ઠાની હું કદર કરું છું.'

સરદારની સમજાવટની નીતિની કદર કરતાં અલવર નરેશે એક વાર કહેલું કે 'પહેલાં તો અમે એનાથી ડરતા હતા. અમને એમ થતું હતું કે અમારા મન


કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ | વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ

- ગઢવાલ
- કોરા કોટન
- સુપરનેટ કોટા
- ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા
- જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ
- પ્રિન્ટેડ જ્યોર્જેટ



"કાંચી"ની સાડી વાહ... વાહ...!!
મીનલ દેઢિયા ● 09930704743
KANCHI A Blend of Indian Heritage
૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.
Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed

દુઃખાવીને જો સત્તાના જોરે અમને હેરાન કરવામાં આવશે તો લોર્ડ ડેલહાઉસીની નીતિથી ૧૯૫૭ માં જેવો બળવો થયો હતો તેવો જ બળવો હાલના રાજ્યો ભારત સરકાર સામે પોકારી ઊઠશે. પરંતુ સરદારસાહેબે સત્તાનું ચક્ર ન ચલાવ્યું. એમણે તો પ્રેમની ગંગા અમારા જીવનમાં વહાવી દીધી. અમને અમારો સાચો સ્વાર્થ સમજાવ્યો. માતા અને પિતા જે રીતે પોતાના બાળકને સંતોષ આપે છે એ રીતે એમણે અમને સંતોષ આપ્યો છે.

ગાંધી-સરદારના વતન ગુજરાતમાં જ કેટલાંક રાજ્યો ભારતીય સંઘમાં જોડાવા ગલ્લાંતલ્લાં કરી રહ્યાં હતા. એકલા સૌરાષ્ટ્રમાં ત્યારે નાનામોટા ૨૦૦ જેટલાં રજવાડાં હતાં. એમાં જામનગર રાજ્ય મુખ્ય હતું. કેટલાંક નાનાં રજવાડાઓ ઉપર તેનું વર્ચસ્વ હતું. તેઓએ વિલીનીકરણ બાબતે એને અનુસરવાનો નિર્ણય કર્યો હતો. કેટલીક ખોટી માહિતીને આધારે જામસાહેબ પાકિસ્તાનમાં જોડાવા ઉત્સુક હતા. આ માટે તેમણે ઝીણાને મળવાનું નક્કી કર્યું હતું. વિમાન દ્વારા દિલ્હીથી કરાંચી જવાનો કાર્યક્રમ નક્કી થઈ ગયો હતો. પરંતુ તે કરાંચી જવા ઊપડે એ પહેલાં સરદારને ખબર પડી ગઈ. તેમણે તરત જામસાહેબના નાના ભાઈ મેજર જનરલ હિંમતસિંહજીને બોલાવ્યા. પાંચેક મિનિટ સરદાર સાથે ચર્ચા કરીને તરત એરપોર્ટ જવા રવાના થયા. તેમણે કરાંચી જતા વિમાનમાં બેસવાની તૈયારી કરી રહેલા મોટા ભાઈને થોડીવારમાં જ સરદાર સમક્ષ હાજર કરી દીધા. સરદાર જામસાહેબને એક કમરામાં લઈ ગયા. અડધો કલાક બન્ને વચ્ચે ચર્ચા ચાલી. કહેવાય છે કે સરદારે જામસાહેબને ધમકી આપેલી. સત્ય જે હોય તે, જામસાહેબ જોડાણખતમાં સહી કરવા માની ગયા. પછી તો એ સરદારના પ્રશંસક બની ગયા. બધા રજવાડાં ભેળવીને સૌરાષ્ટ્ર રાજ્ય બનાવવામાં આવ્યું. જામસાહેબ રાજપ્રમુખ બન્યા અને ઢેબરભાઈ મુખ્યપ્રધાન બન્યા. પછી સરદારે જામસાહેબને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ બનાવેલા.

રાધનપુરનો પ્રશ્ન પણ નાનો છતાં જોખમરૂપ હતો. ત્યાં કેટલાંક મુસ્લિમ જાગીરદારોનાં ગામો હતાં. આ ગામો પાકિસ્તાન સાથે જોડાવા માંગતાં હતાં. ગામો નાનાં હતાં, પરંતુ એ બધાં પાકિસ્તાન સાથે જોડાય તો બીજા રાજ્યોને પણ બહાનું મળી જાય. દિનકર વ્યાસ નામના એક સાતંત્ર્યસેનાનીએ સરદાર પટેલનું આ બાબતે ધ્યાન દોર્યું. રાધનપુરનો દીવાન મુસ્લિમ હતો. તેની જગ્યાએ સરદારે તાત્કાલિક ભાવનગર રાજ્યના દીવાનની નિમણૂક કરી દીધી. શામ, દામ અને દંડની નીતિથી મુસ્લિમ જાગીરદારોને ભારત સાથે જોડાઈ જવાની ફરજ પાડી. નહિતર રાધનપુર મેળવીને પાકિસ્તાન છેક બજાણા સુધી પહોંચી જાત.

જૂનાગઢનો નવાબ મુસ્લિમ હતો. તેણે પાકિસ્તાન સાથે જોડાવાની જીદ પકડી. પરંતુ ત્યાંની ૮૦ ટકા પ્રજા હિન્દુ હતી. વળી જૂનાગઢની કોઈ સીમા પાકિસ્તાનને અડતી નહોતી. એટલે આ માંગ એકદમ અવ્યવહારુ હતી. નવાબના નિર્ણય સામે જૂનાગઢની પ્રજાએ બળવો કર્યો. સ્થાનિક પ્રજાએ 'આરઝી હકૂમત' ની સ્થાપના કરી. ગાંધીજીના ભત્રીજા શામળદાસ ગાંધી તેના સરનશીન બન્યા. જૂનાગઢના ખંડિયા રાજ્યો માણાવદર, માંગરોળ અને બાબરિયાવાડે પણ નવાબ વિરુધ્ધ બળવો કર્યો. સરદારે તેમનું સમર્થન કર્યું. તાત્કાલિક સૈન્ય મોકલ્યું. નવાબ પોતાનાં હીરા-ઝવેરાત અને કેટલાક કૂતરાઓ લઈને કરાંચી ભેગો થઈ ગયો.

જૂનાગઢનો દીવાન શાહ નવાજ ભુટ્ટો સિંધની મુસ્લિમ લીગનો આગેવાન હતો. ઝીણા સાથે તેને ગાઢ સંબંધો હતા. તેની સલાહથી જ નવાબ પાકિસ્તાન સાથે જૂનાગઢને જોડવા તૈયાર થયો હતો. 'આરઝી હકૂમત' ને ભુટ્ટો સાથે સંઘર્ષ થયો. કંટાળીને ભુટ્ટોએ ભારત સરકારને વિનંતી કરવી પડી કે 'આરઝી હકૂમતને બદલે ભારત જૂનાગઢનો કબજો લે.' આ રીતે જૂનાગઢ ભારતમાં જોડાયું.

જૂનાગઢની શરણાગતિ પછી ચોથે દિવસે સરદાર પટેલ જૂનાગઢ આવ્યા. બહાઉદ્દીન કોલેજના મેદાનમાં તેમની મોટી સભા યોજાઈ. ત્યાર પછી પ્રભાસ પાટણ ગયા. સોમનાથનું ભગ્ન મંદિર જોઈને એમનું હૃદય દ્રવી ઊઠ્યું. મંદિરનો જીર્ણોધ્ધાર કરવાનો સંકલ્પ કર્યો. માનવમેદનીને સંબોધતાં તેમણે કહ્યું કે, આજે નૂતન વર્ષનું પહેલું ચરણ છે. આજના શુભ દિવસે અમે એવો નિશ્ચય કર્યો છે કે ભગવાન સોમનાથના મંદિરનું નિર્માણ કરવું. આ કામ મારા એકલાનું કે માત્ર ભારત સરકારનું નથી, બલ્કે સમસ્ત સૌરાષ્ટ્રની પ્રજાનું છે. આ પ્રદેશની જનતાએ આ પુણ્યકાર્ય માટે પોતાનાથી બનતું સઘળું કરી છૂટવું જોઈએ. એકેએક વ્યક્તિએ આ ધર્મકાર્ય માટે હાથ લંબાવવો જોઈએ.' ગાંધીજીએ સૂચવ્યું કે લોકોના પૈસા ઊઘરાવીને મંદિરનો જીર્ણોદ્ધાર કરાવો. સરદાર તેમાં સંમત થયા. સોમનાથ ટ્રસ્ટની રચના કરવામાં આવી. જામસાહેબે એક લાખ રૂપિયા અને શામળદાસ ગાંધીએ પચાસ હજાર રૂપિયા દાનમાં આપ્યા. જામસાહેબ તેના અધ્યક્ષ અને કનૈયાલાલ મુન્શી ટ્રસ્ટી બન્યા.

જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર — આ ત્રણમાં કાશ્મીરનો પ્રશ્ન સૌથી વિકટ હતો. ત્યાંની ૮૦ ટકા પ્રજા મુસલમાન હતી એટલે સ્થાનિક લોકો તરફથી સહકાર મળવાની કોઈ શક્યતા નહોતી. આ કારણસર કાશ્મીર પહેલાં સરદાર હૈદરાબાદનો પ્રશ્ન ઉકેલવા માગતા હતા. પરંતુ ત્યાં પાકિસ્તાને કાશ્મીર પર એકાએક આક્રમણ કર્યું. આથી સરદારે એ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું પડ્યું.

કાશ્મીરના રાજા હરિસિંહ હિન્દુ હતા. તે પોતાના રાજ્યને પાકિસ્તાનમાં જોડાવા માગતા નહોતા. તેમ કરે તો કાશ્મીરના હિન્દુઓનું ઈસ્લામીકરણ થાય. પણ રાજાએ ભારત સાથે જોડાવામાં પણ બહુ રસ દાખવ્યો નહિ. કારણ કે બહુમતિ મુસ્લિમ પ્રજાનો તેમ કરવા જતા ખોફ વહોરવો પડે. કાશ્મીરમાં લોકશાહી

અધિકાર માટે ૧૯૩૦માં શેખ અબ્દુલ્લાએ મુસ્લિમ કોન્ફરન્સની સ્થાપના કરેલી. જે પછીથી નેશનલ કોન્ફરન્સ બનેલી. હરિસિંહ અને શેખ અબ્દુલ્લાને બિલકુલ બનતું નહોતું. જ્યારે શેખ અબ્દુલ્લા નહેરુના મિત્ર હતા. કાશ્મીર ભારત સાથે જોડાય તો નહેરુ શેખ અબ્દુલ્લાને મુખ્યમંત્રી બનાવે એ ગણતરીએ પણ હરિસિંહે ભારત સાથે જોડાવામાં ઉત્સાહ દાખવ્યો નહિ. સરદારને હરિસિંહ સાથે સારા સંબંધો હતા. શેખ અબ્દુલ્લા વિશે એમનો અભિપ્રાય સારો નહોતો. ઓક્ટોબર, ૧૯૪૮ના બંધારણસભામાં કાશ્મીર વિશે ચર્ચા ચાલતી હતી. નહેરુ ત્યારે વિદેશ પ્રવાસે હતા એટલે વડાપ્રધાનપદનો કાર્યભાર સરદાર પાસે હતો. ચર્ચા દરમિયાન અબ્દુલ્લાને કેટલીક બાબતે મતભેદ થતાં તે ગુસ્સે થઈને ઊભા થઈ ગયા. ‘એનાં પરિણામો ખરાબ આવશે’ એવી ધમકી આપી સભાત્યાગ કરી ગયા. આ સમયે સરદારની બાજુમાં બેઠેલા મહાવીર ત્યાગીને સરદારે કાનમાં કંઈક કહ્યું. ત્યાગીએ તાત્કાલિક રેલવે સ્ટેશન જઈ શેખ અબ્દુલ્લાને સરદારનો સંદેશો પહોંચાડ્યો. તેમાં લખ્યું હતું : “શેખસાહેબ, બંધારણસભામાં છોડી શકે છે... દિલ્હી નહિ... અટકાયત થશે...’ સરદારની આ ધમકીની એવી અસર થઈ કે શેખ અબ્દુલ્લા રેલવે સ્ટેશનથી પાછા વળીને દિલ્હીના પોતાના નિવાસે પહોંચી ગયા.

પહેલા હૈદરાબાદનો પ્રશ્ન કરવો કે કાશ્મીરનો? સરદાર એની અવઢવમાં હતા ત્યાં ૨૩ ઓક્ટોબર, ૧૯૪૭ના દિવસે પાકિસ્તાને કાશ્મીર પર અણધાર્યું આક્રમણ કર્યું. દેશને આઝાદી મળ્યાને હજુ તો સવા બે મહિના જેટલો જ સમય થયો હતો. ૫૦૦૦ તાયફાવાળાઓ ૩૦૦ શસ્ત્રસરંજામ ભરેલા ટ્રકો સાથે કાશ્મીરમાં ઘૂસ્યા હતા. તેઓ સરહદ પ્રાંતના ત્રાસવાદીઓ હતા. મહારાજાના મુસલમાન સૈનિકો પણ તેમની સાથે ભળી ગયા હતા. આ સ્થિતિમાં મહારાજા હરિસિંહે સરદાર પટેલ સમક્ષ સૈનિક સહાયની માંગણી કરી. સરદારે આ તકનો લાભ લીધો. જોડાણખત પર સહી કરો તો મદદ કરીએ. મહારાજા પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાથી જોડાણખત પર સહી કરી દીધી. પરંતુ ત્યાં સુધીમાં તાયફાવાળા શ્રીનગર સુધી પહોંચી ગયા હતા. મહારાજાએ પોતાનો જીવ બચાવવા હિન્દુઓની બહુમતીવાળા જમ્મુમાં આશ્રય લીધો.

શ્રીનગરના રક્ષણની જવાબદારી ભારતીય લશ્કરના બ્રિગેડિયર એલ.પી. સેનના નેતૃત્વ હેઠળની ૧૬૧ની બ્રિગેડને હસ્તક હતી. પરંતુ ૫૦૦૦ જેટલા સશસ્ત્રખોરોનો સામનો કરવો મુશ્કેલ હતો. બ્રિગેડિયર સેને સરદાર પટેલનો સંપર્ક કર્યો. પરિસ્થિતિની ગંભીરતા જોઈ જાતમાહિતી મેળવવા સરદાર તાત્કાલિક શ્રીનગર જવા રવાના થયા. સાથે મણિબેન અને સંરક્ષણમંત્રી બળદેવસિંહ હતાં.

આ પરિસ્થિતિનું વર્ણન બ્રિગેડિયર સેને તેમના પુસ્તક ‘સ્લેન્ડર વોઝ ધ થ્રેડ’ માં કામ કર્યું છે તે જોઈએ.

‘મેં પરિસ્થિતિનો ચિતાર આપવાની શરૂઆત કરી કે થોડી જ વારમાં સરદાર પટેલે આંખો મીંચી દીધી. મને થયું કે વિમાનની મુસાફરીના પરિશ્રમને કારણે એમને ઊંઘ આવી ગઈ હશે. મારું બોલવાનું પૂરું કરીને મેં સંરક્ષણ મંત્રી બળદેવસિંહ સામે જોયું અને સીધો સવાલ કર્યો : ‘મારે શ્રીનગરને એના નસીબ પર છોડીને હુમલાખોરોને ખીણમાંથી હાંકી કાઢવાના છે કે શ્રીનગરને બચાવવાનું છે? સરદાર પટેલ હલ્યા. વાઘ સૂતો ન હતો. મારા અહેવાલનો શબ્દેશબ્દ એમણે સાંભળ્યો હતો. એ પોલાદી મનોબળ ધરાવતા ઓછાબોલા આગેવાન હતા. ‘શ્રીનગરને તો બચાવવું જ જોઈએ.’ સરદાર માત્ર આટલું જ બોલ્યા.

‘તો પછી મારે વધુ સૈનિકો જોઈશે અને એ જલદીથી. થોડું તોપખાનું પણ.’

સાંભળીને સિંહ છલાંગ મારે એમ સરદાર ખુરશીમાંથી ઊભા થયા અને બોલ્યા : ‘હું હમણાં જ દિલ્હી પાછો જાઉં છું. તમારે જે જોઈએ તે વહેલી તકે મળી જશે.’ અને એ દિવસે જ મને સંદેશો મળ્યો કે જરૂરી સંરક્ષણ સરંજામ સહિત લશ્કરી જવાનો શ્રીનગર તરફ રવાના થઈ ગયા છે. સરદાર પટેલે ‘મેન ઓફ ધ એક્શન’ ની પોતાની નામના સાર્થક કરી બતાવી.’

સરદારનાં સમયસરનાં પગલાંએ કાશ્મીરને બચાવી લીધું. પરંતુ પાકિસ્તાને કાશ્મીર બાબતે હજુ સાવ માંડી વાળ્યું નહોતું. થોડા દિવસોમાં જ તેની સેનાએ ભારત પર આક્રમણ કર્યું. ભારત અને પાકિસ્તાન વચ્ચે આ સીધું યુદ્ધ હતું. તેનાથી દિલ્હીમાં ખળભળાટ મચી ગયો. ગવર્નર જનરલ માઉન્ટબેટનની નહેરુ, સરદાર પટેલ, સંરક્ષણમંત્રી બળદેવસિંહ, મૌલાના આઝાદ, જનરલ બુથર અને અન્ય ઉચ્ચ કક્ષાના લશ્કરી વડાઓ હાજર હતા. દરમ્યાન મુખ્ય સેનાપતિ બુશરે જણાવ્યું કે આપણી પાસે જે સાધનો છે એ એટલાં અપૂરતાં છે કે કાશ્મીરને લશ્કરી સહાય મોકલી શકાય તેમ નથી.’

આ સાંભળી માઉન્ટબેટન મૌન રહ્યા. નહેરુ ચિંતામાં મુકાઈ ગયા. સૌનાં મોં પર અસહાયતા દેખાતી હતી. નહેરુનું કહેવું હતું કે હજી સુધી કાશ્મીર ભારત સાથે

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

જોડાયું તો નથી, એ પ્રદેશને સહાય અપાય કેવી રીતે? વળી કોઈ માર્ગથી કાશ્મીર સાથે જોડાણ પણ નથી. દેશ પાસે પૂરતાં વિમાનો પણ નથી.

મુખ્યપ્રધાન મહેરચંદે સ્પષ્ટ કહ્યું : અમે તો ભારત સાથે જોડાણ કરવા રાજી છીએ. અમને મદદ કરો. નહિતર હું લાહોર જઈને ઝીણા સાથે મંત્રણા કરીશ.' આ સાંભળી નહેરુ મિજાજ ગુમાવી બેઠા : 'જાઓ, જવું હોય તો લાહોર જાઓ!' સરદાર શાંતચિત્તે બધું સાંભળતા હતા. થોડીવારે પોતાની બેઠક પર હલ્યા અને તરત જ દૃઢ નિશ્ચય સાથે બોલ્યા : 'જનરલો! અહીં જુઓ, કાશ્મીરનું કોઈ પણ રીતે કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ કિંમતે આપણે રક્ષણ કરવાનું છે. પછી ભલે ગમે તે મુસીબત આવે, સાધન-સામગ્રી અપૂરતી હોય, છતાં તમારે આ કામ કરવાનું છે એટલે કરવાનું છે. સરદાર તરફથી સંપૂર્ણ સહાય મળશે.'

આવા મક્કમ ઉચ્ચારણો પછી સરદાર ઊભા થયા અને જનરલો તરફ નજર નાખી બોલ્યા કે, 'આવતી કાલ સુધીમાં 'ઓપરેશન એર લિસ્ટ' માટે તૈયાર રહો.'

યુદ્ધ લાંબું ચાલશે એવો અંદેશો હતો. સરદાર કાશ્મીરનો નકશો ઉઘાડીને અભ્યાસ કરી રહ્યા હતા. બાજુમાં ઊભેલા લશ્કરી કમાન્ડર સાથે મસલત કરીને તરત જ જમ્મુ-પઠાણકોટ તરફ આંગળી ચીંધીને જાહેર બાંધકામ ખાતાના પ્રધાન ગાડગીલને સૂચના આપી કે, 'આ બે શહેર વચ્ચેનો ૬૫ માઈલ લાંબો રસ્તો લશ્કરના વજનદાર વાહનોની અવરજવર ખમી શકે એવો બનાવવાનો છે. લડાઈ લાંબી ચાલવાની છે. આઠ મહિનામાં રસ્તો બની જવો જોઈએ.

ગાડગીલે કહ્યું : 'નકશામાં નદીનાળાં, ટેકરીઓ, પર્વતો જોઈ શકાતા નથી.'

પરંતુ વલ્લભભાઈ એમ ઢીલું મૂકે એમ નહોતા. એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું. 'આ કામ સમયસર થઈ જ જવું જોઈએ. દેશના સંરક્ષણ માટે એ અતિ આવશ્યક છે.'

ગાડગીલ હવે શી દલીલ કરી શકે? કામકાજ શરૂ થઈ ગયું. રાજસ્થાનથી ખાસ ટ્રેન દ્વારા દસ હજાર મજૂરો લાવવામાં આવ્યા. ફ્લડ લાઈટો મૂકાવીને રાત્રે પણ કામ ચાલુ રાખ્યું. ત્યાં કામ કરનારા તમામ માટે તાત્કાલિક નિવાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી. યુદ્ધના ધોરણે કામ ચાલતું રહ્યું. સરદાર દર પંદર દિવસે તેની પૂછપરછ કરતા. ૬૫ માઈલ લાંબો રસ્તો સમયસર બંધાઈ ગયો.

મહારાજા હરિસિંહે જોડાણખત પર સહી કરી ત્યારે તેમની ઇચ્છાથી મહેરચંદ મહાજનને કાશ્મીરના મુખ્યપ્રધાન બનાવવામાં આવેલા. પરંતુ આ પદ માટે શેખ અબ્દુલ્લાની મહત્ત્વાકાંક્ષા વધતી જતી હતી. નહેરુની લાગણી શેખ અબ્દુલ્લા પક્ષે હતી. ધીરે ધીરે અબ્દુલ્લા મુખ્યપ્રધાન બની ગયા. અત્યાર સુધી કાશ્મીરનો મામલો સરદાર પાસે હતો. પરંતુ હવે સરદાર પાસેના રજવાડાંના ખાતામાંથી કાશ્મીરને કાઢી નાખીને ગોપાલસ્વામી આયંગરને તેની જવાબદારી સોંપવામાં આવી. આ પ્રકારની બાદબાકીથી દુઃખી થઈ સરદારે ૨૩ ડિસેમ્બર, ૧૯૪૭ના દિવસે પ્રધાનમંડળમાંથી રાજીનામું આપી દીધું. ગાંધીજીએ દરમિયાનગીરી કરી એટલે સરદાર પ્રધાનમંડળમાં ચાલુ રહ્યા.

ભારતીય સેનાએ પાકિસ્તાનના લશ્કરને પાછું તો હટાવી દીધું હતું, પરંતુ પાકિસ્તાને કાશ્મીરનો ૧/૩ ભાગ પડાવી લીધો. જે આજે 'આઝાદ કાશ્મીર' તરીકે ઓળખાય છે. આક્રમણ કરીને એ ભાગ પાછો મેળવી શકાયો હોત. પરંતુ માઉન્ટબેટને કાશ્મીર પ્રશ્ન યુનોમાં લઈ જવા નહેરુને સલાહ આપી. સરદારે એમાં વિરોધ નોંધાવ્યો. પરંતુ સરદારના વિરોધને અવગણીને નહેરુ કાશ્મીરના પ્રશ્નને યુનોમાં લઈ ગયા. યુનોમાં ભારત સાથે ફરિયાદીને બદલે આરોપી જેવો વ્યવહાર થયો. આ પ્રશ્ન આજ સુધી ઉકેલી શકાયો નથી. આઝાદ કાશ્મીર પાકિસ્તાન પાસે રહ્યું. બન્ને કાશ્મીર વચ્ચે નિયંત્રણ રેખા દોરવામાં આવી.

ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે પાકિસ્તાનને ૭૫ કરોડ રૂપિયા આપવાના હતા. જેમાંથી ભારતે ૨૦ કરોડ રૂપિયા ચૂકવી દીધા હતા. બાકીના ૫૫ કરોડ રૂપિયા પાકિસ્તાન કાશ્મીર મુદ્દે યુદ્ધ પડતું મૂકે તો જ આપવા એવું નક્કી કરવામાં આવ્યું હતું. કારણ કે હાલ ભારત એ રૂપિયા પાકિસ્તાનને આપે તો પાકિસ્તાન તેનો ઉપયોગ ભારત સામે યુદ્ધ કરવા માટે કરે. આથી કાશ્મીર મામલાનો ઉકેલ આવે પછી પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા આપવા એવો નિર્ણય કરવામાં આવ્યો. પરંતુ ગાંધીજીને ભારતનું આ પગલું અનૈતિક લાગ્યું. ઉપવાસ પર ઊતર્યા. તેમના ઉપવાસ છોડાવવા નહેરુ અને સરદારે નમતું જોખ્યું. આખરે પાકિસ્તાનને ભારતે ૫૫ કરોડ રૂપિયા ચૂકવી આપ્યા. તો પણ ગાંધીજીએ ઉપવાસ ન છોડ્યા. તેમની માગણી કોમી શાંતિની હતી. હિન્દુ મહાસભા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વગેરે સંસ્થાઓએ તેમને ખાતરી આપી ત્યારે ગાંધીજીએ પારણાં કર્યાં, પરંતુ ગાંધીજીના આ હઠાગ્રહથી ઘણા રાષ્ટ્રવાદી લોકોને દુઃખ પહોંચ્યું. બાપુ પ્રત્યેના પરમ આગ્રહને કારણે તેમણે વિરોધ ન નોંધાવ્યો, પણ કેટલાક ઉદ્દામ લોકો આ સહન ન કરી શક્યા. ગાંધીજીએ પારણાં કર્યાં એના બીજા દિવસે જ પ્રાર્થનાસ્થળ પાસે બોમ્બ વિસ્ફોટ થયો. સદ્ભાગ્યે કોઈ જાનહાનિ ન થઈ. સરદારે પ્રાર્થનાસ્થળ આસપાસ કડક બંદોબસ્ત ગોઠવી દીધો. પરંતુ ગાંધીજીએ પ્રાર્થનાસભામાં આવનારની ઝડતી લેવાની મનાઈ ફરમાવી.

સરદારની હાલત અત્યારે કફોડી હતી. પ્રાર્થનાસભા પાસે થયેલા બોમ્બવિસ્ફોટને કારણે એમના પર પસ્તાળ પડતી હતી, તો મુસલમાનો પણ તેમના વિરુદ્ધ ગાંધીજીને ફરિયાદ કરવા અવારનવાર દોડી જતા હતા. ૧૯ જાયુઆરીએ પ્રાર્થનાસભામાં ખુદ ગાંધીજીએ એનો જવાબ આપ્યો : 'ઘણા મુસ્લિમ

મિત્રોએ સરદારના કહેવાતા મુસ્લિમવિરોધી વલણની મારી પાસે ફરિયાદો કરી છે. મેં મારી વેદના દાબી રાખી, કશું સ્પષ્ટીકરણ કર્યા વગર આ વાતો સાંભળી છે. પણ હવે ઉપવાસ છૂટતાં મારા પર લાદેલાં સ્વનિયંત્રણમાંથી હું મુક્ત થઈ ગયો છું. હું ફરિયાદ કરનારાઓને ખાતરી આપવા માંગું છું કે મને અને નહેરુને અમથા અમથા તમે આકાશ સુધી ઊંચે ચડાવો છે. પણ અમારાથી સરદાર જરાય જુદા નથી. એમને અમારાથી આ વિષયમાં છૂટા પાડવાનું સરાસર ખોટું છે. સરદારની વાણી સહેજે કડવી છે. તેથી તેમનો ઈરાદો ન હોય તોય કોઈને વાગે. બાકી તેમનું હૃદય એવું વિશાળ છે કે તેમાં તમામનો સમાવેશ થાય.'

નહેરુ અને સરદાર વચ્ચે મતભેદ વધતા જતા હતા. ૩૦મી જાન્યુઆરીએ આ અંગે સરદારે ગાંધીજી સમક્ષ વેદના પણ ઠાલવી. પરંતુ એના એકાદ કલાકમાં નથુરામ ગોડસે નામના એક ધર્મઝનૂની માણસે ગાંધીજીની ગોળી મારી હત્યા કરી નાખી. સરદારને આ સમાચાર મળ્યા કે બેત્રણ મિનિટમાં જ હત્યાસ્થળે પહોંચી ગયા. ત્યાં પહોંચીને તેમણે પહેલું કામ એ હકીકત જણાવવાનું કર્યું કે, 'ગાંધીજીની હત્યા એક હિન્દુએ કરી છે.' જેથી ક્યાંય કોમી રમખાણો ન થાય.

થોડીવારમાં નહેરુ અને માઉન્ટબેટન પણ ત્યાં આવી પહોંચ્યા. માઉન્ટબેટને તેમને જણાવ્યું કે ગાંધીજીની મોટામાં મોટી ઇચ્છા હતી કે તમે બન્ને સાથે મળીને કામ કરો. ત્યાર પછી નહેરુ અને સરદાર ભેટ્યા.

દેશમાં શાંત જળવાઈ રહે એ માટે સરદારે તમામ પગલાં ભર્યાં. આકાશવાણી પરથી પોતાના પ્રવચનમાં જણાવ્યું કે... 'એક હિન્દુ યુવાને પ્રાર્થનાસ્થળે ગાંધીજી પર ત્રણ ગોળીઓ છોડી. હું થોડી જ વારમાં ત્યાં પહોંચ્યો. ગાંધીજીની આંખો બંધ હતી. તેમનો ચહેરો પહેલાં જેવો જ સૌમ્ય અને શાંત હતો. તેમના નિસ્તેજ બનતા જતા ચહેરા પર મેં અનુકંપા અને ક્ષમાભાવની લહેર જોઈ... મિત્રો, આ રોષ વ્યક્ત કરવાનો પ્રસંગ નથી. આપણે આપણા હૃદયને ઢંઢોળવાનું છે. ગુસ્સો ચડે એ સમજી શકાય તેવું છે. પણ આપણે ક્રોધ બતાવીશું તો એનો અર્થ એટલો જ થશે કે આપણા પ્રિય બાપુએ આપેલું જ્ઞાન આપણે તેમના મૃત્યુ પછી તરત જ ભૂલી ગયા... ગાંધીજીની હત્યા કરનારો પાગલ યુવક એમ માનતો હતો કે તે ગાંધીજીના ઉમદા જીવનકાર્યનો અંત આણી શક્યો છે તો તે તેની ભૂલ છે. ઈશ્વરની ઈચ્છા કદાચ એવી હશે કે ગાંધીજીનું જીવનકાર્ય તેમના મૃત્યુ થકી પૂરું થાય અને પાંગરે...'

૫મી ફેબ્રુઆરીએ સરદારે નહેરુને પત્ર લખ્યો. તેમાં જણાવ્યું કે 'બાપુના અવસાન અગાઉ એક કલાક સુધી તેમની જોડે આખરી વાત કરવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે... તેમના અભિપ્રાયથી પણ આપણે પરસ્પર બંધાયેલા છીએ. હું આ રીતે મારી જવાબદારીઓ અને મારી ફરજ અદા કરવા માટે દૃઢનિશ્ચયથી છું તેની આપને ખાતરી આપું છું.'

ગાંધીજીની હત્યાના ૩૩મા દિવસે એટલે કે ૫ માર્ચ, ૧૯૪૮ ના રોજ સરદાર પર હૃદયરોગનો હુમલો થયો. તેમના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યો : 'મારે બાપુ સાથે જવું જોઈતું હતું. એ સાવ એકલા ગયા.'

હૃદયરોગના હુમલા પછી સરદાર આરામ કરવા મસૂરી અને દહેરાદૂન ગયા. પરંતુ દેશી રજવાડાંનો પ્રશ્ન હજુ સળગતો હતો. એમાં ખાસ કરીને હૈદરાબાદનો પ્રશ્ન માથાના દુખાવારૂપ બની ગયો હતો. એટલે સરદાર આરામ કરવાનું છોડી ચાર મહિનામાં પાછા દિલ્હી આવી ગયા.

દિલ્હી આવીને સરદારે જોયું તો કેબિનેટની ડિફેન્ટ કમિટી હૈદરાબાદ સામે પગલાં લેવાની ઢીલ કર્યા કરતી હતી. નહેરુ અવઢવમાં હતા. સરદાર કંટાળીને ઊભા થઈ ગયા અને કશું બોલ્યા વિના ગુપચુપ પોતાનાં કાગળિયાં ઉઠાવી રૂમ છોડી ગયા. તેમના આ વર્તનથી કમિટી ચોંકી ઊઠી. સરદારને પોતાની રીતે નિર્ણય લેવાની છૂટ આપી.

નિઝામનું રાજ્ય મોટું અને સમૃદ્ધ હતું. કરોડો રૂપિયાના હીરા અને ઝવેરાત તેની પાસે હતા. તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા હતી. સ્વતંત્ર રહીને બ્રિટિશ કોમનવેલ્થમાં સભ્યપદ મેળવવાનો તેણે પ્રયાસ કરેલો, પણ એમાં એમને સફળતા મળેલી નહિ.

હૈદરાબાદનો પ્રશ્ન સરદારે ધાર્યું હોત તો ચપટીમાં ઉકેલી નાખ્યો હોત. પરંતુ માઉન્ટબેટનને કારણે તે ધીમાં ડગલાં ભરતા હતા. માઉન્ટબેટનની અવધિ જૂન, ૧૯૪૮માં પૂરી થતી હતી. એટલે સરદારે ત્યાં સુધી ધીરજ ધરવામાં શાણપણ માન્યું. માઉન્ટબેટનના ગયા પછી તેમના સ્થાને રાજાજી ગવર્નર જનરલ બન્યા. રાજાજી તેમની પડખે હતા.

હૈદરાબાદના નિઝામ પર કાસિમ રિઝવીનો પ્રભાવ હતો. તેણે 'ઇત્તેહાદ મુસ્લિમ' નામની એક સંસ્થા સ્થાપી હતી. તેના સ્વયંસેવકો રઝાકારો તરીકે ઓળખાતા હતા. આ રઝાકારોએ ભારતનો રાષ્ટ્રધ્વજ સળગાવ્યો હતો. હૈદરાબાદની જનતાએ સ્વતંત્રતા દિનની ઊજવણી કરી ત્યારે તેમના પર હુમલો કર્યો હતો. રિઝવી ધમકીની ભાષા વાપરતો હતો. એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર લઈને જેહાદ જગાવવાની બડાશ મારતો હતો. ભારતના મુસલમાનો તેની પાંચમી કતાર તરીકે કામ કરશે એવાં બણગાં ફૂંકતો હતો. ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુન્શી એ વખતે હૈદરાબાદમાં ભારતના એજન્ટ જનરલ હતા. સરદાર પટેલને તે હૈદરાબાદની રજેરજની માહિતી આપતા હતા.

અધૂરામાં પૂરું હૈદરાબાદનો દીવાન પણ પાકિસ્તાનનો મિત્ર લાયકઅલી હતો. તેણે રઝાકારો સાથે મળીને અરાજકતા ફેલાવી હતી. યુદ્ધ માટે પરદેશથી સામગ્રી મંગાવવાની વ્યવસ્થા કરી હતી.

પ્રથમ તો સરદારે આર્થિક નાકાબંધી કડક કરી. પછી લશ્કરના વડાઓ સાથે

બેસીને પ્રવેશની વ્યૂહરચના ઘડી કાઢી. હૈદરાબાદની કામગીરીને સૈન્યે ‘ઓપરેશનલ પોલો’ નામ આપ્યું. બરાબર આ સમયે જ ઝીણાનું અવસાન થયું. નહેરુએ સૈનિક કાર્યવાહી બંધ રાખવાનો આગ્રહ કર્યો, પણ સરદાર માન્યા નહિ. આવી તક થોડી જતી કરાય? ૧૩મી સપ્ટેમ્બરે ભારતીય સૈન્યે હૈદરાબાદમાં પ્રવેશ કર્યો. ચાર જ દિવસમાં સૈન્યે હૈદરાબાદ કબજે કરી લીધું. હિન્દુઓની કતલ કરવાની ધમકી આપનાર રીઝવી ખાટલા નીચે સંતાઈ ગયો અને પછી સ્ત્રીનાં કપડાં પહેરીને પાકિસ્તાન ભાગી ગયો. ત્યાર પછી નિઝામના મંત્રી લાયકઅલીએ પણ પાકિસ્તાનની વાટ પકડી. મેજર જનરલ ચૌધરીએ હૈદરાબાદ રાજ્ય સંભાળી લીધું. પાકિસ્તાનની મદદથી હૈદરાબાદ મુંબઈ જેવા શહેરો પર બોમ્બ ફેંકશે એવા ગુબ્બારાઓમાંથી હવા નીકળી ગઈ. આખાય ઓપરેશનમાં ભારતીય સૈન્યના માત્ર ૪૨ જવાનો શહીદ થયા હતા. તેની સામે હૈદરાબાદની સેનાના ૪૯૦ જવાનો અને ૨૭૨૭ રઝાકારો મરાયા હતા. હવે ભારતની ટોપલીમાં કાશ્મીર સિવાયનાં બધાં સફરજનો આવી ગયાં હતાં.

સરદાર ગાંધીજીના અહિંસાના આદર્શોના ઉપાસક હતા. તેમ છતાં હૈદરાબાદના ભારત સાથે જોડાણ માટે કેટલાક ક્રાંતિકારીઓએ સશસ્ત્ર ક્રાંતિ કરી તેની સરદારે જે રીતે કદર કરી તે પ્રસંગ નોંધનીય છે. સરદારના સાથી પ્રકાશવીર શાસ્ત્રીએ તા. ૧૯-૮-૧૯૭૩ ના ‘હિન્દુસ્તાન’ સાપ્તાહિકમાં આ પ્રસંગ આલેખ્યો છે.

રઝાકારોના અત્યાચાર માઝા મૂકતા ગયા. નિઝામ તેના પર પ્રતિબંધ મૂકવા તૈયાર ન હતો. ત્યારે ત્રણ યુવાનોએ નિઝામને ખુદાતાલાને ઘેર પહોંચાડવાનો નિર્ણય કર્યો. નારાયણરાવ, જગદીશ અને ગંડપ્પા નામના ત્રણ યુવાનોએ રાજ્યની બહાર શોલાપુર પાસે બોમ્બ ફોડવાનો અને નિશાન તાકવાનો અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી નિઝામની હત્યા કરવાના હેતુથી તેઓ હૈદરાબાદ પાસે આવ્યા હતા.

નિઝામ દરરોજ ચાર વાગે તેની માની કબર પાસે જતો. આ તેનો અતૂટ નિયમ હતો. તેની ગાડી જે સડક પરથી પસાર થવાની હોય ત્યાં અડધો કલાક પહેલાં વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવતો. રસ્તામાં ત્રણ વળાંકો હતા. જનતા નિઝામને જોવા ત્યાં ભેગી થતી. આ ત્રણેય યુવાનોએ એક એક વળાંકો પોતાના લક્ષ્યવેધ માટે પસંદ કરી લીધા. પહેલા વળાંકે નારાયણરાવ, બીજા વળાંકે ગંડપ્પા અને ત્રીજા વળાંકે જગદીશ ઊભો. ત્રણેયે પોતાના હાથમાં બોમ્બ અને ઝેરની શીશી રાખ્યાં હતાં. જેના બોમ્બથી નિઝામ માર્યો જાય તેણે તરત ઝેર પીને મોત વહાલું કરી લેવાનું. શિકારની રાહ જોતાં તેઓ વળાંક પર છુપાઈને ઊભા હતા. નિઝામની ગાડી પહેલા વળાંકે પહોંચી કે તરત જ નારાયણરાવે નિશાન તાકીને બોમ્બ ફેંક્યો. પરંતુ તેમાં ક્ષણેક મોડું થયું એટલે ગાડીના પાછળના ભાગમાં પડ્યો. ડિક્કીવાળો ભાગ ઊડી ગયો, પણ નિઝામ બચી ગયો. નિઝામ સમજી ગયો કે દાળમાં કંઈક કાળું છે એટલે આગળ વધવાને બદલે ગાડી પાછળ લેવડાવી. નારાયણરાવે વિચાર્યું કે નિઝામ બચી ગયો છે એટલે મારે દવા પીને આત્મહત્યા કરવાની જરૂર નથી. પરંતુ તે પકડાઈ ગયો. તેને આજીવન કેદની સજા કરવામાં આવી. હૈદરાબાદનું ભારતમાં વિલીનીકરણ થયું ત્યારે સરદાર પટેલે પહેલો હુકમ નારાયણરાવને મુક્ત કરવાનો આપ્યો. તેને દિલ્હી મળવા બોલાવ્યો. મુલાકાત દરમિયાન સરદારે પૂછ્યું : ‘જીવનમાં આટલું મોટું જોખમ તેં શા માટે ઊઠાવેલું?’ જવાબમાં નારાયણરાવે કહ્યું : ‘મારા એકના જવાથી જો હજારોનાં જીવન બચતાં હોય તો જોખમ ઊઠાવવામાં કાંઈ નુકસાન નહોતું.’ આ સાંભળી સરદારે એની પીઠ થાબડી કહ્યું : ‘શાબાશ! જા, તેં હૈદરાબાદને આઝાદ કરવા જોખમ ખેડ્યું, હવે અમે તને આઝાદ કરીએ છીએ.’ ■

## ‘સરદાર’નો જનક બારડોલી સત્યાગ્રહ

(અનુસંધાન : પાના નં. - ૩૮ ઉપરથી ચાલુ)

અધિવેશનમાં પ્રમુખ તરીકે મોતીલાલે બારડોલીની લડતને અભિનંદન આપતો ઠરાવ રજૂ કર્યો ત્યારે લોકોએ સરદારને જોવા માટે હોહા કરી મૂકી.

બધા પૂછવા લાગ્યા, ‘સરદાર ક્યાં છે?’

સરદાર તો ગુજરાતના પ્રતિનિધિઓ જોડે પલાંઠી વાળીને જમીન પર બેઠા હતા. તેઓ શરમાતા ઊભા થયા, હાથ જોડીને સૌને નમસ્કાર કર્યા.

ચારે બાજુથી અવાજ ઊઠ્યો, ‘મંચ પર આવો.’

સરદારની મરજી વિરુદ્ધ તેમને ધકેલીને મંચ પર ચડાવવામાં આવ્યા.

ચારે તરફ તાળીઓનો ગડગડાટ થયો અને લાંબો સમય ચાલુ રહ્યો. અવાજ બંધ પડ્યો ત્યારે સરદારે આભાર માન્યો : ‘બારડોલીના ખેડૂતોના અભિવાદન માટે હું આપ સૌનો આભારી છું. તેમણે કર્યું છે તેની આપ ખરેખરી કદર કરવા ચાહતા હો તો તમે તેમને રસ્તે ચાલશો તેટલી આશા રાખું છું.’

કલકત્તા અધિવેશનમાં સરદાર આટલાં જ વાક્યો બોલ્યા હતા. લોકો સમજી ગયા કે શબ્દોની કિંમત કાર્ય કરતાં ઓછી છે.

સુભાષચંદ્ર બોઝે બારડોલીના સત્યાગ્રહને ૧૯૩૦ની દાંડીકૂચ જેવી મોટી લડતના પુરોગામી ઉત્સવ તરીકે ઓળખાવ્યો છે.

ગાંધીજી માટે બારડોલીનો વિજય સત્યાગ્રહ અને અહિંસાની શક્તિમાં શ્રદ્ધા દઢ કરનારો હતો. વલ્લભભાઈએ ‘સરદાર’ ના બિરૂદને સાર્થક કર્યું. ■

# 'સરદાર'નો જનક બારડોલી સત્યાગ્રહ

• પ્રસાદ બ્રહ્મભટ્ટ •

અંગ્રેજી સરકારે ૧૯૨૭માં ખેડૂતો પર જમીન મહેસૂલમાં બાવીસ ટકા વધારો ઝીંક્યો. આ વધારા સામે ખૂબ ઊહાપોહ થયો.

૧૯૨૮ની ૪થી ફેબ્રુઆરીએ વલ્લભભાઈ બારડોલી ગયા. બંધબારણે યોજેલી બેઠકમાં ૭૯ ગામોના પ્રતિનિધિઓની તેમણે બરાબર ઊલટતપાસ કરી.

ખાનગી સભા પછી તાલુકાના ખેડૂતોની જાહેરસભા થઈ. તેમાં વલ્લભભાઈએ કહ્યું. 'ઘડી આવી પહોંચી છે.'

પૂરી ચકાસણી કરી વલ્લભભાઈએ ગવર્નરને પત્ર લખી સમગ્ર સવાલની તપાસ માટે નિષ્પક્ષ પંચની માગણી કરી.

સરકારે જડ વલણ અપનાવ્યું.

વલ્લભભાઈએ સત્યાગ્રહનાં મંડાણ કર્યાં. તેઓ ગ્રામજનોના હૃદયમાં ઊતરી ગયા. તેમના સીધાસાદા શબ્દો ભલાભોળા ખેડૂતો પર જાદુ કરતા હતા.

૧૯૨૮ના એપ્રિલ માસમાં બારડોલી તાલુકાના નાની ફલોદ ગામમાં વલ્લભભાઈની સભા ચાલતી હતી. તે સભામાં બેઠેલો કુંવરજી દુર્લભ પટેલ નામનો એક ખેડૂત વલ્લભભાઈની વાણીથી પ્રભાવિત થઈ એકાએક ઊભો થઈ ગયો.

બેઠેલી મેદનીને વીંધતો ઊંચો ખડતલ ખેડૂત કુંવરજી વલ્લભભાઈ પાસે પહોંચી બુલંદ અવાજે બોલી ઊઠ્યો, 'ભલે પધાર્યા, મારા બાપ! તમે તો અમારા સરદાર છો.'

મેદનીએ પડઘો પાડ્યો : 'અમારા સરદાર!'

લોકોએ તેમની ગામઠી રીતે વલ્લભભાઈને 'સરદાર' ના સરપાવની નવાજેશ કરી.

રાજદરબાર કે અંગ્રેજ સરકાર ઠાઠ ઠઠારાથી ઇલકાબ બક્ષે તેના કરતાં લોકદરબારે સાદાઈથી - સહજપણે આપેલી આ પદવી ક્યાંય ઊંચે ચડી ગઈ. વલ્લભભાઈના નામ સાથે આ 'સરદાર'નું બિરૂદ સદાસર્વદા જોડાઈ ગયું.

બારડોલીના ખેડૂતોએ આપેલો આ ખિતાબ અપનાવીને ગાંધીજીએ તેમનાં તા. ૩-૬-૨૮ના વલ્લભભાઈ પરના પત્રમાં લખ્યું હતું :

*"અનેક સારી લડત ચલાવવા માટે 'સરદાર' જુગજુગ જીવો, બારડોલીની લડાઈ સુંદર રીતે ચાલી રહી છે."*

સરકારે લડતને કચડવા જપ્તીનો દોર શરૂ કર્યો. ભેંસો પકડવાના હુકમો કર્યો. બદલી કરીને એક કડક મામલતદારને બારડોલીમાં ગોઠવ્યા. અમલદારોને ઘર તોડવાના, વાડા ભાંગવાના ખાસ હુકમો આપ્યા.

જપ્તી અમલદારોએ માઝા મૂકી. કોનાં ઢોર છે તેની તપાસ કર્યા વિના જ આડેધડ ઢોરની જપ્તી કરવા માંડી. પકડેલાં ઢોરોને ચારોપાણી આપવાની વ્યવસ્થા સરકારે ગોઠવી ન હતી; તેથી તડકામાં ઢોર ખોરાકપાણી વિના ટળવળતાં. તેમનાં પર ગુજારાતો ત્રાસ જોવો એ ખેડૂતો માટે કપરો હતો.

જપ્તી ન થઈ શકે તે માટે લોકો રાતદિવસ બારણા બંધ રાખતા. ઘરમાં માણસો અને ઢોર સ્વેચ્છાએ કેદ થયાં. આવા દોહ્યલા સમયે પણ વલ્લભભાઈની વિનોદવૃત્તિ એવી ને એવી હતી. તેઓ હસતાં હસતાં લોકોને કહેતા : 'ઓહો! તમારી ભેંસો તો ઘરમાં ને ઘરમાં રહી ગોરી મઢમડીઓ બની જવા માંડી છે!'

બારડોલીની લડતમાં સ્ત્રીઓનો ફાળો નોંધપાત્ર હતો. સરદારની સભાઓમાં ઘણી વાર પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે રહેતી.

કનૈયાલાલ મુન્શીએ નોંધ્યું છે તેમ સ્ત્રીઓ સરદારનો સ્વયંભૂ સત્કાર કરતી. તેમના કપાળમાં વિજયતિલક કરતી. પોતાની કાળી મજૂરીના રૂપિયા - બે રૂપિયા તેમનાં ચરણે ધરતી અને નમાલી સરકારનાં દુષ્કૃત્યોનાં ગીત પોતાની ગામઠી હલકથી ગાયા કરતી.

૭૫ વર્ષના વૃદ્ધ પેન્શનરના ઘર પાસે હથિયારબંધ પોલીસો, સર્કલ ઇન્સ્પેક્ટર તથા બે પઠાણનું થાણું હતું.

આ ઘેરાવની જાણ થતાં સરદાર ત્યાં પહોંચ્યા. ડોસી હાથમાં માળા લઈને ઉપલા માળની બારીએ ઊભાં હતાં. સરદારે રસ્તામાંથી પૂછ્યું, "માજી, ગભરાતાં નથી ને?"

માજીએ જવાબ આપ્યો, 'અમારું રક્ષણ કરવા તમે બેઠા હો પછી અમારે ગભરાવવાનું શું હોય?'

સરદારના સાથીએ પૂછ્યું. 'ઘરને આંગણે પઠાણ અને પોલીસો બેઠા છે તે ગમે છે ખરું?'

માજીએ કહ્યું : 'પણ આ બધા ન હોત તો સરદાર મારે આંગણે ક્યાંથી આવ્યા હોત!'

છઠ્ઠી ઑગસ્ટે પૂનામાં સરદાર અને સર ચુનીલાલ મહેતા વચ્ચે થયેલી લાંબી વાતચીત પછી સમાધાનની શરતો નક્કી થઈ. સરકારે સરદારની બધી માગણીઓ મંજૂર કરી. સત્યાગ્રહ સંપૂર્ણપણે સફળ થયો.

બારડોલીએ વલ્લભભાઈને રાષ્ટ્રીય નેતાગીરીમાં પણ 'સરદાર' તરીકે સ્થાપિત કર્યા. કલકત્તા અધિવેશનમાં કોંગ્રેસ પ્રમુખ મોતીલાલ નહેરુએ તેમને 'અજોડ સેનાપતિ' તરીકે બિરદાવ્યા.

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૩૭ ઉપર)**

# સરદારના મતે સાચું શિક્ષણ

• અંબેલાલ ગોપાળજી દેસાઈ •

સ્થાનિક સંસ્થાઓની તેમજ સરકારની આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પ્રાથમિક કેળવણી બફાઈ જવા જવા બેઠી છે.

કેળવણી બે પ્રકારની છે : એક કેળવણી માણસને માણસાઈનું ભાન કરાવે છે, બીજી માણસની માણસાઈ લઈ લે છે.

તમે ભારે કેળવણી લો છો તેથી તમારા ગરીબ ભાઈઓને ન ભૂલશો. તેમના પરસેવાના પૈસાથી તમને કેળવણી મળે છે. તમે ગમે તેવી કેળવણી લો, પણ એવા ન બની જજો કે ગરીબ ખેડૂતોમાં તમે જાઓ તો, ખેડૂતોના બળદ જેમ મોટર જોઈને ભડકે છે તેમ ખેડૂતો તમને જોઈને ભડકીને ભાગી જાય. વિજ્ઞાનનો આટલો અભ્યાસ કરો છો તો જોજો કે તમારા વિજ્ઞાનના અભ્યાસના પરિણામે ખેડૂતો એક ડૂંડાને બદલે બે ઉત્પન્ન કરતો થાય.

રાષ્ટ્રીય કેળવણીનો ઉદ્દેશ ખેડૂતના છોકરાઓ બાપની વિદ્યા ભૂલી ન જાય અને પાછા ગામડામાં જઈને રહે એ છે. મારે તો ગાડું હાંકનાર, ખરપડી પકડનાર, કોશ ખેંચનાર, હળ લઈ ખેતી કરનાર જોઈએ છે. અત્યારે તો સૌને હાથ હલાવીને કે જીભ હલાવીને કામ કરવું છે. આ (ગૂજરાત) વિદ્યાપીઠનો ઉદ્દેશ એના વિદ્યાર્થીઓ ખેડૂતોના જીવનમાં પરિવર્તન કરે એ છે. હળ પકડી ચારપાંચ વીઘા જમીન ખેડી નાખે ત્યારે હું કહું કે આ ખરો સ્નાતક.

તુલસી કહે છે તેમ ‘પરધન પથ્થર માનીએ, પરસ્ત્રી માત સમાન.’

એટલું જ તમે શીખો તો વિદ્યાપીઠના તમે સારામાં સારા સ્નાતક થઈ શકો. તમે એક પણ ચોપડી ન વાંચો તો ચાલે. ચરિત્ર ખીલ્યું હશે તો બુદ્ધિ તો ખૂબ ખીલવાની છે. ચોપડીઓ વાંચનારા હંમેશાં સારા ચારિત્રવાન હોય છે એમ પણ નથી. વિદ્યાવિલાસીઓ ચારિત્રમાં પડેલા હોય છે, તેઓ ભોગવિલાસી પણ હોય છે એવો મારો અનુભવ છે. ચારિત્રશુદ્ધિ અઘરું કામ છે, પણ ઉદ્યમી જીવ ગાળનારને ચારિત્રભંગના પ્રસંગ ઓછા આવે છે.

તમારી આબરૂ ઉપર કોઈ હાથ ન નાંખે એ સંભાળજો, સંપ કેળવજો, ચારિત્ર ખીલવજો.

જગતમાં તમારે તરવું હોય તો હાથપગ ઉપર ભરોસો રાખો, મહેનત સાથે મહોબત રાખો. જેનું શરીર કેળવાય છે તેનું મગજ પણ સાથોસાથ ખીલે છે. બુદ્ધિનો એકલો વિકાસ નકામો છે. તેથી જગતને કોઈ ફાયદો નથી. બુદ્ધિ સાથે શારીરિક શ્રમ માટેનો પ્રેમ ખીલવો જોઈએ. ઉદ્યોગ અને વિદ્યાનો એકતાર થતાં અદ્ભુત શક્તિ ઉત્પન્ન થાય છે. જન્મથી દરેકને કુદરતી શક્તિ મળેલી હોય છે. તેના વિકાસથી તે તરી કે ડૂબી શકે છે.

ડિગ્રી મેળવેલા મારી પાસે ઘણા આવે છે. મને તેમની દયા આવે છે. ડિગ્રી અને ડિગ્રી વગરના બંને ભટકે છે. કારણકે જગતની ડિગ્રી વગર બધું નકામું છે. તમારી બુદ્ધિનું વલણ શોધી કાઢવાનું કામ તમારા શિક્ષકોનું છે. અને તમે પોતે પણ તે જાણી શકો. દુનિયા સાથે બાથ ભીડવી હોય તો અપંગ થવું ન પોસાય. પાંગળા થઈએ તો હિંદુસ્તાન ઉપર બોજારૂપ થઈ પડશું. તમને જે મળ્યું છે તે બીજાને આપવા તૈયાર રહેવું જોઈએ.

યુનિવર્સિટીના કેટલાકને જ્યારે અરજીઓ કરતાં જોઉં છું ત્યારે મને જણાય છે કે, તેમનામાં તેજ નથી, દિલમાં હિંમત અને સાહસ નથી. એના અભાવથી મને ઘણું દુઃખ થાય છે. યુનિવર્સિટીનો પાક આટલો સડેલો કેમ છે? તેનામાં તેજ કેમ નથી? સ્વરાજ ભોગવવાનો તેનામાં ઉત્સાહ કેમ નથી? જે અભણ માણસોમાં તેજ જોઉં છું તે પણ તેમનામાં કેમ નથી દેખાતું?

આજના પ્રસંગે શિક્ષકોને ઉપદેશ આપવો એ કેળવણીકારોનું કામ છે. હું તો બીજા ક્ષેત્રમાં પડ્યો છું. દુનિયા, એ જબરજસ્ત વિદ્યાલય છે. એ મહાવિદ્યાલયની ડિગ્રી ઝટઝટ મળતી નથી. દરેક એમ સ્વીકારે છે કે આજની કેળવણીમાં ખામી છે, એને સુધારવી જોઈએ. છતાં હિંદુસ્તાનમાં એટલી દુર્બળતા આવી છે કે નવો માર્ગ લેવા કોઈ તૈયાર નથી. આપણામાં કંઈ સાહસ નથી. આપણે ભીરુ થઈ ગયા છીએ. એ કારણે કેટલાક નવા માર્ગે જવા તૈયાર નથી. આજની કેળવણીમાં ક્રાંતિ કરવાની જરૂર છે.

પરદેશી સરકારે પોતાનું રાજ્ય શાંતિથી ચાલે એ માટે શિક્ષકને ગૌણ સ્થાન આપ્યું અને કૉન્સ્ટેબલને ગામનો માલિક બનાવ્યો. પહેલાં શિક્ષક એ હૃદયનો માલિક હતો. ગામના કજિયા પતાવતો, વહેમીનો વહેમ દૂર કરતો. બેકાર માણસને માર્ગ બતાવતો. બાળકને જ્ઞાન આપતો. એ માન જતું રહ્યું અને કૉન્સ્ટેબલને માન મળ્યું અને શિક્ષકને ગૌણ સ્થાન મળ્યું. પટેલ, તલાટી અને શિક્ષક એ ગામના સ્તંભ હોવા જોઈએ.

શિક્ષકોએ કોઈપણ પ્રકારનું વ્યસન નહીં રાખવું જોઈએ. વ્યસન એ ધનિકોના પાખંડ છે, દુર્બળ માણસોનાં લક્ષણ છે. જેને માટલાં ઘડવાનાં નથી, પણ માનસ ઘડવાના છે એને કોઈ પણ પ્રકારનું વ્યસન ન હોવું જોઈએ. બાળકોને સ્વચ્છતાની કેળવણી આપો, એના ઘરમાં પ્રવેશ કરી એનાં માબાપને કેળવણી આપો. સારા શિક્ષકને લોકો માથે લઈ ફેરવશે. સારો શિક્ષક ગામનો પ્રેમ એટલો સંપાદન કરે

છે કે એ જાય ત્યારે ગામ રડવા બેસે.

દરેક યુવાન અને યુવતીએ રાષ્ટ્રના ઘડતરમાં રાષ્ટ્ર જીવનમાં પોતાનો હિસ્સો આપી શકે એટલી તાલીમ પોતે લેવી જોઈએ.

કોઈ પણ સંજોગોમાં તમારા દિલમાં ભય ન પ્રવેશવો જોઈએ. જ્યારે માણસ ભયભીત દશામાં આવી જાય છે ત્યારે એ માણસ મટી પશુની દશામાં આવી જાય છે.

આપણામાં એવી માન્યતા પેઠી છે કે મહેનતનું, શ્રમનું કામ કરવું એમાં ખાનદાની નથી. એ એક પ્રકારનો ચાળો આપણા લોકોમાં પેઠો છે. એ નથી હિંદુસ્તાનની સંસ્કૃતિ, નથી પશ્ચિમની.

પણ તમારા આંખ-કાન દુનિયામાં જે ચાલે છે એની સામે બંધ નહિ કરી શકો, અને બંધ કરશો તો ભણતર નકામું છે.

ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા ત્યારથી કહે છે કે અત્યારનું શિક્ષણ એ કુશિક્ષણ છે. એ આપણા હાથપગ ભાંગી નાંખે છે. મન નબળું પાડી નાખે છે. પરદેશી શિક્ષણ (અંગ્રેજ) સરકારે એટલા ખાતર દાખલ કરેલું કે કારકુનો પેદા થાય, નોકરી કરે અને એમનું રાજ્ય ચલાવી આપે. આથી ન આપણું શિક્ષણ રહ્યું, ન એનું પૂરું આવ્યું.

આજે જે કેળવણી આપવામાં આવે છે એ પોપટના જેવી છે. એમાં વિદ્યાર્થીના દિલનો અને શરીરનો એકતાર નથી થતો, નથી એનો માનસિક કે શારીરિક વિકાસ થતો. કેળવણી એવી હોવી જોઈએ કે વિદ્યાર્થીનું મન ખીલે, એનું શરીર ખીલે. એના આત્માનો વિકાસ થાય.

જો ઘરનું વાતાવરણ અનુકૂળ ન હોય તો શાળામાં જેટલું ભણે એટલું ઘેર જાય ત્યારે રાત્રે ભૂલીને આવે. શિક્ષણનો હેતુ શાળા અને ગામ એકબીજાને પૂરક બને, બન્નેને એકતાર કરનાર હોવો જોઈએ. શારીરિક અને માનસિક કેળવણી સાથે સાથે અપાય એવું હોવું જોઈએ. ગામડાં આજે જે પ્રકારનાં છે એ પ્રકારનાં રહે તો ન બાળકોને શિક્ષણ આપી શકાય, ન ગામના લોકોને આપી શકાય.

પાછલાં પચીસ-છવ્વીસ વરસથી આપણને અનુભવ થવા માંડ્યો છે કે, પરદેશી ભાષાના વાહન દ્વારા કેળવણી આપવાની પદ્ધતિથી આપણા જુવાનોની બુદ્ધિના વિકાસમાં મોટી મુશ્કેલી ઊભી થાય છે. એ ભાષા શીખવામાં જ તેમને ઘણો વખત જાય છે, અને એટલો બધો વખત આપ્યા છતાં શબ્દોના બરાબર ચોક્કસ અર્થ તેમને કેટલા આવડ્યા, તે કહેવું કઠણ છે. શબ્દોનું કામ વસ્તુઓને ઓળખાવવાનું છે. બાળક પહેલાં વસ્તુનું જ્ઞાન મેળવી લે છે અને ત્યારબાદ તેનો પરિચય બીજાને આપવામાં કામ આવે માટે તેને ઓળખાવનારો શબ્દ શીખે છે. આ ક્રિયા છેક બચપણથી શરૂ થાય છે અને માણસ જીવે ત્યાં સુધી ચાલ્યા કરે છે. એક શબ્દ આવડી ગયા પછી તે જ વસ્તુને માટે વપરાતો બીજો શબ્દ શીખવો પડે છે. તેમાંય બાળકના મન પર ભારે બોજો પડે છે અને તેમાંય વળી પોતાની રમતગમતોમાં અને નાચતાં-કૂદતાં બીજાને મોઢેથી સહેજમાં તે શબ્દ બાળકને સાંભળવા નથી મળતો, ત્યારે તે તેને ગોખીને યાદ રાખવાની ફરજ પડે છે. મગજ પર પડતો આ બોજ એવો ભારી હોય છે કે, ઘણુંખરું બાળકને શબ્દ યાદ રહી જાય છે, પણ તે શબ્દથી ઓળખાતી વસ્તુનું યથાર્થ જ્ઞાન થતું નથી.

કેળવણી, પારકી ભાષામાં અપાય છે, ત્યારે શબ્દનો યાદ રાખવાનો બોજો વિદ્યાર્થીના મગજ પર પડે છે. એટલું જ નહીં, વિષયને સમજવામાં પણ તેને ખૂબ મુશ્કેલી પડે છે. એ તો ખુલ્લું છે કે, જ્યાં ગોખવાની શક્તિ વધે છે, ત્યાં સમજવાની શક્તિ મંદ પડી જાય છે. આ બાબતો એટલી ખુલ્લી છે કે, એ વિશે ઝાઝો વિચાર કરવાની પણ જરૂર ન હોય, છતાં આપણી કેળવણીની પદ્ધતિ એવી રીતે ઘડાઈ અને આપણે બધા તેમાં એવા રંગાઈ ગયા કે, ઘણા લોકોના મગજમાં આ સીધીસાદી વાત પણ હજી પૂરી ઊતરી નથી. આજથી લગભગ ત્રીસ વરસ પર સૅડલર કમિશને કેળવણીના વાહન તરીકે દેશી ભાષાઓ રાખવાની ભલામણ કરી હતી. ત્યારબાદ ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાન આવ્યા ત્યારથી તે ભારપૂર્વક કહેતા આવ્યા છે કે, અંગ્રેજી મારફતે કેળવણી આપવાથી ને લેવાથી આપણી બુદ્ધિ મંદ પડે છે, આપણી પ્રગતિ નથી થતી, આપણી શક્તિઓ ખીલતી નથી.

દેશી ભાષાને કેળવણીનું વાહન બનાવવાનો અર્થ એવો નથી થતો કે, વિદેશી ભાષાઓ આપણે શીખવી નથી યા તો શીખવવી નથી. આધુનિક સમયમાં કોઈ પણ મુલક પોતાની ચાર સીમાઓની અંદર પુરાઈ રહીને એકલો પોતાની બધી જરૂરિયાતો પૂરી કરવાને સમર્થ નહીં થાય. તેને બીજા મુલકો સાથે સંપર્ક રાખ્યા વિના છૂટકો નથી. આવા સંપર્કને સારુ વિદેશી ભાષાઓ જાણવી જરૂરી છે. પરંતુ એકેએક દેશવાસી પરદેશો સાથેના સંપર્કમાં આવતો નથી. બહુ થોડા પ્રજાજનો મારફત જ એ સંપર્ક સધાય છે. એવા થોડા લોકોએ વિદેશી ભાષાઓનું જ્ઞાન જરૂર મેળવવું જોઈએ. તે જ પ્રમાણે જે લોકો પરદેશોની વિચારસરણીઓ સાથે માહિતગાર રહેવા માગે છે, તેમણે પણ વિદેશી ભાષાઓ

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવાણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

જાણી લેવી જરૂરી છે. જે લોકો પરદેશોમાં મુસાફરી કરવા માગે છે. અથવા પરમુલકો સાથે વેપાર કરવા ઇચ્છે છે, તેમને પણ થોડુંઘણું વિદેશી ભાષાનું જ્ઞાન આવશ્યક છે. પરંતુ એ બધી જાતના લોકોની સંખ્યા દેશની વસ્તીની સંખ્યાને મુકાબલે બહુ થોડી હોય એ દેખીતું છે. વળી, તેમને પણ પોતાને કામને માટે જેટલું જરૂરી હોય તેટલું જ વિદેશી ભાષાઓનું જ્ઞાન જોઈએ, જે વિદેશોમાં પ્રસિદ્ધ થતા ઉચ્ચ ગ્રંથોના અનુવાદો કરી પોતાના દેશબાંધવોને તેમનો પરિચય કરાવે. એવા બધા લોકોએ વિદેશી ભાષા શીખી લેવી જોઈએ અને જરૂર જણાય તો પરદેશોમાં જઈ આવવું જોઈએ. જે લોકો આ પ્રકારના કામોમાં પડવા માગે, તેમને પરદેશી ભાષાઓ શીખવાની પૂરેપૂરી તક તેમજ સાધન મળવાં જોઈએ. પરંતુ આપણે યાદ રાખીએ કે, આખરે સોમાંથી નવ્વાણું માણસો દેશની અંદર જ રહેવાના છે અને તેમને વિદેશી ભાષા જાણવાની જરૂર નથી પડતી.

શિક્ષક પણ દુઃખી વર્ગોમાંનો એક છે. શિક્ષકોનો પગાર હિંદુસ્તાનમાં સૌથી ઓછો હોવાનો સંભવ છે. શહેરમાં ભંગીને વેતન મળે છે એટલું ય ઘણી જગ્યાએ શિક્ષકને મળતું નથી, એમ કહેવાય છે. શિક્ષકનો દરજ્જો અને આબરૂ રહ્યાં નથી. શિક્ષકના ધંધાની સમાજમાં કદર ઊતરી ગઈ છે. શિક્ષક પોતે પોતાના ધંધાને જે સ્થાન મળવું જોઈએ એ આપવા પ્રયત્ન નહીં કરે તો સરકાર કાંઈ નહીં કરી શકે. સમાજ કાંઈક મદદ કરી શકે પણ મુખ્ય વાત શિક્ષકના હાથમાં છે. માન અને આબરૂ કોઈની આપી અપાતી નથી, પોતાની લાયકાત પ્રમાણે મળે છે. અસલના જમાનામાં શિક્ષકો આવા મકાનમાં નહોતા ભણાવતા, પણ સારી પેઠે માનમરતબો ભોગવતા. અત્યારે તો શિક્ષકોનું મોટે ભાગે ધ્યાન ખેંચાયું છે એમના પોતાના પેટ તરફ.

આજના ભણતર ઉપરથી પણ લોકોનો ભાવ ઓછો થયો છે.

પહેલાં પંચનું રાજ્ય હતું ત્યારે શિક્ષક ભૂખ્યો રહે એ ગામડું જીરવી શકતું નહીં. શિક્ષકને આપવાની પોતાની ફરજ છે એમ મનાતું. એમાં પુણ્ય છે એવી પણ ભાવના હતી. અત્યારે શિક્ષક મજૂરને દરજ્જે ઊતરી ગયો છે. એના ત્યાગ અને બલિદાનનો સમાજ પર પ્રભાવ પડવો જોઈએ.

શિક્ષક ઓછું કે પાતળું શિક્ષણ આપી શકે ભલે, પણ એના ચારિત્રનો પ્રભાવ પડતો હોય તો ઘણું કરી શકે. એટલે શિક્ષકે પોતાનું જીવન જેટલું બને તેટલું નિર્મળ કરવું જોઈએ.

બે વસ્તુઓ શીખવાની છે. શાળાઓમાં કે કોલેજોમાં અભ્યાસ કરતી બહેનોએ મોજશોખની નહીં પણ મહેનત કરવાની ટેવ પાડવી જોઈએ. ભાઈઓમાં પણ દોષ આવ્યો છે કે મહેનત કરવી એ નોકરચાકરનું, ગમારનું કામ છે એમ માને છે. એ બહુ ખોટું છે. હાથપગ ચલાવવામાં જ ખરી શોભા છે. આપણે મજૂરની માફક નહીં પણ જ્ઞાનપૂર્વક મહેનત કરીએ. તેમની સાથે આપણામાં સંસ્કાર, સારા વિચાર આવે, જગતમાં જ્યાં જ્યાં સારી વસ્તુ હોય તે ખેંચવાની શક્તિ આવે, મધમાખી ફૂલમાંથી બધી મીઠાશ ખેંચી લે છે તેમ. નરકની માખને ફૂલ પર બેસાડવામાં આવે તો પણ એ સુવાસ નથી લેવાની, ગંદકી જ કરવાની છે, પણ મધમાંથી જ્યાંથી મળે ત્યાંથી મધ જ લેવાની છે. તેમ આપણે કરવું જોઈએ.

આપણો મુલક ગરીબ છે. આપણે પોતે ગરીબોમાં રહેવાનું રહ્યું. એ ગરીબીમાં પણ આપણે સુવાસ ફેલાવવી છે. ગરીબાઈ એ કોઈ પણ પ્રકારની એબ, દોષ નથી, ગરીબાઈનો મારો પોતાનો બચપણનો દાખલો આપું. આઠ દિવસનું ભાથું ખભે લઈ પેટલાદ જતા અને પાંચસાત છોકરા સાથે એક કોટડીમાં રહેતા અને હાથે રાંધીને ખાતા. મારાં મા મને રેલવાની કોટડી સુધી મૂકવા આવતાં કે રેલવેમાં બેસવા ન લલચાઉં.

આ છાત્રાલયનું મકાન જોઈને હું પેલા મંદિરના ખંડેરમાં રહીને ભણતો એનું સ્મરણ થાય છે. અમારા છાત્રાલયના પ્રમાણમાં આ તો મહેલ જેવું છે. પણ મકાન માણસને નથી બનાવતું. અમે કરમસદથી પેટલાદ આઠ દિવસનું ભાથું લઈ જતા અને હાથે રાંધી ખાતા. ગરીબાઈમાં માણસ જેવો ઘડાય છે તેવો શ્રીમંતાઈમાં નથી ઘડાતો.

જૂના વખતમાં શિક્ષકો મંદિરોમાં બેસી શીખવતા ત્યારે એનો જે દરજ્જો હતો તે આજે છે? અમે ભણતા હતા ત્યારે યાદ આવે છે કે શિક્ષકો ગમે તેવું આછુંપાતળું ભણેલા હતા તોપણ તેમનો માનમરતબો હતો. મને યાદ છે કે એકાદશીને બીજે દિવસે શિક્ષકને પારણાં કરાવવા માટે ઘી, આટો, તેલ, શાક આપવાની વિદ્યાર્થીને ઘેર તૈયારી થતી. ગામની અંદર કંઈ પણ સવાલ વિશે સલાહ લેવી હોય તો પહેલાં શિક્ષકને ત્યાં જતા. પણ તમે દુઃખ ન લગાડો તો હું કહું કે શિક્ષકને આજે તો વિદ્યાર્થીને ભણાવવાની પણ પડી નથી. સ્વતંત્ર હિંદુસ્તાનમાં એવું નહીં થવું જોઈએ. સ્વતંત્ર હિંદુસ્તાનને તાલીમ આપવાની ચાવી તમારા હાથમાં છે. સમાજમાં તમારો દરજ્જો, માન વધે એવું તમારું વર્તન હોવું જોઈએ. ■

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

વ્યક્તિ વિશેષ

બોફોર્સ સમયે સ્વીડનમાં ભારતના એક પ્રામાણિક રાજદૂત

# કચ્છ ભુજના - શ્રી ભૂપતભાઈ ઓઝા (IFS)

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ ●

આ ક્ષણભંગુર માનવ જીવનની તડકી - છાંયડી અનુભવનાર સમગ્ર કચ્છના પ્રથમ આઈ.એફ.એસ. ભાઈશ્રી ભૂપતભાઈ મહાશંકર ઓઝાએ તા. ૩૦મી જૂન, ૨૦૧૬ના રોજ જગતમાંથી વિદાય લીધી. અર્થાત્ તેઓ આ ફાની દુનિયાને છોડી ગયા ત્યારે તેમની વય ૮૨ વર્ષની હતી.

પિતાશ્રી મહાશંકરભાઈ વેજનાથ ઓઝા 'કચ્છ મોટર ટ્રાન્સપોર્ટ સર્વિસ'માં ઉચ્ચ અધિકારીશ્રી હતા. ગાયત્રી માતાના ઉપાસક હતા. માતુશ્રી પ્રભાબેન ભક્તિમય જીવન વ્યતીત કરતા. ભુજ મધ્યે ખારી નદી સ્મશાન પાસે માજીબા આનંદ લહેરીજીના યોગમાં હતા. ભૂપત ઓઝાને ત્રણ ભાઈ — પ્રતાપ, અનુ અને સુમન. બે બહેનો પુષ્પા અને હીરા. ભુજની પાટવાડી સ્કૂલ, મિડલ સ્કૂલ તથા માધ્યમિક શિક્ષણ શ્રી ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મેળવ્યું. ભુજમાં ૨૦મી જૂન, ૧૯૫૩માં કચ્છની પ્રથમ કૉલેજ શ્રી રામજી રવજી લાલન કૉલેજના શ્રીગણેશ ભુજના પ્રાગ મહેલના નીચેના આવાસોમાં થયા. શ્રી ઓઝા અર્થશાસ્ત્ર વિષય સાથે ઈ.સ. ૧૯૫૬-૫૭માં બી.એ. ઑનર્સ થતાં વિદ્યાર્થી યુનિયન દ્વારા આયોજિત સમારોહમાં અંગ્રેજીના વિદ્વાન પ્રિન્સિપાલ શ્રી વાય.ડી. ભાવેએ તેમનું આગવું સન્માન કર્યું. અર્થશાસ્ત્ર સાથે એમ.એ. થયા બાદ સ્ટાફ સિલેક્શન કમિટી દ્વારા પસંદગી પામી, અમદાવાદની ગુજરાત કૉલેજમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે જોડાયા. પૂનાની 'ડેમોગ્રાફીક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'માં ભારતની વસતી વિષયક રિસર્ચ કરતા સમયે આઈ.એ.એસ.ની યુ.પી.એસ.સી.ની પરીક્ષા આપી, જેમાં ચોથા ક્રમે ઉત્તીર્ણ થયા. એ સમયે આઈ.એ.એસ.માં પ્રથમ દસ નંબરે આવતા ઉમેદવારોને ફૉરેન સર્વિસ ઑફર થતી, જે ભૂપતભાઈએ સ્વીકારી. મસુરી મધ્યે ટ્રેનિંગ સેન્ટરમાં ટ્રેનિંગ મેળવી. એ સમયે સરકારે તેમને ભારત ભ્રમણ કરાવ્યું.

હોંગકોંગની ભારતીય એલચી કચેરીમાં તેમને થર્ડ સેક્રેટરીની નિમણૂક મળી. બાદમાં જાપાનમાં સેકન્ડ સેક્રેટરીનું પ્રમોશન મળ્યું. ફોરેન સર્વિસમાં વિદેશની એક ભાષા જાણવી આવશ્યક હોઈ, તેઓ જાપાનીઝ શીખ્યા. જેમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. બાદમાં શ્રીલંકા, બર્મા, મોસ્કો આદિ અનેક દેશોમાં ભારતીય એલચી કચેરીઓમાં વરિષ્ઠ સ્થાને રહ્યા. છેલ્લે સ્વીડનમાં ભારતીય રાજદૂતના સર્વોચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયા. તેઓશ્રીના પરિવારના ઉચ્ચ સંસ્કાર, પ્રામાણિકતા - નૈતિકતાના સદ્‌ગુણોને કારણે બોફોર્સ વિવાદ તેમને સ્પર્શી શક્યો નથી. તેમણે અંગ્રેજી ભાષામાં "બોફોર્સ" પુસ્તક લખ્યું જે ખૂબ જ આદર પામ્યું છે. તેમના પત્ની હર્ષાબહેન અંગ્રેજીના સ્નાતક છે. તેમની બે પુત્રીઓ વીનિતા તથા ફાઈના અમેરિકામાં સ્થિર થયેલી છે.

કચ્છના ઉચ્ચ અધિકારીઓને બિરદાવતો એક કાર્યક્રમ ત્રણ-ચાર વર્ષ અગાઉ કચ્છ - માંડવી મધ્યે યોજાયેલો. એ સમયે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમનું જાહેર સન્માન કરેલું. તેઓ અવારનવાર કચ્છ આવતા ત્યારે રોટરી ક્લબ, લાયન્સ ક્લબ, જાયન્ટ્સ ક્લબ તેમના વક્તવ્યો યોજવાનો અવસર ચૂકતા નહીં.

ખેલકૂદ તથા સંગીતમાં તેમની દિલચશ્પી હતી. સારું ગાઈ શકતા. ખાસ તો મુકેશના ગીતો. તેમના જીવનમાં નોકરીની શરૂઆત તેમણે ભુજની જ્યુબિલી હોસ્પિટલમાં ક્લાર્ક તરીકે સેવા બજાવતાં કરેલી કે જ્યારે કૉલેજમાં અભ્યાસ ચાલુ હતો. તેઓ ભુજની લાલન કૉલેજમાં જી.એસ. હતા.

એક સમયે તેમણે પોતાના વક્તવ્યમાં જણાવેલું કે સામાન્ય રીતે હું કોઈથી પ્રભાવિત થયો નથી. પરંતુ ફોરેનમાં ચાર્જ લીધા પહેલાં સરકારે પ્રાઈમ મિનિસ્ટર શ્રી જવાહરલાલ નહેરુ સાથે અમારી મુલાકાત ગોઠવેલી. તેઓનું વ્યક્તિત્વ મને સ્પર્શી ગયેલું. શ્રી નહેરુજીએ કહેલું કે, 'મેં ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ વિશે જાણ્યું છે. ત્યાં જે ભૂપત બહારવટિયો હતો. તમારે શું કહેવું છે?' તરત જ શ્રી ઓઝાએ પ્રત્યુત્તર પાઠવ્યો કે, સર, તે તો હંમેશાં ખંડનાત્મક પ્રવૃત્તિઓ જ કરતો. મારે તો હંમેશાં રચનાત્મક પ્રવૃત્તિઓ કરવી છે. શ્રી નહેરુજીએ તેમની પીઠ થાબડી. પ્રત્યુત્તરથી તેઓ ખૂબ ખુશ થયા. આશિર્વાદ પાઠવ્યા.

તેમની નિવૃત્તિ સમય દરમિયાન અમેરિકન તથા યુરોપિયન યુનિવર્સિટીઓ રાજકારણ, અર્થકારણ પર વ્યાખ્યાન આપવા તેમને ખાસ નિમંત્રણ પાઠવતી. કચ્છે એક સપૂત ગુમાવ્યાનું દુઃખ છે.

*લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

# ગર્ભપીઠથી વ્યાસપીઠ સુધીના ભાગવતયાત્રી ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

• ભદ્રાયુ વચ્છરાજાની •

*'દરેક સાધુ કર્મથી શિક્ષક જેવો હોવો જોઈએ.*
*દરેક શિક્ષક સ્વભાવથી સાધુ જેવો હોવો જોઈએ.'*

દાદીમા ભાગીરથી મા. વાસ્તવમાં ભાગીરથી ગંગા જેવાં નિર્મળ, વહેતું વ્યક્તિત્વ. બાળપણમાં વૈધવ્ય! થોડું ભણેલાં. દાદાજી સાથે થોડાં વર્ષો મુંબઈ રહેલાં. મહિલાઓને ભણાવે, રામાયણ-ભાગવત સંભળાવે, પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવે દાદીમા! દાદાજી પાછળ ભાગવતકથા કરાવવી તેવો મનમાં સંકલ્પ, પણ અભાવ નડે. દાદીમાએ ભાગવતકથા ન થાય ત્યાં સુધી પગની આંટીએ જમવાની બાધા લીધી! જમીન પર બેસે, પલાંઠી મારી એક પગ ઊંચો રાખે અને તેની નીચેથી હાથ લઈને જમે. તપસ્યા વર્ષો સુધી ચાલી. ક્ષણ લંબાતી ગઈ, આર્થિક ટાંચાં સાધનોને કારણે. રાજુલામાં ભાગવત કથાકાર વિદ્વાન મોહનલાલ શાસ્ત્રીજી. તેઓ દાદીમાને બહેન માને. એમણે કહ્યું : 'કથા હું વાંચીશ, દક્ષિણામાં તુલસીનું પાન લઈશ.' પણ ના, એમ કંઈ સંકલ્પની કથા કરાય? બન્યું એવું કે દાદાએ કોઈને આપેલા પાંચસો રૂપિયા પાછા આવ્યા. દાદીમાએ એમાંથી કથા વંચાવી મોહનબાપા શાસ્ત્રીજી પાસે. ઘરના આંગણામાં કથા થઈ. આ કથા પછી ચાર મહિને દાદીમાના દીકરાને ઘેર દીકરો જન્મ્યો, ૩૧-૦૮-૧૯૫૭ ના રોજ. અમરેલી જિલ્લાનું રાજુલા તાલુકાનું દેવકા ગામ. સાડા આઠસોની વસતિ! માતાના ગર્ભમાં રહી ભાગવત કથા સાંભળનાર એ દીકરો તે આજના સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા. ચાહકો પ્રેમથી જેમને 'ભાઈશ્રી' કહે છે તે રમેશભાઈ ઓઝા ભાવાદરથી કહે છે કે : 'વિચારોની વિશાળતા અને વ્યાપકતા મારી ભાગીરથી દાદીમા પાસેથી મને મળેલ છે.' શ્રીમદ્ ભાગવતનું બીજ તો માતાની ગર્ભપીઠમાં જ અંકે થયું.

ગામડામાં જન્મ. સાધારણ પરિવાર. અભાવ ખરો પણ અભાવનો ય આનંદ. ગ્રામ પરિવેશ અને ગ્રામ સંસ્કૃતિમાં ઉછેર. અનુભવથી સમૃદ્ધ થવાની અનેક તકો મળી અને તેમાંથી ઘડાયો આ કથાકાર - આ આચાર્ય - આ અધ્યાત્મ, સંસ્કૃતિ, સંસ્કાર અને શિક્ષણનો પિંડ! ભાઈશ્રી કથા સ્થળે ચાલીને ગયા છે, ગાડાંમાં ગયા છે અને ચાર્ટર પ્લેનમાં પણ જઈને કથા કરી છે. 'દરેક ક્ષણને મેં માણી છે, કારણ દરેક ક્ષણમાંથી કશુંક લેવાનો મેં પ્રયત્ન કર્યો છે,' એવું સ્વીકારનાર ભાઈશ્રીને સાદગી ગમે, પણ ગંદકી બરદાસ્ત ન થાય. ઉતારો બરાબર ન હોય તો રૂમનો દરવાજો બંધ કરી પોતે ઓરડો ને ટોઈલેટ સુધ્ધાં સાફ કરી નાખે. શરૂ શરૂમાં તો કથા સ્થળની સફાઈ - બાવાંઝાળાં જાતે જ કર્યા છે. ભાઈશ્રી જીવનમાં 'સ'કારને બહુ સ્થાન આપે છે : સ્વચ્છતા, સાદગી, સાત્વિકતા, સ્નેહ, શિસ્ત, સંયમ...!'

રમેશભાઈ બહુ ફરતાં ફરતાં ભણ્યા. પિતાજી દવા બજારમાં સેલ્સમેનશિપ કરે. આખા ભારતમાં ફરે. આઠ-દસ મહિને મુંબઈના ઘરે આવે ત્યારે ઘરના સૌ માટે આનંદ ઉત્સવનો સમય. રાત્રે જમ્યા પછી ફળિયામાં ખાટલા નાંખીને સત્સંગ જામે. દાદીમા ભજન ગાય. પિતાજી શ્રીમદ્ રાજચંદ્રનાં પદો ગણગણે :

*'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?*
*ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો...'*

નાનપણમાં જ આ બધું કાનમાં રેડાતું ગયું. કુટુંબ ગરીબ ખરું પણ ભાવ સમૃદ્ધ. પિતાજી ઉપદેશ ન આપે પણ સહજતાથી ગળે ઊતરે એમ વાત મૂકે. ચીન સાથેનું યુદ્ધ થયું ત્યારે દેશમાં ખાંડની તંગી સર્જાણી. પિતાજીએ કહ્યું : 'ખાંડ આપણે ન વાપરીએ તો સૈનિકોને મળે.' રમેશે નક્કી કર્યું : આજથી ચા બંધ... બાળમાનસ પર એ વાતાવરણમાં કહેવાયેલી વાતની કેવી અસર કે આજે પણ ચા સાથે કોઈ નાતો નથી રહ્યો. સ્વાશ્રયના સંસ્કાર પિતાજીએ આપ્યા. આર્થિક તંગી તો હતી જ. દેવકાના ઘરમાં ટાંકી બનાવવાની હતી, પાણીનો સંગ્રહ કરવા માટે. બાપ-દીકરાએ ટાંકી, મોરી, પાણિયારું જાતે બનાવ્યાં. એ એવાં મજબૂત બન્યાં કે ધરતીકંપમાં બધું પડ્યું પણ ટાંકી અકબંધ. પિતાજી જગાડે ત્યારે 'જય શ્રી કૃષ્ણ' લલકારે, શ્લોક બોલે. જલ્દી ઉઠાડે નહીં, પણ ઊઠી ગયા હોય તેનાં ગાદલાં-ગોદડાંની ગડી કરવા લાગે. આપણા આજના ભાઈશ્રીએ દેશી નળિયાં ચાળ્યાં છે. ચોમાસું નજીક, મજૂરી વધુ માંગી, રમેશે ઉપર ચડી ખપેડાં સાફ કર્યા. ત્રણ દિવસમાં આખા મકાનનાં નળિયાં ચાળ્યાં! બીજે ચૂવાં પડે પાંચ, રમેશના ઘરમાં ત્રણ! પછી રમેશે ચૂવાં ભાગ્યાં ય ખરાં! નાનપણથી શીખવાની, પરિશ્રમની, સ્વાશ્રયની આદત. રમત રમતમાં યજ્ઞ કરે. આંગણામાં કથા થયેલી તે ક્યારેક કથા-કથા રમે!

જૂનું દેવકા, નવું દેવકા, કુંભારિયા ને જોલાપરમાં ચાર ધોરણ ભણ્યા. પાંચમું છઠ્ઠું સીમરમાં ફઈબાના ઘરે રહીને તો સાતમું મુંબઈમાં મામાને ઘરે રહીને. જીવરાજકાકા આમ તો દૂરના કાકા. પરમ ભાગવત અને ભાઈશ્રીના ગુરુ સમાન. ભણેલા ઓછું પણ સાત્વિક વિદ્વાન નિષ્ઠાવાળા બ્રાહ્મણ. વેકેશનમાં રખડવા ન દે. હાથમાં માળા પકડાવે ને કહે : 'દ્વાદશાક્ષરમંત્રનો જપ કરો.' સાતમું ધોરણ પૂરું થયું ત્યાં દેશમાં દાદીમાનું મૃત્યુ થયું. વેકેશનમાં રમેશે ઘરે આવી દાદીમાને ગોત્યાં. ખૂબ રડવું આવ્યું. પિતાજી અને કાકાએ રોજ ગીતાનો એક અધ્યાય બોલવાનો નિયમ લેવડાવેલો. તે ખપ લાગ્યો. તેર-ચૌદ વર્ષના રમેશે કહ્યું,

: 'સાત દિવસનું ગીતા પારાયણ કરવું છે.' પિતા અને બાએ કહ્યું : 'બેટા, બીજું કાંઈક રમો. આવું અઘરું ન રમાય!' બાળમિત્રોની સમિતિ બની, કાર્ય વહેંચણી થઈ, હાથે કંકોત્રી લખાણી! (એ કંકોત્રી આજે પણ સાંદીપનિમાં સચવાયેલી છે!) પહેલા દિવસે ગીતાનું મહાત્મ્ય. પછીના છ દિવસો રોજ ત્રણ અધ્યાય. શ્રોતા તરીકે બાળકો-મોટાંઓ- બાજુના ગામનાં ભાવકો આવ્યાં. જીવરાજકાકાએ પિતાજીને કહ્યું : રમેશને સંસ્કૃત પાઠશાળામાં મોકલો.' રાજુલામાં પૂજ્ય પાંડુરંગ આઠવલેજી સ્થાપિત તત્ત્વજ્યોતિ પાઠશાળામાં હરગોવિંદદાદા ગુરુજી પાસે સંસ્કૃતનો અભ્યાસ અને સઘન અધ્યયન. ગુરુ અને ગુરુ પત્ની જશોદા માના આશીર્વાદ. આઠમું ધોરણ ડુંગરમાં નાના છાત્રાલયમાં રહીને કર્યું. સાતમું મુંબઈ કરેલું, આઠમાથી અંગ્રેજી શરૂ થયું તે સહેલું લાગ્યું. કનુભાઈ ત્રિવેદી અંગ્રેજી ભણાવે અને પાછા ગૃહપતિ. સંસ્કૃતમાં ૧૦૦માંથી ૯૮ ગુણ આવેલા. કનુભાઈએ બધા ક્લાસમાં રમેશનું પેપર બતાવેલું. પછી કુટુંબ મુંબઈ ગયું. પાર્લામાં ભાઈદાસ સ્કૂલમાં નવમું કર્યું. ગુજરાતીના શિક્ષક આશાબહેને રમેશ પાસે મેઘાણીજીની રચના ગવરાવી. પ્રિન્સિપાલ ડૉ. બિહારીલાલ જોશી બોલી ઊઠ્યા : 'વાહ, ગઢવી, વાહ!' અગિયાર સુધી અહીં ભણ્યા. છેલ્લા વર્ષમાં તો રમેશ જી.એસ. ચૂંટાયો. 'અંગ્રેજી ભણાવતા રાજેન્દ્રભાઈ ગુરુજી. સફેદ ધોતિયું, સફેદ ઝભ્ભો, દાઢી. આટલી સૌમ્ય વ્યક્તિ મેં આજ સુધી જીવનમાં જોઈ નથી. અમે સર ન કહેતા, ગુરુજી કહેતા. Respect is not demanded, it is commanded. વિજ્ઞાન મારો પ્રિય વિષય. મેટ્રિક ડિસ્ટિંક્શનથી થયેલો. ડૉક્ટર થવું હતું. એ જ સમયે પિતાજીને કેન્સર થયું. આર્થિક ભીંસ તો હતી જ. ચાલીમાં રહેતાં હતાં. પિતાજીની કર્મઠતાને બ્રેક લાગી. મોટાભાઈનો ટૂંકો પગાર. દવાના પૈસા ઘટે. સાયન્સમાં જઉં તો તો ઘરમાંથી પૈસા લેવા પડે. ઘરમાં જરૂર હતી મારી મદદની. ચિનાય કૉલેજ ઑફ કૉમર્સ, અંધેરીમાં ભણવા લાગ્યો. Commerce was totally dry subject for me. હું આંકડાનો માણસ નથી, હું અનુરાગનો માણસ છું.' ભાઈશ્રી ઘેઘૂર કંઠે વાત કરે છે ત્યારે આંખમાં ભીનાશ વરતાય છે!

અઢાર વર્ષની ઉંમરે સ્વતંત્ર રીતે પહેલી ભાગવત કથા કરી ભાઈશ્રીએ. નાનીમા કૃષ્ણ ભજન મહિલા મંડળ ચલાવે. મામાને ત્યાં કુલપુરોહિત દુર્લભબાપા શાસ્ત્રી કથા વાંચતા ત્યારે તત્ત્વજ્યોતિ પાઠશાળામાં સંસ્કૃત ભણેલા રમેશને વચ્ચે વચ્ચે વ્યાસપીઠ પર બેસાડે. મહિલા મંડળની બહેનોએ નાનીમાને વિનંતી કરી કે કથા કરાવીએ રમેશ પાસે! કથાની તારીખ નક્કી થઈ અને B.Com. ફાઈનલની પરીક્ષા પાછી ઠેલાણી એમાં બે પેપર રહી ગયાં તે આજ સુધી રહી જ ગયાં! આમ, ગર્ભપીઠથી શરૂ થયેલી ભાગવતયાત્રા વ્યાસપીઠ પર પલાંઠી વાળીને જંપી.

બાબડેશ્વર સંસ્કૃત પાઠશાળા સંભાળી. ૧૯૮૪થી પોરબંદરમાં 'સાંદીપની' સંભાળ્યું. ૧૯૯૨માં અત્યારની જગ્યાએ સાંદીપનિ વિદ્યાનિકેતનનો શિલાન્યાસ થયો. ભાઈશ્રી કહે છે : 'સાંદીપનિ એ આશ્રમ નથી, વિદ્યાનિકેતન છે. અહીં ઋષિકુલ અને ગુરુકુળ બન્ને છે. ઋષિકુળમાં વૈદિક પરંપરા, સંસ્કૃત વાઙ્મયનું અધ્યયન. ત્રણસો ઋષિકુમારો રહે-જમે-સુસંસ્કૃત બને. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની ઉપાધિ મેળવે. તો ગુરુકુળમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળા. કોઈપણ જ્ઞાતિ-જાતિનાં વિદ્યાર્થીઓ સાથે ભણે-જીવે-ઊછરે. સુદામા ઋષિકુળનો આદર્શ અને કૃષ્ણ ગુરુકુળના આદર્શ. સુદામા અને કૃષ્ણ બન્ને સાંદીપનિમાં સાથે છે, કારણ એ બન્નેના આદર્શ ગુરુ તો સાંદીપનિ છે ને!' ઋષિકુળ વ્યાકરણમાં આચાર્યો તૈયાર કરે, ગુરુકુળ જીવનમાં આચરનારા તૈયાર કરે. સાંદીપનિ નામ રાખવામાં સખાભાવ ખરો, પણ ચાલાકી ય ખરી એમ ભાઈશ્રી સ્વીકારે છે. ગુરુનું નામ હશે, તો કૃષ્ણ બધી વ્યવસ્થા કરશે! નિયમ એવો કે સાંદીપનિ વિદ્યાનિકેતનની પ્રવૃત્તિઓ વિષે ઇન્ફોર્મ કરવાનું, અપીલ નહીં કરવાની. હાલમાં શ્રી રમેશભાઈ ઓઝા ભાગવત કથા ઉપરાંત જન્મભૂમિનું ઋણ અદા કરવામાં પણ પ્રવૃત્ત છે. દેવકાની એક ઓરડાની જે શાળામાં પોતે ભણ્યા હતા તે ભૂકંપમાં નાશ પામી. ભાઈશ્રીએ કહ્યું : 'અમે બનાવી દઈએ, અહીં પૂર્ણશાળા?' સંકલ્પ પૂર્ણ થયો. ભાઈશ્રીને ગામજનોએ કહ્યું : અમારે આપને કંઈક આપવું જોઈએ. તરત મૃદુ જવાબ : 'દીકરીઓને ભણાવવાની સંકલ્પ દીક્ષા આપો.' ઘરે ઘરે જઈને દીકરીઓ ઉઘરાવી. સાત વર્ષ પછી આચાર્યએ ભાઈશ્રીને કહ્યું : હવે દીકરીઓ નહીં ભણે. કન્યા માટે હાઈસ્કૂલ અહીં બનાવીએ તો ભણે. આજે સાડા પાંચસો દીકરા દીકરીઓ ભણે છે. વીસેક ગામથી દેવકા ભણવા આવે છે. દીકરીઓ બારમા ધોરણ સુધી ભણે છે. ત્રાજવાં ત્રોફાવેલા દીકરીઓના હાથ કૉમ્પ્યુટર પર ફટાફટ ફરે છે! રાજ્ય સરકારની સાપુતારામાં આવેલી એક આદિવાસી શાળા ભાઈશ્રીએ સ્વીકારી છે. સવાસો બાળકોની આ નિવાસી શાળાનું સંચાલન અને વિકાસ ભાઈશ્રીની નિશ્રામાં થઈ રહ્યું છે. ૫૦૦ સુધી સંખ્યા લઈ જવાની નેમ છે! 'પૈસો સાધન છે, એને સાધ્ય ન સમજો.' એમ સમજાવનાર ભાઈશ્રી રમેશભાઈ ઓઝા સ્પષ્ટપણે માને છે કે : 'કન્યા, રસ, ગો અને વિદ્યાનો વિક્રય ન થાય, આ ઋષિવચનો આપણે ભૂલ્યા તેને લઈને આ બધી વિકૃતિઓ છે.' 'આજના માનવનો સ્વધર્મ શો?' પ્રશ્નના જવાબમાં ભાઈશ્રીએ ભગવદ્સત્ય તરફ આંગળી ચીંધી : 'જેમાં મારું હિત હોય અને જેમાં સર્વનું હિત સમાયેલ હોય તે હું કરું એ જ મારો સ્વધર્મ.' ■

*કિસીને રોજા રખા, કિસીને ઉપવાસ રખા,*
*કબૂલ હોગા ઉસકા*
*જીસને અપને મા-બાપ કો અપને પાસ રખા...*

# કચ્છી ક્રિકેટ સમીક્ષક : આણંદજી ડોસા

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

*જન્મ : ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૧૬*

*નિધન : ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪*

ક્રિકેટનું સાહિત્ય વાંચવાનો કે ટેસ્ટ મેચોની કોમેન્ટરી સાંભળવાનો જેને શોખ હશે તેઓ આણંદજી ડોસાનું નામ ભૂલ્યા નહિ હોય. રેડિયો કોમેન્ટરી યુગમાં કોમેન્ટેટર વિજય મર્ચન્ટ અને સ્કોરર આણંદજી ડોસાની જોડી જાણીતી હતી. ક્રિકેટ અને આંકડાની દુનિયા સાથે આણંદજીભાઈની પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા અને પ્રતિભા અવિભાજ્ય રૂપે સંકળાયેલા રહ્યા છે. સાદાઈ, સ્પષ્ટતા અને સરળતા એમના વર્તન-વ્યવહારમાં સદૈવ જોવા મળતા.

**• ખુદ ક્રિકેટના અચ્છા ખેલાડી :**

ક્રિકેટ ક્ષેત્રે ત્રણ કચ્છી (ગુજરાતી) પ્રતિભાઓમાં મુળ નલિયા (તા. અબડાસા) ના વતની આણંદજી જમનાદાસ ડોસા (૧૯૧૬-૨૦૧૪) સ્કોરર તરીકે, મૂળ બારોઈ (તા. મુન્દ્રા) ના વતની જયંતીલાલ હીરજી કેનિયા (જ. ૧૯૪૮) ક્રિકેટર તરીકે અને મૂળ રવા (તા. અબડાસા) ના વતની જયંત લક્ષ્મીચંદ લાપસિયા (જ. ૧૯૫૮) કોમેન્ટેટર તરીકે જાણીતા રહ્યા છે. તેમાં આણંદજી ડોસાનું નામ ક્રિકેટ જગતમાં એક મશહૂર આંકડાશાસ્ત્રી તરીકે રાષ્ટ્રીય કક્ષાએ ગાજતું રહ્યું હતું.

આ ક્ષેત્રે એમની નિપુણતાના કારણે એમને 'ક્રિકેટના એનસાયક્લોપિડિયા' નું ઉપનામ મળ્યું હતું! એમના મોટા ભાઈ પ્રાગજી જમનાદાસ ડોસા (૧૯૦૭-૯૭) વિખ્યાત નાટ્યકાર, પટકથાલેખક અને કટારલેખક હતા. ભારતીય ક્રિકેટના પ્રથમ આંકડાવિદ ગણાયેલા આણંદજીભાઈ ડોસાનો જન્મ આજથી બરાબર સદી પહેલાં ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૧૬ ના મુંબઈ ખાતે થયો હતો.

એમની મહત્તમ ઓળખ ક્રિકેટ વિવેચક તરીકેની રહી હોવાથી ઓછા લોકો જાણતા હશે કે તેઓ પોતે પણ એક સારા ક્રિકેટર હતા! બચપણથી જ ક્રિકેટ-રસિયા હોઈ શાળાકૉલેજ અને વિવિધ સંસ્થાઓમાં સારી પેઠે ક્રિકેટ રમેલા. મુંબઈની વિલ્સન કૉલેજ તરફથી આંતરકૉલેજ ક્રિકેટ સ્પર્ધા, રણજી ટ્રોફી અને તે સમયની પેન્ટાન્ગ્યુલર ટુર્નામેન્ટમાં એમણે ભાગ લીધેલો. કોચ ચંપકભાઈ મહેતાની રાહબરી નીચે એમનો ઓપનિંગ બેટ્સમેન અને વિકેટકીપર તરીકે વિકાસ થયેલો.

**• આંકડા સંગ્રહ શોખનો આરંભ :**

માત્ર ૧૬ વર્ષની વય (૧૯૩૨) થી એમને ક્રિકેટના આંકડા સંગ્રહ કરવાનો શોખ લાગ્યો હતો. તે વખતે એક ભારતીય ખેલાડીએ મિડલસેક્સ (ઇંગ્લેન્ડ) માં સદી કરી ત્યારે કિશોર આણંદજીને એટલો રોમાંચ થયો કે તે સમાચારનું કાત્રણ કાપી નોટબુકમાં ચોંટાડી દીધું. એમને ત્યારે કદાચ સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે આગળ જતાં આ પ્રવૃત્તિ એમને ક્રિકેટ અને ક્રિકેટરો વિશે જાણકારી ધરાવતા કેટલાક ઉત્તમ સમીક્ષકોમાંના એક તરીકે સ્થાપી દેશે! બસ, ત્યારથી ક્રિકેટની માહિતી સંઘરવાની લગની લાગી તે જીવન પર્યંત જાળવી રાખી.

આમ તો બંને ભાઈઓ કાપડના વેપારી તરીકે 'ગોકુલદાસ ડોસા પેઢી' નો કારોબાર સંભાળતા હતા. વેપારધંધામાં એમનો ઘણો સમય જતો. છતાં બંને બંધુઓ પોતપોતાની રસપ્રવૃત્તિ માટે સમય કાઢી લેતા. ક્રિકેટ-ક્રિકેટરો વિશેના આંકડા કે માહિતી મેળવીને તેને વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબે જાળવવી, એમાં એમની સાચી સંશોધન વૃત્તિ દેખાય છે.

૧૯૫૮માં મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ પર વેસ્ટ ઈન્ડિઝ અને સી.સી.આઈ. ટીમ વચ્ચેની મેચમાં એક દિવસ કોમેન્ટેટરના સહાયક સ્કોરર તરીકે કામ કરવા શ્રી ડોસાને કહેવામાં આવેલું. આ એક દિવસની એમની કામગીરી એટલી તો સફળ થઈ કે ત્યારથી 'કોમેન્ટેટર-બોક્સ' માં એમની હાજરી અનિવાર્ય બની ગઈ. દરેક મેચ વખતે તેઓ ક્રિકેટના વિવિધ આંકડા અને ખેલાડીઓની વિગતપૂર્ણ માહિતી સાથે અચૂક હાજર હોય.

**• અદ્‌ભુત વિવિધ સામગ્રી સંગ્રહ :**

આણંદજીભાઈ પાસે ભારતમાં ક્રિકેટની રમતનો આરંભ કરનારા પારસી ખેલાડીઓથી માંડીને પોતાના સમય સુધીના કોલેજિયન ક્રિકેટરોની માહિતી રહેતી! ક્રિકેટની આંકડાકીય બાબતોમાં જીવંત દંતકથા સમાન લેખાયેલા શ્રી ડોસા ક્રિકેટની ઘણી સૂક્ષ્મ વિગતો આંખના પલકારામાં રજૂ કરી દેતા! ભારતીય ક્રિકેટને લગતા અનેક અણધાર્યા અને અટપટા પ્રશ્નોના ઉત્તર એમને જીભને ટેરવે રહેતા.

સામાન્યતઃ કોઈ ચોક્કસ ખેલાડીએ ટેસ્ટમાં કેટલા ખેલાડીઓને 'રન-આઉટ' કર્યા તે જાણવું મુશ્કેલ હોય છે. પરંતુ આંકડાના આ મહારથી પ્રાયઃ અશક્ય એવા આ પ્રશ્નનો પણ જવાબ શોધી લાવી મર્ચન્ટ સહિત સૌને તાજ્જુબ કરી દેતા! આ રીતે ક્રિકેટના હજારો-લાખો આંકડા મેળવવાની અને જાળવવાની કૂટ કામગીરીની સફળતામાં શ્રી ડોસા વિજય મર્ચન્ટ (૧૯૧૧-૮૭) અને ડિકી રત્નાગર (૧૯૩૧-૨૦૧૩) નાં નામ આપે છે. રેડિયો પરની એમની રનિંગ કોમેન્ટરી અને અખબારો-સામયિકોમાં એમનું કટારલેખન ક્રિકેટ અંગેના એમના જ્ઞાન અને સમજનાં દ્યોતક છે.

માત્ર આંકડાઓ ભેગા કરવાથી એમણે સંતોષ નથી માન્યો. ક્રિકેટ પરનાં

હજારો પુસ્તકો, મહત્ત્વનાં કટીંગ્સની પચાસેક સ્ક્રેપબુકો અને સ્કોરશીટોનો એમનો સંગ્રહ એટલો અદ્‌ભુત છે કે એ જોયા પછી જ એનો સાચો ખ્યાલ આવે. ઉપરાંત, ડોન બ્રેડમેન (૧૯૦૮-૨૦૦૧) ના અવાજની રેકર્ડો, ખેલાડીઓના હસ્તાક્ષરો, ક્રિકેટ વિષયક ખાસ ટપાલ ટિકિટો, અભિનંદન પત્રો, સિગાર પાકીટો, કી-ચેઈનો જેવી સામગ્રીઓ પણ એકત્ર કરતા, જે તમામ એમણે ક્રિકેટ ક્લબ ઑફ ઈન્ડિયાને અર્પણ કરી દીધેલી.

● **લેખન-સંપાદન કામગીરી :**

ક્રિકેટરો મેદાન પર પોતાનું રમત-કૌશલ્ય દાખવે છે પણ ભાવિ પ્રજા માટે તેની રોચક તવારીખ તો આવા આંકડા-સંગ્રાહકો જ સાચવી રાખે છે. વિવિધ પ્રકારના આંકડા મેળવવા અને તેનું વ્યવસ્થિત વર્ગીકરણ કરીને જાળવવા એ એક ચોકસાઈ, ખંત અને અતિ પરિશ્રમ માંગનારી પ્રવૃત્તિ છે. આપણા આ કચ્છી-ગુજરાતી ક્રિકેટ-વિવેચકે આ રીતે સાત દાયકા લગી ક્રિકેટ રસિકોની મોટી સેવા બજાવી હતી.

રત્નાગરના 'ઇન્ડિયન ક્રિકેટફિલ્ડ એન્યુઅલ', CCI ના 'ઇન્ડિયન ક્રિકેટ,' ACSSI ના 'ક્રિકેટ યર બુક' જેવા વાર્ષિકાંકો, 'ક્રિકેટ ક્વાર્ટલી' ત્રૈમાસિક, દુલીપ ધ મેન એન્ડ હિઝ ગેમ, ક્રિકેટ ટાઈઝ, આર્ટ ઑફ સ્કોરિંગ, વિલ્સ ટ્રોફી જેવાં પુસ્તકો, CCI ના સુવર્ણ જયંતી સ્મૃતિગ્રંથ વગેરેનું સંપાદન કે સહસંપાદન કરેલું. આણંદજીભાઈની સચોટ નોંધ પરથી વિશ્વપ્રસિદ્ધ 'વિઝ્ડન' જેવા વાર્ષિક સામયિકે પણ પોતાની આંકડાકીય ભૂલ સુધારવી પડી હતી!

ઉપરાંત, મુંબઈની ક્રિકેટ-વ્યવસ્થામાં પણ એમનો એવો જ ઉજ્જવળ ફાળો છે. મુંબઈની ક્રિકેટ-પ્રવૃત્તિઓ સાથે દાયકાઓ લગી સંકળાયેલા હોઈ તે અંગેની અનેક સમિતિઓમાં સ્થાન પામી સક્રિય રહેલા. ભારતીય ક્રિકેટ નિયંત્રણ મંડળ (BCCI) ની આંકડા સમિતિના અધ્યક્ષ રહ્યા હતા. બોમ્બે ક્રિકેટ એસોસિએશન, કાંગા ક્રિકેટ લીગ અને કાંગા મેમોરિયલ લાયબ્રેરીને પણ એમણે પોતાની મહત્ત્વની સેવાઓ આપી હતી.

● **શુષ્ક વિષય - જીવંત રસરુચિ :**

ક્રિકેટ જગતના આવા પ્રખર જાણકાર અને વિવિધ આંકડાના સુમાહિતગાર જ્ઞાતા એવા આણંદજીભાઈ ડોસાનું ગુજરાત રાજ્ય રમતગમત પત્રકાર સંઘ (૧૯૯૬), મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ (૨૦૦૩) અને ક્રિકેટ ક્લબ ઑફ ઈન્ડિયા (૨૦૦૭) દ્વારા ઉચિત સન્માન પણ કરવામાં આવેલું. નિવૃત્તિ બાદ ૨૦૦૩ થી તેઓ ન્યુયોર્ક (અમેરિકા) સ્થાયી થયા હતા, જ્યાં એમનું ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪ ના અવસાન થયું.

સામાન્યતઃ આંકડા જેવી શુષ્ક કામગીરી કરનાર વ્યક્તિને તે સિવાય બીજા કશામાં રસ હોતો નથી કે પછી તેઓ અંતર્મુખી-સ્વકેન્દ્રિત હોય છે એમ મનાય છે. પણ આણંદજીભાઈ તો નોખી માટીના, જુદી જ કક્ષાના અને સદા હસમુખા માણસ હતા. એમને માત્ર વિક્રમોમાં જ નહિ, પણ તે કેમ સ્થપાયા કે સિદ્ધ થયા તેમાં તથા તેવી વ્યક્તિ વિશેષોમાં પણ રસ હતો. આમ, આણંદજી ડોસા એટલે ક્રિકેટની રમતને જીવન સમર્પિત કરનાર જીવંત રુચિવાળા કચ્છી માડુ અને રસિક આંકડાશાસ્ત્રી! એમની જન્મશતીએ આદરાંજલિ...

*'શિવમ્', ૪૦/બી વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ મો. : ૯૪૭૨૨૩૧૫૦*

## સચીનને તેના પિતાનો પત્ર

'દીકરા, જીવન એક પુસ્તક છે, જેમાં અનેક પ્રકરણો હોય છે. દરેક પ્રકરણમાં ઘણા બોધપાઠ હોય છે, જેમાં સફળતા અને નિષ્ફળતા, આનંદ અને દુઃખ મુખ્ય છે. સફળતા અને નિષ્ફળતામાંથી જે બોધપાઠ લેવાયો હોય છે તે લગભગ સરખો હોય છે. સફળતા અને સુખ ભલે વહાલાં લાગે, પણ તે બંને કરતાં નિષ્ફળતા અને દુઃખ આપણાં મોટાં શિક્ષક છે. તું ક્રિકેટર અને રમતવીર છે, તું નસીબદાર છે કે દેશનું પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ એક વાત તું ભૂલીશ નહીં કે આ તો જીવનનું માત્ર એક પ્રકરણ જ છે. બીજી રીતે કહીએ તો માનવીની જિંદગી ૭૦ કે ૮૦ વર્ષ હોય તેમાં તું કેટલાં વર્ષ રમતમાં વિતાવીશ? વીસ વર્ષ? વધુ સારો ખેલાડી બનીશ તો પચીસ વર્ષ! આ માપદંડથી વિચારીશ તો પણ તું ખેલાડી કરતાં સામાન્ય વ્યક્તિ તરીકે વધુ સમય વિતાવીશ. હું તને પૂછું છું દીકરા, કે શું તું સફળતાને તારા પર હાવી થવા દઈશ? જો તું નમ્ર રહીશ તો પ્રશંસકો તને તારી નિવૃત્તિ પછી પણ એટલો જ પ્રેમ અને આદર આપશે. એક પિતા તરીકે હું વધું ખુશ થઈશ જ્યારે લોકો કહેશે કે 'સચીન એક મહાન ક્રિકેટર હોવા ઉપરાંત સારો માણસ પણ છે.'

એક મધ્યમવર્ગીય પિતાની આ સલાહ તમામ સંતાનો માટે દીવાદાંડીની ગરજ સારે એવી છે. સચીને આ સલાહ એના જીવનમાં ઉતારી હોય એવું આજ સુધીના સચીનના બિનવિવાદાસ્પદ વર્તનથી પુરવાર થતું જોવા મળે છે.

*– રમેશ તેંડુલકર*

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
NSA
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

# શ્રી મધુસૂદન ઢાંકીની મુલાકાત

• હિના શુક્લ •

૧૯૨૭માં ૩૧ મી જુલાઈએ પોરબંદરમાં જન્મેલા ભારતીય સ્થાપત્યના ઈતિહાસના પ્રતિષ્ઠિત કલાવિદ, 'પદ્મભૂષણ' શ્રી મધુસૂદન ઢાંકીસાહેબે ૮૯ વર્ષની ઉંમરે ૨૯મી જુલાઈ, ૨૦૧૬ ના રોજ આપણી વચ્ચેથી મહાપ્રયાણ કર્યું. અગત્યના સીમાચિહ્ન સમાન 'એન્સાઈક્લોપીડિયા ઑફ ઇન્ડિયન ટેમ્પલ આર્કિટેક્ચર' ની ગ્રંથશ્રેણીના મુખ્ય સંપાદક, દેવાલય-સ્થાપત્યમાં સંશોધનનું મહત્ત્વનું કામ કરનારા, શાસ્ત્રીય સંગીત, જૈન ઈતિહાસ, આગમદર્શનના અભ્યાસુ ઢાંકીસાહેબની વિદાયથી લાંબા સમય સુધી ન પુરાય તેવી ખોટ પડી છે. સ્વભાવે ખૂબ નમ્ર, ઋજુ, પરગજુ અને નાનપણથી જ અંતર્મુખ પ્રકૃતિવાળા ઢાંકી-સાહેબને નિકટથી મળવાની તક ૨૦૧૫માં મળી.

મેં તેમનો મુલાકાત માટે સંપર્ક કર્યો ત્યારે ખૂબ પ્રેમ અને ઉમળકાથી તેમણે મને સંમતિ આપી. ત્યારબાદ તેમને અવારનવાર મળવાનું થયું. પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં ખૂબ લાગણીથી ઉત્સાહભેર તેઓ પોતાની વાત ખૂબ ચીવટ અને વિગતવાર કરતા. શારીરિક તકલીફોને અવગણીને તેઓ વાતોમાં રમૂજ પણ લાવતા અને મને હંમેશ લિફ્ટ સુધી મૂકવા આવવાનો આગ્રહ પણ રાખતા. તેઓ બે વરસના હતા ત્યારથી બનેલા બનાવો જાણે હમણાં જ બન્યા હોય તે રીતે રજૂ કરવાની અસાધારણ સ્મરણ શક્તિ તેમનામાં હતી. પુણેની ફર્ગ્યુસન કોલેજના વિજ્ઞાનશાખાના તેઓ અભ્યાસુ વિદ્યાર્થી હતા. તે વખતના કૉલેજકાળના મિત્રો સાથેનાં ટીખળો, ત્યાર પછીની બેંકની નોકરીના અનુભવો, પોરબંદરમાં પુરાતત્ત્વ મંડળની સ્થાપના કરી તેના અનુભવો, તેમના બનારસ અને દક્ષિણ ભારતમાંના લાંબા વસવાટના અનુભવો, વિશ્વનાં કેટલાંયે મંદિરોના સ્થાપત્યની તેમણે લીધેલી મુલાકાતો, તેમના પારિવારિક અનુભવો વગેરેની ઘણીબધી વાતોનો અમૂલ્ય ખજાનો મારી આગળ સાહજિકતાથી (gracefully) ખોલી બતાવ્યો. તેઓ ઋણાનુબંધમાં માનતા. તેઓ પાંચ માનસપુત્રો અને ત્રણ માનસપુત્રીઓના પિતા હતા. તે માટે તેમને ખુશી અને ગૌરવ હતાં. અત્યંત નિઃસ્પૃહી, ખૂબ સાદગીથી જીવતા બહુમુખી પ્રતિભાવાળા ઢાંકીસાહેબનું 'પદ્મભૂષણ', 'કુમાર', ચંદ્રક, ઈતિહાસ પરિષદ દ્વારા 'લાઈફ ટાઈમ' એચિવમેન્ટ ઍવોર્ડ, 'હેમચંદ્રાચાર્ય' સુવર્ણચંદ્રક, શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક વગેરે પુરસ્કારોથી સન્માન થયેલું. પરંતુ તેઓનું વલણ આ બધાં પ્રત્યે ઉદાસીન રહેતું. મેં તેમને જ્યારે પૂછેલું કે, 'ઢાંકીસાહેબ, મોક્ષની ઇચ્છા ખરી? ત્યારે હસીને બોલેલા :

"હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે.' આ આનંદ તો દેહધારીને જ પ્રાપ્ત થાય!"

અસાધારણ જ્ઞાનવૃદ્ધિ વ્યક્તિના નિકટ પરિચયમાં આવવાનું થયું તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. ઈશ્વર તેમના પુણ્યાત્માને અપાર શાંતિ અર્પે તેવી પ્રાર્થના છે. તેમની પુણ્ય ચેતનાને પ્રણામ કરી તેમની સાથે મુલાકાતના થોડા અંશ અહીં મૂકું છે.

★

***હિના શુક્લ :*** ઢાંકી સાહેબ, ફર્ગ્યુસન કૉલેજના વિજ્ઞાન શાખામાં સ્નાતક થયા બાદ આપે શું કર્યું? ભારતીય દેવાલય-સ્થાપત્યના સંશોધન તરફનો અભિગમ આપને કઈ રીતે સ્ફુર્યો?

***મધુસૂદન ઢાંકી :*** ગ્રેજ્યુએટ થયા બાદ મારે તો એમ.એસ. અને પીએચ.ડી. કરવા જવું હતું અમેરિકા, પરંતુ સંજોગોવશાત્ તે શક્ય બન્યું નહિ. હું સાયન્સનો વિદ્યાર્થી ખરો; પણ મેં કોલેજકાળ દરમિયાન જ ઇતિહાસ, સ્થાપત્ય અને પુરાતત્ત્વના ઇતિહાસનાં ઘણાં પુસ્તકો વાંચેલાં. શરૂઆતમાં ઇજિપ્ત, રોમ, ગ્રીસ, યુરોપ - એમ પરદેશનું સાહિત્ય મેં ઘણું વાંચેલું. ઇજિપ્તના સ્થાપત્ય અને શિલ્પનું મને ઘેલું લાગ્યું હતું. ઇજિપ્તનું સ્થાપત્ય મને ભય પમાડતું હોય તેવું લાગતું. મને ઘણી વાર એવા અનુભવો થતા અને હું તેનાથી દૂર ભાગતો! મિડિવિયલ (મધ્યયુગ) ગૉથિક શૈલી ઉપરનાં પુસ્તકો પણ બેંકમાં કામ કરતાં કરતાં વાંચેલાં અને પર્સી બ્રાઉનનો હિંદુ સ્થાપત્યનો ગ્રંથ પણ વાંચેલો. આમ હું સાયન્સનો વિદ્યાર્થી પણ મારી અંદરની રૂચિ મને ખેંચી ગઈ દેવાલય-સ્થાપત્ય અને તેના ઇતિહાસ તરફ.

***હિના શુક્લ :*** આપનો મૂળ જીવ તો સંશોધકનો. ૧૯૫૩ માં આપે પોરબંદર સંશોધક મંડળની સ્થાપના કેવી રીતે કરી અને તેમાં જુદા જુદા સ્તરના રસ ધરાવતા લોકો આપની સાથે કઈ રીતે જોડાયા તેની વાત કરશો?

***મધુસૂદન ઢાંકી :*** બેંકની નોકરી દરમિયાન શ્રી હસમુખ સાંકળિયાનું 'આર્કિયોલોજી ઑફ ગુજરાત' પુસ્તક મારા હાથમાં આવ્યું. આ દ્વારા મેં જાણ્યું કે આપણી આજુબાજુ ઘણાં પ્રાચીન મંદિરો છે જે જોવાં જોઈએ. તેમાં આગળ શોધ કરવી જોઈએ. આમાં આગળ વધતાં ત્રણ નવાં પુરાતન મંદિરોની જાણ થઈ અને મને થયું અહીં આર્કિયોલોજિકલ સોસાયટીની સ્થાપના કરવી જોઈએ. ૧૯૫૧માં મેં સંશોધનનું કામ શરૂ કર્યું અને ૧૯૫૩ માં પોરબંદરમાં આ સંશોધક મંડળની સ્થાપના થઈ.

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૪૯ ઉપર)**

# અગ્નિપરીક્ષાના પંથે : હિલેરી ક્લિન્ટન

• રક્ષા વ્યાસ •

દુનિયા આખીનું ધ્યાન અત્યારે અમેરિકા પર કેન્દ્રિત છે. ખાસ કરીને જુલાઈ માસમાં અમેરિકાના પ્રમુખપદના ઉમેદવારો કોણ હશે અને કોણ ચૂંટાઈ આવવાની સંભવિતતા ધરાવે છે તેના પર ભાવિ વિશ્વના નકશાનો આધાર રહેશે. આ અંગે સતત પ્રિ-પૉલ (ચૂંટણી પૂર્વેના આધારભૂત વર્તારા) દ્વારા જાણીતાં પ્રેસગૃહો તે અંગેની મોજણીઓ કરી રહ્યાં છે. અમેરિકાના બે મુખ્ય રાજકીય પક્ષો - ડેમૉક્રેટિક અને રિપબ્લિકન - વચ્ચે એ માટે કટ્ટર સ્પર્ધા હોય છે. રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમૉક્રેટિક ઉમેદવાર હિલેરી ક્લિન્ટન વચ્ચે અમેરિકાના આગામી પ્રમુખપદ માટે તીવ્ર સ્પર્ધા છે.

અમેરિકા ખૂબ સમૃદ્ધ અને વિકસિત દેશ હોવા છતાં તેના આજ સુધીના ઈતિહાસમાં એક પણ મહિલા પ્રમુખના પદે તો ચૂંટાયાં જ નથી; પરંતુ એક પણ મહિલા પ્રમુખ ઉમેદવાર તરીકે પણ પસંદ કરાયાં નથી, તેથી હિલેરી ક્લિન્ટન પ્રમુખપદ માટે ઉમેદવાર ઘોષિત થતાં તેઓ અમેરિકાના રાજકીય ઈતિહાસનાં સૌપ્રથમ અધિકૃત મહિલા ઉમેદવાર બન્યાં છે. એ જ રીતે જો તેઓ પ્રમુખ તરીકે ચૂંટાશે તો તેઓ અમેરિકાનાં સૌપ્રથમ મહિલા પ્રમુખ બનશે. કોણ છે આ હિલેરી ક્લિન્ટન? અમેરિકાના પૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટનનાં પત્ની, અમેરિકાનાં પ્રથમ મહિલા હિલેરી ક્લિન્ટન છેક લગભગ ૧૯૬૨થી અમેરિકાના રાજકીય જીવનમાં સક્રિય બન્યાં હતાં.

શાળાના ઈતિહાસ-શિક્ષક દ્વારા તેમના વિચારો ઘડાયા પછી માનવ અધિકારોના પુરસ્કર્તા અને હબસી પ્રજાના સ્વાતંત્ર્ય માટે મથનારા માર્ટિન લ્યુથર કિંગનું ૧૯૬૨નું શિકાગો પ્રવચન સાંભળી તેઓ શોષિત, પીડિત પ્રજા માટે કંઈક કરવા કૃતનિશ્ચયી બન્યાં હતાં. આ હતું તેમના રાજકીય જીવનનું આરંભબિંદુ. તે સાથે ક્રિમિનલ લૉનો અભ્યાસ ચાલુ હતો તે પૂરો કરી સ્નાતક અને અનુસ્નાતક પદવી મેળવી તેમણે જાહેર જીવનમાં સક્રિય બનવાની શરૂઆત કરી. ૧૯૭૫માં બિલ ક્લિન્ટન સાથેનાં લગ્ન પછી પણ તેમણે પૂર્વ જીવનનું રોધામ હિલેરી નામ ચાલુ રાખવાનું પસંદ કર્યું હતું. આ નામ બાબતે તેમનો જવાબ હતો કે 'It showed that I was still me.' આમ પ્રારંભથી તેઓ મહિલાઓ સ્વતંત્ર રીતે કામ કરે, વિકસે અને આગળ વધે તેવા વિચારોનાં પુરસ્કર્તા રહ્યાં છે.

૧૯૭૪માં બિલ ક્લિન્ટન આર્કાન્સના રાજ્યના એટર્ની જનરલ બન્યા. રાજ્યના એટર્ની જનરલનો હોદ્દો સન્માનીય હોદ્દો હોય છે. ૧૯૭૭માં હિલેરી 'રોઝ લૉ ફર્મ' માં જોડાયાં. થોડાંક વર્ષો બાદ તેઓ આ પેઢીનાં ભાગીદાર બન્યાં ત્યારે તેમની આવક બિલ કરતાં વધારે હતી. આ વર્ષો દરમિયાન બાળકો માટેની નીતિ અને અધિકારો અંગેના લેખો દ્વારા તેઓ જાણીતાં બન્યાં હતાં. ઈતિહાસકાર ગેરી વિલ્સ તેમને 'છેલ્લા બે દસકાનાં મહત્ત્વનાં વિદ્વાન અને કર્મશીલ' તરીકે ઓળખાવે છે. ૧૯૭૯ માં બિલ આર્કાન્સના ગર્વનર બન્યા અને રોધામ હિલેરી આર્કાન્સનાં પ્રથમ મહિલા બન્યાં. જાન્યુઆરી ૧૯૭૯ થી ૧૯૯૨ સુધીનાં લગભગ ૧૨ વર્ષો આ સ્થાને રહેવા સાથે તેમણે આર્કાન્સના ગરીબ પ્રજાજનો માટે કામ કર્યું. ૧૯૮૦માં પુત્રી ચેલ્સાના જન્મ સાથે માતૃત્વની જવાબદારી અને ફરજો છતાં કામમાં ખાસ ઓટ આવવા દીધી નહીં. ૧૯૯૨માં બિલ ક્લિન્ટન અમેરિકાના પ્રમુખપદના ઉમેદવાર રહ્યા. ચૂંટણી બાદ જાન્યુઆરી, ૧૯૯૩માં બિલ ક્લિન્ટન અમેરિકાના પ્રમુખ બનતાં હિલેરી ક્લિન્ટન અમેરિકાનાં પ્રથમ મહિલા (પ્રમુખનાં પત્નીને 'ફર્સ્ટ લેડી' ના માનદ્ નામથી ઓળખવાની એક પરંપરા) બન્યાં. હિલેરી ક્લિન્ટન પહેલાં એવાં પ્રથમ મહિલા હતાં જેઓ અનુસ્નાતક પદવી ધરાવતાં હતાં. વ્હાઈટ હાઉસમાં (અમેરિકાના પ્રમુખનું સત્તાવાર નિવાસસ્થાન) ના પ્રવેશ સુધી તેમની સ્વતંત્ર વ્યવસાયી કારકિર્દી ચાલુ હતી.

અમેરિકાના ઈતિહાસમાં પ્રમુખ રુઝવેલ્ટનાં પત્ની એલિનોર રુઝવેલ્ટ તેમની માનવ અધિકારોની ઝુંબેશ માટે જાણીતાં હતાં. એ જ રીતે હિલેરી ક્લિન્ટન પણ આ ક્ષેત્રે સક્રિય હોવાથી most openly empowered President's wife in American history તરીકે તે ઓળખાતાં અને વ્હાઈટ હાઉસની 'વેસ્ટ વિંગ' માં તેમની ઑફિસ રહેતી.

મહિલા અધિકારો માટે તેમણે કામ કરવા સાથે હેલ્થ કેર પ્લાન - ૧૯૯૩ અમલમાં મુકાવ્યો જે જાહેર સ્વાસ્થ્ય સાથે નિસબત ધરાવતો હતો. મહિલાઓ અંગે થતી હિંસા માટે સક્રિય બનીને 'Adaption and safe families Act' તેમણે અમલમાં મુકાવ્યો. આ બંને કાર્યો દ્વારા તેમણે જાહેર સુખાકારીને પ્રાધાન્ય આપી પ્રત્યેક સામાન્ય નાગરિકના હિતમાં ઊંચાં પગલાં ભર્યાં. દેશનાં પ્રથમ મહિલા તરીકે આ તેમનું મોટું પ્રદાન હતું. ૧૯૯૯ માં ફિલાન્થ્રોપી અને ૨૦૦૦માં ટીનેજર્સ માટેની બે અલગ અલગ કૉન્ફરન્સો યોજીને કિશોરો માટે અને દાનના ક્ષેત્રે તેમણે નવા ચીલા ચાતર્યા.

૧૯૯૫માં બેજિંગ ખાતે યોજાનારી 'ચોથી વિશ્વ મહિલા પરિષદ' માં હાજર રહીને દુનિયાના ૧૮૦ દેશોના પ્રતિનિધિઓ સમક્ષ તેમણે એક વિશેષ વિચાર વહેતો કર્યો : 'human rights

are women's rights and women's rights are human rights.' આ મહિલાલક્ષી ચિરસ્થાયી સત્ય માટે કામ કરવાનો, દ્રઢતાથી આગળ વધવાનો માર્ગ તેમણે સૌને બતાવ્યો. જે વિચાર પાછળથી આ પરિષદના મુખ્ય 'સંદેશ' તરીકેની ઓળખ પામ્યો.

૧૯૯૭માં પ્રમુખ બિલ ક્લિન્ટન બીજી મુદત માટે આ હોદ્દા પર ચાલુ રહ્યા ત્યારે તેમણે વ્હાઈટ હાઉસને નવો ઓપ આપ્યો. ૨૦૦૦માં સક્રિય રાજકારણી ડેનિયલ પેટ્રીક મોયનિહાનની નિવૃત્તિથી ખાલી પડેલી ન્યૂર્યોર્કની સેનેટની બેઠક માટે તેઓ ડેમૉક્રેટિક ઉમેદવાર બનીને ચૂંટાયાં. ૩ જાન્યુઆરી, ૨૦૦૧માં તેમણે અમેરિકાના સેનેટર તરીકેના સોગંદ લીધા ત્યારે તેઓ પ્રથમ અને એક માત્ર મહિલા હતાં જેમણે અમેરિકાના પ્રથમ મહિલા બન્યા પછી ચૂંટણી સાથેનો હોદ્દો પ્રાપ્ત કર્યો. તેમની અલગ, સ્વતંત્ર રાજકીય કારકિર્દી પછી તો વેગથી વિસ્તરી. તેઓ સેનેટની પાંચ કમિટીઓમાં સક્રિય સભ્ય રહ્યાં.

'વર્લ્ડ ટ્રેડ સેન્ટર' ની ધ્વસ્ત ઇમારતના પુનર્વિકાસમાં તેમણે સક્રિય રીતે કામ કર્યું. એ સાથે વિદેશ સંબંધોના ક્ષેત્રો તેઓ કામ કરતાં થયાં અને અફઘાન મહિલાઓ માટે કામ કરવા સાથે તાલિબાની પ્રવૃત્તિ રોકવા માટે ૨૦૦૧માં અફઘાનિસ્તાન અંગે અમેરિકાની લશ્કરી કાર્યવાહીને સમર્થન આપ્યું. ૨૦૦૨માં ઇરાક વોર રેવોલ્યુશનમાં જ્યોર્જ બુશને પણ સમર્થન આપ્યું. જોકે પછીથી તે અંગેની ભૂલ પણ કબૂલ કરી. ૨૦૦૬ અને ૨૦૦૮માં પ્રમુખીય ઝુંબેશમાં સક્રિય રહ્યાં.

એક સમયે બરાક ઓબામા સાથે સ્પર્ધક હોવા છતાં ઓબામાને પછીથી પ્રમુખ તરીકે ટેકો આપ્યો. ઓબામા મંત્રીમંડળમાં વિદેશ મંત્રીનો હોદ્દો ગ્રહણ કર્યો ત્યારે સેનેટના હોદ્દાનું રાજીનામું આપ્યું. આ સંદર્ભમાં તેઓ પહેલાં એવાં પ્રથમ મહિલા છે કે જેમણે અમેરિકાના મંત્રીમંડળમાં સક્રિય કામગીરી બજાવી. આ હોદ્દાની રૂએ વ્યાપક વિદેશ પ્રવાસો કરવા સાથે તેમણે વિશ્વભરમાં મહિલા સશક્તીકરણની દિશામાં મજબૂતીથી આગળ વધવાનો પ્રયાસ કર્યો. આ કામો સાથે તેઓ વિદ્યાર્થીઓ સાથે, આદિવાસી સાથે, વડીલો સાથે, મહિલાઓ સાથે ચર્ચાઓ યોજતાં થાકતાં નથી.

વિશ્વ વિદેશ-નીતિનાં વર્તુળોમાં તેમની ગણના મહામુત્સદ્દી તરીકેની છે. ઇતિહાસ જણાવે છે કે દેશો વચ્ચે યુદ્ધ અને વેપાર-સાથોસાથ ચાલે છે. હિલેરી આ સત્ય સારી રીતે જાણે છે. તેઓ અમેરિકાને 'એક અપવાદરૂપ દેશ માની તેના નેતૃત્વની દોર અન્ય કોઈના હાથમાં ન જાય તે માટે' અતિશય સજાગ છે. આવાં હિલેરી ક્લિન્ટનને અમેરિકી પ્રજા પોંખશે કે નહીં તે તો આવનાર સમય જ કહેશે. તેમની અગ્નિપરીક્ષાનો આ સમય છે. ■

---

## શ્રી મધુસૂદન ઢાંકીની મુલાકાત

**(અનુસંધાન : પાના નં. - ૪૭ ઉપરથી ચાલુ)**

કોલકાતામાં મારાથી ઘણી વધુ ઉંમરના અમારા નાતીલા વરજીવનદાસ વેલજી ઢાંકી હતા. તેઓ કોલકાતામાં વેપાર કરતા હતા. તેમને આર્ટનો બહુ શોખ. મને તેમણે બોલાવ્યો અને તેમની સાથે દોસ્તી થઈ ગઈ. બીજા હતા જે. ઓ. શાહ. તેમની પાસે જૈન અને મુઘલ સિક્કાઓનું Collection હતું. એમને પણ પુરાતત્ત્વમાં રસ હતો. તેને થયું કે બધા મળીને આવું એક મંડળ સ્થાપીએ. ત્યારબાદ મણિભાઈ વ્હોરા, સ્કૂલમાં ભૂગોળ શીખવતા રમાકાન્તભાઈ અને ચિત્રકાર ડાહ્યાભાઈ પણ આમાં જોડાયા. નાથાલાલ કરીને એક ભાઈ મારે ત્યાં અવાર-નવાર આવતા. તેઓ એક Portrait કલાકાર હતા. હરજીવનદાસે તો ઘૂમલીનાં મંદિરોના ફોટાઓનાં પ્રદર્શનો કરેલાં. તેઓ પણ આમાં સાથે હતા. પોરબંદરના મહારાજાના પૂર્વજોની જૂની રાજધાની બરડા ડુંગરમાં હતી. ત્યાં આ જૂનાં મંદિરો હતાં અને તેમની સુંદર ફોટોગ્રાફી આ ભાઈએ કરેલી અને મને એક ફોટો બતાવ્યો. મેં પ્રથમ વાર જોયું કે સોલંકી મંદિર કેવું હોય! હું તો ખૂબ ખુશ થઈ ગયો. એ પણ અમારા સભ્ય થયાં. તેમના સિવાય કોઈને ફોટોગ્રાફી આવડતી નહિ. તેઓ ફોટોગ્રાફી કરતા. અમે નવેક જણાએ મળીને સંશોધક મંડળની સ્થાપના કરી. અમે દર રવિવારે મણિભાઈ વ્હોરા, જેમને અમે પ્રમુખ બનાવેલા તેમની ગાડીમાં જુદી જુદી દિશાઓમાં ફરતા અને આમ કરતાં અમે ત્રીસેક જેટલાં મંદિર શોધ્યાં. ફોટોગ્રાફ કાઢ્યા. બરોડા મ્યુઝિયમના ડિરેક્ટર ડૉ. ગોયેઝ જે જર્મન હતા, જેમનું મોટું નામ હતું. તેમને મેં ફોટા મોકલી કહ્યું : 'આ બધાં નવાં શોધેલાં પુરાતત્ત્વ મંદિરોના ફોટા છે અને અમે 'ઓરિજિન ઑફ સોલંકી સ્ટાઈલ ઑફ આર્કિટેક્ચર ઈન ગુજરાત' એના પર સંશોધન કરીએ છીએ, જે સૌરાષ્ટ્રમાં છે.' તેઓ ફોટા જોઈ ખુશ થયા. સોલંકી યુગ પહેલાંનાં આ મંદિરો પોરબંદરથી દ્વારિકા સુધી હતાં. અમે એને મૈત્રક કાળનાં માનતા, પણ અમારે આ માન્યતા ભવિષ્યમાં સુધારવી પડી. મૈત્રકોના સામંતોના વખતનાં આ હતાં. જ્યાં બધે આ સામંતોનું જ રાજ્ય હતું; મૈત્રકોનું સીધું રાજ નહિ. સોલંકી યુગ પહેલાંના છઠ્ઠાથી લઈને દસમા સૈકા સુધીના મંદિરના ફોટોગ્રાફ લીધેલા. મંદિરોના અભ્યાસ અને તેનાં આલેખ-ચિત્રો કરવાનો પ્લાન બનાવી રાખી મેં મારી રીતે બધાંનો અભ્યાસ કર્યો. લાઈબ્રેરીમાંથી શ્રી સાંકળિયાસાહેબનાં તથા તે ઉપરાંત પણ બીજા ઘણાં પુસ્તકો વાંચ્યાં. ડૉ. ગોયેઝે કહ્યું, 'તમે આ rare કામ કરી રહ્યા છો, તેમાં આગળ વધો.' મેં આમાં માત્ર તેનો ઇતિહાસ જ નહિ, પણ તેની શૈલી કઈ છે તેના પર પણ કામ કર્યું. પછી ૧૯૬૧ માં 'મૈત્રક એન્ડ ધ સૈંધવ ટેમ્પલ ઑફ ગુજરાત' નામનું મારું પુસ્તક છપાયું. ■

વાર્તા

# ગોમતી મા

• જોગેશ્વરી છાયા •

ગોમતીમા નિત્યક્રમથી પરવારી મોબાઈલ હાથમાં લઈ, ખુરશી આંગણા રાખીને બેઠાં. શિયાળાનો તડકો ખાવાની તેમની વરસોની આદત હતી.

ઘરની પાસે બે વરસથી મોટું મકાન બનતું હતું. રોજ મજૂરોનો કામ પર આવવાનો સમય અને ગોમતીમાનો તડકો ખાવાનો સમય. મા બધાંને બોલાવે ખબર અંતર પૂછે. બધા પછી જયશ્રી કૃષ્ણ કહીને કામ પર જાય.

"કેમ વીરૂ, આજે બધા ઉદાસ લાગો છો? રોજના કરતાં આજે મોડું પણ થયું છેને?" માએ બધાના ચહેરાને વાંચતાં જ પૂછી નાખ્યું. બધા જયશ્રીકૃષ્ણ કહી કહીને, મોડું થયું હોવાથી ઝડપથી કામે લાગી ગયાં. ગોમતી મા પણ પોતાના કામમાં ગૂંથાયાં. પણ મનમાં બધાની ચિંતાનો રંજ પેસી ગયો.

મોબાઈલ રણક્યો...ફોન હાથમાં લેતાં જ મા બોલ્યાં, 'હલ્લો પ્રિયા, કેમ છો?...'

'નાની, મારો મોબાઈલ ન હતો તો પણ તમને કેમ ખબર પડી કે મારો જ ફોન છે? બીજું પણ કોઈ હોય!'

'અરે પગલી, આ સમય તો તારી જ રાહ જોવાનો હોય. તેથી બીજું કોઈ આ સમયે આવી જ ન શકે...'

'નાની, હવે બોલો, ક્યારે આવવાનું નક્કી કરો છો?'

'આવવાની વાત જ નહીં કરવાની! ફોન પર આટલી વાત થાય છે ને! ત્યાં હોઈએ તો આટલો પણ સમય ન મળે...'

'નાની, તમારા માટે સ્પેશિયલ સમય કાઢીશ બસ! ક્યારેક તો આવવાનું વિચારો... ભલે નાની આવજો, નિરાંતે ફોન કરીશ.. સ્કૂલ જઉં છું.'

છેલ્લાં બે વરસથી ગોમતીમા કચ્છમાં નાગલપુર નામના ગામમાં એકલાં જ રહે છે. ચાર દીકરી અને બે દીકરાના પરિવારમાં અત્યારે સત્યાવીસ જણ સામેલ છે. ગોમતીમાએ તો ગામડાનું જીવન અને પુરાણો વારસો જાળવવાનું ગમતું હોવાથી નાગલપુર ગામમાં જ રહેવાનું નક્કી કર્યું છે અને બાળકો પાસે જવાની ના પાડી છે.

બધા ક્યાંક મન બદલાય અને ક્યારેક બા આવવાની હા પાડી દે એવા મનોભાવથી દરરોજ બાને ફોનમાં આવવાની વાત તો કરે જ કરે.

અમેરિકા, લંડન, દુબઈ, મુંબઈ વચ્ચે બધો જ પરિવાર પોતપોતાની સમૃદ્ધિ સમૃદ્ધ કરવામાં વ્યસ્ત છે.

ગોમતીમાને એકલાં રહેવાનો જરાય અફસોસ નથી. જીવનની યથાર્થતાને તેમણે સમજી લીધી છે. વ્યસ્ત જીવનમાં ઘરડી વ્યક્તિ માટે સમય ફાળવવો અઘરો છે. વળી પોતે પણ સમાજઋણ ચૂકવવાનું નક્કી કર્યું હોય તેમ અનુભવનો લાભ ગામ લોકોને આપે છે. પોતાની સમસ્યા લઈને આવતા લોકો સ્વસ્થ થઈને જાય છે અને પોતાના રસ્તાને સરળ બનાવવાનું શીખી જાય છે. જે ઘડી બીજાના આનંદ માટે જિવાઈ, તે ઘડી રળિયામણી બની જાય એવું માનતાં ગોમતીમાં બીજાના સુખે સુખી રહે છે. આંગણામાં વાવેલી ઔષધીય વૃક્ષવેલી તેની સમૃદ્ધિ છે.

વીરૂ બારણે આવી... "આવ વીરુ કેમ છો?"

"અરે બા કાલે તો બબાલ મચી ગઈ. જરા મોડું થયું તો શેઠે ધમકાવી નાખ્યા. અમે તો સહન કરીએ પણ આ મારો પ્રભુડો તો જુવાન લોહી છે તે બા, ઊકળી ઊઠ્યો. ખૂબ બરડ્યો!"

એ તમે આવા માણસો આગળ કામ કરો.. મને ભણાવ્યો હોતને તો હું પણ શેઠ હોત..આવા માણસો આગળ હું તો સામે જ ન આવું... ગઈ કાલે રાતે સૂતો જ નથી. તેને બાપે ખૂબ સમજાવ્યો. બેટા, દુનિયામાં થોડું સહન કરવાની પણ હિંમત રાખવી પડે. માંડ કામે આવ્યો...

બંગલાવાળા આવા હોય? તેમને જરાય બીજાનો વિચાર જ ન આવે? શું ભગવાન એમને બધું સમુસુતરું જ આપતો હશે?

"ચાલ્યા કરે... રાતને ભૂલી જવાની. સવારના નવા સૂરજ સાથે બધું ભૂલી તાજગીથી કામ કરવાનું." બાએ આશ્વાસન આપતાં કહ્યું.

'બા, તમે મારી વાત સાંભળશો ને તો તમે રડી પડશો. જો મારો સસરો કામે ગયો તો તે પડી ગયોને બંને પગમાં પ્લાસ્ટર આવ્યું છે, મોટી દીકરી ચોબારી પરણાવી હતી તેનો ધણી લઠ્ઠો પીને મરી ગયો ને ત્રણ દીકરીને લઈને ઘેર આવી ગઈ છે. ધણીને કેન્સર છે. તોય તે કામે આવ્યો છે આ બધી ઉપાધિમાં કેમ કામે આવીએ છીએ તે મન જાણે છે. નાની દીકરીને ભણતી હતી ત્યાં જ સારું ઠેકાણું મળ્યું ને તે સાસરે મુંબઈમાં સુખી છે...'

'રાત માથે રાત નથી પડતી. કાયમ બધું રહેતું નથી.' ચિંતા છોડીને કામ પર જવાની બાએ સૂચના આપી.

આકાશને આંબવા મથતી ચકળવકળ આંખો, લાકડાની આડશે બનાવેલા ખોળામાં ઝૂલતી આંખોની માખીઓને જાણે ખબર પડી જતી હોય તેમ તેને આવકારવા આંખોની આસપાસ ઘૂમરાયા કરે છે તેનાથી બે વરસ મોટી બહેન તેને હીંચકાવે

(અનુસંધાન : જુઓ પાના નં. - ૫૫ ઉપર)

# ત્યાં સ્વર્ગ છે!

• ફાધર વર્ગીસ પોલ •

અમારા બંને વચ્ચે ધીમે ધીમે આત્મીયતા વધતી રહી. ચાર આંખોની અમીવર્ષા એ આત્મીયતાને સીંચતી અને હોઠનું સ્મિત એને પોષતું. લાંબા સમય સુધી અમારી આ અમીવર્ષા અને સ્મિત અઠવાડિયામાં એક વાર અમુક ક્ષણ પૂરતાં મર્યાદિત હતાં. ક્ષણ પૂરતી ચારેય આંખો મળે, હોઠ મરક મરક થઈ ઊઠે અને મને કંઈક મળી જાય. એ જ અમારા મિલનનો અંત! હું ફરીથી એ ક્ષણની આતુરતાથી અઠવાડિયા સુધી રાહ જોતો.

તે અરસામાં શહેરના મુખ્ય બજારના દક્ષિણ તરફના દરવાજે હું બેસતો. ઘૂંટણેથી કપાયેલા મારા બંને પગ આગળ ધરીને ત્યાંથી આવતા-જતા લોકોને હું કરગરતો. 'દયા કરો મા-બાપ, બે પગ વિનાના અનાથ અપંગને કંઈક આપો, મા-બાપ, ભગવાન તમારું ભલું કરશે.'

પરંતુ ત્યાંથી પસાર થતા ઘણા લોકો મારા તરફ જોવાની પણ દરકાર કરતા નથી. કેટલાંક જુએ છે તો દ્વેષથી — જાણે હું એમના રસ્તાની આડે આવું છું. કેટલાંક તો અભડાઈ જતા હોય તેમ દૂરથી પસાર થાય. પણ... પેલા ગામડિયા લાગતા કાકા દૂરથી મને શોધતા હોય તેમ મને જોતા આવે. અને ક્ષણિક ઊભા રહી મારા હાથમાં પચ્ચીસ-પચ્ચાસનો સિક્કો મૂકી આગળ વધે. અમારી આંખો મળે, હોઠ હસે. 'ભગવાન, એમનું ભલું કરજે.' હું મનમાં ને મનમાં પ્રાર્થના કરતો.

મારી હંમેશની ટેવ મુજબ એમની આંખોના ભાવ વાંચવા મથતો. ઘણી બધી આંખોની જેમ એમાં તિરસ્કાર નહોતો, કે દયા પણ નહોતી. પણ હતી માત્ર સહાનુભૂતિ ને મમતા. કદાચ એ આંખોમાં અફસોસ પણ હશે. મને અપંગ બનાવનાર ભગવાન સામેના મારા આક્રોશમાં કદાચ એમનો પણ સાથ હશે. ક્ષણ બે ક્ષણ માટે એમની આંખની અમીવર્ષાથી હું મારું દુઃખ અને આક્રોશ બધું જ ભૂલી જતો.

'ઊભા રહો, કાકા, મારે તમને કંઈક કહેવું છે.' એમ એમની સાથે બોલવાનું મન થાય છે પણ મારા હોઠ ખૂલતા નથી. મારી હિંમત સાથ નથી આપતી. મારી સાથે એમને વાત કરવાનું મન થતું હશે કે નહિ? કદાચ, મારી જેમ તેઓ પણ મથામણ અનુભવતા હશે? ભગવાન સામે આક્રોશ કરતા હશે?

તેઓ ક્યાં રહેતા હશે? એમની પત્ની અને બાળકો હશે ખરાં? મારા બાપુની જેમ એ કાકા પોતાની પત્ની અને બાળકોને મારતા હશે? ના, ના. એ એમ નહીં કરતા હોય. મારા બાપુની આંખોમાંનું ખુન્નસ એમની આંખોમાં નથી. મારી બાની આંખોની જેમ એમની આંખોમાં હંમેશાં પ્રેમ અને મમતા દેખાય છે. એક દિવસ એની પાછળ પાછળ જઉં તો...મને થતું. અને બીજી જ ક્ષણે મને મારી નિઃસહાયતાનું ભાન થતું. હું ઊભો તો થઈ શકતો નથી પછી કેવી રીતે એમની પાછળ ચાલી નીકળું? અને હું નિરાશાની ઊંડી ખીણમાં ધકેલાઈ જતો.

મારી આંખો આંસુ વરસાવતી અને મારા બાળપણને ભીંજવતી. બા રોજ નાની બહેનને હાથમાં લઈને ભીખ માગતી બજારમાં ફરતી, ને મને પણ સાથે રાખતી. ભૂખથી હું રડું ત્યારે કંઈ ન મળે તો બહેનની જેમ મને પણ ધવડાવતી. ઘણી વખત ફળના વેપારીએ ફેંકી દીધેલાં સડી ગયેલાં ફળોથી હું મારું પેટ ભરતો. તો કોઈક વાર હોટલોની પાછળ બગડી ગયેલા કે ગ્રાહકોના ખાતાં વધેલા એંઠવાડથી પણ હું અને બા પેટ ભરતાં. પણ આ રીતે ખાવાનું મેળવવા માટે અમારે કૂતરાઓ અને ગાયો સાથે લગભગ યુદ્ધે ચઢવું પડતું! બાને અને મને કૂતરાંની બહુ બીક લાગતી એટલે ઘણીવાર કૂતરાંઓ જ ખાઈ જતાં અને અમે ભૂખે ટળવળતાં.

આખા દિવસની રખડપટ્ટી પછી બા રોજ સાંજે એક ટંકનું ખાવાનું કમાતી અને અમે સાંજે ખાતાં.

બાપુ અઠવાડિયામાં એક-બે દિવસ જ ઘરે આવતા. ત્યારે બા સારું ખાવાનું બનાવે. બાપુ કોઈક વાર એમની 'બાટલી' ની જોડે અમારે માટે કંઈક ખાવાનું પણ લાવતા. પણ બાપુના મારની બીકે તેઓ ઘેર હોય ત્યારે તેમનાથી અને ઘરથી દૂર જ રહેતો અને રાત્રે રોજની જેમ બાના પડખામાં સૂવાને બદલે રસોડાના ખૂણામાં નાની બહેનને સાચવીને સૂઈ જતો. અને ઊઠું ત્યારે બાપુ ઘરેથી નોકરીએ જવા નીકળી ગયા હોય. બા કહે છે કે તારા બાપુ બહુ દૂર કામ કરવા જાય છે.

પણ એક દિવસ હું સવારે ઊઠ્યો ત્યારે બા રોજની જેમ કાગળ અને છાણાં સળગાવી ચા બનાવતી. 'બા, ઓ બા, આજે બાપુ કામ પર નથી ગયા? આજે આટલે મોડે સુધી કેમ સૂઈ રહ્યા છે? એમને ઉઠાડું?'

'ચૂપ રહે. તારા બાપુને રાત્રે ઊલટી થઈ હતી. એ માંદા છે. અવાજ ના કરીશ. જા, બહાર જઈને બેસ.'

બાપુ ઘેર હોય એટલે મારે બહાર જ બેસવાનું હોય. હું ચૂપચાપ બહાર નીકળી ગયો. શું કરું! રોજની જેમ બા જોડે શહેરમાં રખડવાનું નહિ મળે. બાપુ માંદા છે એટલે બા આજે ઘરમાં જ રહેશે. બીજા છોકરાઓ જોડે રમવા જાઉં? પણ, બધા મારા બાપુને દારૂડિયો અને મને દારૂડિયાનો છોકરો કરી પજવશે ને મારશે. એટલે હું પણ ઘરમાં સંતાઈને સૂનમૂન બેસી રહ્યો. નાની બહેનને રમાડી કાલીઘેલી ભાષામાં એની સાથે વાતો કરતો રહ્યો.

'તું મોટી થઈશ ત્યારે આપણે બંને રમીશું. આપણે સંતાકૂકડી રમીશું. હું તને દૂર દૂર ફરવા લઈ જઈશ.'

પણ સાંજ સુધીમાં તો હું ઘરે કંટાળી ગયો. છાનોમાનો હું ઘેરથી નીકળીને સાંજે બે-ત્રણ વખત અમને બા જે બગીચામાં લઈ જતી તે નજીકના બાગ-બગીચામાં ગયો. બા મને ત્યાં લઈ જઈ હીંચકા ખવડાવતી. પણ બાએ મને ત્યાં એકલા જવાની ના પાડી હતી. બા બહાર કંઈક લેવા દુકાને ગઈ હતી તે તકનો લાભ ઉઠાવી હું સીધો એ બગીચામાં પહોંચ્યો. રાત પડવા આવી હતી. હીંચકો ખાલી હતો. હું સીધો એના પર ચઢી ઝૂલા ખાવા લાગ્યો. ખૂબ હીંચકા ખાધા ત્યારે ક્યાંકથી બે મોટા છોકરાઓ આવી પહોંચ્યા.

'નીચે ઊતર, આ હીંચકા અમારા છે. તારાં ગંદા કપડાંથી આ હીંચકા ગંદા થઈ જશે. ઊતર નીચે.' તેઓએ હાથ પકડીને મને ખેંચ્યો. પણ હું હીંચકાને જોરથી પકડીને બેસી રહ્યો. એટલે બંને છોકરાઓ મારી આજુબાજુ ઊભા રહી જોર જોરથી ઝૂલા ફંગોળવા લાગ્યા. મને તો ખૂબ મઝા પડી. પણ ત્યારે એક છોકરાએ ઝૂલતા ઝૂલામાંથી જોરથી લાત મારીને મને નીચે પછાડી દીધો. હાથપગમાં મને ખૂબ વાગ્યું. હાથપગ લોહીલુહાણ થઈ ગયા. મારા હાથે-પગે લોહી નીકળતું જોઈને પેલા બંને છોકરાઓ ગભરાઈને ભાગી ગયા. હું પોક મૂકીને રડ્યો. આસપાસ કોઈ જ નહોતું. હું ઊઠ્યો. હાથ પગ સખત દુઃખતા હતા. ઘરે જાઉં કે ભાગી જાઉં - દ્વિધામાં હતો પણ જાણે-અજાણ્યે હું ઘેર પહોંચ્યો. મને લોહીલુહાણ જોઈને બા ગભરાઈ ગઈ. હીંચકા પરથી પડી ગયો છું એમ જાણીને બા ગુસ્સે થઈને મને મારવા લાગી અને બાપુએ પણ ગાળો ભાંડી.

'ખાવાનું રાંધી મૂક્યું છે. તમતમારે જમી લેજો.' એમ બાપુને કહી બા મને દૂર આવેલા દવાખાનામાં લઈ ગઈ. ડૉક્ટરે મને તપાસ્યો. મારા હાથપગ લંબાવ્યા, વાળ્યા ને દબાવ્યા. 'બચી ગયો, હાડકાં બધાં બરાબર છે' ડોક્ટરે બાને કહ્યું. અને મને ઇંજેક્શન આપ્યું અને ડોક્ટરના કહ્યા મુજબ એક સફેદ સાડી પહેરેલી બહેને મને પાસેની ઓરડીમાં લઈ જઈ મારી સાથે વાતો કરતાં કરતાં મારા જખમો સાફ કરીને દવા લગાવી અને પાટા બાંધ્યા. દવાખાનાથી બહાર નીકળ્યો ત્યારે મારા હાથપગ અને માથા પર પાટા બાંધેલા હતા. પણ બા સાથે ચાલીને જવા માટે મને જરાય તકલીફ નહોતી.

ઘરે પહોંચતાં જ બાપુએ ગાળો ભાંડવી શરૂ કરી. બાપુના ખાધા પછી વધેલું ખાવાનું બધું જ બાએ મને ખવડાવ્યું. અને મને રસોડામાં જ સુવડાવ્યો. પછી બત્તી ઓલવીને હજીય ગાળો ભાંડતા બાપુને બાએ કહ્યું, 'હવે તો છાના રહો, જોતા નથી. પપ્પુને આખું શરીર દુઃખે છે, એને ઊંઘવા દો.' બાપુ થોડીવાર મૌન રહ્યા પછી બાને પાસે બોલાવીને કંઈક ગુસપુસ વાતો કરી. બા બાપુની વાતનો વિરોધ કરતી હોય એમ લાગ્યું. બાપુએ હાડકાંના ઊંટવૈદ્યની વાત કરીને ઉમેર્યું, 'લોકો તને વધારે ભીખ આપશે. હું તને નવી સાડી લઈ આપીશ!' ના, ના, મારે સાડી નથી જોઈતી. એની જિંદગીનો તો વિચાર કરો.'

'જિંદગી તો આવી જ છે!' એમ કહી બાપુએ બાને મારી. 'ચૂપ મર, નહીં તો તારા જ હાથ-ટાંટિયા તોડી નાખીશ.' બાપુ બરાડ્યા. બા રડતી રડતી મારી પાસે આવીને સૂઈ ગઈ.

બીજે દિવસે ઘણા વખત પછી બાપુએ મને ખભે બેસાડ્યો.

'બાપુ, એ બે છોકરાઓએ મને ઝૂલા પરથી પાડી નાખેલો! તમે એમને મારશો ને?'

'હા, બેટા. મારા હાથમાં તો આવવા દે! સાલાઓનાં હાડકાં જ ખોખરાં કરી નાખું. હા!'

'બાપુ, જુઓ પેલું દવાખાનું. બા મને કાલે ત્યાં લઈ ગઈ હતી.'

'એ ડૉક્ટર સારો નથી. માત્ર પૈસા પડાવતાં જ આવડે છે! તારા હાથપગ હજીય દુઃખે છે ને?'

'હા બાપુ.'

'હું તને મારા એક ઓળખીતા ડૉક્ટર પાસે લઈ જઈશ. તે તારા હાથપગને જલદી સારા કરી દેશે.'

'જુઓ બાપુ, બા અને હું રોજ આ જગ્યાએ બેસીએ છીએ.'

'મને ખબર છે. તું ચુપચાપ બેસી રહે. આપણે ડૉક્ટર પાસે જલદી પહોંચવાનું છે, નહીં તો ડૉક્ટર જતા રહેશે.'

આમ દોઢ કલાક પછી અમે એક દવાખાને જઈ પહોંચ્યા. બાપુએ મને એક લાકડાના બાંકડા પર બેસાડ્યો. 'ડૉક્ટર છે?' બાપુએ બૂમ પાડી.

'કોણ છે?' બાજુના ઓરડામાંથી એક કાળા બિહામણા લાગતા માણસે ડોક લંબાવી.

બાપુએ એની નજીક જઈ મારી તરફ આંગળી ચીંધીને કંઈક વાત કરી. થોડી વાર પછી પેલા કાળા માણસે આવીને મારા પગ તપાસ્યા.

'જુઓ સાહેબ, મારા પપ્પુને જલદી સાજો કરી દેજો.' એમ કહી પેલા બિહામણા માણસને રૂપિયાની થોકડી પકડાવી દીધી.

'હા ભાઈ હા. તમે ચિંતા નહીં કરો. પપ્પુ જલ્દી સાજો થઈ જશે.' એમ કહી પેલો માણસ મને અંદરના ઓરડામાં લઈ ગયો.

પછી મને એક ટેબલ પર સુવાડી કંઈક સૂંઘાડ્યું. મને એની ગંધ જરાય ન ગમી. મેં બાને બોલાવવા પ્રયત્ન કર્યો. પણ પછી શું થયું એનો મને જરાય ખ્યાલ નથી.

હું ભાનમાં આવ્યો ત્યારે ઘરે ખાટલા ઉપર હતો. બા મારી બાજુમાં બેઠી હતી. મેં ઊઠવાનો પ્રયત્ન કર્યો પણ મારાથી ઊઠી શકાયું નહીં. 'બા, મને પગે ખંજવાળ આવે છે.' અસહ્ય ખંજવાળ અને દુઃખ મારાથી સહન નહોતાં થતાં.

પણ બાની આંખમાંથી આંસુ સરી

પડ્યા. બા, તું કેમ રડે છે? બાપુએ તને ફરીથી મારી? બા, બાપુ ક્યાં છે?' પણ બા તો ચૂપ જ રહી.

પછી મેં જોયું કે મારા બંને પગના ઘૂંટણે મોટા મોટા પાટા બાંધેલા હતા, અને ઘૂંટણ નીચેના પગ નહોતા!

'બા, મારા પગ ક્યાં? મને બહુ દુઃખે છે.' પીડા સહન ન થતાં મારાથી રડી પડાયું.

'છાનો રહે બેટા, અને આ દવા પી લે. તું જલદી સાજો થઈ જઈશ.'

'પણ બા, મારા પગનું શું થયું? મારા પગ દુઃખે છે પણ દેખાતા નથી?'

'બેટા પપ્પુ, તને ગઈકાલે હીંચકા પરથી પડી જતાં પગમાં વાગેલું ને તારા બાપુ તને ડૉક્ટર પાસે દવાખાને લઈ ગયેલા. તારા પગનો સોજો જોઈ દાક્તરે તને બચાવવા પગ કાપી નાખ્યા. જો પગ કાપ્યા ન હોત તો તું બચી ન શકત.'

'બા, બાપુ ક્યાં છે?'

'તારા બાપુ તો કામ પર ગયા.'

'બા, બાપુએ મને કહેલું કે હું સાજો ન થાઉં ત્યાં સુધી મને રોજ ખભા ઉપર બેસાડશે અને રમકડાં પણ લઈ આપશે.'

'બા, હવે મારાથી મુન્ની જોડે સંતાકૂકડી નહીં રમી શકાય. હું મુન્નીને ફરવા પણ નહીં લઈ જઈ શકું!'

'બેટા, તને ભૂખ લાગી છે ને? ચાલ તને ઊંચકીને બજારમાં જઈએ. મુન્નીને પડોશમાં મૂકી જઈશું.'

મુન્નીને ઊંચકવાને બદલે બા મને ઊંચકી બજારમાં લઈ ગઈ. શહેરના મુખ્ય દરવાજા પાસે એક ફાટ્યું-તૂટ્યું કપડું પાથરી મને ત્યાં બેસાડ્યો.

'પપ્પુ, તારા માટે કંઈક ખાવાનું લઈ આવું.' કહીને બા ગઈ.

મને હાથપગની વેદનાથી તરફડતો જોઈને ત્યાંથી પસાર થતાં લોકો મારી પાસે પાથરેલા કપડાં પર પૈસા નાખી અનુકંપાની એક નજર નાખીને પસાર થઈ જતા. દોઢેક કલાક બાદ મા મારા માટે ખાવાનું લઈને આવી. અને કપડાં પર પડેલા પૈસા ભેગા કરી સાડીના છેડે બાંધી દીધા.

પછી આ રોજનો મારો ક્રમ થઈ ગયો. મારી અપંગતાને લીધે મને ભીખમાં વધુ પૈસા મળવા લાગ્યા.

એક દિવસ જૂનાં કપડાં વેચતી દુકાનેથી બાએ મને એક ખમીસ ને ચડ્ડી ખરીદી આપ્યાં, જે બાના કહ્યા અનુસાર ઘરે જ પહેરવાનાં. બજારમાં ભીખ માગતી વખતે ફાટેલાં-તૂટેલાં ને ગંદાં ખમીસ-ચડ્ડી પહેરવાનાં. બાએ પોતાના માટે એક સાડી અને બાપુ માટે એક ખમીસ ને પેન્ટ ખરીદ્યું. બાપુએ તે રાતે કોઈને ગાળો ન ભાંડી કે ન કોઈને માર માર્યો.

પગ કપાવ્યાના ખાસ્સા દોઢેક વર્ષ પછી બાએ ખરીદી આપેલું નવું ખમીસ પહેરી ઘરની બહાર બેઠો હતો ત્યાં 'કેમ છે દોસ્ત? વાહ સરસ ખમીસ છે ને!' પૂછતાં પડોશમાં રહેતો હરિદાસ આવ્યો ને ઘરની અંદર ડોકિયું કરીને ઉમેર્યું : 'તારો બાપ એક નંબરનો બદમાશ છે! તારા પગ કપાવીને તારી પાસે સારી કમાણી કરાવતો લાગે છે!'

'ના રે, હીંચકા પરથી પડી ગયેલો ત્યારે પગના સોજાને કારણે બાપુએ પગ કપાવી નાખેલા. પગ ન કપાવ્યા હોત તો હું મરી જાત! ખબર છે?' બાએ મને કહેલી વાત મેં તેને કહી.

'તું મૂર્ખ છે. તારા બાપે તારી બાને તારા પગ કપાવવાની વાત કરી ત્યારે તારી બા માની નહોતી પણ તારા બાપુએ એને માર મારીને ચૂપ કરી દીધેલી. તને યાદ હશે કે તારી બા તને પેલા દવાખાને લઈ ગઈ ત્યારે ડૉક્ટરે કીધેલું કે પપ્પુને કંઈ જ થયું નથી. તારી બાએ મારી માને આ વાત કરી છે!'

'એય, તારો બકવાટ બંધ કર!'

'મારી વાત સાચી છે કે જુઠ્ઠી એ તું તારી બાને જ પૂછી જો. જો એ કપડાં ધોઈને આવે છે.'

એ દિવસે મને જરાય ચેન નહોતું. ઘર, ખાવાનું, કશામાં મન નહોતું લાગતું. બાને પૂછી ખુલાસો કરવાની ઈચ્છા થતી પણ હિંમત નહોતી ચાલતી.

'બા રોજ સવારે બજારમાં મૂકી જતી ત્યારે કે બપોરે જમવાનું આપે ત્યારે પણ બાની સાથે ચોખવટ કરવાની મથામણને અંતે એક દિવસે બપોરે મન કઠણ કરી બાને વાત પૂછવાનો નિર્ણય કરી જ લીધો.'

'બા, એક વાત પૂછું?'

'પૂછને બેટા, શું છે? અઠવાડિયાથી તું બહુ બેચેન લાગે છે. શું થયું છે તને? તબિયત તો ઠીક છે ને?'

'તબિયત તો ઠીક છે. પણ હીંચકા પરથી પડી ગયા પછી પગ કપાવ્યા ન હોત તો હું મરી ગયો હોત, એમ તેં મને કહેલું ને?'

'હા, બરાબર છે. હવે તો તારા ઘા પણ મટી ગયા છે. હવે શી ચિંતા છે?'

'બા, તું મને સાચું કહે છે?'

'હા, સાચું જ કહું છું.'

'પણ બા, પેલો હરિદાસ છે ને! ગંગાકાકીનો, તેણે તો મને કહ્યું કે મારી પાસે ભીખ મંગાવવા માટે જ બાપુએ મારા પગ કપાવી નાખ્યા છે. એ કહેતો હતો કે તેં એની બાને વાત કરી હતી ત્યારે એણે સાંભળી લીધું હતું. આ વાત સાચી છે ને બા? સાચું કહે.'

'કોણે? હરિદાસે આ વાત કરી? અરે એ તો જુઠ્ઠો છે! હું એને હમણાં જ સીધો કરું છું!' કહી મારી પૂરી વાત સાંભળ્યા વગર બા ઊભી થઈ સડસડાટ ચાલી ગઈ. તેની આંખો આંસુથી ભરાઈ ગઈ.

સાંજે મને બા લેવા આવશે ત્યારે ફરીથી પૂછીશ એમ મન મનાવી બેઠો. સાંજે પૈસા મળેલા તે એકઠા કરી બાની રાહ જોતો બેઠો પણ કોઈ કહેતાં કોઈ મને લેવા આવ્યું નહીં.

મારું મન વિચાર ચડ્યું શું થયું હશે? બા કેમ ન આવી? આજે બાપુનો ઘરે આવવાનો દિવસ છે. બાપુએ ચોક્કસ માને માર માર્યો હશે. અડધી રાત વીતી પણ કોઈ લેવા ન આવ્યું? મને બીક લાગવા

માંડી. મારી બાજુમાં બેસતા એક વૃદ્ધ ડોસા પાસે ખસતો ખસતો ગયો. મને જોઈને તેણે પૂછ્યું, 'કેમ, પપ્પુ ઘરે નથી ગયો?'

'ઘરે જવું છે પણ બા મને લેવા નથી આવી.'

'તું ક્યાં રહે છે?' ડોસાએ સહાનુભૂતિથી પૂછ્યું.

'પેલા પુલ નીચેના ઝૂંપડામાં.'

'એ તો ખાસ્સું દૂર છે. એમ કર. આજે રાતે મારી પાસે દુકાનના ઓટલા ઉપર જ પડી રહે. પણ દુકાન બંધ થયા પછી જ જવાનું. નહીં તો પોલીસ મારશે.'

બીજા દિવસે પણ બા દેખાઈ નહીં. મને બા નથી લેવા આવી તે કારણે જરાય ખાવાની ઈચ્છા પણ નહોતી થતી.

'ખાઈ લે બેટા, તું કંઈ જ નહીં ખાય તો મરી જઈશ.' પેલા વૃદ્ધ કાકા આગ્રહ કરી ખવડાવતા.

આમ દિવસો વીતવા લાગ્યા. બા-બાપુનું નામનિશાન પણ દેખાયું નહીં. એક દિવસ વૃદ્ધ કાકા મારી પાસેથી બધી માહિતી ભેગી કરી ભીખ માગવાને બદલે બા-બાપુ વિશે તપાસ કરવા હું રહેતો હતો ત્યાં ગયા. છેક મોડી સાંજે એ પાછા ફર્યા.

તેમણે સમાચાર આપ્યા કે એક રાતે બાપુ આવીને ઉતાવળે ઘર વેચી બાને તેની ઈચ્છા વિરુદ્ધ બળજબરીથી સાથે લઈ ગયા છે. લોકો કહે છે કોઈના પગ તોડી નાખવા બદલ પોલીસ ધરપકડ કરી સખત સજા કરશે તેમ જાણી તેઓ ક્યાંક નાસી ગયા છે. એ ક્યાં ગયા છે એની કોઈને ખબર નથી.

બાને ગયાંને ત્રણેક વર્ષ થયાં. બા અને નાની મુન્નીની રાહ જોઈને મારાં દુઃખો હું જીરવી રહ્યો. એ દિવસોમાં વૃદ્ધ કાકા જ મારો આશરો હતા. દોઢેક વર્ષ પહેલાં કાકા રાતે ઊંઘીને સવારે ઊઠ્યા જ નહીં. ત્યારે બીજીવાર મારી બા છોડીને જતી રહી એમ મને લાગ્યું.

ધીમે ધીમે એકલવાયા જીવનથી હું ટેવાઈ ગયો. પણ એકલતા મને સાલતી. કોઈ સંગાથ શોધવા મથતો. પણ મારા જેવા અપંગ અસહાયનો કોણ સાથી બને? બાપુ પીને માર મારતા ત્યારે છાતીસરસો ચાંપી ચુંબન કરનાર બા માટે મારું મન ઝૂરતું.

ત્યાં એક દિવસ બાની આંખોમાં જે મમતા નીતરતી તેવી જ મમતાભરી બે આંખો મને મળી. ગામડિયા લાગતા એક આધેડ ખેડૂતની એ આંખો હતી. તેઓ મારા હાથમાં પૈસાના સિક્કા મૂકતા ત્યારે રાબેતા મુજબનું 'ભગવાન તમારું ભલું કરે' મારા હોઠે આવતું જ. મારી આંખો એમની આંખોને મળતાં એક મંદ સ્મિતથી જ મારી આભારની લાગણી હું પ્રગટ કરતો.

એ ખેડૂતકાકા દર અઠવાડિયે એકવાર બજારમાં ખરીદી માટે આવતા. અમારી આંખો મળતી અને આત્મીયતા વધી. પણ એમની આંખોમાં મમતાની સાથે અફસોસ અને વેદનાની મથામણ પણ હું અનુભવતો.

મને ઘણીવાર તેમને કહેવાનું મન થતું કે, 'કાકા, થોડીવાર મારી પાસે બેસો. મારે તમારી સાથે વાત કરવી છે.' પણ હિંમત સાથ નથી આપતી. હું વિચારતો કે મારા બોલવાથી તે અહીંયાં આવતા જ બંધ થઈ જશે તો!

એક દિવસ એ ખેડૂતકાકાએ જ મારી પાસે આવીને કહ્યું, 'તું મારી સાથે આવીશ?'

ક્ષણેક માટે હું એકદમ અવાક્ થઈ ગયો. બિલકુલ અણધાર્યો. પ્રશ્ન હતો.

'તમારે ત્યાં અહીંના કરતાં વધારે ભીખ મળશે?' શું કહેવું એની દ્વિધામાં મેં પૂછી નાખ્યું.

'હું તને મારા ઘરમાં રાખીશ. ત્યાં ભીખ માગવાની નથી. હું અહીંથી નજીકના એક ગામના ખેતરમાં રહું છું.'

'પણ હું ચાલી શકતો નથી.'

'આવતા અઠવાડિયે હું ડાંગર વેચવા શહેરમાં આવવાનો છું ત્યારે તને ગાડામાં બેસાડીને લઈ જઈશ. વિચાર કરી જોજે.' એમ કહી ખેડૂતકાકા જતા રહ્યા.

મારા મનમાં હજાર પ્રશ્નો ઊમટ્યા કે, એમના ઘરમાં કોણ કોણ હશે? બધાં શું કરતાં હશે? ઘરમાં બધાં મારો સ્વીકાર કરશે કે કેમ? આ કાકા મારા બાપાની જેમ પીતા તો નહીં હોય ને!

ના. એમની આંખોમાં બાની આંખોમાં જે મમતા, પ્રેમ, હૂંફ દેખાતાં હતાં તેવાં જ પ્રેમ, મમતા અને હૂંફ દેખાય છે. એમણે કહ્યું તો હતું કે મારે ઘરે તારે ભીખ માગવી નહીં પડે.

એમને બાળકો હશે? નાનાં હશે કે મોટાં? નાનાં બાળકો હોય તો હું એમની મારી નાની મુન્નીની જેમ સાચવીશ. એમને રમાડીશ.

શંકાકુશંકા, આશા-અભિલાષાઓના વમળમાં આખું અઠવાડિયું પસાર થઈ ગયું. અને મારી સામે એક બળદગાડું આવીને ઊભું રહ્યું. હું ખુશ થયો. જાઉં ના જાઉં-નો નિર્ણય લઉં તે પહેલાં તો કાકાએ મને ઊંચકીને સાવધાનીથી ગાડામાં બેસાડી દીધો.

મારે એમને ઘણું પૂછવું હતું પણ બીકને કારણે મારી જીભ ઊપડતી નહોતી. મારી અસ્વસ્થતાને કાકાએ પારખી અને વાતો કરવા લાગ્યા.

'બેટા, તું બિલકુલ ચિંતા ન કરતો. હું તને મારા દીકરાની જેમ જ રાખીશ. ઘેર બધાં તારી રાહ જુએ છે.' પછી કાકા એમના ઘરની, પત્નીની, બાળકોની, ખેતરની, ઢોરઢાંખરની એમ બધી વાતો કરવા લાગ્યા.

વાતોમાં ને વાતોમાં ક્યારે ખેતર આવી ગયું એની ખબર જ ના પડી. ખેતરના દરવાજે બે નાનાં બાળકો, 'ભાઈ આવ્યો, ભાઈ આવ્યો'ની બૂમો પાડતાં ગાડામાં ચઢી ગયાં. બળદગાડું ઘરના આંગણે પહોંચતાં જ, 'ભાઈ આવ' કહીને મારી બાની જ ઉંમરની એક બહેને મને આવકાર્યો.

'બા, આ ભાઈને અમે લાવ્યા.'

કહીને બંને બાળકો બાને વીંટળાઈ ગયાં. કાકાએ મને ગાડીમાંથી ઊંચકી પાસેના ઓટલા પર એક નવી અજાયબ ચાર પૈડાંવાળી ખુરશી પર બેસાડ્યો. એને બે પૈડાં તો એટલા માટે કે હું તેને હાથથી ચલાવી શકું.

'હવે નાસ્તાની વ્યવસ્થા કરો. ખૂબ ભૂખ લાગી છે,' કાકાએ કહ્યું.

'ભાઈને હું લઈ જઈશ.' 'હું લઈ જઈશ' કહેતાં કહેતાં બંને બાળકો પાછળથી ખુરશીને ધક્કો મારી મને ઘરની અંદર લઈ ગયાં. ઘરમાં ગરમાગરમ નાસ્તો તૈયાર જ હતો. જમતાં જમતાં બંને ભાઈબહેન મારી સાથે વાતો કરતાં હતાં. બંને બાળકોમાં સહેજ મોટી લાગતી છોકરીએ મારા કાનમાં મોટું રહસ્ય કહેતી હોય તેમ ધીમેથી જણાવ્યું, 'ભાઈ, બાપુ તારા માટે બે ખમીસ અને બે સુંદર ચડ્ડી લાવ્યા છે.'

'નાસ્તો કર્યા પછી આપણે બહાર રમવા જઈશું.' નાના છોકરાએ દરખાસ્ત મૂકી. 'ભાઈ ખુરશી પર બેઠાં બેઠાં બૉલ ફેંકશે અને આપણે લઈ આવીશું.' એણે પોતાની બહેનને કહ્યું.

'ના, નાસ્તા પછી આપણે ભાઈને તાજી વિયાએલી વાછરડી બતાવીશું.' કાકાએ કહ્યું.

આ બાળકોની અને કાકા-કાકીની આત્મીયતા મને સ્પર્શવા લાગી. મારાં ડર અને સંકોચ ક્યારનાંય નાસી ગયાં હતાં.

નાસ્તો કરતાં મેં કાકાને કહ્યું, 'કાકા, એક પ્રશ્ન પૂછું?'

'હા. બોલને. શું કહેવા માગે છે?' કાકાએ ચાનો કપ નીચે મૂકતાં કહ્યું.

'કાકા, તમારું ઘર સ્વર્ગ છે!'

'કેમ એમ પૂછે છે?'

'મારી બા કહેતી હતી કે સ્વર્ગમાં બધાં આનંદથી ને પ્રેમથી રહે છે. ત્યાં ભગવાન બધાંની જરૂરિયાત પૂરી પાડે છે!'

'હા, બેટા. જ્યાં પ્રેમ છે, પરસ્પર સહાનુભૂતિ છે, એકબીજા પ્રત્યે લાગણી છે ત્યાં આનંદ છે, ત્યાં સ્વર્ગ છે.' મારી વાત ધ્યાનથી સાંભળી રહેલાં કાકીએ કહ્યું. ■

---

## ગોમતી મા

**(અનુસંધાન : પાના નં. - ૫૦ ઉપરથી ચાલુ)**

છે... રડે છે તો પ્યાલો મોઢા પાસે લઈ જઈને પાણી પિવડાવે છે.

ગોમતીમા વિચારે ચડી જાય છે કેવું જીવન છે? બીજાનો વિચાર કરવાની કોઈને ટેવ જ નથી. કરુણા, પ્રેમ, દયા જેવી ભાવના તો માણસમાંથી જાણે નીકળી જતી લાગે છે. બધાને ભગવાન સુમતિ દે. બીજું શું થાય? કર્મ તો વાવેલાં જ ભોગવવાં પડે છે માત્ર વૃક્ષનાં જ ફળ વાવેલાં નથી ઊગતાં કંઈ! ફળની આશા વિના કામ કરવું એ વાત સાવ સાચી છે.

વીરૂ હાંડો લઈને "બંગલાવાળાએ પીવાનું પાણી ભરવાની ના પાડી. તમારા નળમાંથી ભરી જઈએ...? રે ભગવાન, આવા માણસો કેમ થતા હશે?"

'પૂછે છે શું ભરી જાને!'

'બા તમે આવાં કેમ નથી? તમે ન હોત તો અમારું શું થાત?'

'પાંચે આંગળી સરખી ક્યાં હોય છે? એમને માફ કરવાનાં. તમને તો બા આવાં દયાવાળાં અમારા માટે ને આ ગામના લોકો માટે જ બનાવ્યાં હશે ને?' બા હસી પડે છે. ફિક્કુ એ... વીરૂડી પાણી ભરતાં આવડી વાર... હાલ્ય હાલ્ય તગારી રાહ જુએ છે. માથા પર ઓઢણી આગળ લઈને હાંડો માથે મૂકી જાય છે.

રોજની જેમ આજે પણ બા આંગણામાં બેઠાં છે કામદારો આવીને બાને મળતા જાય છે. વીરૂડી કહે, 'બા, અમારું કામ પૂરું થયું છે. આવતીકાલથી આપણે નહીં મળીએ.' મોબાઈલની આપલે થઈ જાય છે. બોલ્યું ચાલ્યું માફ કરજો. આંખો ભીની ભીની થઈ જાય છે. છૂટાં પડવું જ પડે છે ને! કોઈનોય સહવાસ કાયમ ક્યાં હોય છે?

આઠ દિવસ બાને ખૂબ સૂનું લાગ્યું. નવમે દિવસે તો સામાનની આવ જા થવાથી બા ને થયું હાશ... હવે વસ્તી થશે... પણ... કોઈ બારીમાંથી પણ ડોકાતું નથી. મિલ્કતના ભાગલાના પ્રશ્ને અંદરનું કામ બાકી જ છે. બંગલો છે પણ નારાયણ વિનાનો. શાંતિ છે પણ સ્મશાનવત્.

બા પાછાં વિચારે ચડી જાય છે. આ બંગલાના માલિકનાં કર્મો તો વવાયાં છે તે ઊગતાં નહીં હોય. વિષાદગ્રસ્ત ચહેરાથી ચણાયેલી દીવાલોમાંથી, બા ને થાય છે કે કામદારોના નિસાસા તો નહીં ટપકતા હોયને! કર્મની લાગણીની વાત બાનું મન વાગોળે છે.

સવારમાં હંમેશાંની જેમ મોબાઈલમાં રિંગ વાગે છે. હલ્લો બોલ પ્રિયા... કહે છે ત્યાં તો... 'બા, હું તમારી વીરૂડી.. ઓળખી?' પહેલીજ વાર બાને થાય છે કે હું આજે ખોટી પડી...

'બા સારી વાત કરું. અમે મુંબઈ આવી ગયાં છીએ. મારા જમાઈએ અમને તેની ફેક્ટરીમાં કામે લગાડી દીધાં છે નાની ત્રણે દોહિત્રી નિશાળે દાખલ કરી છે. બા હવે તમે જરૂરથી આવજો.' ફોન.. કટ થઈ જાય છે. વીરૂડીનો બંગલો જોવાનું મન થઈ જાય છે.

પ્રિયાનો ફોન રણક્યો... 'બા... ક્યારે આવો છો?' 'તું બોલાવે ત્યારે...' પ્રિયા, રાજી રાજી થઈ જાય છે. બા મુંબઈ ઍરોડ્રામ પર ઊતરતાં ઘરનાં સત્યાવીસ જણને, હાથમાં સ્વાગતના ફૂલ હાર સાથે જોઈને હેબતાઈ જાય છે. રાજીપાએ અશ્રુનાં ઝળઝળિયાં હિલ્લોળતાં કર્યાં છે.

જીત કોની હતી! શબરીની જેમ પ્રતીક્ષા કરતા પરિવારની, વીરૂડીના પ્રેમની કે બા ના હૃદય પરિવર્તનની.... બધા પેસેન્જરો ગોમતીમાને જોતા રહી જાય છે.

***TBX-28, આદિપુર, કચ્છ.***
***ફોન : (૦૨૮૩૬) ૨૬૧૪૪૧***

લલિત નિબંધ

# સરગવો પાડે છે સાદ

• રમેશ ર. દવે •

'એ બહેન, જરા ઊભાં રહો ને!'

રાજશ્રીએ એની બંને બાજુ જોયું પણ કોઈ દેખાયું નહીં. એણે પાછું વાળીનેય જોયું પણ ત્યાંય કોઈ નહોતું! તો પછી, આ સાદ કોણ પાડે છે? કંઈ સમજાયું નહીં એટલે એણે મહેશને પૂછ્યું.

'તમને સંભળાયું? મને કોઈએ સાદ પાડ્યો એ?'

મહેશ ના પાડવા જતો હતો ત્યાં એને પણ સંભળાયું : 'હા, મહેરબાન! તમેય ઊભા રહીને મારી વાત સાંભળશો.'

'પણ અહીં કોઈ દેખાતું નથી ને આ સાદ તો...' ત્યાં પાછો પેલો અવાજ આવ્યો.

'અરે! ઓ દાદાજી, આ જુવાનિયાં તો નહીં સાંભળે મારી વાત પણ તમે તો સાંભળશો ને? બસ, બે-પાંચ મિનિટ જ, પછી તમતમારે ચાલ્યા જજો, ઘેર પાછાં ચા-નાસ્તો રાહ જોતા હશે ને?'

મનહરલાલ પણ આમતેમ-આમતેમ જોવા લાગ્યા પણ અવાજ ક્યાંથી આવતો હતો એ કંઈ સમજાયું નહીં.

એટલામાં રાજશ્રી ઉતાવળે પગલે દોડી એ સામે ઊભા લહેરાતા સરગવા પાસે, પહોંચીને કહ્યું : 'અવાજ અહીંથી જ આવે છે, કોઈક ઉપર બેઠું હશે...ના, ઉપર તો કોઈ નથી પણ અવાજ તો અહીંથી જ આવે છે! અરે! આ ડાળી જ બોલતી લાગે છે ને જાણે મને, આવ, અહીં આવ- કહેતી હોય એમ ઝૂલે છે.'

'ના, રાજશ્રીબહેન, તમે એકલાં નહીં, મહેશકુમાર તમેય આવો ને પેલા દાદાજીને ય લેતા આવો! મારે તમારી બધાંની સાથે થોડી વાતો કરવી છે. પ્લીઝ!'

અનુમાન સાવ સાચું પડ્યું અને હવે કશો ઈલાજ પણ ન હતો. થોડું મોડું થાય તો ભલે થાય. સરગવો આપણને સાદ પાડે અને એ પણ એની વાતો કરવા! વાહ ભાઈ વાહ. આનું નામ નસીબ ને? રાજશ્રીએ મનોમન વાત કરી અને કહ્યું :

'હા, સાંભળીએ છીએ સરગવાભાઈ. બોલો, શું વાત કરવી છે તમારે? અમે સરવા કાને સાંભળશું હો, અને જુઓ, જરા મોટેથી બોલજો. આ દાદાજીને કદાચ કાનની તકલીફ હોય તો...'

'આભાર, આભાર અને ધન્યવાદ! તમે અહીં આવ્યાં મારો સાદ સાંભળીને એ કંઈ જેવી તેવી વાત છે? આ સમયમાં આમ અમારા જેવા અજાણ્યા સારુ કોની પાસે વખત છે. પણ હું મારી વાત કહું? તમને મોડું ન થાય...ને ના, મારે અવાજ મોટો કરવાની જરૂર નથી, મારી ડાળીએ-ડાળી ને પાંદડે-પાંદડે લાઉડસ્પીકર ઝૂલે છે.'

'હા, હા, મને બરોબર સંભળાય છે. એંસી ભલે થઈ ગયાં પણ કીડી-મકોડાની વાતું ય સંભળાય છે ને સમજાય પણ છે!' મનહરલાલે મજાક કરી.

'રાજશ્રી ખિલખિલાટ કરતી હસી પડી ને કહ્યું : વાહ દાદાજી! હવે સરગવાભાઈની વાત સાંભળીએ?'

'હા, હા, બોલ ભાઈ, બોલ!'

'તમને ખબર તો છે જ પણ મારું નામ સરગવો ને મારી જનમભોમકા આ આખું જગત. મારાં માબાપ તો આ ધરતી-પાણીને ઓલ્યો આમતેમ-આમતેમ વાતો વાયરો. મારી લાંબી-લાંબી, જાડી-જાડી શીંગો લબડતી-લબડતી સુકાઈ જાય ને ફટાક દેતી ફાટે ત્યારે વેરાયેલાં મારા હળવાંફૂલ બીને, જંપવાળીને ક્યારે ન બેસતો આ વાયરો ઉડાડતો-ઉડાડતો ક્યાંનાં ક્યાં લઈ જાય. એમ ફંગોળાતાં-ફંગોળાતાં ક્યાંક નાનો એવો ખાડો આવે અને મારાં બી એમાં લપાઈ જાય, પછી વાયરાનું કાંઈ નો હાલે. બસ, પેલા ખાડાની ઓથે પડ્યાં રહે મઝાથી. પછી પહેલી ધારનો વરસાદ વરસે ને માથે હોય કૂણું કૂણું તપતા સૂરજદાદા. બસ, બેચાર દિ'માં તો મારા અંકુર ફૂટે ને પછી તો, પેલી રાજકુમારીની જેમ, હું દિ'એ નો વધુ એટલો રાતે ને રાતે ન વધુ એટલો દિ'એ વધવા માંડું.

પણ સમય વીતતો ગયો ને તમારા દાદાના દાદા, ના વડદાદાના ય દાદા કે પરદાદા, વણઝારા મટીને ખેડુ થયા ને વાડી કરી તે એમણે અમને હારબંધ વાવ્યા. તે અમેય લશ્કરના સિપાહીની જેમ લાઈનબંધ ઊગ્યા તો ઊગ્યા ને માંડ્યા વધવા, જાણે આભે પાટાં નો મારવાં હોય!'

'કહું છું દાદાજી, કહું છું - મારે સરગવાને વળી બીજું ખાસમખાસ વાત શી હોય? મારે માત્ર એટલું જ પૂછવું છે કે તમે મારી શીંગો ખાવ છો ખરા?'

'કેમ વળી?' સબડકા બોલાવી-બોલાવીને કઢી ખાતાં હોઈએ ત્યારે તમારી શીંગોના કટકા ચૂસવાની મઝા શું અમે નહીં માણી હોય? પૂછોને આ રહી રાજશ્રી તમારી સામે!'

'એમ?' સરગવાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું ન કર્યું ત્યાં મૂછે દાઢી અને માથે અણિયારી પાઘડી પહેરેલા સરદારજીએ કહ્યું : 'ઔર સરગવા-ભાઈ, હમ પંજાબી લોગ તો તમને સહીજન જ કહીએ છીએ - ખબર છે ને તમને?'

'હા, હા, 'કઠોર કૃપા' નામની વાર્તામાં તો હું એક પાત્ર રૂપે આવું છું!'

'એન્ડ વી પીપલ ઓલવેઝ લવ અવર ડ્રમસ્ટીક!' ખભે મસમોટી સ્કૂલબૅગ ભરાવીને કૉન્વેન્ટમાં ભણવા જતા

સ્કૂલબૉયે ટહુકો કર્યો.

'યે હુઈ ન બાત! પણ એક રિકવેસ્ટ કરું?'

'અરે! તમને તો અંગ્રેજી પણ આવડે છે!'

'અમે આખી દુનિયામાં લહેરીએ છીએ પછી અંગ્રેજી ન આવડે? પણ મારું અંગ્રેજી નામ શું? ખબર છે તમને?'

'હમણાં જ આ ટેણીએ ન કહ્યું! ડ્રમસ્ટીક!'

'ના, ના...એ તો અમારું લાડનામ છે! કોઈ આની જેવા રમતિયાળ તોફાનીએ મારી શીંગથી એનું ડ્રમ બજાવ્યું હશે એટલે બધાં અમને વ્હાલથી ડ્રમસ્ટીક કહેવા માંડ્યાં પણ મારું મૂળ નામ છે મોરિંગા ઑલિયફેરા... પણ નામની વાત જવા દો. પાછા શેક્સપિયરને યાદ કરવા પડશે. તો હું મારી રિક્વેસ્ટ કરી લઉં?'

'ઓ કે...ઓ કે...! સૌ પહેલાં રિક્વેસ્ટ! ચલો. બોલો!'

'તમે કઢીમાં તો મારી શીંગ નાખો છો પણ એ સિવાય, બીજો કશો ઉપયોગ કરો છો મારો?'

'હા...હા...કેમ નહીં? તમારી બાફેલી શીંગને, બેસન કહેતાં ચણાના લોટમાં, સૉરી ડોયેલા ચણાના લોટમાં વઘારીને, મજાનું પીળું ધમરખ શાક કરીએ છીએ.'

'હા, હા..એ શાક અને કઢી તો ઓ.કે. પણ એ સિવાય?'

'એ સિવાય તો...'

હું એમ કહું છું કે મારાં પાન અને ફૂલ કોઈ દિ' ખાધાં છે?'

'પાન ને ફૂલ? તું ય સરગવા, કાંય ગાંડો થઈ ગ્યો છે? તારા પાન તે કાંઈ તુલસી કે ફૂદીના જેવાં હોય? ને ફૂલ તો.'

'એટલે દાદાજી, વાત માંડી છે મેં, મારાં પાન ને ફૂલનો સૂપ પીધો છે તમે?'

'તારાં પાન-ફૂલનો સૂપ-એમ?'

'હા, વડીલ! મારી એક કઝીન યુએસ છે, એ આવો સૂપ પીએ છે. દિવસમાં બે વાર!' રાજશ્રીએ હરખાતાં હરખાતાં કહ્યુ.

'તમે તો નથી પીધો ને? તો તોડો આજે જ મારાં પાન ને ફૂલ અને આ મહેશકુમારને પીવડાવો મારો સૂપ!'

'પણ સરગવાભાઈ, સૌથી પહેલાં એ કહો, આ તમારી શીંગ, પાન ને ફૂલનાં શાક, કઢીને સૂપ તો બનાવીએ પણ એનો ફાયદો શું?'

'તમારો આ સવાલ સાચો છે. માણસ જે કંઈ વસ્તુ ખાય, એનાથી તેને લાભ થવો જોઈએ પણ આ સવાલનો જવાબ હું નહીં આપું, આપણા દર્શકદાદા, એટલે મનુભાઈ પંચોળી આપશે.'

મહેશકુમારને કપાળે કરચલી પડી એટલે સરગવાએ કહ્યું : ઓળખાણ નો પડી ને? આવડા મોટા માણસનેય નથી ઓળખતા? નાનાભાઈ ભટ્ટના વારસદાર. પેલા લોકભારતીવાળા મનુદાદા!

આ મનુદાદાએ તમે પૂછ્યોને એ પ્રશ્નનો ઉત્તર વર્ષો પહેલાં આપ્યો હતો. મૂળે વાત તો એના વિદ્યાર્થી અને પછીથી આંબલા લોકશાળામા ગૃહપતિ થયેલા ભીખાભાઈ પટેલને એમણે આપેલા મજાના ઠપકાની છે ને એ પાછી નોંધી છે, મનુભાઈને આપેલી શ્રદ્ધાંજલિમાં ખુદ ભીખાભાઈ પટેલે જ! વાંચું? દસ જ લાઈન છે!

"જરૂર જણાય ત્યારે (મનુદાદા) હળવેથી ટપલો મારવાનું પણ ન ચૂકે. ૧૯૯૫ નું વર્ષ હશે. સરગવાની સીઝન પણ કઢીમાં સરગવા નહીં. મને બોલાવીને કહે : 'કઢીમાં સરગવો કેમ નથી નંખાવતા?'

'ગગા, વિદ્યાર્થીઓને સરગવો નથી ભાવતો.'

'તો ગૃહપતિનું કામ શું? વિદ્યાર્થીઓને સરગવાની ઉપયોગીતા સમજાવવી જોઈએ. જરૂર પડે તો સરગવો ખાવાની ફરજ પાડવી જોઈએ. સરગવામાં સૌથી વધારે વિટામિન 'એ' હોય છે તે વાત તેમને કહેવી જોઈએ. આ વરસે જ ખેતી પ્લોટને શેઢે દસ સરગવા રોપાવી દો.' (કોડિયું નવે. ડિસે. ૨૦૦૧)

'પણ આ તમારા મનુદાદા એટલે તો 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નામની નવલકથાના લેખક જ ને? એની ઉપરથી તો ફિલ્મ પણ બનેલી!'

'હા, એ જ! આજકાલ એમની જન્મશતાબ્દી પણ ઊજવાઈ રહી છે પણ જોકે હું મારી વાત પૂરી કરું?'

'કેમ હજુ કોઈ બીજાએ કરેલી તમારી વકીલાતની વાત કરવાની છે?'

'રાજશ્રીબહેન, તમે ય ખરાં છો - બધું કીધાં પહેલાં જ કળી જાવ છો - પણ આ મનુદાદા જેવા જ એક મજાના માણસ છે - અમદાવાદના આઈ.આઈ.એમ.વાળા પ્રો. અનિલ કે. ગુપ્તા, એમણે માત્ર તમારા માણસોની જ નહીં, અમારી ચિંતા પણ સેવી છે.'

'અમારી ચિંતા, એ પ્રોફેસરે કરી છે એમ? પણ તું શું કહેવા માગે છે?' મનહરલાલે પૂછ્યું.

'દાદાજી, તમે છાપાં સિવાય બીજું કંઈ વાંચતા લાગતા નથી, એમ તો જોકે તમે નવલકથા તો વાંચો જ છો, પણ ખોટું


તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

નો લગાડતા. આ અનિલ ગુપ્તા છે ને એમની સંસ્થા 'સૃષ્ટિ' ઇનોવેશન્સ' એ છાપેલી, 'વીસરાતી વાનગીઓનો ખજાનો' નામની પુસ્તિકા વાંચી છે?'

'ના ભાઈ, તે એમાં શું છે? તારાં વખાણ?'

'મારા એકલાનાં નહીં, ઘણી બધી વનસ્પતિનાં વખાણ કર્યા છે. મૂળે તો તમે બધાં આજકાલ, અઠવાડિયામાં બે-ત્રણ દિવસ તો હોટલમાં જ ઝાપટવા જાવ છો ને! એ ફેશને એવો દાટ વાળ્યો છે કે સહેજ હાથ લંબાવો અને ભગવાનના આશીર્વાદની જેમ મળી જતી, ઔષધગુણથી ભરી ભરી વનસ્પતિને સાવ ભુલાવી દીધી છે. એટલે તો એમણે આ ચોપડી લખાવી છે.'

'તે એમાં કઈ કઈ વનસ્પતિ છે?'

'બધીનાં નામ તો એમ મોઢે નથી પણ યાદ છે એ કહું છું - કુંવારપાઠું, કેરડો, બિજોરું, લીલો વાંસ, અરણી, લૂણી, રાગી, કળથી, મહુડાં, આમળાં, નાગલી, શતાવરી, ગરમાળો, ઉમરો, કરમદી, ડોડી/ખરખોડી, સોયાબીન, અગથિયા, બીલીપત્ર, શીંગોડા અને હું પોતે તો ખરો જ!'

'એટલે શું આ બધાં ઝાડપાનનાં શાકભાજી કરવાનાં એમ!'

'શાકભાજી ને ક્યુંબર તો ખરાં જ પણ એનાં સંપાદક હેમાબહેન પટેલે તો પુસ્તિકામાં ઉપર નોંધી એ વનસ્પતિઓમાંથી તમે અથાણાં કાચરી, ફરસાણ, મિષ્ટાન્ન, રોટલા-રોટલી ને ભાખરી કઢી-ખીચડીને ભૈડકું વળી. જાતજાતનાં ને ભાતભાતનાં શરબત પણ બનાવી શકો છો એમ કહ્યું છે, 'એટલું જ નહીં એ કેમ બનાવાય એની મુદ્દાસર વિગતે વાત કરી છે. વળી, એમાંથી ક્યાં ક્યાં પોષકતત્ત્વો મળે છે અને તે કયા કયા રોગ-માંદગીમાંથી બચાવે છે એય નોંધ્યું છે.'

'તો તો એ પુસ્તિકા ખરીદવી જ પડશે પણ સરગવાભાઈ તમને એમાંનું જે કંઈ યાદ હોય એ કહોને!' રાજશ્રીએ આગ્રહ કર્યો.

'અરે! મારી બહેન, એ તો મોટાં મોટાં ૧૫૦ પાનાંની ચોપડી છે એ બધું કહેવા બેસું તો તો રાત પડી જાય! પણ હમણાં વાત કરું તો મારાં પાનને કોદરીનાં મૂઠિયાં, પાન ને ફૂલની ભાજીનાં ભજિયાં, એની જ પાછી કઢીને વઘારમાં રાયતું પણ થાય - આ બધું બનાવીને ખાવ તો કેવાં કેવાં પોષકતતત્ત્વો મળે છે એ પણ લખ્યું છે!'

'એય ફૂલણજી હવે તો હદ થઈ ગઈ હોં! અમે માણસ તો ફુલાઈને ફાળકો થઈ જઈએ છીએ પણ તમે ઝાડવાંય આવાં ફૂલણજી હશો એની તો ખબર જ નહોતી. પોતાની વાત ને વખાણમાં કંઈક તો માપ રાખ એલાં! મનહરલાલ જરા અકળાયા.

'મને હતું, જ કે આમ થશે, પણ હું તો પુસ્તિકામાં છાપેલ વાત કરું છું. તો ય તમને વિશ્વાસ ન બેસતો હોય તો પાના નંબર બોલી જાઉં? ૧૧, ૧૫, ૧૧૪ અને ૧૩૪ મા પાને, જો હું બોલ્યો એ નો મળે તો આ જ, અટાણે જ ભડભડ કરતો બળી મરું, બોલો!'

સરગવાભાઈ, દાદાજી તો દાદાજી છે - વઢે ય ખરા પણ તું સાંભળ, તારે અમને નવી પેઢીને તો, અમારા કાન પકડીને આ બધું શીખવવું પડશે. હવે એમ કર, બીજું તો કાંઈ નહીં પણ તારામાંથી બનાવેલી આ બધી વાનગી-ખાવા-પીવાથી શું શું લાભ થાય છે અને કયા કયા રોગથી બચી શકાય છે, રાહત થાય છે એ તો ટૂંકમાં તું કહી જ દે!'

'મારાં પાન ને ફૂલમાંથી તમને ભરપૂર આયર્ન અને કેરોટીન મળે છે. એને લીધે ખાસ કરીને ડાયાબિટીસના દર્દીને ખાસ્સી રાહત થાય છે. વળી, વાયુના પ્રકોપથી થતી બીમારીમાં પણ લાભ થાય છે ને તાવ-તરિયો તો આવતા જ નથી. આ ઉપરાંત સર્પદંશનું, પણ હું ઉત્તમ ઔષધ છું. ને મારાં પાન વાટીને, એનો રસ કાઢીને લગાડાય તો ગમે તેવા ઘા-ઘારાં પણ રૂઝાઈ જાય છે. વળી, મનુદાદાએ કીધું હતું, એમ મારામાં અઢળક વિટામિન 'એ' છે, વિટામિન 'સી' છે, ન્યુટ્રિશિયન, ઍમિનોઍસિડ, કૅલ્શિયમ વગેરે તો છે જ છે. પણ સૌથી મોટી વાત તો કૃમિ, આફરો ને ચર્મરોગો તથા નેત્રરોગોને પણ હું અટકાવું છું. અને કોઈ પણ રીતે એ આવી જ જાય તો શાંતિથી ભગાડું છું.

'અરે ભાઈ, આજે તો સવારનો આ વૉક અણધારી જ્ઞાનયાત્રા થઈ ગયો! ધન્યવાદ, ખૂબ ખૂબ ધન્યવાદ સરગવાભાઈ! તમે તમારી વાત તો કરી જ અને કરવી જ જોઈએ પણ સાથોસાથ તમે પેલી પુસ્તિકાની જાણકારી આપી એ પણ બહુ સારું કર્યું! હું કાલે જ 'સૃષ્ટિ ઈનોવેશન્સ' ની પુસ્તિકા લઈ આવીશ!'

'તમને આવી ઔષધીય વનસ્પતિમાં રસ હોય રાજશ્રીબહેન તો બીજી બે માહિતી પણ આપું?'

'હા, હા આપો જ આપો!'

'આપણી ગુજરાત રાજ્ય સરકારમાં

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

'ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ' કામ કરે છે. અને 'શાશ્વત, અમદાવાદ' નામની લોકસેવક સંસ્થા આ બોર્ડ સાથે સંકળાઈને ઔષધબાગ બનાવવાનું બહુ જ ઉપયોગી અને સમયસરનું કામ કરે છે. આ બોર્ડે પણ 'ઔષધીય વનસ્પતિ' બનાવટ અને ઉપયોગ' નામની ૩૦ પાનાની ઔષધ વૃક્ષોની રંગબેરંગી છબીઓવાળી સરસ પુસ્તિકા પ્રગટ કરી છે.'

'આ બહુ સારું કામ કહેવાય અને જો વચ્ચે તને અટકાવીને હું થોડો ગુસ્સે થયો હતો પણ તેં કહી એ બધી ઔષધીય વનસ્પતિને ઓળખું છું. આજે જ સાંજે જંગલમાં જઈશ અને મળશે એનાં પાન-ફૂલ ને ફળ-શીંગ લઈ આવીને તારાં દાદીને આપીશ. એ અમારે રાંધવા-ખાવામાં હોંશીલાં છે. એમાંથી બત્રીસ ભાતનાં ભોજન ને તેત્રીસ પ્રકારનાં શાક બનાવશે! તેં આ બધી વાત કરી એ સારું કર્યું! આવજે, ફરી ક્યારેક આમ જ વહેલી સવારે મળશું ને વાતો કરશું હોં!' મનહરલાલે સરગવા સામે તાકી રહીને હાથ ઊંચો કર્યો.

'પણ એક વાત તો સાવ રહી જ ગઈ દાદાજી!'

'એ વળી શું?'

'જો કે ના, નથી કહેવી, આમે ય તમે 'આવજો' કહી દીધું છે ને. હવે હું પાછી પારાયણ માંડું એ બરાબર નહીં, તમારે મોડું થતું હશે, જાવ, તમતમારે.'

'હવે ભાઈ, મોડા ભેગું થોડું વધારે મોડું! ચિંતા કર્યા વગર તારે કરવી છે એ વાત કર!'

'સાચોસાચ કહી દઉં ને? આ કાઠિયાવાડીમાં ઓલ્યા ભાવસિંહજીબાપુનું ભાવેણું, છે ને...સોરી હોં; તમને સમજાય એ માટે મારે 'ભાવનગર'કહેવું જોઈએ - ખરું ને? હા, ઈ ભાવનગરમાં એક ગાંડો માણસ રહે છે, ગાંડો એટલે મારો વા'લો સાવ નરાતાળ ગાંડો! પણ દાદાજી, તમેય ખરા છો, મને પૂછો તો ખરા કે ઈ ગાંડો થઈ ગયો છે કોની ઉપર? કાંઈ નહીં, તમે નહીં તો લ્યો આ મેં જ મને પૂછ્યું ને હું જ એનો જવાબ દઈ દઉં - મારી ઉપર, મારી જ ઉપર — બીજાની તો ખબર નથી!

એ શું કરે છે, ખબર છે? એણે તો સંકલ્પ કર્યો છે આ વસુંધરાના ખોળામાં, જ્યાં જગ્યા જોવો ત્યાં...ભલેને પછી એ બાગ હોય કે બગીચો, વાડી હોય કે ખેતર, મંદિર હોય કે મઠ-તળાવની પાળે, નદીને કિનારે, અરે! નિશાળને ઝાંપે ને શેઢા-માળા જ્યાં ફાવે ત્યાં સરગવો વાવવો છે! આ સારુ એ પાછો એના ભાઈબંધ-દોસ્તારને કહે અને થેલીની થેલી ભરીને બી ભેગાં કરે મારાં, પાછો પોતે કાળી કોથળીમાં એના રોપા તૈયાર કરે - જેને બી વાવવાં હોય એને બી અને તૈયાર રોપા વાવવા હોય એને રોપા આપ્યા કરે! કોઈકે કહ્યું કે બેંગાલુરુમાં સરગવાની ઉત્તમ જાત છે તો ભૈલાએ આમતેમ આમતેમ કરીને ઈ બી મંગાવ્યાં ને શોખીનોને આંગડિયા-પાર્સલ કરી કરીને મોકલ્યાં...

એનું બીજું કામ મારું ઝાડ જોવે ને પાન તોડે, સૂકવે ને પછી એનો કરે પાઉડર. પછી જેને જોતો હોય એને આપે-કોઈકે કહ્યું - આ પાઉડર નથી ફાવતો, ટીકડી-ટૅબ્લેટ ન થઈ શકે? આ પાગલે તો મંગાવ્યું મશીન, ને તૈયાર થઈ ગઈ ટીકડી. પાછું ક્યાંક વાંચ્યું કે સરગવાનાં બીનું તેલ વાતરોગોના દુઃખાવા પર અક્સીર છે તો એનું પણ મશીન વસાવ્યું અને તેલની બોટલ લઈને એ ભાઈ તો ઊપડ્યા એક સિત્તેરની આસપાસના ડોક્ટર પાસે. એ બાપડા એમના ગોઠણના દુઃખાવાથી ઘરમાંય દસ ડગલાં ચાલી ના શકે! આમણે સવાર-સાંજ, સવાર-સાંજ એક અઠવાડિયું માલિશ કર્યું મારા તેલનું ને ડૉક્ટરસાહેબ નીકળવા માંડ્યાં મોર્નિંગ વૉકમાં!

આ બધાંને ગાંડપણ નહીં તો શું કહીએ? બસ, સામે જે મળે એ બધાંની સાથે મારી ને મારી વાત કર્યા કરે! આ સરગવામાં આયર્ન કહેતાં લોહતત્ત્વ છે ભરપૂર, એમ તો કૅલ્શિયમ અને એની મિનરલ્સેય છે, પાછું ઍન્ટિઑક્સિડન્ટ પણ છે. સરગવો ગમે ત્યાં ચડેલા સોજા ચપટી વગાડતામાં ઉતારી નાખે. નેત્રરોગ અને ચર્મરોગ માટે તેના જેવું આગોતરું ઔષધ બીજું કોઈ નથી! આમ દિવસ આખો મારા વા'લા, સરગવાનું આમ ને સરગવાનું તેમ એવું રટણ કર્યા જ કરે...તે ભાઈ, મને તો હેડકી ચડી છે, કાંઈ હેડકી ચડી છે. સાત ઘૂંટડા ગળીને પાણી પીઉં છું ને તોય બેસતી નથી હવે આ કિશોરભાઈ ભટ્ટને કોણ સમજાવે કે ઓલ્યો તમારો સરગવો હેડકીનો માર્યો ક્યાંક મરી નો જાય બાપા!

પણ પાછું અંદરખાને તો હું કાંઈ હરખાઉં છું, કાંઈ હરખાઉં છું કે વાત નો પૂછો. ને એટલે જ તમને હાથ જોડીને, માથું નમાવીને કહું છું મને વાવો, તમને ગમે એ જગ્યાએ મને વાવો ને ઉછેરો... બસ, પછી હું મારું અંગેઅંગ તમને ન્યોછાવર કરીને તમને સાજાં-નરવાં ને હસતાં-કૂદતાં ખેલતાં રાખીશ! પણ કહો, મારું આટલું કહ્યું કરશો ને?'

*'વૈશાખ' ૨/૨, બીમાનગર,*
*સેટેલાઈટ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૧૫*
*ફોન : ૨૬૭૪૦૧૨૪*

*જરૂર છે માત્ર આળસ અને બેદરકારી ખંખેરવાની....*

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

જીવન દર્શન

## નફરતકો પ્યારમેં બદલો : ક્ષમા વીરસ્ય ભૂષણમ્

# માનવતાની એક મહેંક

• કુલીનકાંત ચાંપશી લુઠિયા •

ઇટાલી દેશમાં પણ નેશનલ હાઈવે પર ચોરી, લૂંટફાટ, મારામારી અને હત્યાઓ જેવી ઘટનાઓ હવે તદ્દન સામાન્ય બની ગઈ છે. ૧૯૯૪માં નવેમ્બરમાં એક ઘટના બની જે કોઈપણ માનવીને હચમચાવી મૂકે.

કેલિફોર્નિયાનો એક પરિવાર રેગિનાલ્ડ ગ્રીન તેની પત્ની માર્ગરિટ પોતાના ૭ વર્ષના દીકરા નિકોલસ અને ૪ વર્ષની દીકરી એલિનોર સાથે કારમાં સિસિલી તરફ જઈ રહ્યાં હતાં.

અચાનક ગ્રીનને ખ્યાલ આવ્યો કે એક નાનકડી કાર તેમનો પીછો કરી રહી છે. થોડીવારમાં કાર પાસે આવી. એ કારમાં મુખવટો ઓઢેલા એક માણસે ઈટાલિયન ભાષામાં કંઈક કહ્યું, પણ તે ભાષા ગ્રીનને સમજમાં ન આવી.

કંઈક ગડબડ છે, તેનો અંદાજ આવતાં, ગ્રીને પોતાની ગાડી વધારે વેગવાન ગતિએ ભગાવી. પીછો કરનારી ગાડીમાં બેઠેલા તોફાની ગુંડાઓએ ગોળીઓ ચલાવી. એક-બે ગોળી પાછળની સીટ પર સૂતેલા એકનો એક દીકરા નિકોલસના માથામાં વાગી.

પીછો કરનારા હુમલાખોરો ત્યાંથી ભાગી નીકળ્યા. ગ્રીને તુરંત પોતાની કારને એકબાજુએ ઊભી રાખી, પાછળની સીટ પર નજર કરીને જોયું કે નિકોલસના માથામાં ગોળી વાગી છે. ગોળી કદાચ પ્રાણઘાતક નીવડી છે, તેમ તેને લાગ્યું.

પળના વિલંબ વિના તત્કાલ શહેરની નજીકની હોસ્પિટલમાં લઈ જવાતાં, વાટમાં જ નિકોલસે પોતાની જીવનલીલા સંકેલી લીધી.

ગ્રીન દંપતી પર જાણે આભ તૂટી પડ્યું! વજ્રઘાતસમા એ આઘાતને ઝીલી, વહેલી તકે થોડીક જ ક્ષણોમાં શોકમાંથી એ દંપતી બહાર આવ્યું. ગોળીબાર કરનારા સામે લેશમાત્ર પણ કડવાશ, કટુતા કે ક્રૂરતાના ભાવ વિના, તેમના મગજમાં એક ઝબકારો થયો. પોતાના દિલની પીડાની કસક પેદા કરતા આઘાતને હળવો કરવા, એ બન્નેએ મનોમન નક્કી કર્યું કે વહાલાસોયા નિકોલસના અવયવો દાનમાં આપી બીજાને નવજીવન તો આપીએ, અને આ ખૂનખરાબાને એ હુમલાખોરોને જડબેસલાક જવાબ આપીએ.

લાગણીવિહોણા હુમલાખોર પ્રત્યે વિશાલ દિલવાળા એ સત્ત્વશીલ પરિવારે, સામાજિક પરિવર્તનના ઉમદા આશયથી પોતાના વહાલાસોયા દીકરાનાં ઉપયોગમાં આવે, તેવાં બધાંય અંગો કોઈ પીડિત દરદીને દાનમાં આપી તત્કાલીન સમય ગુમાવ્યા વિના નજીકની મોટી હોસ્પિટલોનો સંપર્ક સાધવામાં આવ્યું. નિકોલસના અવયવોનું દાન થયું! ૧૪ વર્ષના બાળકનું હૃદય કોઈને અપાયું, તો બંન્ને કિડની બે પીડિતોને અપાઈ. પેન્ક્રિયાઝ અને આંખો પણ દાનમાં અપાઈ.

આખા ઇટલી દેશને હચમચાવી નાંખતી આ ઘટના ગ્રીન દંપતીના શોકની પળોમાં, ધૈર્ય અને સંતુલન રાખી સમાજ કલ્યાણના એક મહાન કાર્યમાં તેઓ નિમિત્ત બન્યાં હતાં!

ઇટાલીના તત્કાલીન પ્રમુખે તેમની ઉદારદિલી અને ખેલદિલી માટે ગોલ્ડ મેડલ અર્પણ કર્યો!

હુમલાખોર પ્રત્યે વૈમનસ્ય અને નફરત ઓકવાની જગ્યાએ પ્રેમ અને કરુણાનાં ઉદગાર વહેવડાવી, અવયવની ખરાબીને કારણે ઝૂરતા દર્દીઓને નવજીવન બક્ષી, આ યુગલે માનવતાની મહેંક પ્રસરાવી હતી!

એ અતિ ગંભીર ક્ષણોમાં જીવનની એક અંતિમ પણ અતિ મૂલ્યવાન ભેટ, એ અંગ સ્વીકારનારાઓને આપવા ઈશ્વરે પ્રેરણા આપી, એ શુભકાર્ય દ્વારા કોઈની આયુષ્ય રેખા દીર્ઘ કરવા નિમિત્ત થયું હતું. વહાલાસોયાની વિદાયની વિષાદ પળોમાં પણ સુકૃત કાર્ય કરવાનો, પ્રભુએ ઈશારો કર્યો હતો. એ સુવિચારને એ જ ઘડીએ અમલમાં લાવી, અરસપરસનાં સંબંધોમાં સમસ્યાઓમાં અને વહેવારોમાં પ્રેમનું વિતરણ જ જીવનને સાર્થક બનાવે છે. વેર વેરથી શમતું નથી. ક્ષમા એ જ વીરસ્ય ભૂષણમ્ જેવા સદ્‌વિચારો સદ્‌વર્તનમાં પરિણમ્યા હતાં.

વેરઝેરનાં ક્લેશથી દૂર રહી, કંઈક પ્રેમભરી ભેટ ધરી પ્રતિબદ્ધતાપૂર્વક સદ્‌ભાવનાની સ્ફુરણા પ્રસરાવી હતી. એ દરદીઓ કે જેમની હાલત નરકથી પણ બદતર થઈ ગઈ છે, તેમને અવયવદાનનો દીર્ઘજીવી પ્રભાવ રહે, એવું બળ કામ કરી ગયું.

દાતા પરિવારે સંતોષ અને કર્તવ્ય બજાવ્યાની સાર્થકતાનો અનુભવ કર્યો. આવી કોઈ જબરદસ્ત પ્રેરણા આપણને પણ આ ઘટના આપે છે. આજે (રેસીપિયન્ટસ) દાન સ્વીકારનારાઓનું જીવન વધુ સમૃદ્ધ, રંગીન અને સુખકારી બન્યું છે.

આ ઘટનાને પ્રતિબદ્ધતાપૂર્વક આપણે આગળ ધપાવીએ. તેઓ જીવનને વેરઝેરનાં વમળમાંથી દૂર રાખી વધુ સમૃદ્ધ અને સાર્થક બનાવ્યાની સુખદ લાગણી અનુભવે છે.

કોઈકનાં જીવનમાં થોડી સગવડ, થોડો આનંદ ઉમેરી શકીએ, તેના જેટલી ધન્યતા બીજા કશામાં નથી.

આ પ્રેરણાદાયી અનુભવમાંથી એટલું તો આપણે પણ અવશ્ય અનુસરીએ કે અવયવદાન કરવાથી કોઈની જિંદગીની આયુષ્યરેખા સુખમય બનાવી શકીએ.

બ્રેઈન ડેથની દુઃખદ પળોમાં ગંભીરતાપૂર્વક તત્પરતા દાખવી કોઈના સુખચેન છીનવાઈ ગયા છે, તેમના મોં પર કાયમનું સ્મિત લાવી, તેમના માટે જિંદગી પુનઃ જીવવા લાયક બનાવી શકીએ.

*('હિસાબકિતાબ' માંથી સાભાર)*

***કુલીનકાંત ચાંપશી લુઠિયા,***
***ચાર્ટડ એકાઉન્ટન્ટ – સામાજિક કાર્યકર્તા***
***માનવજ્યોત, નિત્યાનંદ એપાર્ટમેન્ટ,***
***ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.***
***ફોન : (૦૨૨) ૨૫૬૭૩૫૮૭, ૨૫૯૧૯૭૫૫***

ધર્મ

# ભગવાન મહાવીરના ઉપદેશમાં ત્યાગ-સંયમ-જીવાદિ પદાર્થોનાં સ્વરૂપની પ્રધાનતા છે

• મહાભાઈ આર. વોરા •

ભગવાન મહાવીરનો જન્મ ઇ.પૂ. ૫૯૯માં એટલે કે ૨૬૦૮ વર્ષ પહેલાં વૈશાલીના કુંડલપુરના ક્ષત્રિય રાજા સિદ્ધાર્થને ત્યાં થયો હતો. તેમની માતાનું નામ ત્રિશલા હતું. મહાવીરનો જન્મ ચૈત્ર સુદ તેરસના દિવસે થયો હતો. તેમના મોટાભાઈનું નામ નંદીવર્ધન અને બહેનનું નામ સુદર્શના હતું. મહાવીર તીર્થંકરોમાં છેલ્લા તીર્થંકર હતા. જન્મ સમયનું તેમનું નામ વર્ધમાન હતું. તેમનાં માતા-પિતા શ્રમણ ધર્મના પાર્શ્વનાથ સંપ્રદાયનાં હતાં. વર્ધમાનનું બાળપણ રાજમહેલમાં વીત્યું. જ્યારે તે આઠ વર્ષના થયા ત્યારે શિક્ષણ લેવા શિલ્પશાળામાં મોકલવામાં આવ્યા. જ્યારે તેઓ અઠ્યાવીસ વર્ષના થયા ત્યારે તેમના માતા-પિતાનું અવસાન થયું હતું. મોટાભાઈના આગ્રહથી તેઓ બે વર્ષ ઘરમાં રહ્યા. ત્યારબાદ તેમણે ત્રીસ વર્ષની ઉંમરે શ્રમણ પરંપરા પ્રમાણે શ્રમણી દીક્ષા લીધી. ત્યારથી તેઓ મોટાભાગનો સમય ધ્યાનમાં જ લીન રહેતા. તેમણે બાર વર્ષ મૌન તપસ્યા કરી અને ગહન ધ્યાનમાં રહ્યા. અંતે તેમણે 'કૈવલ્યજ્ઞાન' મેળવ્યું. ત્યારબાદ જનકલ્યાણ માટે ઉપદેશ - શિક્ષા આપવાની શરૂઆત કરી.

- **કૈવલ્યજ્ઞાન :**

ભગવાન મહાવીર જન્મથી જ જ્ઞાન અને અલૌકિક શક્તિઓથી સંપન્ન હતા. તેઓ માતાના ગર્ભમાં હતા, ત્યારથી રાજા સિદ્ધાર્થના ઘરમાં ધન ધાન્યની ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ હતી. આ કારણે જ એમના માતા-પિતાએ એમનું નામ "વર્ધમાન" રાખ્યું હતું. હિંદુસ્તાનની અને ધાર્મિક દુર્વ્યવસ્થા જોઈને એમના હૃદયમાં અપાર દુઃખ થવા લાગ્યું. તેમને સમજમાં આવ્યું કે જ્યાં સુધી આત્માની પૂર્ણતા પ્રગટ ન થાય, ઇન્દ્રિય મનના વિકારો પર વિજય પ્રાપ્ત ન કરી શકાય, ત્યાં સુધી પોતાનો અને બીજાનો સંપૂર્ણ ઉદ્ધાર હોવાનું કઠિન છે. ઉગ્ર તપશ્ચર્યા કરી સર્વપ્રથમ વીતરાગ અને સર્વજ્ઞ બનવું જોઈએ. તેમણે મહાન પ્રચંડ તપ કર્યું. છ છ મહિના અન્નજળ વગર ઉપવાસ કર્યા. ઊભે પગે ધ્યાન ધર્યું. નિદ્રા - આળસનો સર્વથા ત્યાગ કર્યો. આવી સાધનામાં એમને અસહ્ય કષ્ટ ભોગવવાં પડ્યાં.

જંગલી લોકોએ એમની આજુબાજુ આગ લગાવી. કાનમાં લાકડાના ખીલા ઠોક્યા. કેટલાકે તો એમનું અપમાન કર્યું. સંગમ નામના દુષ્ટે એમના પર ભીષણ યંત્રણાઓની એવી ઘનઘોર વર્ષા કરી, કે એવું સાંભળતાં પણ હૃદયમાંથી કમકમાટી કંપન થવા લાગે. પરંતુ એ તો મહાવીર હતા. તે પોતાના લક્ષ્ય પર સુમેરુગિરિની જેમ અચલ - અડિગ રહ્યા. તેમને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ. એટલે જ "મહાવીર" કહેવાયા.

મહાવીરે જગતને ઉપદેશ દેવાનું શરૂ કર્યું. કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થતાં જનકલ્યાણ માટે અર્ધમાગધી ભાષામાં પ્રવચન કરવા લાગ્યા. કારણકે તે વખતે જનતાની આ જ ભાષા હતી. કૈવલ્યજ્ઞાન માર્ગને પુષ્ટ કરવા મહાવીરે અનુયાયીઓ માટે ચાર ભાગ વિભાજિત કર્યા છે : મનુ - અર્ચિકા - શ્રાવક - શ્રાવિકા. પ્રથમ બે વર્ગના ભાગ ગૃહત્યાગી માટે અને બીજા બે ભાગ ગૃહસ્થો માટેના છે. આ તેમનો ચતુર્વિધ સંઘ કહેવાયો.

આત્મ ધર્મની ઘોષણા કરી દેશમાં ધર્મના નામ પર નિરપરાધ પશુઓની બલિ દેવામાં આવતી હતી એનો ઘોર વિરોધ કર્યો. અહિંસા અને સત્યનો પ્રચંડ પુરુષાર્થ કર્યો. ભગવાન મહાવીરે જાતિભેદને કોઈ મહત્ત્વ નથી આપ્યું. ધર્મનું સ્થાન આત્માની આંતરિક પવિત્રતા છે. પ્રત્યેક પ્રાણી ધર્મનાં અધિકારી છે, એવો એમનો ઉપદેશ હતો. એમના ઉપદેશમાં અપૂર્વ શક્તિ હતી. મહાવીરે કૈવલ્ય જ્ઞાનના હેતુ માટે અહિંસા - સત્યનો પ્રચાર કર્યો અને અપરિગ્રહનાં વ્રત જણાવ્યાં છે. મુનિઓએ સંપૂર્ણ રીતે બધાં જ વ્રત પાલન કરવાનાં હોય છે.

- **મહાવીરના શિષ્યો :**

મહાવીરે ઇન્દ્રભૂત (ગૌતમ સ્વામી) જેવા જગપ્રસિદ્ધ ૪૪૦૦ વિદ્વાનોને વેદોનો યથાર્થ અર્થ સમજાવી પોતાના શિષ્ય બનાવ્યા હતા. મોટા મહાન રાજાઓ તથા અધિકારીઓને શિષ્ય - સાધુ બનાવ્યા. ચારે વર્ણોના સાધુ અને ગૃહસ્થ મહાવીરના શિષ્ય હતા. ભગવાન મહાવીરે સ્ત્રીઓને પણ પુરુષવત્ ધર્મનો અધિકાર આપ્યો હતો. મહાવીરના નિર્વાણ પછી જૈન સંઘોનું નેતૃત્વ ક્રમશઃ તેમના ત્રણ માનવંતા શિષ્યો ગૌતમ - સુધર્મ - જંબુએ કર્યું. ભગવાન મહાવીરનું જીવન દર્શન તપશ્ચર્યા કેવાં છે તેને હૃદયના ભાવથી સમજવા માટે જ્ઞાનની જરૂર છે, તેમ મહત્ત્વનું પણ છે. તેમણે જે રીતે જ્ઞાન પ્રાપ્ત કર્યું તે અવર્ણનીય છે. માત્ર શુદ્ધ આત્મતત્ત્વ જ છે.

- **મહાવીરના જીવનમાં એક વિશેષતા :**

ભગવાન મહાવીરના જીવનમાં એક વિશેષતા છે. એ છે 'સ્યાદ્વાદ.' સ્યાદ્વાદ એક સિદ્ધાંત છે. એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન દેશ-કાલ અને અવસ્થાઓની અપેક્ષાથી અનેક વિરુદ્ધ અથવા અવિરુદ્ધ ધર્મોની સંભાવના હોઈ શકે છે. એટલે એક રીતથી અમુક વસ્તુમાં જ અમુક ધર્મ છે, બીજામાં નહીં એવું કહેવું મિથ્યા છે. સ્યાદ્વાદ એ વસ્તુમાત્રને પૂર્ણ રૂપથી

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૬૨ ઉપર)**

# મિચ્છામિ દુક્કડમ્ : માફ કરી દેવાની ઉમદા પ્રણાલી...

• યશ રાય •

જૈનોના પર્યુષણ પર્વ પછી જેમણે ઉપવાસની નાની-મોટી તપસ્યા કરી હોય, તે જૈનો 'મિચ્છામિ દુક્કડમ્' કહે છે, માફી માંગે છે. કોઈની પણ ક્ષમા માગવી, તે માત્ર જૈનોની જ નહીં, ભારતદેશની ઉમદા સાંસ્કૃતિક પ્રણાલી છે.

આપણે સાચા મનુષ્ય તરીકે આપણા મિત્રો, સ્નેહીઓ, પ્રેમી, પત્ની, પડોશીઓ કે સગાવહાલાં પાસેથી સરવાળે જે મળ્યું હોય તેને યાદ કરીને કડવાશને ભૂલવી જોઈએ. જિંદગીના અનેક બોજ છે. તેમાં આ કોઈને માફ ન કરવાની જીદનો ભાર શા માટે વધારવો? માફ કરી દેતાં જિંદગી હળવીફૂલ બને છે.

તુલા એટલે બેલેન્સ. સૂર્ય સપ્ટેમ્બરમાં તુલા રાશિમાં પ્રવેશે છે. યોગાનુયોગ 'મિચ્છામિ દુક્કડમ્'નો અવસર સપ્ટેમ્બરમાં આવ્યો છે. પર્શિયન ધર્મકથા પ્રમાણે આપણા જીવનના અંતે એક જબ્બર ત્રાજવું આપણને દેખાશે. આ ત્રાજવું સ્વર્ગમાં સુરક્ષિત રખાયું છે. ત્રાજવાના એક પલડામાં આપણાં તમામ સત્કર્મો મુકાશે અને બીજામાં ખરાબ કર્મો મુકાશે. એ વખતે ત્રાજવું જે સ્થિતિ બતાવશે તે પ્રમાણે ન્યાય અપાશે. ધર્મકથા કહે છે કે ભલે તમે કોઈનું ગમે તેટલું ખરાબ કર્યું હોય તો તેના માટે પસ્તાવો કરવો અને બીજાએ તમારા માટે ખરાબ કર્યું હોય તો તેને માફી આપશો, તો તમારી બુરાઈઓનું પલડું કુદરત એકદમ ખાલી કરી નાખશે. માફ કરવાનો ગુણ તમારું પ્રકાશનું પલડું ભારે કરે છે. કોઈ પણ ધર્મ માફ કરવામાં એકસરખો ઉદાર છે.

આપણી વર્તમાન સ્થિતિમાં આપણે જે છીએ તેની તમામ જવાબદારી આપણી જ હોય છે. એટલે સર્વપ્રથમ તો આપણે જ આપણને માફ કરવા જોઈએ.

ખલીલ જિબ્રાને કહેલું, 'તમારું વિરાટ સ્વરૂપ તમે ત્યારે જ પ્રાપ્ત કરી શકો, જ્યારે તમારામાં માફ કરવાની શક્તિ હોય.'

વિખ્યાત કવિ થિરુવલ્લુવરે ક્ષમા વિશે લખેલું : 'વેર લેનારાનો આનંદ માત્ર એક દિવસ પૂરતો હોય છે. પણ ક્ષમા આપનારાની કીર્તિ પૃથ્વી પર કાયમ રહે છે.'

યુરિપીડ્ઝ નામના ગ્રીક ફિલસૂફે કહેલું : 'અરે માનવ! તું બીજા માનવને માફ કર કારણકે ભૂલ કરવી એ માનવીય સ્વભાવ છે.'

ક્ષમાના સુંદર આભૂષણને અપનાવવાના બદલે આપણે અક્કડ વલણ રાખીએ છીએ. આપણે બાળક હતા ત્યારે માતા-પિતાએ આપણી ભૂલોને માફ કરેલી. જો આપણે જીવનભર બાળકમય જ રહીશું તો આ ક્ષમાના દિવ્ય ગુણનો અનુભવ થશે. તમે જ વેર ન રાખો તો સામી વ્યક્તિએ લાંબાગાળે ય તમને માફ કરવા જ પડે છે.

જે વ્યક્તિ માફ નથી કરતી એ તેના જૂના રોગમાંથી જલદી સાજી થતી નથી. માફ કરનારા તો ક્ષય કે કેન્સર જેવા રોગમાંથી પણ બચી જાય છે. સતત વેર રાખનારાની રોગપ્રતિકારક શક્તિ ઘટે છે, ક્ષમાવાનની રોગ સામે ટક્કર ઝીલવાની તાકાત વધે છે.

*(મૂળ : કાંતિ ભટ્ટ)*

હું તમને ખમાવું — તન, મન, વચન વડે તમારી ક્ષમા યાચું. ત્યારે એ સ્પષ્ટ થાય છે કે આ ક્ષણથી હું કદી તમારું અપમાન કરીશ નહીં, તમને છેતરીશ નહીં, તમારું દિલ દુભાય તેવું કોઈ કર્મ કરીશ નહીં, મારા અંતરમાં રહેલાં સર્વ દૂષણો દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ બની, અંતરને નિર્મળ - અહંકાર રહિત બનાવીશ એ જ મારું સાચું પ્રતિક્રમણ. ■

## ભગવાન મહાવીરના ઉપદેશમાં....

**(અનુસંધાન : પાના નં. - ૬૧ ઉપરથી ચાલુ)**

ઓળખવાનું નામ છે. એને 'અનેકાંતવાદ' પણ કહેવાય. એના દ્વારા પ્રત્યેક વસ્તુની પરીક્ષા કરવાથી વસ્તુનું સ્વરૂપ યથાર્થ રૂપમાં પ્રગટ થાય છે. આ સિદ્ધાંતને જાણી - પાલન કરવાથી જગતનું વેર-વિરોધ શાંત થઈ જાય છે. ભગવાન મહાવીરના ઉપદેશની ત્યાગ-સંયમ - જીવાદિ પદાર્થોના સ્વરૂપની પ્રધાનતા છે.

- **મહાવીરનું નિર્વાણ :**

લગભગ ત્રીસ વર્ષ સુધી ભગવાન મહાવીરે ઉપદેશ આપવાનું કાર્ય કર્યું. નાલંદા - શ્રાવસ્તી - વૈશાલી પ્રમુખ નગરોમાં એમણે ચાતુર્માસ કર્યા. મગધ - બંગાળ - બિહારની પ્રજાનો પ્રેમ ભગવાન મહાવીર પ્રત્યે અધિક હતો. રાજા શ્રેણિક - બિમ્બિસાર - નંદીવર્ધન - ચંદ્ર પ્રદ્યોતન - ચેટક - ઉદયન - પ્રસન્નચંદ્ર - આદિ મહાવીર સ્વામીના શિષ્ય હતા. મહાવીર સ્વામીની આયુ બોંતેર વર્ષની હતી. કારતક વદ અમાસના દિવસે પાવાપુરી (બિહાર)માં એમનું નિર્વાણ થયું. તેમણે જગતનું કલ્યાણ કર્યું. એની તુલના કોઈ સાથે થઈ શકે તેમ નથી. એમણે સંસારને માટે જે અમૂલ્ય ઉપહાર પ્રદાન કર્યું છે એના માટે સંસાર એમનું ચિરઋણી છે. ■

વિજ્ઞાન

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ : દૂરગામી અસરો

• નીતિન શુક્લ •

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે મશીન બુદ્ધિપૂર્વક વર્તે તે. મશીન માનવની રીતે વર્તે તે. ૧૯૫૬ માં MIT, બોસ્ટનના જહૉન મેકાર્થીએ આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, શબ્દયુગ્મનો ઉપયોગ કર્યો હતો. આપણે ઘણી વખત કોઈને ઉદ્દેશીને કહીએ છીએ કે તું બહુ મિકેનિકલી વર્તે છે. આમ કહેવાનો ભાવાર્થ એ હોય છે કે તું કામ કરતાં બુદ્ધિ (intelligence) ચલાવતો નથી. આમ કહેવાનો ઉપ-સિદ્ધાંત (corollary) એ કે મશીનમાં બુદ્ધિ હોતી નથી. આપણે જ્યારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની વાત કરીએ ત્યારે આપણી અપેક્ષા બિલકુલ ઊલટી હોય છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના અંતર્ગત આપણે એવું ઇચ્છીએ છીએ કે મશીન ઇન્ટેલિજન્ટ બને. મશીન બુદ્ધિશાળી બને, મશીન બુદ્ધિપૂર્વક વર્તે. બુદ્ધિપૂર્વક વર્તે એટલે શું? તેનો અર્થ એમ કે મશીન આજુબાજુની પરિસ્થિતિને સમજે, તેનો તાગ કાઢે, તથા ચપળતાથી અને તર્કસંગત રીતે વર્તે. જેથી મશીન જે કાર્ય કરતું હોય તેમાં સફળ થવાની શક્યતાઓ સહુથી વધુ હોય. સામાન્ય બુદ્ધિશાળી વ્યક્તિ પાસે સમજવાની તથા પ્રશ્નનો નિકાલ લાવવાની આવડત અપેક્ષિત હોય છે.

એક સાવ સાદું ઉદાહરણ લઈએ. આપણે આ હોલમાં બેઠા છીએ. માની લો કે આજે બીજી ડિસેમ્બર છે. વિશ્વકોશ સ્થાપના દિવસ 'વિશ્વ સંસ્કૃતિ દિવસ' તરીકે ઊજવાઈ રહ્યો છે. શરૂમાં પંખા અને એરકન્ડિશન બંને ચાલે છે. ઠંડક વધુ લાગી રહી છે. મણિલાલ પહેલા પંખા બંધ કરી દે છે. થોડો ફેર પડે છે. પણ હજુ ઠંડી તો લાગી જ રહી છે. આથી મણિલાલ એરકન્ડિશન પણ બંધ કરે છે. અમરભાઈ ભટ્ટના સ્વરે વિશ્વના ખ્યાતનામ કવિઓનાં ગુજરાતી અનુવાદિત થયેલાં કાવ્યો સાંભળવા હૉલ હકડેઠઠ-ચિક્કાર ભરેલો છે. આથી હવે થોડી ગરમીને કારણે અકળામણ થઈ રહી છે. મણિલાલ હવે પંખા ચાલુ કરે છે. આ તર્કસંગત રીતે સમજવાનું અને પ્રશ્નોના નિકાલ કરવાનું ઉદાહરણ છે. આ જ પરિસ્થિતિમાં હૉલમાં ૩-૪ જગ્યાએ ઉષ્ણતામાન તેમ જ બાફ નોંધવાના પ્રૉબ (Prob) અથવા થરમૉમીટર મૂકીએ અને હૉલમાં ટેમ્પરેચર-ઉષ્ણતામાન અને હ્યુમીડિટી/બાફ અમુક મર્યાદાથી વધે અથવા ઘટે ત્યારે એરકન્ડિશનિંગ પ્લાન્ટને એ પ્રૉબ્સ દ્વારા Signal મળે અને પ્લાન્ટ ચાલુ થાય કે બંધ થાય અને સાથે સાથે પંખા ચાલુ થાય કે બંધ થાય – આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ખૂબ સરળ દાખલો. આને હવે આપણે પ્રોગ્રામિંગ કહીએ છીએ. આથી આવી એપ્લિકેશન્સ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દાયરાની બહાર નીકળી જાય છે. કારણ કે આ બધી હવે 'રૂટિન ટૅકનોલૉજી' થઈ ગઈ છે. દોઢ વર્ષની અનાહિતા માત્ર એકલ-દોકલ શબ્દોનો ઉપયોગ કરી તેને શું જોઈએ છે તેમ કહે તો 'બુદ્ધિશાળી' લાગે; બે વર્ષે વ્યાકરણ વગરનાં વાક્યોના સમૂહનો ઉપયોગ કરે તો 'બુદ્ધિશાળી' લાગે, અઢી વર્ષે તે વ્યાકરણના ઉપયોગ સાથે સાદાં વાક્યો (Complex વાક્યો નહીં) બોલે તો 'બુદ્ધિશાળી' લાગે. જેવી રીતે બાળકના 'બુદ્ધિશાળી' લાગવાના Performance bar (માપદંડ) વધતા ગયા તેવું જ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માટે છે. જે પહેલા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઉપયોગથી બન્યું તે સરવાળે 'રૂટિન ટૅકનોલૉજી' બની જાય અને આપણે તેને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉદાહરણ તરીકે ન લઈએ. એડવાન્સ ચેસ, ચીન-કોરિયા-જાપાનમાં રમાતી 'ગો-Go' રમત, સ્વયં સંચાલિત (Self-driving) મોટરકાર (જે ગૂગલ થોડાં વર્ષોથી વિકસાવી રહ્યું છે તથા ટ્રાયલ રનમાં છે), તે બધા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનાં થઈ રહેલાં સંશોધનોના દાખલા છે.

US, અફઘાનિસ્તાન તથા પાકિસ્તાનના પશ્ચિમના પ્રદેશોમાં આતંકવાદીઓને મારવા ડ્રોનનો ઉપયોગ કરે છે તે પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને કારણે શક્ય બનેલ છે.

શરૂઆતની નિષ્ફળતાઓ તથા મર્યાદિત સફળતાઓ પછી એવું લાગી રહ્યું છે કે AI (Artificial Intelligent) નું ગાડું હવે ગબડી રહ્યું છે. હવે એવા પ્રશ્નો પણ પુછાય છે કે આનાથી મોટા પાયા પર બેરોજગારી વધશે? કે માનવજાતિનો વિનાશ થશે? ભૂતકાળમાં બનેલી ઘટનાઓને તપાસીએ કે ઇતિહાસને ઉખાળીએ તો આવા કેટલાક કોયડાઓને ઉકેલવામાં મદદ મળે.

લગભગ બસો વર્ષ પહેલાં ઔદ્યોગિક ક્રાંતિને પગલે ઔદ્યોગિકીકરણ (Industrialisation) સ્થાપિત થઈ ગયેલું ત્યારે બ્રિટનમાં આવા જ પ્રશ્નોને લઈને ગરમાગરમ ચર્ચાઓ ચાલતી હતી કે નવાં આવી રહેલાં મશીનો બધાનો રોજગાર ઝૂંટવી લેશે, આનાથી ફાયદો ગણ્યાગાંઠ્યા માણસોને જ થશે અને આખા સમાજમાં ઊથલપાથલ થઈ જશે. આને તે વખતે લોકો 'Machinery Question' (મશીનોથી ઉદભવેલ પ્રશ્ન) કહેતા. આજે બસોએક વર્ષો પછી ફરી વખત 'ટૅકનૉક્રેટો', અર્થશાસ્ત્રીઓ તથા ફિલસૂફો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની તાત્કાલિક તેમ જ દૂરગામી અસર માનવ-જીવન અને સમાજ પર શું થશે તેની ચર્ચા કરી રહ્યા છે. આ ઝડપથી આગળ વધી રહેલી તથા ફેલાઈ રહેલી ટેકનોલોજી છે જેનાથી એવાં

મશીનો મળશે કે બનાવાશે જે એવાં કામો કરી શકશે જે અત્યાર સુધી માણસો જ કરી શકતા હતા.

આની દૂરગામી અસરો પડશે એ નિર્વિવાદ વાત છે. અત્યાર સુધી જે કામ માત્ર માણસો દ્વારા જ થઈ શકે અને ઑટોમૅટિક (સ્વ-સંચાલિત) રીતે થઈ ન શકે તેવી પ્રણાલી હતી તેવાઓનાં કામો ઉપર પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની અસર પડશે. દા.ત. રેડિયોલૉજિસ્ટ. ૨૦૧૩માં ઑક્સફર્ડ યુનિવર્સિટીના બે સંશોધકો દ્વારા તૈયાર થયેલ અભ્યાસ લેખ પ્રમાણે અમેરિકામાં ૭૦૨ વ્યવસાયોનો અભ્યાસ કર્યા પછી ૪૭% નોકરિયાતોનાં કામો ઉપર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી અસર પડશે. વિશ્વવિખ્યાત મેકેન્ઝીના અહેવાલ પ્રમાણે ઔદ્યોગિક ક્રાંતિને કારણે જે સામાજિક જીવનમાં ધરમૂળથી ફેરફારો થયા તેનાથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના કારણે ૧૦ ગણી ઝડપથી તથા ૩૦૦ ગણા વ્યાપમાં ફેરફારો થઈ રહ્યા છે અને થશે. બીજી રીતે મૂકીએ તો ઔદ્યોગિક ક્રાંતિથી જે અસરો (impact) પડી તેનાથી ૩૦૦ ગણી અસરો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને કારણે થશે. બસો વર્ષ પહેલાં જેવી દહેશતો-માન્યતાઓ હતી કે આને કારણે વ્યાપક બેરોજગારી, અસમાનતા (inequality) તથા સામાજિક અશાંતિ થશે તેવી જ અસરો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને કારણે આવનારાં વર્ષો - દસકોમાં થશે તેવો ભય કેટલાકને છે. આમ જોઈએ તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કંઈ નવી વાત નથી. ઘણાં વર્ષોથી આના પર કામ થઈ રહ્યું છે, આંશિક સફળતા જોકે મળી છે પણ નિષ્ફળતાઓ વધુ મળી હતી; જે હવે જલદીથી બદલાઈ રહ્યું છે, અને હાલમાં હરણફાળ સફળતાઓ મળી છે. અત્યાર સુધી explicitely પ્રોગ્રામ બનાવાય તથા એનાથી કામ થાય જ્યારે હવે અસંખ્ય દાખલાઓ સિસ્ટમમાં ફીડ કરવામાં (મૂકવામાં) આવે જેથી સિસ્ટમ પોતે 'શીખી' શકે તથા વધુ વિકસી (improve) શકે. ઇન્ટરનેટ સર્ચ એન્જિન, સ્પામ (Spam) email ને કારણે રોકવાની રીત, વૉઈસ કમાંડને પારખવા, સ્વચાલિત વાહનો ચલાવવા, ક્રેડિટ કાર્ડમાં ગોટાળા-ફ્રોડને પકડવા વગેરે આર્ટિફિશિયલ ઇન્ટેલિજસની 'Deep Learning' ટેકનિકને આભારી છે.

'Deep Learning' એ એક જાતનું 'Machine Learning' છે. સંખ્યાબંધ માહિતી/ડેટાનું ઑટોમેટિક એનાલિસિસ દ્વારા Conceptsને પોતાની મેળે/જાતે શીખતું રહે.

આ રીતે માહિતી/ડેટાની જે સમજણ પડી હોય તેના પ્રશ્નોને હલ કરવામાં ઉપયોગ કરે. દા.ત. વ્યક્તિના ચહેરાઓને ઓળખવા, આપણે કહેલી/બોલેલી સૂચનાને સમજવી, સ્વ-સંચાલિત વાહન ચલાવવું વગેરે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ લગભગ બધાં ક્ષેત્રોમાં થશે અને આથી નવી તકો ઊભી થશે.

માનવના મગજમાં દરેક ન્યુરોન (brain cell) બીજા કોઈ પણ ન્યુરોનથી ટ્રીગર થઈ શકે અને તેનું Output ત્રીજા જ ન્યુરોનને ટ્રીગર કરી શકે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં થોડાં વર્ષોમાં થયેલ નોંધપાત્ર પ્રગતિ માનવસર્જિત / ARTIFICIAL NEURAL NETWORKS ને આભારી છે. માનવસર્જિત ન્યુરલ નેટવર્ક સ્તરોમાં / Layersમાં ગોઠવવામાં આવે છે. એક સ્તરથી બીજા સ્તરને માહિતી/પરિણામ આપતું રહે અને આખરી OUTPUT LAYER સુધી પહોંચે. આવા ૨૦ થી ૩૦ સ્તરો / Layers વાળા નેટવર્ક હવે અસામાન્ય રહ્યા નથી. માઈક્રોસૉફ્ટે ૧૫૨ લેયર્સવાળી 'Deep Learning' સિસ્ટમ બનાવી છે.

Learning How to Learn અર્થાત્ કેવી રીતે શીખવું તેની શીખ મેળવવી આવશ્યક છે.

Artificial Intelligence તથા Deep Learning માં ચાર રીત છે :

(૧) Supervised Learning : દા.ત. સ્પેમ ઈમેઈલ તારવવા, (૨) Unsupervised Learning : દા.ત. સાઈબર ઍટેક કે ઇન્સ્યોરન્સમાં ભોડ પકડવા, (૩) Reinforcement Learning : અટારી વીડિયો ગેમ, (૪) Transfer Learning. ■

## ગરીબની એક રાતની ઊંઘ

**(અનુસંધાન : પાના નં. - ૭૩ ઉપરથી ચાલુ)**

'પેલા ભાઈને આજે ને આજે સિલકનો બધો મેળ પડી જાય ને, એટલા માટે!'

'તે કાલે સવારે જતી વખતે હું એ પૈસા નહોતી આપી દેવાની?'

મારા પિતાજી ક્ષણવાર મારી સામે જોઈ રહ્યા. પછી મને એમની પાસે બેસાડીને માથે હાથ ફેરવ્યો અને કહ્યું, 'પૈસા તો તું આપવાની જ હતી... પણ ઊંઘ? બેટા, ગરીબ માણસને સિલક ન મળે તો રાતે ઊંઘ ન આવે... એની એક રાતની ઊંઘ તું કેવી રીતે એને પાછી આપવાની હતી? કહે જોઈએ!'

હું કંઈ કરતાં કંઈ બોલી ન શકી...ને એ વાત જીવનભર ભૂલી પણ ન શકી. ■

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : Rolex SQUARE DABBA & TIFFIN

# અવકાશનું ડ્રીમ ચેઝર

● વિહારી છાયા ●

પ્રવાસનનો શોખ અને જરૂરિયાત પરાપૂર્વથી સર્વત્ર ચાલે છે, જ્યારે પ્રવાસનનાં સાધનો ન હતાં ત્યારે લોકો પગે ચાલીને, ઘોડા કે અન્ય પ્રાણીઓની સવારીએ, નૌકાઓ દ્વારા વગેરે વગેરે સાધનો દ્વારા દૂરસુદૂર જતા. સાહસિકતા, જિજ્ઞાસા, જ્ઞાનપીપાસા, વેપાર વગેરે જેવાં કારણોસર દેશદેશાવર જતા હતા. પરિણામે દુનિયા વિસ્તાર પામી. લોકો નજીક આવ્યા. કૃષિનો અને સંસ્કૃતિ તેમજ સાહિત્યનો વિકાસ થયો છે. ચીનના મુસાફરો હ્યુએનસાંગ અને ફાહિયાન તથા વાસ્કો-ડી-ગામાએ નવા પ્રદેશોમાં પ્રયાણ કર્યું. અમેરિકા ખંડની શોધ કોલંબસે કરી હતી. તેવી રીતે ભારતમાંથી બૌદ્ધ સાધુઓ પૂર્વ એશિયાના દેશોમાં ફરી વળ્યા હતા. બૌદ્ધ ધર્મનો સંદેશ ફેલાવ્યો.

આજના જમાનામાં પણ પ્રવાસનનાં નવાં સાધનો અસ્તિત્વમાં આવ્યાં. પ્રવાસનનો ઝડપી વિકાસ થયો. માત્ર આપણા દેશમાં યાત્રાનાં ધામોના પ્રવાસ જ નહીં, પણ જુદી જુદી ટ્રાવેલ કંપની સ્પર્ધામાં ઊતરી અને નવી નવી સુવિધાવાળી બસો, રેલવેની સગવડો, પ્લેનની મુસાફરી, આંદામાન-નિકોબાર, લક્ષદ્વીપો, શ્રીલંકા, નેપાળ, ભૂતાન, માનસરોવર, મોરેશિયસ વગેરેની મુસાફરી સરળ થઈ ગઈ છે. દુનિયાના દરેક ખંડની મુસાફરી પણ સરળ થઈ ગઈ છે. અલબત્ત તે માટે પૂરતાં નાણાં ખિસ્સામાં જોઈએ.

હવે સ્પેસ ટૂરિઝમ આકાર લઈ રહ્યો છે. સ્પેસ શટલે તે માટે શક્યતા તો ઊભી કરી દીધી છે. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય અવકાશી મથક (આઈ.એસ.એસ.) શરૂ થતાં તે શક્યતા ઘણી વધી ગઈ છે. અવકાશયાત્રીઓ તો આંટાફેરા કરે જ છે. ટીટો જેવા ધનવાન સ્પેસ ટ્રાવેલના શોખીન તો જઈ પણ આવ્યા. કેટલાક દિવસો આઈ.એસ.એસ.માં રહી આવ્યા. જોકે અવકાશના પર્યાવરણમાં નિવાસ કરવા માટે તાલીમ લેવી પડે છે.

હવે તો ખાનગી કંપનીઓ અવકાશી પ્રવાસનમાં જોડાયેલ છે. સ્પેસ-એક્સ નામની કંપનીની યોજના પ્રમાણે ૨૦૨૩માં મંગળના એકમાર્ગી પ્રવાસની તૈયારી પણ શરૂ કરી છે. લગભગ બાર જેટલા યાત્રીઓ મંગળના વસવાટ માટે પસંદ થયા છે. ત્યાંથી પરત નહીં આવવાની શરતે તેઓ જઈ રહ્યા છે. તેમના માટે હવા, પાણી, ખોરાક અને વીજળીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે.

પરંતુ તેનાથી આગળ ટ્રક કે બસમાં પ્રવાસીઓને અવકાશમાં મોકલવા વ્યવસ્થા થઈ રહી છે. તેને 'સ્પેસટ્રકર' કહે છે.

યાત્રી સ્પેસટ્રકર ઊતરતી હશે ત્યારે અમેરિકામાં કેલિફૉર્નિયાનું રણ તમારી સામે ઝડપથી પસાર થતું તમે જોઈ શકો. એડવર્ડ એર ફોર્સ બેઝનો રન-વે જે ટેકરીઓમાંથી નીકળતો દેખાય છે. તમને તમારા સ્પેસક્રાફ્ટનું નાક કેન્દ્રથી સહેજ ઢળેલું સીધેસીધું દેખાય છે. તમે 'ડ્રીમ ચેઝર' નામના સ્પેસ પ્લેનને ઉડાડી રહ્યા છો. તમે આઈ.એસ.એસ.થી પરત આવી રહ્યા છો અને તમારા માલસામાન પ્રત્યે જાગ્રત છો.

વાસ્તવમાં તમે ફ્લાઇટ સ્ટિમ્યુલેટરનો પ્રયત્ન કરી રહ્યા છો. તે તમે મૅસેચ્યૂસેટ્સના કેમ્બ્રિજ ખાતેની ડ્રેપર લૅબોરેટરી કે જે સિયેરા - નેવાડા કોર્પોરેશન સ્પેસ પ્લેનની છે. તમે ત્રણ કમ્પ્યૂટરના મૉનિટર સામે બેઠા છો જે તમારા કોકપીટની બહારનું દૃશ્ય બતાવે છે અને જેમ સ્પેસ ક્રાફ્ટ ઊતરે છે તેમ બાજુનું દૃશ્ય બતાવે છે.

કોકપીટના સ્ક્રીનને લાલ અને લીલા ત્રિકોણ છે. એક એ બતાવે છે કે તમે કયા લક્ષ પર ઊતરતા માંગો છો અને બીજો એ બતાવે છે કે તમારું લક્ષ કયું હોવું જોઈએ? તમારે શું કરવું જોઈએ? તમારે તમારા સ્પેસક્રાફ્ટને એક રેખામાં રાખવો જોઈએ. તે આમ તો વીડિયો ગેમ જેવું લાગે છે. 'ડ્રીમ ચેઝર' ની ડિઝાઈન એવી બનાવવામાં આવી છે કે તે સરળતાથી, આરામદાયી રીતે અને સહેલાઈથી ઊડી શકે.

જો તમે મોટા અને ઝડપી ચકડોળમાં બચી શકો તો તમે આ ઉડાનમાં બચી શકો. આ તમારા પથ જ્યાં જે રીતે બદલાય, અવકાશની સફર બદલો તે માટે આરક્ષિત છે. તે પથ જે સામાન્ય હોય તે માટે હોય છે.

'ડ્રીમ ચેઝર' સ્પેસ શટલથી ચોથા ભાગનું હોય છે. વિવિધ પ્રકારનાં રૉકેટોની ઉપર ટોચ પરથી ઉડાન ભરી શકે તે માટે તેની પાંખો સંકેલી લેવામાં આવે છે. તેની ડિઝાઈન એવી છે કે તે પ્લેનની જેમ સરળતાથી ઉતરાણ કરી શકે છે. આઈ.એસ.એસ.થી ત્રણથી છ કલાકમાં પરત થઈ શકે એવાં સારાં તેનાં લક્ષણો છે. ઈજાગ્રસ્ત અવકાશયાત્રીને લાવવા જેવા મૃદુ પ્રયોગો કરી શકે છે.

ડ્રીમ ચેઝરમાં હાનિકારક ન હોય તેવા પ્રોપેલન્ટ વપરાય છે, ગંધ આવે તેવા પ્રોપેલન્ટ નહીં. ગંધ આવે તેવા પ્રોપેલન્ટ હાઈડ્રેઝાઈન સ્પેસ શટલમાં વપરાય છે. તેનો અર્થ એ થાય કે લોકો સ્પેસ વાહનની નજીક જઈ શકે અને માલસામાનને સરળતાથી ઉતારી શકે. તેમને હેડગિયર કે પોતાને માટે પ્રોટેક્ટિવ ગિયર પહેરવાં પડતાં નથી. તેનો ફરીથી ઉપયોગ થઈ

શકે. તેના ૩૦ દિવસોમાં ફરી ઉડાન ભરાવવી વધારે સારું ગણાય.

પહેલા તબક્કામાં તે અવકાશયાત્રીઓને લઈ નહીં જાય. તેની ઉડાન પૂરેપૂરી સ્વયંસંચાલિત હશે. પોતે પોતાની પથદર્શક હશે અને આઈ.એસ.એસ. પહોંચશે અને પરત પણ પોતે સ્વયંસંચાલિત જમીન પર ઊતરશે.

સિયેરા-નેવાડાએ સ્વયંસંચાલિત પ્રકારની ઉડાનનું કામ ચાલુ રાખ્યું. અવકાશયાત્રીઓ સાથે ઉડાનનો કરાર નાસાએ રદ કર્યો. ૨૦૧૪માં વેપારી ધોરણે અવકાશયાત્રી મોકલવાનો કૉન્ટ્રેક્ટ નાસાએ તેની સાથે કર્યો નહીં. ૨૦૧૬ની શરૂઆતમાં કંપનીને બીજા અલગ કૉન્ટ્રેક્ટ માટે પસંદ કરી તથા માલસામાનને આઈ.એસ.એસ. પહોંચાડવાનો અને પરત લાવવાનો કૉન્ટ્રેક્ટ કર્યો. આ સ્પેસટ્રક જેવું કામ છે જેમાં માનવીની મદદની જરૂર પડતી નથી.

હજુ સિયેરા-નેવાડા અને 'ડ્રેપર' આશા રાખે છે કે એક દિવસે તેઓ અવકાશયાત્રીઓને અવકાશયાત્રાએ લઈ જઈ શકશે. તે 'ડ્રીમ ચેઝર' માં અવકાશયાત્રીને લઈ જઈ શકશે. તેઓ ચોક્કસ થવા માંગે છે કે તેમની પાસે કંઈક એવું હોય કે જેથી આપણે પાછા જઈ શકીએ અને માનવી ઊડતી માખી હોય એવું લાગે છે.

તેથી તમે જ્યારે ફ્લાઈટ સિમ્યુલેટર કરતા હો ત્યારે તમને લાગે કે તમે ખરેખર પાઈલટ છો. ડ્રીમ ચેઝરમાં કેટલીક ખામીઓ છે. પહેલી ઉડાન ૨૦૧૩માં ભરવામાં આવી ત્યારે નિરંકુશ રીતે આડીઅવળી ઉડાન થવા લાગી. જ્યારે તેના લેન્ડિંગ ગિયરનો ભાગ નિષ્ફળ ગયો.

તમે વધારે સારું કરવા પ્રયત્ન કરો છો પરંતુ તે કામ ધાર્યા કરતાં ઘણું અઘરું છે. નાના માર્ગદર્શક ત્રિકોણ તમારાથી દૂર નૃત્ય કરતા લાગે છે; પરંતુ હળવા સ્પર્શ અને નાનકડી ગતિ આપવાથી, તમે વ્હીલને નીચે લાવી શકો છો. રન-વે સુધી લાવી શકો અને જોરથી બ્રેક મારી શકાશે. આ આરામદાયક લેન્ડિંગ થશે.

તમને એમ લાગે કે આ સ્પેસટ્રકમાં આ સફર ખરેખર એટલી સહેલાઈથી થઈ શકે છે કે સામાન્ય માણસ માટે અવકાશમાં આવન-જાવન ઘણી સહેલી પડશે. તેનો વિકાસ થતાં ડ્રીમ ચેઝર પ્રવાસન માટે વપરાશે. તે આઈ.એસ.એસ. બહુ કામ નહીં લાગે આઈ.એસ.એસ.નું ફંડ ઓછું છે. આઈ.એસ.એસ.નો સમય પૂરો થયો છે. ૨૦૨૪ સુધી ચાલે તેટલું ફંડ છે. ડ્રીમ ચેઝર માટે તે સમય ફાળવી શકે તેમ નથી, પરંતુ આ મહેનત નકામી નહીં જાય. આઈ.એસ.એસ.નો સમય પૂરો થઈ જાય અને તે નીચે ઊતરી આવે તે દરમિયાન કોઈ નવો વિકલ્પ ઊભો થઈ જશે. ■

## સોક્રેટિસ અને પ્લેટોનાં જીવન સૂત્રો

If you but choose wisdom all things will be added un to it, in time.

"હું કશું જાણતો નથી" એટલું હું જાણું છું હા, એટલા પૂરતો હું ડાહ્યો ખરો. ઈશ્વરે માણસને બુદ્ધિ એટલા માટે આપી છે કે એ જાણે કે હું કશું જાણતો નથી.

ઈશ્વરી સહાય વિના ડાહ્યા કહેવાતા એવા સમર્થનું ડહાપણ પણ ઘણી વખત મિથ્યા નીવડે છે. દુર્ગુણોને વશ કરી સદ્‌ગુણોને મુક્ત કરો.

દેવો માત્ર મંદિરમાં જ નહિ, માણસના દિલમાં પણ વસે છે.

સાચા જ્ઞાન વગરના વિદ્વાનો એક અભણ માનવી જેવી જ ભૂલો કરતા હોય છે. સાચી સમજ ધરાવે તે સમાજ, બાકીનું ટોળું.

પોતાના દોષ શોધી શકે તે સાચો શોધક. નિર્દોષને દંડનારના દિલમાં વહેલો કે મોડો પશ્ચાતાપ થાય જ છે.

જેમણે સત્યની શોધ કરવાની હોય તેમણે સાહસ કરતાં ડરવાનું ન હોય.

સત્ય એ ખુદ સુંદર વસ્તુ છે. આત્મ નિરીક્ષણ વગર જીવન વ્યર્થ છે. સત્યને સેવો. તેના સિવાયનું બધું જ નાશવંત છે.

વિચારોની અસ્થિરતામાં ડહાપણ હોતું નથી.

લોકો પ્રત્યે મને પ્રેમ છે પરંતુ ટોળાશાહી સાથે મને વાંધો છે.

પોતાને થયેલું દરદ વૈદ્યની પાસે સંતાડનાર કદી પણ સારો થઈ શકતો નથી. મૈત્રીનું સુખ તો દેવલોકમાંય દુર્લભ છે. બે ખોળિયામાં અવારનવાર થતી જીવની બદલી તે મૈત્રી. વ્યક્તિગત આત્મામાં તેમજ સામાજિક બંધારણમાં એકતા અને સુખશાંતિ લાવે તે ધર્મ.

મહત્ત્વાકાંક્ષા અને લોભ ખરેખર કલંક છે.

ખરી કેળવણીના અભાવમાંથી, ખરાબ શિક્ષણ થકી અને અનિષ્ટ રાજ બંધારણને લીધે ડંખીલા, વેરીલા અને ઝેરીલા બદમાશો જન્મે છે. આ બધો મૂડીવાદી રાજ્ય વ્યવસ્થાનો પરિપાક છે.

જેમનું મન મનુષ્ય સ્વભાવની આરપાર નિહાળી શકે એવો વિશદ દૃષ્ટિવાળો માનવી જ સાચો ન્યાય આપી શકે.

સત્યાભિમુખ : જ્ઞાનનું તત્ત્વ સર્વાંશે સત્યાભિમુખ હોય છે. લાભ અને કીર્તિ માટે તેને ઘણી ઓછી દરકાર હોય છે. આવો સત્યાભિમુખ માનવી વિવેકાભિષી હોય છે. તેઓ પોતાનું સુખ જ્ઞાનમાંથી આપબળે સર્જે છે. આવો જ્ઞાની જો કીર્તિની પાછળ પડે તો તે વધુ દુઃખી થાય છે.

*સંપાદક : અનુભવાનંદજી*

આરોગ્ય

## આંખ નીચેના કાળાં કૂંડાળાં દૂર કરી
# ચહેરાનું લાવણ્ય નિખારો

તમારો ચહેરો ભલે ગમે તેટલો રૂપાળો હોય, તમારા ચહેરા પર ભલે ખીલના ડાઘા કે ખાડા ન હોય, નાક-નકશો ભલે ગમે તેટલો આકર્ષક હોય પણ જો આંખની નીચે કાળાં કૂંડાળાં હોય તો તે બધું જ નકામું લાગશે. આંખનાં આ કાળાં કૂંડાળાં સુંદરતાની સોનાની થાળીમાં લોઢાની મેખ જેમ લાગશે. કાળાં કૂંડાળાં તમારી બધી જ સુંદરતા મારી નાખશે.

આ બધી કાળાશ કોઈ બીમારી નથી, પણ અસ્વસ્થતા અને બેદરકારીની નિશાની જરૂર ગણી શકાય જે સુંદરતામાં અવરોધરૂપ બની શકે છે. ઘણીવાર આ કાળાં કૂંડાળાંને કારણે પણ લગ્નો તૂટતાં હોય છે. આંખોની નીચે પડેલી આ કાળાશ થવાનાં અનેક કારણો છે. રાતે મોડે સુધી જાગવાથી એટલે કે પૂરી ઊંઘ ન લેવાના કારણે પણ આંખોને કાળા ડાઘ પડી જાય છે. એટલે આઠથી નવ કલાકની ઊંઘ પૂરી કરવી જ જોઈએ, જેથી કરીને આંખોને પૂરતો આરામ મળે. ખાસ કરીને ભણતાં વિદ્યાર્થીઓને કાળાશનો પ્રશ્ન ખૂબ જ સતાવે છે. જે સ્ત્રીઓ માનસિક તાણ અનુભવતી હોય અને હંમેશાં ચિંતામાં જ રહેતી હોય કે રડરડ કરતી હોય તો પણ આ કાળાશ પડી જાય છે. આથી આવી સ્ત્રીઓએ બધી જ ચિંતાઓ અને રડવાનું છોડી દઈ ખુશખુશાલ રહેવું જોઈએ.

લાગલગાટ સળંગ વાંચતા રહેવું, સળંગ સિલાઈકામ કરતા રહેવું વગેરે જેવાં કામો સતત કરતા રહેવાથી આંખો થાકી જાય છે, જેનાથી કાળા ડાઘ પડી જાય છે. કોઈ પણ કામ કરતી વખતે પૂરતું અજવાળું હોય એનું ખાસ ધ્યાન રાખવું. કામ કરતી વખતે વચ્ચે વચ્ચે આંખોને આરામ આપો. ઠંડા પાણીથી આંખોને છાલક મારો. એ સિવાય અહીં આપેલી નજીવી કસરતોથી પણ આંખોને ફાયદો આપે છે. આંખો નીચેની કાળાશ દૂર કરવા માટે મોંઘા ક્રીમ કે થેરાપી વાપરવા કરતા કેટલીક ઘરેલું કસરતો જ આંખો નીચેની આ કાળાશો દૂર કરવામાં ઘણી મદદ કરે છે. અને વળી આ માટે તમારે વધારાના પૈસા ખર્ચવાની જરૂર નથી. તો આવી કેટલીક કસરતો જોઈએ.

આંખો બંધ કરીને બન્ને હાથથી આંખો ઢાંકો. આ સ્થિતિમાં બે મિનિટ સુધી રહો. બન્ને આંખો પર આંગળીઓ મૂકીને દબાવો. એનાથી રંગીન જેવી તસવીર દેખાશે એને જોતા રહો અને ૩૦ સેકન્ડ પછી આંખો ધીમે ધીમે ખોલી નાખો.

બન્ને આંખો જોરથી મીંચો અને પછી ધીમે ધીમે ખોલીને ચારેય તરફ આંખો ખોલીને જુઓ અને વચ્ચે વચ્ચે પાંપણ ઝબકાવતાં રહો. દરેક અડધા કલાક પછી આ કસરત કરો. એનાથી આંખોનો થાક દૂર થાય છે.

પ્રમાણસર ખોરાક ન લેવાના કારણે પણ આંખોને પૂરતું પોષણ નથી મળતું અને આંખોની આજુબાજુ કાળાશ પડી જાય છે. એટલે ખોરાકમાં બને તેટલાં વધુ લીલાં શાકભાજી, દૂધ અને ફળો ખાવ. વધારે પડતી દૂબળી, ગર્ભવતી સ્ત્રીઓ અને બાળકને ધવરાવતી સ્ત્રીઓ ખોરાક પાછળ પૂરતું ધ્યાન આપો. ગર્ભાવસ્થા દરમિયાન પૂરતું પોષણ ન મળવાને કારણે પણ આંખની આજુબાજુ કાળાશ પડી જાય છે.

ઘણીવાર મેદસ્વી સ્ત્રીઓને કાળા ડાઘાની સમસ્યા ઘણી સતાવતી હોય છે. કારણ કે જાડાપણું દૂર કરવા માટે કેટલીયે સ્ત્રીઓ ભૂખ ન લાગવાની ગોળીઓ લઈ લે છે. એનાથી શરીર પાતળું તો થાય છે પરંતુ યોગ્ય પોષકતત્વો યુક્ત ખોરાક ન ખાવાને કારણે અથવા ઓછો ખાવાને કારણે બીજા રોગોથી પીડાવા લાગે છે. જેમાં આંખો નીચેની કાળાશ પણ તેમાંની એક છે.

કબજિયાત રહેતી હોય તો પણ આ તકલીફ થઈ શકે છે. અહીં આંખો નીચેની કાળાશ દૂર કરવા નીચેના ઉપાય બતાવવામાં આવ્યા છે. જેનાથી આંખોની કાળાશ દૂર કરવામાં ઘણી મદદ કરશે.

ગરમ પાણીમાં લીંબુનો રસ નીચોવીને પીઓ. ઉનાળામાં આંખો પર ઠંડા ગુલાબજળનાં પૂમડાં રાખો. સહેજ ગરમ દૂધમાં રૂ નું પૂમડું ભીંજવીને આંખોની આસપાસની કાળી ચામડીને શેક આપો. કાચું દૂધ આંખોની નીચેની કાળાશ પર લગાવો. ચાના સ્હેજ ગરમ પાણીમાં રૂ નું પુમડું ભીંજવીને થોડીક વાર સુધી આંખો પર રાખો. લીલાં શાકભાજી ખાવ, ગાજર, ટામેટાં, વગેરેનો રસ પીઓ. મેકઅપ કરતી વખતે આંખો નીચેની એ કાળાશ પર 'વ્હાઈટનિંગ ક્રીમ' અથવા કન્સીલર સ્ટીક લગાવો અને પછી મેકઅપ કરો. એનાથી આંખો નીચેની આ કાળાશ થોડીક દબાઈ જશે. આંખો નીચેની આ કાળાશ એકવાર પડી જાય પછી એ સહેલાઈથી દૂર થતી નથી એટલે ખૂબ ધીરજપૂર્વક સંભાળ લઈને એનો ઈલાજ કરશો તો એમાં થોડોક ફાયદો થશે.

પણ જો પહેલાંથી જ તમે આંખો તરફ પૂરતું ધ્યાન આપશો તો આંખો નીચે આ કાળાશ થશે જ નહિ, કે જેથી કરીને ચહેરાની સુંદરતા મરી જાય.

તો ચાલો, આંખો નીચેની આ કાળાશ દૂર કરો અને બનો સુંદર. કાળાશ દૂર કરી સુંદરતાથી સજ્જ થાઓ. ■

# સુસ્વાસ્થ્યસભર જનતા એ દેશની મૂડી છે

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

જે તે દેશની પ્રજા આરોગ્યમય હોય અર્થાત્ તંદુરસ્ત હોય તો અનેક ક્ષેત્રે આગવી સ્ફૂર્તિથી, અનોખા લગાવથી કે દિલચશપીથી કાર્યરત રહે છે. થોડા કે વધુ બીમારગ્રસ્ત લોકો મન લગાવી કામ કરી શકવા અસમર્થ બની જાય છે. પરિણામે જો તંદુરસ્ત લોકો દેશમાં વધુ હોય તો એવા દેશનો ઝડપી વિકાસ શક્ય છે.

## • રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન :

મનુષ્યની તંદુરસ્તીના ઉપલક્ષ્યમાં અનેકવિધ ઉપચાર પદ્ધતિઓ અસ્તિત્વમાં છે જેવી કે આયુર્વેદિક, એલોપેથિક, હોમિયોપેથિક, યોગ પદ્ધતિ, સિદ્ધ - મેડિકલ સિસ્ટમ, સુઝોક થેરાપી, નિસર્ગ ઉપચાર પદ્ધતિ, એક્યુપ્રેસર, એક્યુપંક્ચર મેથડ વગેરે.

નોબેલ પારિતોષિક વિજેતા અર્થશાસ્ત્રી અંગસ ટીટોને તેમના પુસ્તક 'ધ ગ્રેટ એસ્કેપ'માં વર્ણવ્યા મુજબ 'આર્થિક વિકાસાર્થે માત્ર સારું સ્વાસ્થ્ય જ સંકળાયેલું નથી. સારા સ્વાસ્થ્ય સાથે દેશની પ્રગતિ પણ જોડાયેલી છે.' ભારતમાં આજે બિનચેપી રોગોને કારણે મૃત્યુ આંક વધી રહ્યો છે. માતૃત્વ અને બાળમૃત્યુનાં પ્રમાણ ઘટી રહ્યાં છે.

## • ગુજરાતની આરોગ્યલક્ષી યોજનાઓ :

ગુજરાત રાજ્યમાં તમામ જિલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા અંદાજે ૪૧.૪૭ લાખ પરિવારો માટે 'મુખ્યમંત્રી મા અમૃતમ્ યોજના' તથા 'મા વાત્સલ્ય યોજના'ઓ તા. ૪-૯-૨૦૧૨થી અમલી બનાવાઈ છે. તા. ૧૫-૮-૨૦૧૪થી વાર્ષિક ૧ લાખ ૨૦ હજારની આવક ધરાવતા મધ્યમ વર્ગને આ યોજના લાભાન્વિત કરશે.

લાભાર્થીઓ માટે "મા" કાર્ડ તૈયાર કરાયાં છે. જેમાં વ્યક્તિનો ફોટો, એડ્રેસ આદિ વિગતો હોય છે. કેન્સર, ટી.બી., કેમોથેરાપી, ગંભીર અકસ્માત, કિડનીનાં દર્દો, મગજના રોગો, હૃદયરોગ, મેલેરિયા અંગે મફત સારવાર અપાય છે. નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી રહી છે.

## • એઇડ્સ નિયંત્રણ :

વર્ષ મે-૨૦૧૫ના રાષ્ટ્રીય એચ.આઈ.વી. અંદાજ મુજબ ૨૧.૧૭ લાખ લોકો ભારતમાં એચ.આઈ.વી. સાથે જીવે છે. આવા દર્દીઓના પ્રમાણમાં ભારત ત્રીજા નંબરે છે. વર્ષ ૧૯૮૭માં ચેન્નાઈમાં પ્રથમ કેસ જોવા મળેલો. ભારતે એઇડ્સ પ્રત્યે દાખવેલી સજ્જતા - વિશ્વમાં પ્રસિદ્ધ છે. એઇડ્સને નાબૂદ કરવા સંશોધનાત્મક અનેક પગલાં લેવાઈ રહ્યાં છે. ઈ.સ. ૨૦૨૦ સુધી સુખદ પરિણામો જોવા મળશે. રાજ્ય એઇડ્સ નિયંત્રણ સોસાયટી શરૂ કરવામાં આવેલી. હાલે જિલ્લા એઇડ્સ નિયંત્રણ અને નિવારણ એકમો શરૂ કરવામાં આવ્યા છે.

## • ૧૨મી યોજનામાં આરોગ્યલક્ષી કાર્યક્રમો :

૧૨મી પંચવર્ષીય યોજનામાં 'રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન'ને અપૂરતું નાણાં ભંડોળ મળવાથી તે અભિયાનની છબી ખરડાઈ છે. વર્ષ ૨૦૧૩માં રાષ્ટ્રીય શહેરી આરોગ્ય અભિયાન મંજૂર થતાં આરોગ્ય ક્ષેત્રે થોડી પ્રગતિ થઈ છે. તમામ લોકોને ઓછા ખર્ચે તબીબી સારવાર પ્રાપ્ત થાય એવા શુભ હેતુસર આરોગ્યલક્ષી વીમા યોજનાઓ શરૂ કરી વીમા કવચ પ્રદાન કરવામાં આવી રહ્યાં છે. ઈ.સ. ૨૦૧૪માં આપણા દેશમાં ૩૭ કરોડો લોકોને આવરી લેવાયા છે.

## • આરોગ્ય વિકાસ ગાથા :

રાષ્ટ્રપતિ દ્વારા તાજેતરમાં પલ્સ પોલિયો કાર્યક્રમ ૨૦૧૬ શરૂ કરવામાં આવ્યો. દેશમાં પાંચ વર્ષની અંદરના બાળકોની સંખ્યા અંદાજિત ૧૭.૪ કરોડ છે. તેમને પોલિયોની રસી પિવડાવવામાં આવે છે. ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૬ના રાષ્ટ્રીય રસીકરણ દિને પ્રારંભ કરાયો હતો.

'કિલકારી' નામક સૌપ્રથમ એક ઑડિયો આધારિત મોબાઈલ સેવાનો આરંભ થયો છે. સગર્ભા સ્ત્રીઓ, પ્રસુતા માતાઓ, બાળ ઉછેર – આ અંગે આરોગ્યલક્ષી જાણકારી આપવામાં આવી રહી છે.

## • આરોગ્ય અંગેના માપદંડ :

આરોગ્યનું સ્તર નક્કી કરતા સામાજિક માપદંડ ઘણી વિસ્તૃત બાબત છે. પૌષ્ટિક આહાર, પાણી, પર્યાવરણ, સ્વચ્છતા, લિંગભેદ, સામાજિક દરજ્જો, શિક્ષણ, આવક જેવી અનેક બાબતો સમાવિષ્ટ છે.

## • હવામાન વિષમતા અને આરોગ્ય :

પર્યાવરણીય ફેરફારો અને હવા, પાણી, અવાજના પ્રદૂષણોએ માનવીના આરોગ્યને ઘણી હાનિ પહોંચાડી છે. ભારે કમોસમી વરસાદ, ભયાનક પૂર, વાવાઝોડું, ભીષણ ભૂકંપ, ઉચ્ચ તાપમાન, ડેન્ગ્યુ જેવા ખતરનાક રોગો પ્રેરતા ઉપદ્રવી મચ્છરો – આ બધા જ પરિબળોને કારણે અનેકોની જિંદગી છીનવાઈ છે. આવા કુદરતી પ્રકોપ ડામવા સહેલા નથી.

(અનુસંધાન : જુઓ પાના નં. - ૭૦ ઉપર)

### ૨૦, ઓક્ટોબર ૨૦૧૬ આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન દિન

# સાર્વત્રિક વિકાસના અમોઘ સાધન તરીકે સહકારી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીએ

• ડૉ. કિશોર સાધુ •

સહકારી પ્રવૃત્તિએ વિશ્વના મોટા ભાગના દેશોમાં વિવિધ સ્વરૂપમાં આકાર લઈ ગ્રામ્ય ગરીબ, શ્રમિકો, સીમાંત ખેડૂતો, ખેતમજૂરો અને ટાંચા આર્થિક સાધનો ધરાવતાં લોકોના સામાજિક અને આર્થિક પુનરુત્થાન તેમજ ગરીબી નિર્મૂલન કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. ઉપરાંત ફુગાવા અને મંદીને કાબૂમાં રાખવા પણ યોગદાન આપ્યું છે. સહકારી પ્રવૃત્તિની વૈશ્વિક કક્ષાએ સરાહના થઈ છે. મૂડીવાદ, સામ્યવાદ, સમાજવાદ, લોકશાહી જેવાં અર્થકારણનાં વિવિધ ક્ષેત્રોમાં સહકારી પ્રવૃત્તિએ પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. ત્યારે વૈશ્વિકીકરણ અને ખાનગીકરણના વધતા જતા ખ્યાલે દરેક ક્ષેત્રને અસર કરી છે. નિઃશંક તેના ફાયદા ઘણા છે પરંતુ સમગ્રતયાની નજરે જોતા તેના લાભો વિશ્વની મોટાભાગની જનવસ્તીને પ્રાપ્ત થયા હોય તેવું અનુભવવામાં આવતું નથી. વૈશ્વિક અર્થકારણની પ્રવર્તમાન સમયમાં અસમતુલા નૈતિક દૃષ્ટિએ અસ્વીકાર્ય છે ત્યારે ન્યાયી વૈશ્વિકીકરણનો વિચાર ઊભરી રહ્યો છે. જેમાં જનસમુદાયને અગ્રસ્થાને મૂકવા, તેમના હક્કો, અધિકારો સાંસ્કૃતિક અને સામાજિક ઓળખ અને સ્વાયત્તતાને સન્માનવા અને સ્થાનિક સશક્તીકરણ માટે ઉત્તેજન આપવું જરૂરી છે. આ કાર્ય સહકારી પ્રવૃત્તિએ બખૂબી નિભાવ્યું છે.

વૈશ્વિક કક્ષાએ વિવિધ દેશોમાં સહકારી પ્રવૃત્તિની સિદ્ધિઓની નોંધ લેવાય તે માટે સહકારના વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. યુનો અને આઈસીએ દ્વારા જુલાઈ માસના પ્રથમ શનિવારે આંતરરાષ્ટ્રીય સહકાર દિન ઊજવવામાં આવે છે. આપણા દેશમાં ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર અખિલ ભારત સહકાર સપ્તાહ ઊજવવામાં આવે છે. તે જ રીતે વર્લ્ડ કાઉન્સિલ ઓફ ક્રેડિટ યુનિયન દ્વારા 'આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન દિન' ૧૯૪૮થી ઓક્ટોબર માસના ત્રીજા ગુરુવારે એક વિષયવસ્તુ નક્કી કરીને ઊજવવામાં આવે છે. ૨૦૧૬નો આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન દિન ૨૦ ઓક્ટોબરે 'પાયાગત ભિન્નતા દિન ('The Authentic DIfference') વિષયવસ્તુ નક્કી કરી ઊજવવામાં આવશે. વર્લ્ડ કાઉન્સિલના પ્રેસિડેન્ટ અને સીઈઓ બ્રેઈન બ્રાન્ચે જણાવ્યું હતું કે, 'ક્રેડિટ કો-ઓપરેટિવ યુનિયનો બીજી નાણાકીય સંસ્થાઓ કરતાં માળખાગત અને ફિલસૂફી બંને રીતે જુદાં છે. તેમાં જનસમુદાય પ્રત્યે પ્રતિબદ્ધતા, હકારાત્મક આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તન છે. સહકારી પ્રવૃત્તિ, પહેલાં લોકોને ધ્યાનમાં રાખે છે પછી નફાના ધોરણને. તે સભાસદોને પોસાય તેવી નાણાકીય સેવાઓ પૂરી પાડે છે. અહીં જ ખાનગી, સરકાર ધિરાણ સંસ્થાઓ અને ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ વચ્ચે 'પાયાગત ભિન્નતા' ઊભી કરી વિશ્વમાં સાચી ઓળખ ઊભી કરી.

કોઈ પણ દેશના વિકાસ માટે કૃષિ અને ઔદ્યોગિક સાહસ પછી તે જાહેર, ખાનગી કે કંપની હોય તેનું મહત્ત્વ છે. સાહસ નાનું હોય કે મોટું હોય, તેના સંચાલનમાં મૂડીની જરૂરિયાત એ મૂળભૂત બાબત છે. આ મૂડી જુદા જુદા સ્રોત દ્વારા ઊભી કરવામાં આવે છે. કારણ કે મૂડી એ ઉત્પાદનનું મહત્ત્વનું સાધન છે. હા, તે સર્વેસર્વા નથી. આ સાધન અન્ય સેવાઓ ખરીદવા અને મેળવવા ઉપયોગી બને છે. સાહસો આ મૂડી ક્રેડિટ (ધિરાણ) દ્વારા મેળવે છે. કોઈ પણ ઉત્પાદકીય પ્રવૃત્તિની પ્રગતિ અને વિકાસ માટે ધિરાણ મહત્ત્વનું પરિબળ છે અને ધિરાણની જરૂરિયાત ત્યારે પડે જ્યારે કોઈ વ્યક્તિ પ્રોજેક્ટ હાથ ધરે અને પોતાની મૂડી ઓછી પડે ત્યારે વ્યક્તિ બહારનાં સાધનો પાસેથી ખૂટતું ભંડોળ મેળવવા પ્રયત્ન કરે છે. તેને (શાખ) ક્રેડિટ કહેવામાં આવે છે. ક્રેડિટ (Credit) શબ્દ લેટિન શબ્દ Credete એટલે (trust) વિશ્વાસ પરથી બનેલો છે, જે વ્યક્તિગત ગુણ છે. જે પારસ્પરિક વ્યવહારોની વિશ્વસનીયતામાંથી જન્મે છે. વૈશ્વિકીકરણના માહોલમાં શાખનો ખ્યાલ વિસરાતો જાય છે. તેની જગ્યા બાંહેધરી, મિલકત, જામીનગીરી વગેરેએ લીધી છે. પરિણામે ધિરાણ (શાખ) મૂડી વાપરનારની યોગ્યતા, ધંધાની લાક્ષણિકતા, બજાર વ્યવસ્થા, ટેકનિકલ સેવાઓ, મૂડીનું સંચાલન ઉત્પાદનનાં અન્ય સાધનોનું સંકલન આયોજન ઉપરંત આવકના સ્રોત વગેરે ઘણા મુદ્દાઓ જોવાના રહે છે. આ પ્રક્રિયા ખૂબ લાંબી બને છે. સરળ ધિરાણનું કામ ક્રેડિટ કો-ઓપરેટિવ સંસ્થાઓએ ખૂબ સરળતાથી કર્યું છે.

આપણા દેશમાં સહકારી ક્ષેત્ર દ્વારા ખેતીવાડી, લઘુ કુટિર, ગ્રામોદ્યોગ, ખેતી આનુષંગિક ઉદ્યોગો, વેપાર, વાણિજ્ય વ્યવસાય અને હુન્નરોની ખિલવણી કરી શોષણ સમાજ રચનાના ધ્યેયને સિદ્ધ કરવામાં કૃષિ કરજ ધિરાણ સહકારી મંડળીઓ, નાગરિક સહકારી બેંકો, ઔદ્યોગિક સહકારી બેંકો તેમ જ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓએ બહુ મોટો ફાળો આપ્યો છે. ગૃહનિર્માણ માટે કો-ઓપરેટિવ હાઉસિંગ ફાઈનાન્સ સોસાયટી કામ કરે છે. આ ઉપરાંત અન્ય ક્ષેત્રો માટે ધિરાણની સવલતો પૂરી પાડવા માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની ઘણી સહકારી સંસ્થાઓ કામ કરે છે. ૬ લાખ સહકારી સંસ્થાઓ ગ્રામ્ય સ્તરની પ્રાથમિક કૃષિ સહકારી મંડળીથી લઈ રાજ્ય, રાષ્ટ્રીય સ્તરના કાર્ય વિસ્તાર સુધી પથરાયેલી છે.

લોકો પોતે જ પોતાને જ મદદ કરે એ સિદ્ધાંત દ્વારા આર્થિક ક્ષમતાને સાધન બનાવી વિશ્વભરમાં ઘણાં સહકારી સાહસો મજબૂત બનીને અર્થકારણની કામગીરીને વધારે કાર્યક્ષમ બનાવવાની ખાતરી આપે છે. સ્થાનિક આર્થિક પાસાંનું નિર્માણ કરીને સ્થાનિક ધિરાણની જરૂરિયાત પૂરી કરવાનો પ્રયાસ કર્યો છે. તેમ જ સ્થાનિક સમુદાય પ્રતિ પ્રતિબદ્ધતા દાખવે છે. આમ ક્રેડિટ કો-ઓપરેટિવ આર્થિક, સામાજિક મૂલ્યો અને કામગીરીને મજબૂત બનાવી ખાનગી, સરકારી, જાહેર ધિરાણ સંસ્થાઓ સામે 'પાયાગત ભિન્નતા' ઊભી કરી છે.

આપણા દેશમાં ધિરાણ ક્ષેત્રનો અભ્યાસ કરીએ તો આઈબીઈએફના અહેવાલ મુજબ ૨૬ જાહેર ક્ષેત્રની બેંકો, ૨૫ ખાનગી બેંકો, ૪૩ વિદેશી બેંકો, ૫૬ જેટલી પ્રાદેશિક ગ્રામીણ બેંકો અને ૧,૫૮૯ અર્બન કો-ઓપરેટિવ બેંકો, ૯૩,૫૫૦ ગ્રામીણ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓનો સમાવેશ થાય છે.

સહકારી ક્ષેત્ર ૬ લાખ ઉપરાંતની સહકારી મંડળીઓ ૩૦ કરોડ સભાસદોને સેવાઓ પૂરી પાડી રહી છે. ક્રેડિટ સોસાયટીઓ સાથે ૨.૮૦ કરોડથી વધુ લોકો સંકળાયેલા છે. નાના માણસોના વિશાળ વર્ગની નાની જરૂરિયાત સંતોષવાની જવાબદારી સહકારી ક્ષેત્રએ કુશળતાથી નિભાવી છે. આર્થિક ઉત્કર્ષની સેવાઓ, ત્વરિત, સરળ શરતોથી મેળવી આપવા લોકશાહી સંચાલનની રીતિ-નીતિને આભારી છે.

આપણા રાજ્યનો વિચાર કરીએ તો સહકારી પ્રવૃત્તિએ ઉત્પાદન અને સેવાઓનાં બહુ મોટા ફલકો આવરી લઈ ગુજરાતના આર્થિક, ઔદ્યોગિક, કૃષિવિષયક, ધંધા-રોજગારની ખિલવણી કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ગુજરાતની પ્રગતિશીલ સહકારી પ્રવૃત્તિમાં આજે વિવિધ પ્રકાર અને સ્તરની ૭૪૮૪૦ સહકારી મંડળીઓ છે. જેની સાથે ૧.૬૮ લાખ જેટલા સભાસદો આર્થિક-સામાજિક સમૃદ્ધિ સાધી રહ્યા છે. કૃષિ કરજમાં ટૂંકી અને મધ્યમ મુદતનાં ધિરાણો પૂરાં પાડવા માટે ત્રિસ્તરીય માળખું વધુ વ્યવહારુ અને ઉપયોગી બનેલ છે. સ્ટેટ કો-ઓપરેટિવ બેંક, ૧૮ જિલ્લા મધ્યસ્થ બેંક, તેની ૧,૧૩૧ શાખાઓ, ૯૧૩૫ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ કાર્યરત છે. જેમણે 'હરિતક્રાંતિ' સિદ્ધ કરવામાં મહામૂલો ફાળો આપેલ છે. જ્યારે શહેરી ક્ષેત્રે ધંધારોજગાર, વેપાર, વાણિજ્ય, ઉદ્યમો અને વ્યવસાયો હાથ ધરવામાં ૨૪૦ નાગરિક સહકારી બેંકોએ ઝડપી નાણાકીય સુવિધાઓ પૂરી પાડી છે. ૫૭૭૦ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ નાના માણસોને તેમનાં વ્યવસાયો હાથ ધરવામાં નાનાં શહેરો, નગરો, ઉપનગરોમાં મહત્ત્વનું યોગદાન આપે છે.

વિશ્વ ક્રેડિટ યુનિયન ડે ક્રેડિટ સહકારીઓ માટે આત્મનિરીક્ષણ, આંતરદર્શન કરવાનો અવસર પૂરો પાડે છે. આમ, જનસમુદાયની સહકારી ક્ષેત્ર પરત્વેની શ્રદ્ધા, આસ્થા અને ભાવના વધુ દૃઢ બને, ખોટા ખ્યાલો નિર્મૂળ થાય અને તેની સિદ્ધિઓ, સમસ્યાઓ પ્રશ્નોથી માહિતગાર બને તે માટે વ્યાપક જાગૃતિ પ્રેરવા માટે સહકાર દિન અનમોલ તક પૂરી પાડે છે. સમગ્ર સહકારી ધિરાણ માળખા અંગે ચિંતન કરવું જોઈએ. ક્રેડિટ યુનિયન દિનના અવસરે સમસ્ત વિશ્વના ક્રેડિટ યુનિયનો — પછી તે નાનાં હોય કે મોટાં તેઓને આ ન્યાયી વૈશ્વિકીકરણે વાસ્તવિકતામાં પરિવર્તન કરવાના મહત્ત્વને માધ્યમ તરીકે સ્વીકાર કરવો જોઈએ. તેને મહત્ત્વ આપી સાર્વત્રિક વિકાસ માટેના અમોઘ સાધન તરીકે સહકારી પ્રવૃત્તિને ઉત્તેજન, પ્રોત્સાહન અને પુષ્ટિ આપવા આપણે પ્રતિબદ્ધ થઈએ.

વ્યક્તિગત ગૌરવ અને માનવ અધિકાર એ સહકારિતાનું પાયાનું પરિબળ છે. કરજ ધિરાણ સહકારી પ્રવૃત્તિનો ઉદ્દેશ લાભાર્થીને શોષણ, દેવાદારીમાંથી ઉગારી લેવાનો જ માત્ર નથી, પરંતુ તે ફરીથી આ ચક્કરમાં ફસાય નહીં તેની ખાતરી પણ આપવાનો રહેલો છે. આ દિવસે ક્રેડિટ સેક્ટરનાં વિવિધ મજબૂત પાસાંઓને આજના પ્રચાર-પ્રસારના માહોલમાં પ્રકાશમાં લાવવાની જરૂર છે.

*૨૦, પંચાયત વાસ, મુ. નવા કોબા,*
*તા.જિ. ગાંધીનગર-૩૮૨ ૦૦૭.*
*મો. ૯૪૨૭૬૨૦૧૩૨*

## સુવાસ્થ્યસભર જનતા એ દેશની મૂડી છે

**(અનુસંધાન : પાના નં. - ૬૮ ઉપરથી ચાલુ)**

- **આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સુરક્ષા :**

આદિવાસી વિસ્તારોમાં તેમની રહેણીકરણી કે જીવનશૈલીને કારણે બીમારીઓનું પ્રમાણ ઘણું જોવા મળે છે. અપૂરતું પોષણ, અસ્વચ્છતા, ગંદકી અને ગંદા વિસ્તારો, અલ્પ શિક્ષણ, જુનવાણી રીતરિવાજો, તમાકુ, દારૂ, ગાંજા જેવાં માદક પીણાં જવાબદાર છે. ઈ.સ. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ભારતની કુલ વસતિમાં અનુસૂચિત જાતિ, જનજાતિનું પ્રમાણ ૮.૬ ટકા છે. એટલે કે એક અબજ ભારતીયોમાં આશરે ૧૦ કરોડ લોકો અનુસૂચિત જનજાતિના છે. ભારત સરકારના કુટુંબ કલ્યાણ અને આરોગ્ય મંત્રાલયે આદિવાસીઓના ઉત્કર્ષ માટે હેલ્થકેરની યોજનાઓ અમલી બનાવી છે. આમ દેશના સર્વાંગી વિકાસ માટે દેશની પ્રજા અવશ્ય સ્વાસ્થ્યપ્રદ હોવી જોઈએ.

*લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

**JAYANT STEELS** **જયંત સ્ટીલ્સ**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

માહિતી

# રાષ્ટ્રગીતને કોઈ નકશો નથી...

ભારતનું રાષ્ટ્રગીત 'જન ગણ મન...' ૨૭ ડિસેમ્બર, ૧૯૧૧ના દિવસે સૌપ્રથમ ગવાયું તે ઘટનાને એકસો કરતાં વધુ વર્ષ પૂરાં થયાં.

'જનગણમન' નો બંધારણીય રીતે સ્વીકાર ૨૪મી જાન્યુઆરી, ૧૯૫૦ ના દિવસે થયો હતો. એ ઘટનાને પણ પાંસઠ વર્ષ પૂરાં થયાં. તે નિમિત્તે જાણીએ દેશવિદેશના અને ભારતના રાષ્ટ્રગીત સાથે જોડાયેલી રસપ્રદ વાતો...

કહે છે કે રાષ્ટ્રગીત એટલે મૃત સૈનિકોની ખામોશીનું ગીત અને રાષ્ટ્રગીત એટલે? માનવ સભ્યતાની શરૂઆતથી વિશ્વના દરેક ખૂણે હજારો નવલોહિયાઓ જે શબ્દ પર હોંશે હોંશે ફના થતા આવ્યા છે તે શબ્દ છે 'રાષ્ટ્ર.'

શબ્દકોશમાં 'રાષ્ટ્ર' અને 'રાષ્ટ્રગીત' જેવા જ્વલંત શબ્દો ભાગ્યે જ બીજા કોઈ હશે.

રાષ્ટ્ર એટલે સમાન ભાષા, સાંસ્કૃતિક મૂલ્યો, આસ્થા અને ઈતિહાસ ધરાવતા લોકોનો સમૂહ. રાષ્ટ્રની આ એક અધિકૃત સર્વસ્વીકૃત વ્યાખ્યા છે. રસપ્રદ વાત એ છે કે તેમાં ક્યાંય ભૌતિક સરહદોનો ઉલ્લેખ નથી. તેથી જ ૨૦૦૫માં ભારતના રાષ્ટ્રગીતમાંથી 'સિંધ' શબ્દ કાઢી નાખવાની અરજી કરવામાં આવી ત્યારે સુપ્રીમ કોર્ટે એ અરજી ફગાવી દઈ ઐતિહાસિક ચુકાદો આપતાં કહેલું કે રાષ્ટ્રગીત કોઈ નકશો નથી, જે દેશની ભૌગોલિક સરહદ બતાવે.

રાષ્ટ્રગીતની પણ અધિકૃત વ્યાખ્યા છે. તે એ કે રાષ્ટ્રગીત એટલે રાષ્ટ્ર પ્રેમનું એવું ગાન, જેમાં રાષ્ટ્રના ઈતિહાસ, પરંપરા અને સંઘર્ષનું વર્ણન હોય અને જેનો અધિકૃત, બંધારણીય સ્વીકાર થયેલો હોય.

દરેક સ્વતંત્ર રાષ્ટ્રને પોતાનું રાષ્ટ્રગીત હોય છે. ૧૬મી સદીમાં ડચક્રાંતિ દરમિયાન સર્જાયેલ 'વિલ્હેમ્સ' વિશ્વનું સૌથી જૂનું રાષ્ટ્રગીત ગણાય છે. 'કિમી ગા યો' જાપાની રાષ્ટ્રગીત, 'ગોડ સેવ ધ ક્વીન' એ યુનાઈટેડ કિંગ્ડમનું અને ન્યૂઝીલેન્ડનું રાષ્ટ્રગીત, જે પછી થી 'ગોડ સેવ ધ ક્વીન' તરીકે ગવાયું. સ્પેનનું રાષ્ટ્રગીત 'માર્ચો રીલ' અને ડેન્માર્ક અને ફ્રાન્સનાં રાષ્ટ્રગીતો અઢારમી સદીની આસપાસ બન્યાં છે. રાષ્ટ્રગીત જ્યારે બંધારણીય સ્વીકૃતિ પામે ત્યારે તે રાષ્ટ્રગીત બને. રાષ્ટ્રગીતના સ્વરો કૂચગીત કે ભક્તિગીતને મળતા આવતા હોય છે. રાષ્ટ્રગીત મોટેભાગે દેશની રાષ્ટ્રભાષા અથવા મુખ્ય ભાષામાં હોય છે પણ ભારતનું રાષ્ટ્રગીત સંસ્કૃત પ્રચુર બંગાળી ભાષામાં લખાયેલું છે. એકથી વધુ રાષ્ટ્રભાષા ધરાવતા દેશમાં રાષ્ટ્રગીતની એકથી વધુ આવૃત્તિ હોય છે. સ્વીત્ઝર્લેન્ડનું રાષ્ટ્રગીત ત્યાંની ફ્રેન્ચ, જર્મન, ઇટાલી અને રૂમાનિયા એ ચાર શાસકીય ભાષાઓમાં બનેલું છે. કેનેડાનું રાષ્ટ્રગીત પણ અંગ્રેજી અને ફ્રેન્ચ બે ભાષામાં બનેલું છે.

પ્રસંગોપાત બન્ને ભાષાનાં રાષ્ટ્રગીત સંયુક્ત રીતે પણ ગવાય છે. શ્રીલંકાનું રાષ્ટ્રગીત સિંહાલીમાં લખાયેલું છે પણ તે તમિલ અને સિંહાલી બન્ને ભાષામાં ગવાય છે. દક્ષિણ આફ્રિકામાં અગિયાર વહીવટી ભાષાઓ છે. તેનું રાષ્ટ્રગીત આ અગિયાર ભાષાને સમાવી લેતું બનાવાયું છે. તેનો પહેલો અંતરો બે ભાષાઓમાં ને બાકીના બે અંતરા ત્રણ-ત્રણ ભાષામાં વહેંચાયેલા છે. ન્યુઝીલેન્ડમાં 'ગોડ સેવ ધ ક્વીન' ઉપરાંત બીજું પણ એક રાષ્ટ્રગીત ગવાય છે, જેનો પહેલો અંતરો માઓરી ભાષામાં છે. સ્પેન બહુભાષી રાષ્ટ્ર છે, તેના રાષ્ટ્રગીતમાં શબ્દો નથી, ફક્ત ધૂન છે. ૨૦૦૭ માં સ્પેનમાં આ ધૂનમાં શબ્દો પુરવાની સ્પર્ધા યોજાઈ હતી. પણ અંતે તે શબ્દવિહોણું જ રહ્યું. રાષ્ટ્રગીતનો ઉપયોગ વિશેષ રીતે થાય છે. રાષ્ટ્રીય તહેવારોમાં અને રાષ્ટ્રીય રમતોત્સવમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવે છે. ઓલિમ્પિક્સ ગેમ્સમાં સુવર્ણચંદ્રક આપતી વખતે વિજેતા જે દેશનો હોય તેનું રાષ્ટ્રગીત વગાડવામાં આવે છે. બે દેશોની ટીમ રમતી હોય તો એ બન્ને દેશોનાં રાષ્ટ્રગીત વાગે. યજમાન રાષ્ટ્રનું રાષ્ટ્રગીત સૌથી છેલ્લું વગાડવામાં આવે.

અમુક દેશોમાં શાળાઓમાં દિવસની શરૂઆત રાષ્ટ્રગીતથી થાય છે. અમુક દેશોમાં થિયેટરોમાં દરેક શો ની શરૂઆતમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવે છે. અમુક દેશોમાં રેડિયો અને ટેલિવિઝન શો દિવસની શરૂઆત અને અંત રાષ્ટ્રગીતથી કરે છે. રાષ્ટ્રગીત દરમિયાન અમુક શિષ્ટાચાર અપેક્ષિત હોય છે. જેમ કે રાષ્ટ્રગીત વાગતું હોય ત્યારે ટટ્ટાર ઊભા રહેવું, વાતો ન કરવી, હેટ ઉતારી લેવી.

અમેરિકાનું બંધારણીય રાષ્ટ્રગીત 'ધ સ્ટાર સ્પેન્ગલ્ડ બેનર' છે, પણ અમેરિકા સંયુક્ત રાજ્ય યુનાઈટેડ નેશન્સ હોવાથી તેના દરેક સ્ટેટને તેનું પોતાનું રાષ્ટ્રગીત છે.

રાષ્ટ્રોની જેમ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને પણ તેનું પોતાનું એન્થમ હોય છે. કોમ્યુનિસ્ટોને પોતાનું એન્થમ છે, આફ્રિકન યુનિયને તેનું પોતાનું અને ઓલિમ્પિક મુવમેન્ટને તેનું પોતાનું એન્થમ છે.

જે રાષ્ટ્રગીત ખૂબ વખાણાયાં અને દેશવિદેશમાં લોકપ્રિય થયાં છે તેના સર્જકો મોટેભાગે ઓછા જાણીતા કે અજાણ્યા હોય છે. વિશ્વના સૌથી જૂના અને સૌથી લોકપ્રિય રાષ્ટ્રગીતોમાંનુ એક છે 'ગોડ સેવ ધ ક્વીન.' તેનો લખનાર કોણ છે તે કોઈને ખબર નથી, જ્યારે ભારત અને બાંગ્લાદેશનાં રાષ્ટ્રગીતોનાં સર્જક રવીન્દ્રનાથ ટાગોર નોબેલ પ્રાઈઝ વિજેતા છે. નોર્વેના રાષ્ટ્રગીતના સર્જક પણ નોબલ પ્રાઈઝ વિજેતા છે. કોલમ્બિયાનું એન્થમ કોલમ્બિયાના ભૂતપૂર્વ પ્રમુખ અને કવિ રાફેલ નુન્ઝે લખ્યું છે.

અમુક અપવાદો બાદ કરતાં મોટાભાગનાં રાષ્ટ્રગીતો જે સ્વર પરથી શરૂ થાય છે, તે જ સ્વર પર વિરમે છે. ■

સમાજ ચિંતન

# સંસ્કાર કોઈની ઠેકેદારી નથી

• રસિક મહેતા (પારેખ) •

હું વાત કરું છું સન ૧૯૭૨-૭૩ ની સાલની. ત્યારે મારી ઉંમર બત્રીસેક વર્ષની. મારા બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનના વ્યવસાયની શરૂઆતનાં વર્ષ હતાં. તે વખતે મારી એક વર્કસાઈટ રાજકોટની સોનીબજારમાં સવજીભાઈની શેરીમાં ચાલતી. શેરીમાં ફ્લેટનું બાંધકામ ચાલે. સોનીબજારના રસ્તા ખૂબ સાંકડા. એટલે ત્યાં ટ્રક, ટ્રેક્ટર કે એવું કોઈ વાહન ચાલી શકે જ નહીં. બાંધકામના માલસામાનની હેરાફેરીમાં ખૂબ તકલીફ પડે. માલસામાનની આ હેરાફેરી માટે વાહનની અવેજીમાં ગધેડાં ઉપયોગમાં લેવાતાં. અમે અમારો બધો માલસામાન – રેતી, કપચી, ચૂનો, સિમેંટ, ભરતી વગેરે એ રીતે જ ફેરવતા.

મારે ત્યાં રેતી, કપચી, ભરતી વગેરેની ફેરવણી માટે વેલજી નામનો ગધેડાવાળો કામ કરતો. આ વેલજી હતો તો ફક્ત ત્રણ ગધેડાંનો માલિક, પણ જાણે રાજકોટ-આખાનાં ૫૦% ગધેડાં એની પાસે હોય એવો એનો રૂઆબ. પોતે લગ્ન નહોતાં કર્યાં, એટલે કોઈ સંતાન નહોતું. પણ ત્રણે ગધેડાંને પોતાના સંતાનની જેમ રાખે. સવારે ૯.૩૦ વાગ્યે પાણકોરાનું મોટું સફેદ ખમીશ અને લેંઘો, માથે એવું જ સફેદ ફાળિયું, મોઢામાં બીડી, પગમાં મજબૂત બૂટ, હાથમાં નેતરની સોટી, હારે ત્રણ ગધેડાં અને બપોરના ભાતનો ડબ્બો – આટલા વૈભવ સાથે રૂઆબભેર આવે.

સવારે આવે ત્યારે ગઈકાલનું કોઈ ભારણ નહીં, આવતી કાલની ચિંતા નહીં અને આજનો સંપૂર્ણ ભરોસો જાણે ઉપરવાળા ઉપર હોય એવા ભાવથી આવે. આખો દિવસ પોતે જ પોતાનો બાદશાહ હોય એવી રીતે વ્યવહાર કરતો વેલજી પોતાને કામે લાગી જાય. કોઈ લપ્પનછપ્પન નહીં અને બાકીના કારીગરો, મજૂર કે દાડિયા સાથે 'કાં, કેમ છો?' ના મીઠા સંબંધ સાથે પોતે પોતાના કામની મસ્તીમાં કામ કરતાં કરતાં હળવા સાદે હંમેશાં કાંઈ ને કાંઈ ગણગણતો જ હોય.

એક વાર આવી જ રીતે કોઈક દુહા જેવું લલકારતાં-લલકારતાં કામ કરતો મેં એને સાંભળ્યો. મારાથી રહેવાયું નહીં. મેં એને પૂછ્યું, 'વેલજી, શું ગાઈ રહ્યો છે?'

તેણે કહ્યું, 'શેઠ, પાંજો મેકરણડાડો વો ને, એની જો દુવો આય.' (આપણો મેકરણડાડો હતો ને, એનો દુહો છે.)

મેં કહ્યું, 'મેકરણડાડો કચ્છવાળો તો નહીં ને - જેને લાલિયો ગધેડો અને મોતિયો કૂતરો હતા, જેઓ કચ્છના રણમાં ભૂલા પડેલા મુસાફરોને મદદ કરતા?' મારું મોસાળ કચ્છ-માંડવી એટલે મને મેકરણડાડા વિશે થોડીઘણી ખબર હતી.

આ સાંભળી જાણે પોતાને કોઈ આપ્તજન મળ્યું હોય એમ હાથની સોટી એક બાજુ ફેંકીને બીડીનો કસ લેતો, પલાંઠી વાળીને મારા સામે બેસીને કહે, 'તડે શેઠ, પાં જી ભરાભર જમંધી!' (તો-તો શેઠ, આપણી બરાબર જામશે!) આમ બોલીને કામ પડતું મૂકીને તે મારી સાથે વાતે વળગ્યો. અમે મેકરણડાડા, તેમની ઈશ્વરપરસ્તી, તેમની સેવાવૃત્તિ અને લાલિયા ગધેડા અને મોતિયા કૂતરા દ્વારા કચ્છના બળબળતા રણની રેતીમાં ભૂલા પડેલાં મુસાફરોની તેઓ સેવા કરતા તે વિગતો, તેમના અન્ય અનુયાયીઓની સમર્પણભાવના, પોતે પછાત હોવા છતાં સર્વ ધર્મ તરફની તેમની સમભાવના અને તત્કાલીન કચ્છના સમાજ વિશે તેની સમજણ પ્રમાણે મારી સાથે અડધા કલાક વાતચીત કરી.

ધર્મના બધા જ્ઞાન અને નીતિની સંપૂર્ણ સમજને આચરણમાં મૂકેલ આ વેલજી હરિજન મને આપણા બધા કહેવાતા અને સાચા સાધુ-સંતો-ભક્તો અને સદ્‌ગૃહસ્થો કરતાં ક્યાંય ઊંચી કક્ષાએ પહોંચેલો લાગ્યો.

મેં તેને પૂછ્યું, 'વેલજી, બાલબચ્ચાં છે?' તો કહે, 'શેઠ એ પળોજણમાં કોણ પડે? આપણે લગ્ન ક્યાં કર્યાં છે કે બાલબચ્ચાંની ઉપાધિ હોય? અને આ ત્રણ કંધોતર છોકરા છે ને! મારી શી ચિંતા છે?' એમ કહીને ત્રણે ગધેડાં તરફ અહોભાવથી તેણે હાથ ચીંધ્યો.

આ શબ્દો જ્યારે તેના મોઢેથી સાંભળ્યા અને તેમના મોઢાના ભાવ વાંચ્યા, ત્યારે કચ્છનો મેકરણડાડો તેમના લાલિયા ગધેડા અને મોતિયા કૂતરા સાથે કેવો વ્યવહાર કરતો હશે એનો સાક્ષાત્કાર થયો અને સાથોસાથ 'સંસ્કાર કોઈની ઠેકેદારી નથી' એ વાતને ચરિતાર્થ કરતા કવિશ્રી ભગીરથ બ્રહ્મભટ્ટની પંક્તિઓ યાદ આવી ગઈ :

*'કુરાનમાંથી કૃષ્ણને ગીતામાંથી ખુદા,*
*માનો તો મક્કાથી રામ નીકળે છે.*
*પ્રત્યેક વ્યક્તિને સમજો જો તીર્થ,*
*ઊભા હો ત્યાંથી ધામ નીકળે છે.'*

GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

સંસ્મરણ

# ગરીબની એક રાતની ઊંઘ

• ધીરુબેન પટેલ •

એ જમાનામાં મુંબઈની ઇલેક્ટ્રિક ટ્રેનોમાં મુસાફરી કરવા માટે માસિક અને ત્રૈમાસિક પાસ મળતા જે તારીખે એની અવધિ પૂરી થાય ત્યાર પછી બે દિવસમાં જો એને રિન્યૂ કરાવીએ તો ડિપોઝીટ ફરી ન ભરવી પડે એવો નિયમ હતો.

હું રહું સાન્તાક્રુઝ અને ભણું એલ્ફિન્સ્ટન કૉલેજમાં એટલે મારી પાસે સાન્તાક્રુઝથી ચર્ચગેટનો પાસ હોય. મારું ચિત્ત મોટેભાગે વાંચવા લખવા ને ભણવામાં અટવાયેલું હોય એટલે સમયસર ફી ભરવી કે પાસ રિન્યૂ કરાવવો એવી બધી જવાબદારીઓ મારી બહેનપણીઓને માથે રહેતી.

ઘણીવાર આવા સંવાદો ચાલતા

'એ ધીરુ, તેં પાસ રિન્યૂ કરાવ્યો કે નહીં?'

'ના'

'કેમ?'

'લે, તેં મને ક્યાં યાદ કરાવ્યું હતું?'

'એટલે મારો જ વાંક, કેમ?'

'હાસ્તો ને!'

'ભાઈસા'બ! તું તો તું જ છે!' કહીને એ મારી બાળપણની સહિયર માલિની પહેલાં ચીડાતી અને પછી હસી પડતી.

હવે એક વખત એવું બન્યું કે છેક છેલ્લે દિવસે મેં ચર્ચગેટથી સાન્તાક્રુઝની સફર પતાવ્યા પછી સાન્તાક્રુઝ સ્ટેશનની ટિકિટબારી આગળની પ્રમાણમાં ઘણી જ ટૂંકી કતારમાં ઊભા રહીને પાસ તો રિન્યૂ કરાવી લીધો અને એક મોટું કામ પતાવ્યાના સંતોષ સાથે ઘરે પહોંચી.

મારા પિતાજી રાબેતા મુજબ હીંચકા પર બેઠા હતા. હું જઈને હાશ! કરીને એમની પાસે બેઠી. અમારા બંનેનો એક આગવો સંબંધ હતો. રોજની ઝીણી ઝીણી વાતો કરતાં મને ક્ષોભ ન થાય અને એ શાંતિથી સાંભળે ને ક્યારેક બે શબ્દથી મને પોરસાવે પણ ખરા.

વાતવાતમાં એમણે પૂછ્યું. 'આજે પાસ રિન્યુ કરાવ્યો?'

'હા, કરાવી દીધો ને!' કહીને મેં વધેલા પૈસા બે વાર ગણ્યા. મારી મૂંઝવણ જોઈને એ હસ્યા અને પૂછ્યું, 'કેમ? હિસાબમાં કંઈ ગરબડ છે?'

'અં...એવું જ લાગે છે.'

'શું થયું? પૈસા ખૂટ્યા?'

'ના...મને તો લાગે છે, વધી પડ્યા!'

પછી બે ત્રણ વાર સિલક મેળવી અને અંતે મેં જાહેર કર્યું, 'મને લાગે છે કે ક્લાર્કે ભૂલથી મને દસ રૂપિયા વધારે આપી દીધા છે.'

'હવે શું કરશો?'

'કાલે સવારે મુંબઈ જતી વખતે એને પાછા આપી દઈશ.'

પિતાજી બે ક્ષણ મૂંગા રહ્યા. પછી ગંભીર અવાજે કહ્યું, 'ઊઠો! ચંપલ પહેરો!'

તે વખતે સાંજ પડી ગઈ હતી. અંધારું થવા માંડ્યું હતું. અમારા ઘરમાં પહેલેથી રિવાજ હતો કે સમયસર ઘેર આવી જવું. એકલા જવું અને તે પણ આ વખતે? તેમાં પાછી હું તો પિતાજીની લાડકી દીકરી...હું જરા ખચકાઈને ત્યાં ને ત્યાં જ ઊભી રહી ગઈ. એ મને હંમેશાં ટુંકારે જ બોલાવતા. આજે આમ 'ઊઠો' કેમ કહ્યું?'

પણ વધારે વખત જાય એ પહેલાં એમણે કદી નહીં વાપરેલી એવી કડકાઈથી ફરી વાર કહ્યું, 'બહેન! જલદી જાઓ.'

ઠીક ભાઈ, ખોટું તો લાગ્યું જ હતું પણ એમનું કહ્યું તો માનવું પડે...મેં ચંપલ પહેર્યા અને ચાલવા માંડ્યું. મનમાં મોટું ઘમસાણ મચ્યું હતું પણ કહેવું કોને? સ્ટેશને પહોંચીને એ જ બારી આગળ જઈને એ ક્લાર્કને કહ્યું, 'મને લાગે છે કે તમે ભૂલથી મને વધારે પૈસા આપી દીધા છે.'

એણે ખૂબ રાહતભરી નજરે મારી સામે જઈને કહ્યું, 'મારી સિલકમાં દસ રૂપિયા ઘટતા હતા - મેં બે ત્રણ વાર મેળવી, પણ...'

'આ રહ્યા!' કહીને મેં પેલી નાની ડોકાબારીમાંથી દસ રૂપિયાની નોટ ધરી.

'ઓ થૅન્ક ગૉડ! થૅન્ક યૂ સો મચ!' કહીને એણે સ્મિત કર્યું અને આપણે પાછી લેફ્ટરાઈટ શરૂ કરીને ઘરનો રાહ પકડ્યો.

પહોંચી ત્યારે ખાસ્સું મોડું થઈ ગયું હતું. મગજનો પારો પણ થોડો ઊંચો ચડેલો હતો. પરંતુ મારો અણગમો શબ્દો દ્વારા નહીં પણ મૌન દ્વારા બહાર પાડીને મેં મારો રોજિંદો કાર્યક્રમ તો પતાવ્યો.

સૂતી વખતે વડીલોને ચરણસ્પર્શ કરીને પગે લાગવાનો મારો નિયમ. એનું પાલન તો કર્યું પણ બોલે તે બીજા.

પિતાજીએ પૂછ્યું, 'બહુ ખોટું લાગ્યું છે?'

'ના.'

'તો પછી બેસ ને!'

બેઠી તો ખરી પણ મનમાં વિદ્રોહની ભાવના સાથે.

જરા વાર પછી પિતાજીએ કહ્યું, 'પૈસા આપી દીધા ને?'

'હા.'

'બહુ સારું કર્યું.'

વળી પાછી શાંતિ. આખરે મારાથી ન રહેવાયું.

'આમ તો રાતે બહાર જવાની ના પાડો છો તો આજે મને કેમ તરત ને તરત પાછી મોકલી?'

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૬૪ ઉપર)**

મંથન

# આ દેશની પ્રજાને ટોળું બનવાનો લાગેલ મહારોગ

• આકાશ પટેલ •

***ભોજન વિનાના સમારંભમાં કોઈ આવતું નથી, જ્ઞાનસભા કે સારી પ્રવૃત્તિ માટે માણસો શોધવા પડે છે, પારકું ખાવા માટે આટલાં વલખા કેમ?***

હમણાં હમણાં લોકોને ભેળા કરવાનો અને તેના ઉપર ભાષણો ઠોકવાનો ખતરનાક રોગ રાજકીય, ધાર્મિક, સાંપ્રદાયિક અને સામાજિક આગેવાનોને બરાબર લાગુ પડ્યો છે. અને પ્રજા સાવ નવરી બની ટાઢ, તડકો કે વરસાદનીયે ચિંતા કર્યા વગર આ રોગના વિષાણુને પોતાનામાં પ્રવેશ કરાવી તદ્દન બિનઉત્પાદકીય આ ઉત્પાતમાં ભાગીદારી નોંધાવે છે. આમાં કેટલાંક સ્વેચ્છાએ આવે છે તો કેટલાંક દેખાદેખીમાં આવે છે તો ઘણાં તો વળી રૂ. ૨૦૦ થી ૩૦૦ ની મજૂરીથી લાવવામાં આવે છે. જેમ ગણીએ તેમ પણ 'મરકી' કરતા પણ ખતરનાક આ રોગ વકરતો જાય છે. આ રોગના જીવાણુ ધીરે ધીરે સૌ કોઈને લાગી રહ્યા છે. આ દેશની પ્રજા કેટલી બિચારી છે તેનું વરવું પ્રદર્શન વારંવાર ભેળા થતા ટોળામાં જોઈ શકાય છે. અને આ પ્રદર્શન એટલે આયોજકોનું શક્તિ પ્રદર્શન સમજવું. આ પ્રદર્શન કરવા આયોજકો ખૂબ ખર્ચ કરીને લોકોને ભેળા કરે છે, તે કેટલા ભેળા કરી શકે તેટલી તેમની સફળતા ગણવામાં આવે છે. અને આ સફળતા માણસ સ્વરૂપે માથા ભેગા થાય તેની પર આધારિત છે. આયોજકો ભેળા થયેલ આ ટોળાને પોતાની મૂડી ગણાવી રાજકીય અને સામાજિક ગેરલાભ ઉઠાવે છે. લોકશાહી તંત્રમાં ગમે તે બોલવાનો, માંગવાનો, ભેળા થવાનો, ભેળા કરવાનો અધિકાર છે. પોતાનાં પ્રશ્નોના નિરાકરણ માટે બોલાવશો તો કોઈ આવશે નહીં, પરંતુ ટોળાશાહીના નાતે કાંઈ પણ લેવા દેવા વિના સૌ ભેગા થાય છે. હમણાં જ શ્રીશ્રી રવિશંકરજીએ યમુના તટે બંસરી વગાડી લાખોને ભેગા કર્યા, છાશવારે લાખો લોકોને ભેગા કરવાનો અને લિમ્કા બુક કે ગિનીઝમાં નામ નોંધાવવા માટે ભલી અને ભોળી, અંધશ્રદ્ધાને શ્રદ્ધા ગણાવી એક ટંકના ભોજન માટે ટોળામાં ભળવા તત્પર થતી પ્રજાનો સૌ ઉપયોગ કરે છે. જોકે આમાં આયોજકોનો વાંક નથી. દેશની પ્રજાને આ ખતરનાક રોગ લાગુ પડ્યો છે. જો એમ ન હોય તો સમજ્યા વગર એક અવાજે ગ્રાઉન્ડ ભરાય, લાખો લોકો ઊભરાય તે ન સમજાય તેવી ઘટના છે.

ગુજરાતનું શહેર સુરત ટોળાશાહી માટે જાણીતું છે. વર્ષોથી આ બાપડી પ્રજાને ત્યાંના આગેવાનોએ ઈચ્છા થઈ ત્યારે ભેગા કર્યા, અને ટોળાં બતાવી સૌ મૂડીવાદીઓ પોતાનો રંગ બદલતા રહ્યા. પ્રજાના ભાગે કાંઈ ન આવ્યું. ન આ ટોળાનું નસીબ બદલાયું કે ન તો તેને વધારાનું સુખ મળ્યું. આયોજકો તગડા થતા ગયા, થતા જાય છે. જોકે આમાં પ્રજાનો વાંક છે. એક સમય એવો હતો કે પાટીદાર સૌને ખવડાવી રાજી થતો, કોઈ જમવા આપે તેનાથી તે ક્યાંય હાએ હા ન જ કરે. હમણાં હમણાં તો આ સમાજના લોકો પણ જમવાનું હોય તો ભેળા થઈ જાય છે. આયોજકોને આ ટોળાને ડચકારવાનું ફાવી ગયું છે. ક્યારેક શિક્ષણના નામે, તો ક્યારેક માતાજીના નામે તો વળી ક્યારેક કંઈક બચાવોના નામે બસ આપણી જ પ્રજાને આપણે (આયોજકો) ટોળું બનાવી આ મહારોગના ભોગ બનાવી રહ્યા છીએ. આવા બહાના હેઠળ જો પ્રજા ન આવે તો કોઈ બાપુ કે પૂજ્ય ભાઈ બહેનને બોલાવો પછી તમ તમારે એને સાવ ખોટું બોલી ઉલ્લુ બનાવશો તોય બિચારા તાળીઓ પાડશે. જોકે આ બિચારામાં ગામડાંના અતિ સમજુ લોકો અને ભણેલા નહીંસમજુ લોકો પણ આ રોગનો ભાગ બની કોઈ કામકાજ વગર આ નોન પ્રોડક્ટિવ (બિનઉત્પાદકીય) સભા, સરઘસ, રેલીના રૂપાળા નામે ટોળામાં સામેલ થવા આવી જ જાય છે. આ ભલી-ભોળી (ભોટ લાગતી નથી) પ્રજા સમજવા કેમ તૈયાર નથી કે શા માટે આવો સમય બગાડો છો. હમણાં એક સાંપ્રદાયિક સંસ્થાએ મોટો યજ્ઞ કર્યો. હજારો ભણેલાઓ માથુ હલાવતા-હલાવતા તન, મન, ધનથી કામ-ધંધો છોડી સાધુના ચરણે પડ્યા. અરે ભાઈ જેમણે પોતાનો ભવ નથી સુધાર્યો તે તમને સ્વર્ગે મોકલવાની વાત કરે એટલે ભેખડે ભરાઈ જવાનું. સૌ પોતાના સમય, શક્તિ અને સંપત્તિ પરિવાર માટે, રાષ્ટ્ર માટે, સમાજ માટે ફાળવો અવતાર સફળ થઈ જશે. બાકી જે પોતે સંસારથી પર થઈને સંસારી કરતાં મોટી પળોજણ અને વહીવટ કરનારાઓ તમારું કલ્યાણ ક્યાંથી કરશે? આશારામ જેવા જેલમાં છે તોયે ગુરુપૂર્ણિમા ઉજવનારા અજ્ઞાનીઓની આ દેશમાં તંગી નથી. છાશવારે સૌને ટોળાં ભેગાં કરવાં છે, અને આ પ્રજા જાય છે. સમય બગાડે છે, રાષ્ટ્રીય સમયનો બગાડ અને કારણ વગરનું ભેગા થવું આ મહારોગને અટકાવવા માટે પ્રજા જાગૃત થાય, શા માટે ટોળામાં ટોળું બની દોડી જવું છે? સૌ પોતાની જાતને પૂછશો તો અંદરથી જવાબ મળે તો ક્યાંય જવાને બદલે એટલો સમય કોઈ સેવાકાર્ય કે શ્રમદાનમાં કાઢજો, પણ આ રોગમાંથી મુક્ત થવું જરૂરી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૭૫ ઉપર)**

# સેકન્ડ ઇનિંગ ઓફ ધ લાઈફ

• અશોક વાડીલાલ શાહ •

ટેસ્ટ ક્રિકેટની રમતમાં પ્રથમ ઇનિંગની રમત હોય છે તથા બીજી ઇનિંગ પણ હોય છે પ્રથમ ઇનિંગમાં જુસ્સાભેર રમતા ખેલાડીઓ બીજી ઇનિંગમાં ધીમા હોય છે. સચિન તેન્દુલકર જેવા ક્રિકેટરોએ પણ બીજી ઇનિંગમાં પ્રથમ ઇનિંગ જેટલી સફળતા નથી મેળવી. મૂળ વસ્તુ પર આવીએ તો જિંદગી પણ એક રમત છે. યુવાવસ્થા પછી વૃદ્ધાવસ્થા એ જિંદગીની બીજી ઇનિંગ છે. તેમાં ધીમે પણ મક્કમતાપૂર્વક રમવાનું હોય છે. શારીરિક વૃદ્ધાવસ્થાના કારણે આંખ, કાન કે પગની થોડી ઘણી તકલીફો ઘેરી વળે છે. ઘણી વખત ઘરની ચાર દીવાલો બહાર નીકળી શકાતું નથી. આ બધી પરિસ્થિતિ ઉપરાંત પુત્ર, પુત્રીઓના લગ્નપ્રસંગો, અભ્યાસથી લઈ અનેક આર્થિક તથા સામાજિક સમસ્યાઓ વચ્ચે નવી પેઢી સાથે સમાધાનકારી વલણ અપનાવવું પડે છે.

વિદેશોમાં તો વૃદ્ધાશ્રમો ફૂલ્યા ફાલ્યા છે પણ આપણા દેશમાં સદ્‌નસીબે સંતાનો હજુ મા-બાપને ભૂલતા નથી. આ પરિસ્થિતિમાં વડીલોએ જિંદગીને સુવ્યવસ્થિત જીવવાના નિયમો ઘડી તેનો અમલ કરવો જોઈએ. સૌ પ્રથમ શક્ય તેટલા વધુ મિત્રો તથા સંબંધીઓનો ફોન સંપર્ક નોંધી અવારનવાર જન્મદિવસ નિમિત્તે કે કોઈ સારા પ્રસંગે શુભેચ્છા પાઠવીએ તથા દુઃખદ પ્રસંગોએ દિલસોજી પાઠવીએ. કારણ કે આ ઉંમરે સ્વતંત્ર રીતે રૂબરૂ દરેક જગ્યાએ જવું શક્ય નથી બનતું. બીજું, વાંચનનો શોખ કેળવી વર્તમાનપત્રો કે સામાયિકો વાંચવાં જોઈએ અને વાંચવામાં તકલીફ પડે તો ઘરમાં નવરાશની પળોમાં પુત્ર કે પુત્રીને અગત્યના સમાચારો વાંચી સંભળાવવા કહેવું જોઈએ જેથી દુનિયાની અનેક ઘટનાઓથી તમે અલિપ્ત ન રહી શકો. મિત્ર વર્તુળમાં વર્ષમાં એકાદવાર વન ડે પ્રવાસનું આયોજન કરી સામાજિક સમસ્યાઓ વચ્ચે નવી એનર્જી રિચાર્જ કરી શકાય. પ્રવાસ આપણા જીવનમાં જ્ઞાન અને ઉમંગનો ઉમેરો કરે છે. સમવયસ્ક મિત્રોનું ગ્રુપ રચી કોઈ એક નિશ્ચિત જગ્યાએ બની શકે તો રહેણાક નજીક બગીચામાં એકત્રિત થઈ વિવિધ વિષયો પર ચર્ચા કરવી. આ રીતે મન હળવું કરી શકાય. સ્વાસ્થ્ય માટે તકેદારી પણ જરૂરી છે. બની શકે તો દવાઓથી દૂર રહેવું. આ માટે નિયમિત વ્યાયામ બની શકે તો ટ્રાફિક વગરની જગ્યાએ મોર્નિંગ વૉક માટે જવું (ઓળખપત્ર હંમેશાં સાથે રાખવું) મોટા શહેરોમાં તો લાફિંગ ક્લબો ચાલે છે તેમાં જવું. ખોરાક પર સંયમ રાખવો. સવાર સાંજે લેવાતું ભોજન નિયમિત કરવું. ખોરાકનું પ્રમાણ તથા સમય સુનિશ્ચિત કરી દેવો. તમારા બ્લડગ્રુપની ઘરના સભ્યોને જાણકારી હોવી જોઈએ. રાજ્યમાં મોટા શહેરોમાં ૧૦૮ નંબરની ઈમરજન્સી સર્વિસની જાણકારી રાખવી. ખોરાકમાં ફળફળાદી, સલાડ, ખજૂર, લીલા શાકભાજી જેવાનો સમાવેશ કરવો જોઈએ. તમારા રોજબરોજના આર્થિક વ્યવહારોની ઘરના સભ્યોને જાણ કરવી. બેંકોમાં જ્યાં તમારા એકલાના નામે ખાતું હોય ત્યાં સંયુક્ત ખાતું કરાવી લેવું જેથી બેંકોમાં તમારે અવારનવાર ધક્કા ખાવા ન પડે તથા મુશ્કેલીમાં કોઈ આંટીઘૂંટી ઉદ્‌ભવે નહીં.

દરેક માનવી શારીરિક કરતાં માનસિક રીતે યુવાન રહે તો એ વૃદ્ધ થતો નથી પણ જો એ માનસિક રીતે વૃદ્ધત્વ માને તો શારીરિક રીતે ઝડપથી વૃદ્ધ થાય છે. કુદરત પણ કાળક્રમે દરેક માનવીને ઉંમર સાથે ડગ માંડે છે. તમારી સાથે પડછાયાની જેમ વૃદ્ધાવસ્થા આવતી હોવાથી તેનો અણસાર આવતો નથી. 'ઘરડાં વિના ગાડા ન વળે' એ ઉક્તિ પણ ખોટી નથી. વૃદ્ધો સૌથી વધુ અનુભવી, ઠરેલ, વ્યવહારુ હોય છે. તેમનો યુવાપેઢીઓએ આદર કરી તેમના અનુભવોનો જિંદગીના અનેક પ્રશ્નોના નિરાકરણમાં માર્ગદર્શન લેવું જોઈએ તથા સમાજમાં સમ્માનપૂર્વક સ્થાન આપવું જોઈએ.

*બ્લોક નં. ૧૦૯૧, સેક્ટર નંબર-૨૭,*
*સ્વસ્તિક સોસાયટી,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૮.*
*ફોન : (૦૭૯) ૨૩૨૧૧૬૫૫*

---

## આ દેશની પ્રજાને ટોળું બનવાનો...

**(અનુસંધાન : પાના નં. - ૭૪ ઉપરથી ચાલુ)**

એક સંમેલનમાં સંખ્યા બતાવવાની હતી એટલે છાત્રાલયો, કૉલેજ કે કારખાનાના મજૂરો ઉપર કરોડપતિ આયોજકોની નજર પડી. પછી તો વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને મજૂરોને આદેશ અપાયા. બસો ગોઠવવામાં આવી અને આ ટોળામાં સામેલ થવા બધાને ભાવિ "ટોળા તાલીમ" માટે લાવવામાં આવ્યા! કદાચ આટલી સંખ્યા ન આવે તો વાંધો ખરો? છાત્રાલયોમાં શિસ્તની વાતો કરનારા સંચાલકો તમે તો મજબૂર છો, એટલે આવો છો, પણ આ નવી પેઢીને તો હવે ભણવા દો. ઘણાને આ લેખ 'કઠશે' પણ સત્ય સાથેની વાત કોઈકે કરવી પડશે. આ રીતે વિદ્યાર્થી કે યુવાનોનો ઉપયોગ સામાજિક ગુનો ગણાવો જોઈએ અને સમાજમાં જાગૃત માણસોએ આવું કરનાર અને કરાવનારને ધ્યાન દોરીને અટકાવવા જોઈએ. તમે તમારી વાહવાહી માટે માણસ જેવા માણસને "ટોળું" શા માટે બનાવો છો? આપણે આપણી જાતને જ પૂછ્યું જોઈએ. ■

# સાચા અર્થમાં માતા-પિતા બનીએ

• ડો. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડો. દીપ્તિ શાહ (ગડા) મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક •

## • સંયુક્ત કુટુંબ તથા વિભક્ત કુટુંબની બાળક પર અસર :

વીસમી સદીમાં સંયુક્ત કુટુંબમાં બધાં સાથે રહેતાં હતાં. બાળકોના ઉછેરની જવાબદારી દાદા-દાદી/નાના-નાની પર હતી. યુવાન માતાને રસોડાની જવાબદારી તથા યુવાન પિતાને કામ પર જવાની જવાબદારી હતી. સરેરાશ પાંચ ભાઈબહેનો હતા. દાદા-દાદી/નાના-નાની પાસે જોઈએ એટલો સમય હતો. ધીરજ હતી. બાળકોની કાલીઘેલી વાતો શાંતિથી સાંભળતાં હતાં. (ગુણવત્તાભર્યો સમય- Quality time), બાળકો પ્રત્યેની અપેક્ષાઓ નહિવત હતી. પાંચ બાળકો બે રમકડાં વડે શાંતિથી વારાફરતી રમતા હતા. બાળકોને શીખવાડવામાં આવતું હતું કે આપણે સૌની સાથે વહેંચીને રમવાનું છે (Sharing), રમવાનું મહત્ત્વ છે, નહીં કે હાર કે જીત.

આજે એકવીસમી સદીમાં મોટાભાગે ખાસ કરીને શહેરોમાં વિભક્ત કુટુંબ અસ્તિત્વમાં આવ્યા છે. આ વિભક્ત કુટુંબમાં એક જ બાળક હોય છે. જવલ્લેજ બે બાળકો કુટુંબમાં હોય છે. દાદા-દાદી/નાના-નાની હવે "જુનવાણી વિચારોના થઈ ગયા છે." એમના પર બાળઉછેરની જવાબદારી સોંપાતી નથી. યુવાન માતાપિતા પાસે બાળક માટે સમય નથી, ધીરજ નથી. બાળકોને શાંતિથી સાંભળવાનો તથા સમજવાનો સમય નથી. (ગુણવત્તાભર્યા સમયનો અભાવ - Lack of Quality time.) ભૌતિક સાધનો તથા સગવડો છે પણ એકબીજા માટે ગુણવત્તાભર્યો સમય નથી. બાળક પાસે દસથી વધારે રમકડાં છે પરંતુ બીજા બાળક જોડે સાથે મળીને રમવાની ભાવના નથી. "આ મારું છે; હું કોઈને રમવા માટે નહીં આપું" બીજા બાળક જોડે વહેંચવાની વૃત્તિ નથી (no sharing). બાંધછોડ કરવાની વૃત્તિ બાળપણથી જ નથી.

## • રહેણાક અને બાળ-ઉછેર :

સાતથી આઠ દાયકા પહેલાં મોટાભાગનાં કુટુંબો ચાલીમાં રહેતાં હતાં અથવા મકાનમાં રહેતાં હતાં કે જ્યાં ૩૦ થી ૪૦ રૂમ્સ હતી. આ ચાલી કે મકાનોમાં ૩૦ થી ૪૦ કુટુંબો રહેતાં હતાં. તથા દરેક કુટુંબમાં સરેરાશ ૪ થી ૫ બાળકો હતાં. આથી દરેક ઉંમરના બાળકોને પોતાની સરખી ઉંમરના મિત્રો એજ મકાન કે ચાલીમાં મળી રહેતા હતા. સાથે રહેવાનું, સાથે સ્કૂલે જવાનું, સાથે ભણવાનું તથા સાથે રમવાનું. કોઈપણ જાતના પ્રયત્નો વગર આ બાળઉછેર માટે હકારાત્મક વાતાવરણ મળતું હતું. આથી બાળકના વ્યક્તિત્વનું ઘડતર માબાપના પ્રયત્નો વગર થઈ જતું હતું. અન્ય બાળકો જોડે હરતાં ફરતાં (સામાજિકકરણ, પરસ્પરનાં સંબંધો જાળવવાનું બાંધછોડ કરવાનું) વ્યક્તિત્વનો વિકાસ થતો હતો.

૨૧મી સદીના તાજેતરમાં રહેણાકમાં ફેરફારો થવાથી ધરમૂળથી બદલાવ આવ્યો છે જે નીચેના ઉદાહરણથી સમજાશે.

તાજેતરમાં અમે ગણપતિ મહોત્સવ દરમ્યાન અમારા મિત્રને ત્યાં ગણપતિદર્શન માટે ગયા હતા. બાળઉછેરની ચર્ચા નીકળી. મિત્રે જણાવ્યું કે અમારું મકાન ૭ માળનું છે. દરેક માળ પર એક જ કુટુંબ રહે છે. આખા મકાનમાં બે જ બાળકો છે એક પાંચ વર્ષનું તથા બીજું અગિયાર વર્ષનું. પાંચ વર્ષનું બાળક એની મમ્મી પર આધાર રાખે છે. એના મિત્રો પાસે જવું પણ હોય તો મમ્મી પાસે સમય હોય, મમ્મી ફ્રી હોય તો જ જઈ શકે. આ બાળકના વ્યક્તિત્વના ઘડતર (સામાજિકકરણ, પરસ્પરના સંબંધો જાળવવાનું, બાંધછોડ કરવાનું વગેરે) કેવીરીતે થાય?

## • ૨૧મી સદીમાં માતા-પિતા બનવું :

ભારતીય સંસ્કૃતિ તથા સમાજમાં દીકરો તથા દીકરીની ઉંમર થતાં લગ્ન થઈ જાય છે (દીકરો કે દીકરી લગ્ન તથા અન્ય જવાબદારીઓ લેવા લાયક ન હોય છતાં પણ). લગ્ન બાદ નવા પતિ-પત્નીને બાળક જલ્દીથી આવે એવી સૌ કુટુંબીજનોની અપેક્ષા હોય છે. બે એક વર્ષના લગ્ન જીવનમાં જો બાળક ન થાય તો સૌ કુટુંબીજનોને ચિંતા થાય છે કે કેમ બાળક નથી થયું. બાળક ન આવવું એ કુટુંબીજનો માટે ચર્ચાનો વિષય બની જાય છે. કુટુંબીજનો એ યુગલને વણમાગી સલાહો આપે છે.

શું આપણે તથા કુટુંબીજનોએ કોઈ દિવસ વિચાર કર્યો છે કે પતિ-પત્નીમાં માનસિક રીતે માતા-પિતા બનવાના ગુણો છે? શું એ પતિ-પત્ની આવનાર બાળકનો યોગ્ય ઉછેર - શારીરિક તથા માનસિક - કરી શકશે?

સંયુક્ત કુટુંબમાં પતિ-પત્ની માતા-પિતા બને ત્યારે માતા-પિતાની જવાબદારી વહેંચાઈ જતી હતી. સંયુક્ત કુટુંબના અન્ય વડીલો (દાદા-દાદી, કાકા-કાકી, ફોઈ, માસી વગેરે) જવાબદારી રાજીખુશીથી સ્વીકારી લેતા હતા.

આજના વિભક્ત કુટુંબમાં બાળઉછેરની બધી જ જવાબદારી યુવાન માતા-પિતા પર જ આવી જાય છે. ઘણી વખત માતા પણ વ્યવસાય કે નોકરી કરતી હોય છે. ત્યારે બાળઉછેરની જવાબદારી ખૂબ જ વધી જાય છે. માતા-પિતા બંને કામ કરતાં

હોય, દિવસ દરમ્યાન ઘરની બહાર હોય ત્યારે ઘણી વખત બાળકને પારણા ઘરમાં મૂકવું પડતું હોય છે. પિતા કામ માટે બહારગામ રહેતા હોય અથવા વારંવાર બહારગામ જવું પડતું હોય ત્યારે બાળઉછેર માટે માતાની જવાબદારી ખૂબ જ વધી જાય છે. આ હકીકત તથા પરિસ્થિતિનો સામનો કરવા માટે શું એ માતા કે પિતા સક્ષમ છે?

- **૨૧મી સદીમાં માનસિક બાળઉછેર :**

બે દાયકા પહેલાં માનસિક બાળઉછેર શબ્દ કે લેખમાં મથાળું આવે તો સમાજના મોટાભાગના લોકોને નવાઈ લાગતી હતી કે આ શું છે? છેલ્લા દાયકામાં માનસિક બાળઉછેરના વિષયને સમાજમાં પ્રાધાન્ય આપવામાં આવે છે. નિષ્ણાતો આ વિષય પર લેખ લખે છે તથા પ્રવચનો આપે છે. ડૉ. દીપ્તિ શાહે ઘણી જગ્યાએ સ્લાઈડ્સ દ્વારા આ વિષયની ચર્ચા કરી છે.

અત્યાર સુધી શારીરિક બાળઉછેરને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. યોગ્ય પૌષ્ટિક આહાર, વિવિધ સમયે રોગ પ્રતિકારક રસી (immunisation), યોગ્ય શાળામાં શિક્ષણ વગેરે બાબતોમાં ચર્ચા થતી હતી. ભૌતિક સગવડો પર વધારે ધ્યાન આપવામાં આવતું હતું. ભૌતિક સગવડો વધારે મળશે તો બાળકનો યોગ્ય વિકાસ થશે એમ ધારવામાં તથા સમજવામાં આવતું હતું. વ્યક્તિત્વના ઘડતર, વિકાસ (Personality development) તથા પરિપક્વતા (maturity) પર નહિવત ધ્યાન અપાતું હતું. પરંતુ હવે માનસિક ઉછેર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. યુવાન માતા-પિતાને વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસનું મહત્ત્વ આગળની જિંદગીમાં કેટલું છે એનું મહત્ત્વ સમજાયું છે.

- **માનસિક બાળઉછેર :**

માનસિક બાળઉછેરમાં બે પરિબળો મુખ્ય ભાગ ભજવે છે (૧) શારીરિક પરિબળ (Biological), (૨) માતા-પિતાનું વલણ.

**(૧) શારીરિક પરિબળ :**

બાળકની શારીરિક ક્ષમતા જિનઅનુવાંશિકતા દ્વારા નક્કી થાય છે. સાથે બાળપણમાં શારીરિક ઉછેર ખાસ કરીને યોગ્ય પૌષ્ટિક આહાર મગજની વૃદ્ધિ માટે અત્યંત આવશ્યક છે. બાળપણમાં મગજની બીમારીઓ (મેનેન્જાઈટીસ, એન્કેફેલાઈટીસ વગેરે) તથા અન્ય શારીરિક બીમારીઓ ખાસ કરીને થાઈરોડ હોરમોનની ખામી વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં અવરોધક બને છે.

**(૨) માતાપિતાનું વલણ તથા માવજત :**

બધી રીતે સરખા હોય એવા બે રોપવા લઈ આવીએ. (૧) એક રોપવાને યોગ્ય ખાતર આપી, હવા તથા સૂર્ય પ્રકાશમાં રાખીએ. નિયમિત પાણી આપીએ. (૨) બીજા રોપવાને અંધારા ઓરડામાં મૂકીએ. સૂર્યપ્રકાશ, ખાતર, હવા ન મળે.

થોડા સમય પછી પરિણામ એકદમ અલગ જોવા મળશે. પ્રથમ રોપવામાંથી સુંદર ઝાડ બનશે જ્યારે બીજો રોપવો કરમાઈ જશે, મુરઝાઈ જશે. જોકે સુંદર ઝાડ બનવાની એમાં પૂરેપૂરી યોગ્યતા છે. યોગ્ય માવજત તથા યોગ્ય વાતાવરણ રોપવા માટે અલગ પરિણામ લાવે છે એમ બાળકોની યોગ્ય માવજત, યોગ્ય વલણ તથા યોગ્ય વાતાવરણમાં ઉછેરવામાં આવે તો અપેક્ષિત પરિણામ મળે છે.

માતાપિતા તથા વડીલો બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસ માટે યોગ્ય વલણ અને વાતાવરણ ઊભું કરે જેથી બાળક જ્યારે પુખ્ત વયનો થાય ત્યારે સ્પર્ધાત્મક જગતનો વ્યવસ્થિત રીતે સામનો કરી શકે તથા પોતાના પગ પર રહી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે.

આવનારા લેખોમાં માતાપિતાના વલણ અને વર્તણૂકના મુદ્દાઓ વિષે ઊંડાણમાં છણાવટ કરશું જેથી બાળક એક પરિપક્વ વ્યક્તિ (matured personality) તરીકે ઊભરી આવે. તથા માતાપિતા સાચા અર્થમાં માતાપિતા બને. ■

## લઘુકથા : બસની અંદર

બસ થોભી.

ખીચોખીચ ભરેલી બસમાંથી એક પ્રવાસી ઊતર્યો. મા અને દીકરી એમ બે પ્રવાસીઓ ચડ્યાં. દીકરીના હાથમાં એક ડબલું હતું. તેમાં વઘાર માટે થોડું તેલ હતું. માના હાથમાં નાનકડી રાશનની પોટલી હતી. નિઃસહાયતા અને ગરીબીની જાણે સાક્ષાત્ મૂર્તિઓ!

કેટલાક પ્રવાસીઓ કાનફુસિયાં કરી રહ્યા હતા, 'અડબુથ! ગીરદીમાં ગીરદી વધારે છે.'

ત્યાં તો કોઈકનો ધક્કો વાગ્યો અને છોકરીના હાથમાં રહેલું ડબલું પડી ગયું અને બધું તેલ ઢોળાઈ ગયું.

'અરેરે... અડબુથ! બસ બગાડી! કપડાં પણ બગડશે.' ચોખલિયા પ્રવાસીઓ તાડૂક્યા. મોંઘામૂલનું તેલ ઢોળાયું અને વધારામાં ગાળો સાંભળવી પડી.

મૂંગી ગરીબી આર્તનાદ કરી રહી.

ત્યાં તો જીર્ણ વસ્ત્રધારી એક પ્રવાસી છોકરીના હાથમાં પચાસ રૂપિયાની ચલણી નોટ આપતાં જ પ્રવાસીની ગીરદીમાં સરકી ગયો.

મા-દીકરી આભારવશ તેને નીરખીને જુએ તે પહેલાં તો ઊતરવાનું સ્થળ આવતાં બસ થોભી અને મા-દીકરીને ઊતરવું પડ્યું.

*– બાબુલાલ ગોર*

# ચાલો ગામડે રહેવા જઈએ...

● ડૉ. વલ્લભભાઈ કથીરિયા ●

૨૧મી સદીની ઝાકઝમાળથી આંધળા શહેરીકરણ તરફની દોટ વધી રહી છે. ગામડાંમાં કોઈને રહેવું નથી. ખાસ કરીને યુવા પેઢી અને તેમાં પણ લગ્ન કરવા માટે યુવતીઓની શહેર માટેની ડિમાન્ડને કારણે ગામડાંની શુદ્ધ હવા અને નૈસર્ગિક વાતાવરણ છોડીને શહેરના મફતિયાપરામાં એક સાંકડી ઓરડીમાં રહેવા આવવાનો કોઈ તર્ક સમજી શકાતો નથી. શહેરીકરણની આંધળી દોટને કારણે આજે પ્રદૂષિત પાણી, ગંદકી, બીમારી, ટ્રાફિક, અકસ્માત, બેરોજગારી અને અનૈતિક કૃત્યો, લૂંટ, ચોરી, હિંસા વગેરે વગેરે તમામ પ્રકારની બુરાઈઓએ માઝા મૂકી છે. હજુ પણ આ પ્રવાહ આમ જ ચાલુ રહ્યો તો પરિસ્થિતિ કઈ હદે પહોંચશે તેની કલ્પના પણ ધ્રુજાવી દેનારી છે.

ઉપરોક્ત સંજોગોમાં 'શહેરીકરણ' ની આંધળી દોટની સામે 'ચાલો ગામડે રહીએ.' જેવું અભિયાન કેમ છેડી ન શકાય? આજે ગુજરાત વિકાસનું એક મોડેલ બનતું જાય છે. ગુજરાતનાં ગામડાંમાં શહેરમાં મળતી લગભગ બધી સુવિધાઓ મળતી થઈ ગઈ છે.

'મોટાભાગનાં ગામડાં નજીકના શહેર સાથે રસ્તાથી સારી રીતે જોડાઈ ગયાં છે, ગામડાંમાં ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ છે. ઘરમાં સુવિધા માટે ટેલિફોન, કોમ્પ્યુટર, ટી.વી. ચેનલ વગેરે માધ્યમોની પૂરતી ઉપલબ્ધિ છે. વાહન વ્યવહાર યા તો ટ્રાન્સપોર્ટ સુવિધા પૂરતા પ્રમાણમાં મળી રહે છે. શિક્ષણ માટે હવે ગામડાંમાં પણ બાળકને ઘરેથી લઈ જઈને શહેર સુધી પહોંચાડી દે તેવી સુવિધાવાળી શાળાઓ નજીકનાં શહેરમાં મળી રહે છે. આરોગ્ય માટે કોઈપણ નજીકના શહેરમાં સરેરાશ અડધા કલાકથી વધુનો સમય લાગતો નથી એટલે ઈમરજન્સી સારવાર પણ મળી રહે છે. નર્મદા યોજનાને કારણે પાણી, સેનિટેશન માટે બાથરૂમ, સંડાસ, પાકા રસ્તા, ગ્રામ્યવન, બગીચા કે ઉપવન, શાળા, સંકુલોમાં રમતગમતનું મેદાન કે મહિલા રોજગારી માટે વર્ગો ચલાવતાં સખી મંડળો, તે માટે જરૂરી કોમ્યુનિટી હૉલ, વર્તમાન પત્રોની સુવિધા, ધાર્મિક કે રચનાત્મક સંસ્થાઓ દ્વારા કોઈને કોઈ સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો કે રચનાત્મક પ્રવૃત્તિઓ વગેરે નાગરિકને જરૂરી તમામ સુવિધાઓ ગામડાંમાં મળી રહે છે.'

ટૂંકમાં, સુવિધાનો અભાવ શહેર તરફ ખેંચવાનું હવે કારણ બની શકે તેમ નથી. ઊલટાનું એમ કહેવું યોગ્ય છે કે, ગામડાંમાં ખુલ્લા વાતાવરણમાં મોટા મોટા પ્લોટમાં ખુલ્લી સ્વચ્છ હવા અને નૈસર્ગિક વાતાવરણમાં તંદુરસ્ત આયુષ્ય માટેની વધારે ગુંજાઈશ છે. ગામડાંમાંથી શહેરમાં સ્થાયી થયેલાં કુટુંબો ગામડાંમાં વિશાળ રહેણાંકના મકાનો અને પૂરતી સુવિધા છોડીને આવે છે. ઉપરોક્ત જણાવ્યા મુજબની સુવિધાઓ ઉપરાંત ગામડાંમાં ગાયનાં શુદ્ધ ઘી-દૂધ, માખણ, છાશ દ્વારા તંદુરસ્ત જીવન માટે વધુ મોકળાશ છે. થોડું વિશેષ ધ્યાન આપી બાપદાદાની જમીનમાં ખાવા પૂરતું ઓર્ગેનિક અનાજ અને શાકભાજીનું વાવેતર કરે તો સોનામાં સુગંધ ભળે અને કેમિકલ-ફર્ટિલાઈઝરની અનેક આડઅસરોથી બચી શકાય.

વિદેશોના પ્રવાસ દરમિયાન જોયું છે કે ત્યાંના લોકો સેલ્ફ ડ્રાઈવ કરીને પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા કે આપણા મુંબઈમાં જ ૧-૨ કલાક ડ્રાઈવ કરીને ઘરના વ્યવસાય કે જોબના સ્થળે જતા હોય છે. આવું રૂટીન અહીં કેમ ન થઈ શકે? પોતાના વ્યવસાય કે જોબથી નજીકના ગામડામાં રહેવાનું અને સવાર-સાંજ અપડાઉન કરવાનું કોઈ મુશ્કેલ કે અશક્ય તો નથી જ! જરૂર છે આ પ્રકારના અભિનવ અભિગમની. સરકારે 'રૂરલાઈઝેશન' નો ઉપયોગ શરૂ કરીને ગામડાંઓમાં શહેરની સુવિધા અને ગામડાંનાં સંસ્કારી વારસાને સાંકળવાનો પ્રયાસ શરૂ કરવો એ સમયની માંગ છે. આ અભિયાનને લોક અદાલત કે લોક અભિયાનમાં પરિવર્તિત કરવાની જરૂર છે. જનજાગૃતિ અને જનશિક્ષણ દ્વારા સમજુ, પ્રૌઢ, શિક્ષિત અને આર્થિક રીતે સંપન્ન લોકો પહેલ કરે તે જરૂરી છે.

આમેય શનિ-રવિ ફાર્મ હાઉસમાં રહેવા જવાનો 'ટ્રેન્ડ' તો શરૂ થયો જ છે. એને જરા વિશાળ ફલકમાં લઈ જવાથી એક સાથે અનેક પ્રશ્નોનું નિરાકરણ થઈ જશે. ગામડાંમાં હવે ગ્રામ્ય ઉદ્યોગો શરૂ કરવા માટે પૂરતી તકો ઉપલબધ છે. આથી ગામડાં કંગાળ થતાં બચશે. ખેતી-પશુપાલન પુનઃ સમૃદ્ધ થશે. નાગરિકોનું આરોગ્ય સુધરશે. શહેરીકરણના પ્રદૂષણના પ્રશ્નો ઘટશે. અનેક સમસ્યાઓનું સમાધાન એકીસાથે થઈ જશે. સંતુલિત અને સર્વ સમાવેશક વિકાસનું એક નવું મોડેલ પ્રસ્તુત કરવામાં ગુજરાત પ્રથમ રાજ્ય બની ન શકે? આવો! આ વિચારને સૌ આગળ વધારીએ. 'ઈન્કન્વીનિયન્ટ ટૂથ' ને 'કન્વીનિયન્ટ એક્શન' માં પરિવર્તિત કરવાનો એક સચોટ અને સમયોજિત ઉકેલ છે. ■

## સુભાષિત-સૌરભ

*અજ્ઞાને અંધ નેત્રોને, દેખતાં જેમણે કર્યાં,*
*અંજન જ્ઞાનનું આંજી, તેવા શ્રી ગુરુને નમું.*

(અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલાં મારાં નેત્રો જેમણે જ્ઞાનરૂપી અંજનથી સળીથી ઉઘાડ્યાં તે શ્રી ગુરુને નમન કરું છું.)

*પ્રસ્તુતિ : કુલીનચંદ્ર પો. યાજ્ઞિક*

વરિષ્ઠ નાગરિક

# ચિત્તને પીડિત કરે એવી એક અવસ્થા

• દિનકર જોષી •

કુરુક્ષેત્રનું યુદ્ધ પૂરું થયું અને મહારાજ યુધિષ્ઠિરે આદરેલો અશ્વમેધ યજ્ઞ પણ સંપન્ન થઈ ગયો એ પછી શ્રીકૃષ્ણ હસ્તિનાપુર છોડીને દ્વારકા ગયા છે. કુરુક્ષેત્રની ઘટના પછી પૂરાં છત્રીસ વર્ષે યાદવાસ્થળી થઈ અને શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ થયો. છત્રીસ વર્ષનો આ કાળ શ્રીકૃષ્ણે એક નિવૃત્ત વડીલની જેમ દ્વારકામાં જ વ્યતીત કર્યો છે. આ ગાળામાં એમના પુત્રો-પૌત્રોએ પેટે તાંસળી બાંધીને ઋષિઓની મશ્કરી કરી અને શાપિત થયા. શ્રીકૃષ્ણે દ્વારકામાં મદ્યનિષેધ કર્યો, પણ આ મદ્યનિષેધ વહેવારમાં સાવ નિષ્ફળ ગયો હતો. એમની નજર સામે જ યાદવો પરસ્પર લડીને કાગડા-કૂતરાના મોતે મૂઆ. કૃષ્ણે આ જોયું પણ કશું કરી શક્યા નહિ. એકાકી અવસ્થામાં જરા પારધીએ એમને પશુ સમજીને તીર માર્યું અને એમની લીલા સંકેલાઈ ગઈ.

છત્રીસ વરસના આ નિવૃત્તિકાળમાં એક વાર શ્રીકૃષ્ણે નારદને એકાંતમાં પૂછ્યું કે, 'હે દેવર્ષિ! મેં જે કંઈ પ્રાપ્ત કર્યું એ બધું જ મારાં પરિવારજનોને જ આપ્યું છે. મારી પાસે મેં કશું નથી રાખ્યું. આમ છતાં મારાં આ આપ્તજનો મારાથી અસંતુષ્ટ કેમ રહે છે? તેઓ મને મહેણાં મારે છે અને મારા ગમાઅણગમાને લક્ષમાં લેતા નથી. આવું કેમ?'

આના જવાબમાં નારદે કહ્યું કે, 'હે અચ્યુત, એનું કારણ માત્ર એટલું જ છે કે તમે તમારી પાસે કશું રાખ્યું નથી. એટલું જ નહિ, જે કંઈ મેળવ્યું એ બધું પરિવારજનોની ક્ષમતા જોયા વિના જ એમને વહેંચી આપ્યું છે. આ કારણે તેઓની અપેક્ષાઓ વધી ગઈ હોય છે.'

નારદનો આ જવાબ સાંભળીને ચોંકી ઊઠેલા કૃષ્ણે કહ્યું : 'જો એમ જ હોય તો, હે નારદ! હું હજુય, મેં જે કંઈ એમને આપ્યું છે એ બધું પાછું મેળવી શકું એમ છું.'

આના જવાબમાં નારદ બોલ્યા છે : 'કૃષ્ણ, તમે એમ નહીં કરી શકો. જો એવું કંઈ કરશો તો જે પરિવારજનો તમારાથી અત્યારે અસંતુષ્ટ છે તેઓનો અસંતોષ ખૂબ વધી જશે.'

શ્રીકૃષ્ણ અને નારદ વચ્ચેનો આ સંવાદ પ્રત્યેક સીનિયર સિટિઝને લક્ષમાં લેવા જેવો છે. સાઠ કે પાંસઠ વરસની ઉંમર સુધી સરેરાશ માણસ પોતાના અર્થોપાર્જન કાળમાં જે કંઈ બચત કરે છે અથવા જે કંઈ સંપન્ન કરે છે એ અંતે તો એની વિદાય પછી એના સંતાનો માટે જ હોય છે એ પરંપરા છે. આમાં કશું ખોટું પણ નથી. પોતાના જીવનકાળ દરમિયાન પોતાની બચતમાંથી એને જે કંઈ ઉચિત લાગે એ સામાજિક કે ધાર્મિક ફરજો અદા કરે એ સારી વાત છે. પ્રત્યેક માણસે પોતાના ગજા પ્રમાણે આવો ઋણસ્વીકાર કરવો પણ જોઈએ.

પણ કેટલીક વાર એવું બને છે કે માણસ પરિવારજનો પ્રત્યેના સ્નેહને કારણે અથવા ક્યારેક જવાબદારીઓ અદા કરવાની ખોટી ગણતરીના કારણે પોતાની મુઠ્ઠીને ખુલ્લી કરી નાખે છે. પોતાની પાસે જે કંઈ છે એ અંતે તો આમનું જ છે એમ માનીને પોતાના હયાતીકાળમાં જ તેની વહેંચણી કરી નાખે છે. ક્યારેક પુત્રોના ધંધાધાપા માટે કે ક્યારેક કહેવાતાં વહેવારિક કામો માટે એ પોતાની પાસે જે કંઈ હોય એ વહેંચી દે છે. આમાં એના પક્ષે તો નર્યો વિશ્વાસ જ છે કે હવે આ પૈસાની પળોજણમાં મારે શું કામ પડવું જોઈએ? અને મારાં સંતાનો મારી સંભાળ ન લે એવું કદી ન બને!

ઘડીભર કલ્પના કરો કે આવું થયા પછી કોઈક ધર્મકાર્ય માટે, સામાજિક કાર્ય માટે કે પોતાના રોજિંદા વહેવાર માટે સંતાનો પાસેથી રકમ મેળવવી પડે ત્યારે, ચાર કે સાડાચાર દાયકા સુધી આર્થિક સ્વાતંત્ર્ય ભોગવી ચૂકેલા માણસને કેવું લાગે? સંતાનો માવતરની આ જરૂરિયાત હોંશેહોંશે માગ્યા વિના જ પૂરી કરે એ સુખદ પરિસ્થિતિ છે; પણ વહેવારિક જગતમાં આ એક નર્યો આદર્શ છે. કોઈ વાર બે કે ત્રણ પુત્રો વચ્ચે મનમેળ ન હોય ત્યારે તેઓનાં ચિત્તમાં માતા કે પિતાની આવી કોઈ જરૂરિયાત પૂરી કરવી એ ટાળવા જેવું સ્પર્ધાત્મક લક્ષણ બની જતું હોય છે. એક પુત્ર એની સાચેસાચી મર્યાદાને કારણે ક્યારેક પોતાની જવાબદારી અદા ન કરી શકે, ત્યારે બીજા પુત્રને માતાપિતાનું હોવું સુદ્ધાં વધારાની જવાબદારી લાગવા માંડે એવું બને છે.

આમાં સંતાનો પ્રત્યે ઓછો સ્નેહ હોવાની કે વિશ્વાસ નહિ હોવાની કોઈ વાત નથી. જે નઠોર વાસ્તવિકતાઓ વચ્ચે આપણે જીવી રહ્યા છીએ એમાં સહુ કોઈનું જીવન વધુ સુખમય અને શાંતિપૂર્ણ થાય એવા માર્ગ લેવામાં જ શાણપણ છે. કેટલીક વાર નબળા સંતાનને વધુ સહાયભૂત થવું એ માતાપિતાની પણ ફરજ છે. કોઈ વાર એક પુત્ર સમર્થ હોય પણ ઉચ્છૃંખલતાને કારણે જો એ પોતાની જવાબદારીઓ અદા ન કરતો હોય તો માતાપિતાએ 'અમારે મન તો બધા સંતાનો સરખા' એ સુવર્ણાંકિત સિદ્ધાંતને કઠોરતાથી ઘડીકવાર વિસરાવી દેવો જોઈએ. ગોળ અને ખોળનું મૂલ્ય એક ન આંકી શકાય. જો આ બંનેનું મૂલ્ય એક જ આંકવામાં આવશે તો કોઈ ગોળ શા માટે વેચે? આ ન્યાય તો અંધેરીનગરીમાં ગંડુરાજા જેવો જ થાય. જે પુત્રે પોતાની મર્યાદાઓ છતાં, જે કંઈ

બની શક્યું એ બધું જ કર્યું છે અને જે પુત્રે કોઈ મર્યાદા ન હોવા છતાં ઉચ્છૃંખલતાપૂર્વક હાથ ખંખેરી નાખ્યા છે એ બંનેને જો વહેવારિક વહેંચણી વખતે સમકક્ષ ગણવામાં આવે તો ભવિષ્યમાં એક ખોટી પરંપરા પેદા થવાનો ભય રહે છે.

માણસમાં નબળું પાસું બળવાન હોય છે અને સબળું પાસું નબળું હોય છે. આમ હોવાને કારણે વખત જતાં કોઈ ગોળ નહિ થાય, બધા ખોળ થવાનું જ પસંદ કરશે.

વડીલોએ આ સંદર્ભમાં એક વધુ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. જો એક કરતાં વધુ સંતાનો હોય ત્યારે અથવા એક જ પુત્ર હોય તો પણ પોતાને માટે આ સંતાનોએ અવારનવાર જે કંઈ ખર્ચ કર્યો હોય એ બને ત્યાં સુધી એમને આપી દેવો જોઈએ. દા.ત. એક વડીલ પાસે પૂરતી બચત છે અને એમની તબીબી સારવારનો ખર્ચ લાખેક રૂપિયા થાય છે. (કેટલીક વાર તો સો રૂપિયા થતા હોય તોપણ) આ ખર્ચ જો પુત્રે કર્યો હોય તો પિતાએ એને આપી દેવો જોઈએ. અમારું ઘર તો એક જ છે એવી ચાંપલાશ કરનારાઓ ખરેખર માનવસ્વભાવને જાણતા નથી.

મોટા ભાગે, માતાપિતા માટે કરેલો આવો ખર્ચ જ્યારે પાછો આપવામાં આવે છે ત્યારે પુત્રને ઘડીક સંકોચ થાય છે, પણ પછી એ એનો સ્વીકાર કરી લે છે, કારણકે મનોમન તો એને પણ આ ગમે જ છે. આમ કરવાથી એક બીજો પણ લાભ થાય છે. પોતે ખર્ચેલી રકમ પાછી મળી જ જવાની છે એવો વિશ્વાસ પેદા થવાથી આવો ખર્ચ ટાળવાની પુત્રો વચ્ચે માંહોમાંહે અદીઠ સ્પર્ધા થતી નથી. આવી સ્પર્ધા ટાળવી એ પણ પિતાનું કર્તવ્ય છે. આ એક શુભ લક્ષણ છે.

અહીં એક પ્રસંગ યાદ આવે છે.

સમાજ જીવનમાં જેમને અત્યંત વરિષ્ઠ કહી શકાય એવા એક વડીલ મિત્રના દીવાનખંડમાં બેસીને અમે ગપશપ કરી રહ્યા હતા. આ વડીલના પરિવારમાં પુત્રીઓ સાસરવાસે સુખી હતી અને બે પુત્રો નિકટમાં જ ક્યાંક પોતપોતાના પરિવારો સાથે અલગ રહેતા હતા. ઘર અભરે ભર્યું હતું. ઘરમાં નોકરચાકર પણ હતા. આ વડીલ પતિ-પત્ની એકલાં જ પરસ્પરના સાથ-સહકારમાં આયુનો શેષ સમય સંતોષપૂર્વક વ્યતીત કરી રહ્યાં હતાં.

અમારી વચ્ચે વાતો ચાલતી હતી ત્યાં જ એમનો એક પુત્ર માતાપિતાને મળવા આવ્યો. બંને પુત્રો આ રીતે રોજ માતાપિતાને મળી જતા અને કંઈ કામકાજ હોય તો કરી આપતા. આજે આ પુત્રે ઔપચારિક વાતો પત્યા પછી પિતાને કેટલીક દવાઓ આપી. આ દવાઓ પિતાએ જ ગઈકાલે આ પુત્ર પાસે મંગાવી હતી. દવાઓ લીધા પછી પિતાએ પેલા પુત્રને એની કિંમત જેટલા પૈસા આપ્યા. પુત્રે એ પૈસા લઈ પણ લીધા. થોડીવાર પછી આ પુત્રે રજા લીધી એટલે મેં મારા આ વડીલ મિત્રને પૂછી કાઢ્યું : 'દવા જેવી ચીજની આટલી મામૂલી કિંમત તમે એને આપી એ મને જરા નવાઈભર્યું લાગે છે. તમે આવું કેમ કર્યું?'

એમણે હસીને મને એક મોટો પદાર્થપાઠ શીખવ્યો : 'જુઓ, ભાઈ, મારા આ બંને પુત્રો રોજ મારાં ખબરઅંતર પૂછવા આવે છે. આમ તો હું મારું બધું કામકાજ કરી લઉં છું. પણ ક્યારેક જરૂર પૂરતું કામ હું એમનેય સોંપું છું. બંને દીકરા ભૂલ્યા વિના મેં સોંપેલું કામ અચૂક કરી આવે છે. હવે જો હું એમણે મારા માટે કરેલો ખર્ચ ચૂકવી ન આપું તો વહેલામોડા ક્યારેક એમના મનમાં એવો ભાવ પણ પેદા થાય ખરો કે દર વખતે પપ્પા મને જ કામ સોંપે છે અને મારે જ ખર્ચ કરવો પડે છે. બીજા ભાઈએ પણ પપ્પાના ખર્ચનો આવો ભાર ઉપાડવો જોઈએ, એવો ભેદભાવ એના મનમાં પ્રગટે. મારી પાસે પૂરતા પૈસા છે એટલે જો હું એને એણે ખર્ચેલી રકમ પાછી આપું તો દર વખતે મારું સોંપેલું કામ કરવામાં બંનેમાંથી એકેયના મનમાં કોઈ પ્રકારનો આવો ભાવ પેદા જ ન થાય. બંને હોંશપૂર્વક મારું કામ કરે. અને અંતે હું એમને જે કંઈ આપું છું એ મારી હયાતી પછી એમનું જ છે ને! એ રકમ એમને પહેલાં આપું છું એમાં ખોટું શું છે?'

આ વડીલ મિત્રે પોતાના વહેવારિક વર્તનથી જે પદાર્થપાઠ શીખવ્યો છે એ એમના વર્ગમાં આવતા તમામ વરિષ્ઠ નાગરિકોએ ધ્યાનમાં લેવા જેવો છે. એમણે જે વિચારણાથી પ્રેરિત થઈને આવો વહેવાર ગોઠવ્યો હતો એ વિચારણા પૂરેપૂરી માનસશાસ્ત્રીય છે. સદ્ભાવ, પૂજ્યભાવ, સખ્ય, સ્નેહ - આ બધા સદ્ગુણોની ઉપરવટ જતી હોય એવું લાગે તોય આ વિચારણા માણસમાં રહેલાં પ્રાકૃતિક સંયોજનોને પૂરેપૂરી સમજે છે એ સ્વીકાર્યા વિના ચાલે નહિ. સદ્ભાવના સમયે જે બધું સારું લાગતું હોય છે એ બધું દુર્ભાવનો સમય આવી પડે છે ત્યારે રૂપિયા-આના-પાઈના નક્કર માપદંડથી જ મપાતું હોય છે. આવો સમય ક્યારેય ન આવે એટલા માટે પેલા સદ્ભાવને સતત જાળવી રાખવા માટે આ વડીલની વિચારણા ભારે ઉપયોગી છે.

આપણને ગમે કે ન ગમે, પરિવારમાં હોવું એક વાત છે અને માનવ પ્રકૃતિની મર્યાદા સમજવી એ બીજી વાત છે. એવા સંખ્યાબંધ કિસ્સાઓ આપણે જાણીએ છીએ કે જે આપ્તજનો વચ્ચે આજે દેખીતી રીતે અત્યંત સ્નેહ પ્રવર્તતો હોય, પુષ્કળ ઐક્ય પ્રવર્તતું હોય અને લોકબોલીમાં કહીએ તો


સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....

MRL CLEARING
AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)

MRL GROUP

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

Clearing, Forwarding & Shipping Agents

એક ભાણે જમતાં હોય એવાં આપ્તજનો વચ્ચે પણ કાળાંતરે એવાં પ્રચંડ અંતરો પેદા થઈ જતો હોય છે કે પરસ્પરનાં મોં જોવા પણ પસંદ કરે નહિ. આવી વિષમ વેળાએ બધા જ પક્ષો જૂના સુસંવાદિતાના કાળમાં પોતે કેટલું જતું કર્યું હતું, પોતે કેટલું સહન કર્યું હતું - આવી અનેક નાની મોટી વાતો હક્કદાવાપૂર્વક સંભારી આપતા હોય છે. આનો અર્થ એવો જ થયો કે સુસંવાદિતાના કાળમાં પણ આવું જતું કરવાની કે સહન કરવાની કહેવાતી પ્રક્રિયાની બધાં જ પૂરતી નોંધ રાખતાં હોય છે. આવી ગંદી નોંધો ઉપર ચળકાટભર્યો ઢોળ ચડાવેલો હોય છે એટલું જ! અહીં કોઈ નિરાશાજનક વાત નથી કરવી, પણ માત્ર વાસ્તવિકતાનો સ્વીકાર કરવો છે. આપણે સહુએ અંતે તો જે વાસ્તવિકતાઓ આપણે બદલી શકતા નથી એમની વચ્ચે જીવવાનું હોય છે. આમ હોવાથી સહુકોઈનું જીવન ઓછામાં ઓછું બેસૂરું થાય એવું વર્તન કરવું એ જ ડહાપણ છે. પતિ અને પત્ની બંનેને તો આવા ઉત્તમકાળમાં એક એકમ તરીકે જ આપણે જોતા હોઈએ છીએ, પણ આ કહેવાતા એકમની મર્યાદાઓ પણ યાદ રાખી લેવા જેવી છે.

પરિવારજીવનમાં પરસ્પર વચ્ચે અવિશ્વાસ કરવો એવું કહેવાનો મુદ્દલ આશય નથી. વિશ્વાસ અને સ્નેહ જીવનને હળવું બનાવે છે. ઉત્તરાવસ્થામાં તો એની વિશેષ આવશ્યકતા હોય છે, પણ જે છે એનો ઇન્કાર કરવાથી કોઈ લાભ થતો નથી, નર્યું નુકસાન જ થાય છે. શ્રીકૃષ્ણ જેવા પરમપુરુષને પણ આ અનુભવ થયો હોય અને આવા અનુભવ પછી એમના ચિત્તમાં પણ જો વિષાદની લાગણી પ્રવર્તતી હોય તો આપણા જેવા સરેરાશ માણસની તો વાત જ શી કરવી? શ્રીકૃષ્ણને હૈયું ઠાલવવા માટે નારદ જેવા દેવર્ષિ પ્રાપ્ત થયા હતા, આપણી પાસે તો કોઈ નારદ પણ નથી. શ્રીકૃષ્ણે જે પ્રશ્ન નારદને પૂછ્યો એ પ્રશ્ને એમના જેવા પરમપુરુષના પણ ચિત્તને કેટલાં વર્ષો સુધી પીડા દીધી હશે!

વૃદ્ધોનાં ચિત્તને પીડિત કરે એવી બીજી એક અવસ્થા એમની નવરાશ છે. 'તમારે હવે શું કામ છે?' આવો પ્રશ્ન જ્યારે કોઈ નિવૃત્ત થયેલા વરિષ્ઠ નાગરિકને પૂછવામાં આવે છે ત્યારે એનો ઇંગિત અર્થ તો એટલો જ થતો હોય છે કે તમારી પાસે હવે કશું કામ નથી. તમારી પાસે કરવા જેવું કંઈ કામ નથી એનો એક સૂચિતાર્થ એવો પણ થાય છે કે જેને કામ કહી શકાય એવું કશુંય કરી શકવાની ક્ષમતા તમે ગુમાવી દીધી છે. આ ધ્વનિ સાચો નથી.

કામની વિભાવના વિશેની આપણી આ ગેરસમજ છે. જેમાં કશુંક આર્થિક વળતર મળે એને જ આપણે કામ માનતા થઈ ગયા છીએ. સાચી વાત તો એ છે કે આર્થિક વળતરની અપેક્ષા વિનાનાં કેટલાંય કામો કરવા જેવાં છે, એની આપણને કશી ખબર જ નથી. આર્થિક વળતર આપણને એક જાતનો સંતોષ પ્રેરે છે. જો સંતોષ કે આનંદ એ જ અંતિમ ઉદ્દેશ હોય તો આર્થિક વળતરની અપેક્ષા વિના પણ એ મેળવી શકે છે. અને ખરું કહીએ તો અહીંથી જ કામની શરૂઆત થાય છે.

મારા સદ્‌ગત પિતાશ્રી ૮૧ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા ત્યારે લગભગ છેલ્લા શ્વાસ સુધી તેઓ કાર્યરત હતા. એમની જિંદગીનાં છેલ્લાં દસેક વર્ષમાં અમે એમને નિવૃત થવાનો આગ્રહ કરતા ત્યારે તેઓ સામેથી પૂછતા : 'નિવૃત્ત થઈને હું શું કરું? પછી મારે શું કામ કરવું?'

આના જવાબમાં અમે એમને કહેતા, 'તમે આરામ કરો અને સવાર-સાંજ બે વાર અહીં મંદિરે કે હવેલીઓમાં જે સત્સંગ થાય છે એમાં જાઓ.'

આના પ્રત્યુત્તરમાં પિતાજી કહેતા, 'આ સત્સંગોમાં જે ડોસાડગરાઓ જમા થાય છે એમની પાસે બીજો કોઈ કામધંધો નથી માટે વખત ખુટાડવા ત્યાં આવે છે. એમને સાચા અર્થમાં સત્સંગમાં કોઈ રસ નથી. અધ્યાત્મમાર્ગની એમનામાં કોઈ સૂઝ પણ નથી.'

પિતાજીનું આ નિરીક્ષણ જલદ લાગે એવું હોય તોપણ સાચું તો છે જ. નિવૃત્તિ-કાળમાં અધ્યાત્મમાર્ગે કે સત્સંગ ભણી વળવું એમાં કશું ખોટું નથી. આપણી આશ્રમ ધર્મવ્યવસ્થામાં શાસ્ત્રોએ આવો આદેશ પણ આપ્યો છે. પણ એને માટે પ્રત્યેક માણસે પોતપોતાના તુંબડે તરવાનું હોય છે અને માનસિક રીતે પૂરતી પૂર્વતૈયારી કરવાની હોય છે. માત્ર ટોળું વળીને સમય ખુટાડવા મંદિરના ઓટલે બેસી જવાથી સત્સંગ બનતો નથી.

સ્વામી વિવેકાનંદે જીવનનો મોટો ભાગ પ્રવાસ અને વ્યાખ્યાનોમાં વ્યતીત કર્યો હતો. આ એમનું કામ હતું. એમના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસે દક્ષિણેશ્વર છોડીને ક્યાંય પ્રવાસ કર્યા નહોતા કે વ્યાખ્યાનો પણ આપ્યાં નહોતાં. આમ છતાં, એમને કોઈ કામ નહોતું એમ કહી શકાય ખરું? સ્વામી રામકૃષ્ણ પરમહંસે પોતાના 'સ્વધર્મ' અનુસાર કામ મેળવી લીધું હતું અને જીવનના છેલ્લા શ્વાસ સુધી કર્યું હતું. એ જ રીતે સ્વામી વિવેકાનંદે પણ જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાનું કામ કર્યું.

આપણે સહુ રામકૃષ્ણ પરમહંસ કે વિવેકાનંદ ન બની શકીએ, પણ સાઠ વર્ષની ઉંમર સુધી આર્થિક ઉપાર્જનની કામગીરી નાછૂટકે કર્યા પછી શેષ વર્ષોમાં 'પોતાની કામગીરી' સાચા અર્થમાં શોધી શકીએ તો કામ ઘણું છે અને સમય ઓછો છે. ■

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

### સ્ત્રી સંવેદનાની કશ્મકશ

# સ્ત્રી પોતાના પૈસાનું રોકાણ જાતે ન કરી શકે?

• અમિતા મહેતા •

સ્ત્રીઓ આખા ઘરનું મેનેજમેન્ટ કરે છે. ઘર ચલાવવા માટે ઘરમાં ઓછામાં ઓછી નાની-મોટી ખાવાપીવાથી લઈને સુખસુવિધા સુધીની બસો-ત્રણસો વસ્તુઓની જરૂર પડે છે અને એ સ્ત્રી ખૂબ જ વ્યવસ્થિત રીતે મેનેજ કરે છે. ખરીદી કરવી, વસ્તુઓ સાચવવી, કઈ વસ્તુ કેટલો સમય ચાલશે અને કઈ વસ્તુની ક્યારે જરૂર પડશે? મહિનામાં કેટલા રૂપિયા જોઈશે? આકસ્મિક ખર્ચાઓ આવે તો શું કરવું? આ બધાં જ પ્લાનિંગની સાથે તે થોડી ઘણી પોતાની અંગત બચત કરે છે. જ્વેલરી ખરીદે છે. પતિ અને પોતે જે કમાતાં હોય એ પ્રમાણે મોટાભાગની સ્ત્રીઓ ઘરને સુપેરે ચલાવે જ છે. એટલે સ્ત્રીઓ પૈસાનું પ્લાનિંગ ન કરી શકે એમ કહેવું વધારે પડતું લાગે છે. જ્યારે મહિલાઓ એક આખા રાજ્યનું કે દેશનું પ્લાનિંગ કરતી હોય ત્યારે એક શિક્ષિત મહિલા પોતાની કમાણીનું પ્લાનિંગ ન કરી શકે? બેશક કરી શકે. આજે અનેક સ્ત્રીઓ ઈન્વેસ્ટમેન્ટ ઍડવાઈઝર તરીકે કામ કરે છે, શેરબ્રોકર છે અને અન્ય બિઝનેસ કે જોબ કરતી મહિલાઓ પણ બેંક, શેરબજાર કે એફ.ડી. કે રોકાણનાં અન્ય માધ્યમોથી મહદાંશે પરિચિત હોય છે. છતાં પતિ એને એની મરજી પ્રમાણે ઈન્વેસ્ટમેન્ટ કરવાની પરવાનગી આપતો નથી. અગર પત્ની પતિને પૂછ્યા વિના પાંચ-પચ્ચીસ હજારનું રોકાણ કરે તો પતિ તરત જ તાડૂકશે કે આમાં તને શી ખબર પડે? મને પૂછવું તો જોઈતું હતું અને આ બાબત ઈગો અને ઝઘડાનું કારણ બની જાય.

મારી વાત કરું. મેં એમ.કોમ.ની સાથે ફેશન ડિઝાઈનિંગનો કોર્સ કર્યો છે અને મારું પોતાનું બુટીક ચલાવું છું. મારી અને મારા હસબન્ડની કમાણી લગભગ સરખી છે. અમારી વચ્ચે પૈસાની બાબતે એવા કોઈ ઝઘડા નથી કે કોણ વધારે કમાય છે અને કોણ વાપરે છે. પણ ઝઘડો એ છે કે હું મારા પતિને જણાવ્યા વિના થોડું ઘણું ઈન્વેસ્ટમેન્ટ કરી લઉં છું. મારા પતિનું માનવું છે કે સ્ત્રીઓને એમાં ઓછી ખબર પડે! હું કહું છું કે કેમ ન પડે? હું શિક્ષિત છું, ન્યૂઝપેપર વાંચું છું, ટી.વી. જોઉં છું, અનેક જાતના લોકોને મળું છું, બુદ્ધિશાળી છું, કોમર્સ ભણી છું તેથી માર્કેટને, સેવિંગ્ઝના નિયમને અને વિવિધ કંપનીઓની આવતી જાતજાતની સ્કીમોથી પરિચિત રહું છું. સાચુંખોટું અને સારા-નરસાનો ભેદ સમજી શકું છું. તેથી પૈસા ક્યાં રોકવા એની મને ખબર પડે છે એમ કહું તો જરાય ખોટું નથી.

સ્ત્રીઓનું સોના પ્રત્યેનું આકર્ષણ સહજ છે અને હું સોનામાં ઈન્વેસ્ટ કરું છું. સ્ત્રીઓને સલામતી ગમે છે. એ શેરબજારમાં રાતોરાત કમાવાને બદલે સેઈફ ઈન્વેસ્ટમેન્ટમાં માને છે અને મેં ઈન્વેસ્ટ કરેલા પૈસા આજે ડબલથી વધુ થયા છે. મેં જે ફિક્સ્ડ ડિપોઝીટ કે યુનિટ લિન્ક પ્લાન લીધા છે એમાં મને જરાય નુકસાન નથી થયું અને મારા પતિએ વધારે લોભમાં જે રોકાણો કર્યા છે એમાં કંઈક ને કંઈક વાંધો પડ્યો છે. સારી એવી રકમ તો મેં મહિને થોડા થોડા બચાવીને ભેગી કરી છે. છતાં મારા પતિ મારી સમજશક્તિને સ્વીકારી શકતા નથી અને પોતાને લાંબે ગાળે ફાયદો થશે એવા વહેમમાં મને ખરી ખોટી સંભળાવ્યા કરે છે. તેથી મને સખત ગુસ્સો આવે છે અને મારો ઈગો હર્ટ થાય છે. હું ઘર, બુટીક અને બાળકોને સફળતાપૂર્વક સંભાળી શકતી હોઉં તો મારા પૈસાને ન સંભાળી શકું? શા માટે તેઓ મને ઓછી આંકે છે? હમણાં જ અમારે એક વખત મોટો ઝઘડો થયો. મારા પપ્પાનું મૃત્યુ થયું પછી મારા ભાઈએ મને પાંચ લાખ રૂપિયા કેશ આપ્યા. મારા પતિને એ શેરબજારમાં રોકવા હતા. એમની દલીલ હતી કે અત્યારે માર્કેટ નીચું છે. લાંબેગાળે શેરમાં ફાયદો થશે. મેં ઘસીને ના પાડી અને થોડું સોનું ખરીદ્યું અને બાકીનાંની ફિક્સ્ડ ડિપોઝીટ કરી. બસ, ત્યારથી તેમને વાંકું પડ્યું છે. છ મહિનાથી મોઢું ચઢાવીને ફરે છે પણ મારા પૈસાનો મને આવડત હોય તો હું યોગ્ય રીતે ઉપયોગ શા માટે ના કરું? એ મારો અધિકાર નથી? હું ખોટી હોઉં તો વાત બરાબર છે. મારી ક્ષમતાને સ્વીકારવામાં એ શા માટે નાનપ અનુભવે છે? મારા પૈસાનું હું ગમે તે કરું એવા કેફને કારણે નહીં, પરંતુ મને સમજણ પડે છે, ગમે છે અને એક શિક્ષિત સ્ત્રી તરીકે જ્યારે હું ઘરપરિવારના તમામ નિર્ણયો લઈ શકતી હોઉં તો મારા પૈસા અંગેનો કેમ નહીં? મારા પતિ જ નહીં, મોટા ભાગના પુરુષો ઈન્વેસ્ટમેન્ટ અંગે પત્નીને કશું પૂછતા નથી અને સ્ત્રી જણાવીને, છતાં પોતાની પસંદ મુજબ રોકાણ કરે એમાં પતિના પેટમાં શું કામ દુખતું હશે? શા માટે શિક્ષિત સ્ત્રીઓ પ્રત્યે પણ પતિને ભરોસો નથી હોતો? ■

*પગલે પગલે સાવધ રહીને*
*પ્રેમળતા પ્રગટાવતો જા*
*દુર્ગમ પંથ પર કાંટા આવે,*
*કંકર આવે*
*ધોમધખતી રેતી આવે*
*ખાંડાની ધારે ને ધારે પંથ તારો કાપતો જા*
*તુજ પંથ પર સંકટ આવે ત્યારે*
*રક્ષા કરશે મારો નાથ.*

ચિંતન

# જાત સાથે જીવવાનો આનંદ

• ડૉ. કાલિન્દી પરીખ •

ડૉ. ફ્રેડરિક લૂમી અમેરિકાના પ્રખ્યાત ગાયનેકોલોજિસ્ટ હતા. તેમની નિવૃત્તિમાં પાંચ વર્ષ પૂર્વે તેમને તેમની એક વિસરાઈ ગએલી પેશન્ટ-દર્દી માર્ગારિટનો પત્ર મળ્યો. આ પત્ર પછીથી 'Chinese Garden'ના નામે સાચી વાર્તાના રૂપે એક પુસ્તકમાં પ્રસિદ્ધ પણ થયો. કારણ કે આ પત્રે ડૉ. લૂમીની જિંદગીમાં તો પરિવર્તન આણ્યું જ હતું પરંતુ અન્ય સેંકડો લોકોના જીવનમાં પણ પલટો આવ્યો હતો.

પત્ર મળ્યા પૂર્વે ડૉ. લૂમી અત્યંત વ્યસ્ત રહેતા હતા. સતત તેમના દર્દીઓની સમસ્યાઓ અને પ્રસૂતિને લગતા કામકાજને કારણે ક્યારેક તેમના ચહેરા પર થાક અને કંટાળાની લકીરો પણ આવી જતી હતી. માર્ગારિટે પણ હોસ્પિટલના તેના નિવાસ દરમ્યાન ડૉ. લૂમીના ચહેરા પરની આ લકીરો વાંચેલી. અલબત્ત તે પોતે પણ તેનું સંતાન ગુમાવવા બદલ દુઃખી હતા જ. ડૉ. લૂમીએ તેને દુઃખી નહીં થવાનું આશ્વાસન પણ આપેલું છતાંય તે હતાશામાંથી બહાર નીકળી શકી નહીં પરંતુ તે એક ચાઈનીઝની મહેમાન બની. ત્યાં બગીચાની દીવાલ પર અંકિત થયેલું વાક્ય "Enjoy yourself. It is better than you." તેણે વાંચ્યું. ડૉ. લૂમી જે આજદિન સુધી નહોતા કરી શક્યા તે તેમણે હવે શરૂ કરવાનું નક્કી કર્યું. તેમને અશ્વ સવારી ખૂબ જ પસંદ હતી. તેમના માનીતા અશ્વ પર બેસીને તેમની પત્ની અને બાળકો જ્યાં રજાનો આનંદ માણી રહ્યા હતાં ત્યાં દ. અમેરિકા ચાલી નીકળ્યા. ત્યાર પછી તેમણે કદીય ખુશીનો એક પણ અવસર ગુમાવ્યો નહીં કારણકે હવે તેમને મોડું કરવું પાલવે તેમ નહોતું.

શું આપણે સહુ પણ મોડું નથી કરી રહ્યા? અન્યને કેન્દ્રમાં રાખીને જીવવા ટેવાયેલા આપણે આપણી જિંદગી જીવવાનું ચૂકી જઈએ છીએ. પાર્ટીમાં નહીં જઈએ કે વ્યવહારો નહીં સાચવીએ તો મિત્રો કે સ્વજનોને કેવું લાગશે? આવું વિચારી, સંબંધો વણસી જવાની વ્યર્થ ચિંતામાં આપણે આપણી જાત સાથે કદીય સંબંધ સ્થાપિત કરી શકતા નથી. સતત બોસને રાજી કરવા માટે ઢસરડો કર્યા કરતો કર્મચારી પછીથી નિરાંતે તેનું પેન્શન પણ ભોગવી શકતો નથી. કારણ કે ત્યાં સુધીમાં તેને જાતજાતના રોગોએ ઘેરી લીધો હોય છે. એક વેપારી કે ઉદ્યોગપતિ સફળ વેપારી બનવાની ધૂનમાં અને ઉદ્યોગનું સામ્રાજ્ય ફેલાવવામાં તેના નાણાંને વાપરવા ફાજલ સમય કાઢી શકે છે ખરો? તેની રૂપિયાની નોટો રદ્દી કાગળિયા કે પસ્તી જેવી બની જતી હોય છે. એક સ્ત્રી પતિ અને સંતાનોના સુખ અને સફળતામાં જ ઈતિશ્રી માનીને પોતે જ પોતાની જાતને અન્યાય કરતી હોય છે. જ્યારે તેને આ વાતનું ભાન થાય છે ત્યારે બહુ જ મોડું થઈ ગયું હોય છે. પતિ અને સંતાનો તો ક્યાંયે દૂર નીકળી ગયા હોય છે. (જે કદી સાથે હતાં જ નહીં) પોતે પોતાની જાત સાથેનો સંવાદ પણ સાધી શકતી નથી. કારણ કે એવી ટેવ જ નથી. ભયંકર એકલતા અને વ્યર્થતાની આ અનુભૂતિ તેનામાં ડિપ્રેશન જન્માવે છે. માટે જ આપણે હજુ પણ મોડું નથી થયું એમ માની આજથી જ, આ ક્ષણથી જ પોતાની જાત સાથે જીવતાં અને આનંદ પ્રાપ્ત કરતાં શીખી જઈએ.

*મરીઝ પણ કહે છે –*

***"જિંદગીના રસને પીવામાં કરો જલદી મરીઝ***
***એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે."***

## લઘુકથા : બે મા

***– નટવર આહલપરા***

"ભઈલો મારો ડાહ્યો, પાટલે બેસી ના'યો, પાટલો ગ્યો ખસી, ભઈલો પડ્યો હસી."

ઘોડિયાનાં ખોયાની દોરી પગનાં અંગૂઠે વિંટાળી ગીત ગાતાં-ગાતાં મયંકને હીંચકાવતી કુસુમે ચોથા ધોરણમાં ભણતી કિન્નરીનું ઘરકામ જોયું. રાજી થઈ. કિન્નરીના માથે હાથ ફેરવ્યો.

'મમ્મી, ભઈલો ઊંઘી ગયો છે! ચાલને આપણે રમીએ!' કિન્નરીની લાગણીને કુસુમ રોકી શકી નહીં, બંને રમવા બેઠાં.

કુસુમે રમત શરૂ કરી. ચકી ઊડે...કાગડો ઊડે...કોયલ ઊડે...મોર ઊડે...ભેંસ ઊડે...ભેંસ ઊડે? કિન્નરી અને કુસુમ ખડખડાટ હસી પડ્યાં. ત્યાં તો બાજુના ફ્લેટમાં રહેતા મમતા મેડમે કાન ફાટી જાય તેવી ચીસ પાડી.

દીકરી શ્વેતા સામે તાડુક્યા : 'નોનસેન્સ, મેં તને કેટલીવાર કીધું છે કે, મને બાજુવાળી જેવા હાલરડાં ગાતાં નથી આવડતાં ને ગેઈમ રમાડતાં નથી આવડતી. શટ અપ, ચૂપ મર, નહીં તો ચીરી નાખીશ!!' ■

# ભૂખ : સૌથી મોટો રોગ છે

• કાનજી જે. મહેશ્વરી "રિખીયો" •

'ધન, પૂંજી યા માયા' — આ જગતનો સર્વાધિક ચર્ચા, વિવાદિત અને મહત્ત્વપૂર્ણ વિષય રહ્યો છે. પૈસા — ધન દુનિયાનો જટિલ પ્રશ્ન છે. પૈસા — ધન સારા છે યા ખરાબ? કોઈ કહે છે : પૈસા બધી જ બુરાઈઓનું મૂળ છે તો કોઈ કહે છે આ તો શ્રમનું ફળ છે.

મારી જાત અનુભવની વાત કરું તો છેલ્લાં ૫૦ વરસમાં મનુષ્યની જીવનશૈલી, સોચ-વિચાર, ધારણાઓ, ટેકનોલોજી, જીવન તથા તેના ઉદ્દેશ્ય પ્રતિ માન્યતાઓમાં જેટલી તેજ રફતારથી બદલાવ આવ્યો છે, એટલો આપણા પૂર્વજોનાં વિતેલાં બે હજાર વર્ષમાં બદલાવ આવેલ નહોતો.

ભારતમાં અરબપતિઓની સંખ્યા હર વર્ષ વધતી રહે છે. મંદિર - મઠ, ચર્ચ કે અન્ય ધાર્મિક સ્થાનકોની તિજોરી ગતિપૂર્વક ભરાઇ રહી છે. તો બીજી તરફ ભૂખ્યા પેટને રોટી મળવી મુશ્કેલ છે. આ વિષમતાની ખાઇ ઓછી થવાને બદલે વધી રહી છે. મારી માન્યતા પ્રમાણે ધન-સંપત્તિ મનુષ્ય જીવનમાં આવશ્યક છે જ. જીવનના દરેક પ્રસંગે પૈસાની જરૂર પડે છે. પૈસા વગર મનુષ્યનો આદર્શ, માનવીય ઉદ્દેશનાં સ્વપ્નાં ચકનાચૂર થઈ જાય છે.

આપણા ધર્મગુરુ ભલે પૈસા - ધનને માયારૂપી ડાકણ કહી ઉપદેશ આપી રહ્યા હોય, પરંતુ આવા ધર્મગુરુઓના આશ્રમો, જાહોજલાલી, મોટર ગાડીઓ અને વૈભવી સુખસગવડો જ્યારે આપણી નજરે જોઈ રહ્યા છીએ ત્યારે ધર્મબોધ પ્રત્યે લાગણીમાં ઓટ આવે છે. મેં જાતે ધર્માચાર્યજીને સુવર્ણ સિંહાસને બિરાજી, સાદાઇ સારી અને ધન એ નરકકુંડ છે તેવો બોધ આપતા સાંભળ્યા ત્યારે અવાક્ બની ગયો. ભારતીય સમાજનો એક વર્ગ ધન-સંપત્તિના મામલે પાખંડી - ઢોંગીરૂપે આવી બે મોઢાની વાત કરે છે. કહેવું એક અને કરવું બીજું. સંસારની માયા મોહિની — ઠગણી કહી પ્રજાને ઉપદેશ આપવો અને પોતાની સઘળી ધનસંપત્તિ ગુરુના ચરણે અર્પણ કરી દો તો તમારું કલ્યાણ થશે — આ કેવો આશ્ચર્યજનક ઉપદેશ છે?

હકીકતે ગરીબી સૌથી મોટી ભયંકર મહામારીનો રોગ છે. ગરીબી જ મનુષ્યનાં સર્વ દુઃખોની જનેતા છે. ગરીબીમાં જીવી, ગરીબાઈમાં ભૂખ અને લાચારીનો અનુભવ કર્યો છે. માનવતાના મસીહા ડૉ. આંબેડકર સાહેબ તો ગરીબ, દલિત-વંચિત માનવ સમાજની આર્થિક સમૃદ્ધિ માટે જ પોતાના જીવનને મશાલ બનાવીને જીવ્યા. ગરીબી - દરિદ્રતાથી લોકોને મુક્તિ અપાવી, તેમને ધનવાન બનાવવા ઈચ્છતા હતા કારણકે ડૉ. બાબાસાહેબે પોતે ગરીબી અને અમાનવીય અપમાનોની અસહ્ય પીડા ભોગવી હતી. એટલે જ એમની દૃષ્ટિ ગરીબોની ગરીબાઈ મિટાવી, સામાજિક અને આર્થિક ઉત્થાન કરવાની હતી. સામાજિક, આર્થિક ઉદ્ધાર માટે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી, ધનપતિ બનાવનાર રોજગાર અને વ્યવસાય અપનાવવાનો બોધ આપ્યો હતો. કેવળ અનામતના નામ પર માત્ર નોકરી માટેની આશામાં જ જીવન વિતાવી નાખવું યોગ્ય નથી. ડૉ. બાબાસાહેબ કહેતા : સરકારી નોકરીમાં માત્ર એક ટકો રોજગારી મળી શકે. પરંતુ ખાનગી ક્ષેત્રમાં ૯૯% રોજગારી મળી શકે તેમ છે. કેવળ રોજગાર માટેની યોગ્ય લાયકાત કેળવવી પડશે.

ધાર્મિક અંધવિશ્વાસથી દૂર રહી, બુદ્ધ, કબીર અને ડૉ. આંબેડકરનાં બોધ વચનો જ આપણી સામાજિક, આર્થિક, માનવીય સમાજ બનાવવાનો - ગરીબાઈમાંથી મુક્તિ અપનાવવાનો મુખ્ય માર્ગ છે.

ભૂતકાળમાં હિંદુ ધર્મશાસ્ત્રોએ જાતિભેદ પેદા કરી કેવો અન્યાય કર્યો — આવાં રોદણાં રોવામાં વર્તમાન સમય બરબાદ કરવો યોગ્ય નથી. વર્ણ વિષમતાવાદીઓને માત્ર ઠપકો જ આપવાથી કશું મળી શકશે નહીં. સબસીડી, બી.પી.એલ. કાર્ડ, રાશનની સસ્તી ખાંડ, ઘઉં કે ચોખાની આશામાં ક્યાં સુધી આપણી જિંદગી બરબાદ કરતા રહીશું? આઝાદી પછી કેટલીય કોમોએ વ્યાપાર - બિઝનેસ દ્વારા પ્રગતિ કરેલ છે. પ્રામાણિકપણે વેપાર-ધંધો કરી આપણે પણ પૂંજીપતિ બની શકીએ છીએ.

ધનના અભાવથી દલિત વંચિત બન્યા. ખૂબ દુઃખ સહન કર્યાં. હજી ક્યાં સુધી ફાટેલ - તૂટેલ, ચીંથરોમાં, તૂટીફૂટી ઝૂંપડીમાં રહીશું? હજી ક્યાં સુધી પોતાની ગરીબી - દરિદ્રતાથી છુટકારો પ્રાપ્ત કરવા મંદિર - મઠમાં નાક ઘસીને કાકલૂદી કરતા રહીશું? હજી ક્યાં સુધી નવાં સારાં કપડાં, સ્વાદિષ્ટ ભોજન અને રોજગાર માટે બીજાઓની પાસે - આગે ઝોળી પાથરતા રહીશું?

'પૈસો એ બુરાઈઓની જડ છે' — આ વાક્ય જ આપણા દિલમાંથી કાઢી નાખવાનો છે. બીજાઓના અધિકાર છીનવી પૈસાદાર બનવું એ બુરાઇ છે. ખોટો માર્ગ અપનાવી પૈસો કમાવવો એ બુરાઈ છે અને ખોટા માર્ગે પૈસાનો ખર્ચ કરવો એ બુરાઈની જડ છે.

આજના શિક્ષિત દલિત - વંચિત વર્ગે લઘુતાગ્રંથિથી બહાર આવી, પોતાના બંધુઓના ઉત્થાનની જવાબદારી નિભાવવી પડશે. આ માનવધર્મ છે. ગરીબીથી મુક્ત કરાવી બંધુઓની ખુશહાલીનાં દર્શન કરવા એ જ તો ઈશ્વરી ધર્મ છે. ભાવિ પેઢીને આપણે દુનિયાની તેજ ગતિની સાથે તાલમેલ નહિં જાળવીશું તો પતન નક્કી છે અને પછી ભાવિ પેઢી આપણને કદી માફ નહીં કરે.

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૯૨ ઉપર)**

હાસ્યની ક્ષણોમાં

# બળ્યો આ વરસાદ!

● ડૉ. નલિની ગણાત્રા ●

કપડાં સૂકવવાની શોખીન સ્ત્રીઓ વરના સાદ જેવા ઢીલા વરસાદને 'બળ્યો આ વરસાદ' કહી દર ચોમાસે મહેણું મારે છે. 'મહેણું તોયે મહિલાનું!' એટલે વરસાદ વાંધોય નથી ઉઠાવતો. કારણ કે વરસાદ પણ આખરે પુરુષ-જાત જ ને? એટલે એને મહિલાનું મહેણું પણ વેણુ (વાંસળી) જેવું લાગતું હશે, કદાચ!

જોકે સ્ત્રીઓને વરસાદ પ્રત્યે કંઈ એવો ધોધમાર વેરભાવ નથી. પણ સીઝનલ ફરિયાદ કરવી એને સ્ત્રી પોતે ઊભી કરેલી પોતાની મનગમતી ફરજ માને છે. સ્ત્રીની ચોમાસુ ફરિયાદ એ છે કે વરસાદને કારણે કપડાં સુકાતાં નથી. જોકે એમ પાછી એ વરસાદને પણ છૂટ આપે છે કે તું એકસો આડત્રીસ સેન્ટીમીટર, એકસો-સાડત્રીસ ઇંચ કે ઇવન એકસો-સાડત્રીસ ફૂટ ભલેને વરસ, પણ તડકા સાથે વરસ, જેથી અમારાં કપડાં સૂકાઈ જાય, બસ્સ...! સ્ત્રીને બિચારીને કોઈનાં ડાંગર, બાજરી કે કપાસનો પાક બળી જાય કે પછી અતિ વરસાદને કારણે પંદર-સત્તર શહેરોને સ્થળાંતર કરવું પડે એવી પારકી પંચાત કે ચિંતા ન હોય. એને તો બસ, કપડાં સુકાવાં જોઈએ! સ્ત્રી કેળવણીનો તમે ગમે તેટલો વિકાસ કરો, પણ એનાં કપડાં ન સુકાય તો એક્કેએક બહેનબા 'બળ્યો આ વરસાદ' એવું બોલવાની, બોલવાની ને બોલવાની...!

વરસાદને પણ પારકી સ્ત્રીનો પડ્યો બોલ ઝીલવાનું ગમે જ, પરંતુ એ જો તડકા સાથે વરસે તો લોકો એને નાગડિયો વરસાદ કહીને ચીડવતા હોય છે, પછી એનેય શરમ તો આવે જ ને? અને બહેનોય ખરી છે ને! વરસાદને બળ્યો કહેવાતો હશે? પાણીનું કામ બાળવાનું નહીં, ઠારવાનું છે. પણ દુનિયામાં આવા જલ-જલાઓ પડ્યા હોય એટલે આવું સાંભળવું પડે. અને પાણીની જેમ પ્રેમ પણ કેટલો શીતળ છે! પણ અહીં પ્રેમથી દાઝનારા પણ પડ્યા છે. આ પ્રેમ-જલાઓ પાછા ગાણાં ગાઈને ફરિયાદ કરે છે... 'હમ પ્યારમેં જલનેવાલોં કો ચૈન કહાં...હાયે આરામ કહાં...'

હવે જેને પાણી અને પ્રેમ બાળે એવા લાય (ગરમ) લોકોને કોણ બચાવે? મને તો પાણી માટે ભયંકર પ્રેમ! પ્રેમ એટલે...? પાણી જોઈને હું રીતસર પાણી-પાણી થઈ જઉં! અને ઘણીવાર એવી પાણીપોચી ઇચ્છા પણ થઈ આવે કે લાવ ને, રહીસહી જિંદગી પાણીપૂરી ખાઈને જ વિતાવી દઉં! પાણી કે પાણીવાળી આઈટમ મળે એટલે આપણે તો ગંગા નાહ્યાં!

ભેંસનું પણ મને અમથું સહેજેય આકર્ષણ નહીં, પણ પાણીમાં પાડાની જેમ પડી રહેલી ભેંસ જોઈને હું ધન્યતા અનુભવું. 'ભેંસ, ભામણ અને ભાજી, પાણી જોઈને રાજી' આ કહેવતના વિમોચન વખતે હું ગેરહાજર હતી. નહીં તો એમાં ચોથું નામ મારું પણ હોત! જલ તો જીવન છે જ, પણ એની આડપેદાશ જેવા પરપોટાએ પણ કંઈ કેટલાયે ફિલસૂફોની જિંદગી બનાવી દીધી છે. માણસની જિંદગીને પરપોટા સાથે સરખાવીને આકસ્મિક મોતની બીક બતાવવામાં ઘણા ફિલસૂફો સફળ થઈ ગયા!

મને પાણી માટે લાગણી ઘણી, તેથી જ હું તો વરસાદ માટે ક્યારેય આડુંઅવળું બોલું જ નહીં. કપડાં ન સુકાય તો જાય તડકે! અને બહેનોની કપડાં સુકાવાની સૂકી સમસ્યાથી વરસાદ પણ વાકેફ જ છે. એનેય કંઈ એવો પડવા-આખડવાનો ક્ષોભ નથી. પણ એ ધંધો જ પડવાનો લઈને બેઠો છે, એટલે એણે પડવું પડે છે. અને વરસાદ પડે છે તો હેન્ડસમ મકાનો, ચપ્પટ રસ્તાઓ અને રહ્યાં-સહ્યાં વૃક્ષોનું ધોવાણ થાય છે; નહીં તો એમને નવડાવવાની નવરાશ ક્યાં છે આપણી પાસે?

ચોમાસું તો આસમાની મ્યુનિસિપાલિટીનું ચેકિંગ છે. એ ચેકિંગ આવે છે એટલેસ્તો કારણ વગર ઊડઊડ કરતા કચરા ડાહ્યાડમરા થઈને એક જ જગ્યાએ ચોંટી રહે છે. રોજ અડધા ટમલર પાણીથી નાહતા લોકો પણ ચોમાસામાં ફુલ પાણીથી ધોવાઈને કેવા ઊજળા લાગે છે! અને કાળઝાળ કવિ તો ચોમાસાની રાહ જ જોઈને બેઠા હોય એમ ચાલુ થઈ જાય 'આ ફરી ચોમાસું સખી બેઠું...' એની સખી કેમ જાણે ઋતુજ્ઞાનમાં ડફોળ ડોટ કોમ હોય અને એને ચોમાસું બેઠું કે ઉનાળો ઊઠ્યો એવી ભાન જ ન પડતી હોય!

પણ કવિનું કવિતા સિવાય કોણ? એને તો કવિતા કરવાનું કારણ મળવું જોઈએ! અરે, એક કવિ તો રિક્ષામાં બેઠા'તા અને રેનકોટ પહેરીને બેઠા'તા તોય કવિતા એવી લખતા'તા કે 'ભરચોમાસે મને ભીંજાવું ગમે...' આ તો ઠીક છે કે વરસાદને કારણે આપણું મગજ ઠંડું હોય, નહીં તો કવિએ લખેલી કવિતાના કાગળનો ડૂચો વાળીને એના જ કપાળમાં છુટ્ટો ફેંકવાની ઇચ્છા થાય કે નહીં? પણ કવિની સામે આપણે અકળામણ પણ વ્યક્ત ન કરાય, નહીં તો એ અકળામણ ઉપર તત્કાલ કવિતા બનાવીને આપણને જ સંભળાવે. કવિ કોને કહે? જે પોતાની કવિતા સિવાય કોઈનોય વિચાર ન કરે એ કવિ!

સામાન્ય માણસ પ્રેમમાં પડે તો શાંતિથી પડ્યો રહે, પણ કવિ જો પ્રેમમાં પડ્યા તો પતી ગયું. એ ગાંડાનેય ડાહ્યો કહેવડાવે એવાં ગાંડાં કાઢે. એની પ્રેમિકા મળવા આવે એમાં તો વરસાદને કહેશે. 'બરખારાની... જરા જમકે બરસો... મેરા દિલબર જા ન પાએ... ઝૂમકર બરસો...

ઓ...ઓ...ઓ...!' અલા, બરખારાની તારા અદાની દીકરી થાય છે? પણ કવિ પ્રેમમાં પડે એટલે વરસાદને પણ પડવાનું કહે!

હવે વરસાદની તો નોકરી જ ઉપરથી નીચે પડવાની. અને આમ સદીઓથી પડતો હોવાથી એ પડીપડીને થાકી ગયો છે. ઉંમર વધવા સાથે હવે અશક્તિને કારણે એણે પડવાની સમયમર્યાદા ઘટાડી દીધી છે. બાકી જુવાનીમાં તો ફરજના ભાગરૂપે ચોમાસાના સળંગ ચાર મહિના મર્દાનગીપૂર્વક ભોંયભેગો થતો, એટલું જ નહીં, એ આગાહી વગર પણ પડી બતાવતો! પરંતુ હવે હવામાન-ખાતાની આગાહીનું માન રાખવા પણ તે અસમર્થ થઈ ગયો છે. હવે વરસાદ ચોખ્ખું સંભળાવી દે છે કે હમારી ભી કોઈ મર્યાદા હૈ.

પણ વરસાદ મૂળ તો પાણી પોચો ને? એટલે પ્રેમ આગળ પાંગળો થઈને પીગળી જાય. આથી પાગલ પ્રેમીના કહેવાથી વરસાદ ડાહ્યો થઈને જેમ કે (જામી) પડ્યો! અને જોરથી પડે તો વર હોય કે વરસાદ, બધાયને વાગે તો ખરું જ ને? વરસાદને વાગે છે એનું પ્રમાણ બતાવું. વરસાદ પડે ત્યારે એક નોન-આલ્ફાબેટિક અવાજ આવે છે. એ અવાજ એ 'પડતા' વરસાદના ઊંહકારા હોય છે. એ બતાવે છે કે પીડા તો કુદરતને પણ થાય છે, છતાં કુદરતનું કાળજું કૂણું છે. એટલે રાગ-મેઘ-મલ્હાર હોય કે મૂળચંદ-મલ્હાર...શરત એટલી કે એ માત્ર ગળામાંથી નહીં, પણ ગળગળા થઈને ગવાયેલો હોવો જોઈએ; તો કુદરત રીઝે!

ઓફિસમાં કંઈ ઊપજતું ન હોય એ મૂળચંદ કુદરત પાસે પાછો ફાઈલું લઈને જાય. કુદરતે 'જમકે બરસો'વાળી વિનંતી સ્વીકારી એટલે પ્રેમી મૂળચંદે મણિ તરફ ઈશારો કરીને આકાશ તરફ જોઈને વિનંતી ગીત આગળ વધાર્યું : '...યે અભી તો આયે હેં, કહતે હૈં હમ જાતે હૈ... તૂ બરસ બરસો-બરસ... યે ઉમ્રભર ના જાયે રે...' માણસને એક ચોકલેટ આપો એટલે આખો ડબ્બો માગે! અરે, વરસાદ સળંગ પાંચ કલાક પડે તોય પબ્લિક પરેશાન થઈને બિચારાને સંભળાવે છે કે જોયું? 'ચાલુ' જ પડી ગયો છે! હવે, જો એ વરસોવરસ પડે તો લોકો વરસાદને જીવતો મૂકે ખરા? અને શિયાળો-ઉનાળો પણ પોતાના પિરિયડમાં વરસાદને ઘૂસવા દે ખરા? શિયાળો ઠંડો છે એટલે એ કદાચ વિરોધ ન કરે, પણ આતંકવાદની જેમ પેંધા પડેલા ઊના-લાય ઉનાળાએ તો ધીરે-ધીરે વરસના અગિયાર મહિના પર અડ્ડો જમાવી દીધો છે. આકરા આતંકવાદ આગળ આર્દ્ર વરસાદનું કેટલું જોર? એટલે જ વરસાદે મૂળચંદની આ 'વરસોવરસ' વાળી અરજી નામંજૂર કરી, વરસાદનો સ્વભાવ લાગણીશીલ હોવાથી લોકો ગેરલાભ લે છે. શિયાળા-ઉનાળાને કાં કહેવા નથી જતા?!

પ્રેમનો પીધેલ મૂળચંદ લવારી કરતાં-કરતાં આગળ ગાય છે... 'મસ્ત સાવન કી ઘટા, બિજુરિયા ચમકા જરા... યાર મેરા ડરકે મેરે સીને સે લગ જાયે રે...!'

પ્રેમી જો દીવાલ જેવો સ્ટ્રોંગ અને પહોળી ચટ્ટી પર્સનાલિટીવાળો હોય તો ગરોળી સામે ચાલીને ચોંટવા આવે. જ્યારે આવા નબળા નર હોય એણે ડરનો સહારો લેવો પડે. હવે, ભયથી ઊભી થયેલી પ્રીતમાં શું ભલીવાર હોય?! અને મૂળચંદે માગતાં તો માગી લીધું, પણ માગવામાં ભાન ન રાખ્યું હોય એમાં ભરાઈ પડ્યો. બન્યું એવું કે મૂળચંદના કહેવાથી વીજળી તો જરા ચમકીને ચાલી ગઈ, પણ બીજલીબુન આને વળગી એ વળગી. એને હવે ભૂવો પણ અળગી કરી શકતો નથી!

જો કે લગ્ન પછી મૂળચંદે મલ્હારના શબ્દોમાં ધરખમ ફેરફાર કરી નાખ્યો છે. હવે એ કંઈક આવું ગાય છે : 'બરખા રાની... જરા જમકે બરસો... માયકેસે વો આ ન પાયે... ઝૂમકર બરસો... ઓ...ઓ...ઓ...! આમાં ઓ...ઓ...ઓ... તો રીતસર આળોટીને ગાય છે. અનુભવીઓ ઘણું સમજાવતા હોય છે કે લગ્ન કરાય. પણ આપ મૂઆ વિના નરકે ન જવાય ને? ■

## લઘુકથા : ફી

*– નટવર આહલપરા*

ભાડાની ઓરડીમાં રહેતી ખાનદાન કુસુમ સવારનાં પાંચ વાગે ઊઠી. ઘરકામ કર્યું. રસોઈ કામ પતાવી દસમાં ધોરણમાં ભણતાં હોશિયાર મયૂરને પ્રેમથી જગાડ્યો. ચા-નાસ્તો કરાવી નિશાળે મોકલ્યો. પતિ ગજેન્દ્રને જગાડ્યો. જાગ્યો નહીં.

કુસુમ બપોરે એક વાગે આવશે એમ ધારી ગજેન્દ્ર સુઈ ગયો. બપોરના બાર થયાં. ગજેન્દ્રે ખાખાં-ખોળા કર્યા. દારૂની કોથળી લઈ આવ્યો. દારૂ પીધો. તમાકુવાળુ પાન ચઢાવ્યું. નશો બરાબર જામ્યો : 'શું અમારો રૂઆબ? શું અમારો વટ? લોકો અમારે ઈશારે નાચતા, શરાબ અને સુંદરી અમારી આદત. મારે કામબામ થોડું કરવાનું હોય? કામ તો કુસુમ કરે!'

બપોરના સાડાબાર થયાં. મયુર નિશાળેથી આવ્યો. નશામાં ચકચૂર ગજેન્દ્રે મયૂરનું ગળુ પકડ્યું. ઢોરમાર મારી અધમૂવો કરી ઓરડીની બહાર કાઢી મૂક્યો.

'મારા લાલ?'

'મમ્મી... નિશાળમાંથી મારું નામ... પપ્પા... ફી? ફી... પપ્પા મારું નામ કાઢી નાખ્યું!!' ■

## ગઝલ

*જન્મ લેતો રહું ધર્મને રક્ષવા*
*વાયદો પાળવા, આવને માધવા.*

*નાદ બંસી તણો, રણઝણે ભીતરે*
*સૂરને સાધવા, આવને માધવા.*

*હું પ્રહર અષ્ટ, સેવા કરું ભાવથી*
*જામ આઠો થવા, આવને માધવા.*

*કોડિયું ઝળહળે, ભીતરે તે છતાં*
*દ્યુતિને લાવવા, આવને માધવા.*

*પ્યાસ 'ચાતક' તને પણ લલાટે જ રણ*
*મેઘ વરસાવવા, આવને માધવા.*

**વિનોદ વી. માણેક 'ચાતક' - નયા અંજાર, કચ્છ.**
**મો. ૯૪૨૮૦ ૮૦૫૯૬**

# રામકથાનું એક પૃષ્ઠ

• કૃષ્ણ પંડિત •

મારી આગવી ઓળખ છે : ફડાકા મારવા, તડાકા મારવા (ડીંગો હાંકવી). ડીંગો મારવાનો એકેય અવસર હું જતો કરતો નથી. આપ જાણો છો કે ડીંગો મારવાની હોય ત્યાં ઝીણી ઝીણી વિગતોમાં ઊતરવું પાલવે નહીં. તમે નહીં માનો પણ ફેંકવાની કલા હસ્તગત કર્યા પછી હું જ્યાં જ્યાં જાઉં ત્યાં લોકો આવો... આવો... કહી આવકારે છે.

રામાયણ વિશે આજે કંઈક ફેંકીશ. કોમ્પ્યુટર ડ્રૉ થી ગાંધીનગરમાં અમને પ્લોટ મળ્યો છે. એમાં મારા મકાનથી પાંચમા મકાનવાળાં સરલાબેન વકીલ છે. મારે ને એમને બારમો ચંદ્રમા છે. અમારી બંને વચ્ચે પ્રોપર્ટી કે રોકડ નાણાં કે શેર સર્ટિફિકેટ સંદર્ભે બોલવાનું થતું નથી પણ કોઈ મુદ્દાની ચર્ચા નીકળી હોય ત્યારે વૈચારિક ઝઘડો થાય છે. અમારા બંનેની વચ્ચે સુંદર મનમેળ છે પણ વિચારમેળ નથી. એ ઋજુ દિલનાં છે, હું આળા દિલનો છું...

મેં એક દિવસ કહ્યું, દેવી સરલા, કોઈએ કહ્યું છે કે “Good lawyer is bad as neighbour” — સારો વકીલ પડોશી તરીકે નકામો.

તેમણે કહ્યું : “Bad humourist is curse as neighbour” — ખરાબ હાસ્યલેખક પડોશી તરીકે શ્રાપ છે.

ટૂંકમાં આ રીતે તે ટીકા કરવાની એક પણ તક જતી કરતાં નહીં.

રામાયણમાં અર્ધાંગિની સીતા સાથેના વ્યવહાર અંગે તથા અન્ય સ્ત્રીઓ સાથેના વર્તાવ - વલણ અંગેની વાત નીકળી એટલે બુદ્ધિજીવી તે વકીલ સન્નારી ઊકળી ઊઠ્યાં... પડખે રામપ્રેમી એમના પિતાશ્રી મનુકાકા બેઠા હતા. તેથી મને રાહત હતી.

સરલાબેને કહ્યું : સીતા જેવી સતી નારીનું સમગ્ર દાંપત્યજીવન દુઃખમાં વીત્યું છે. રામની સેવામાં લીન રહેનાર, તેમના ચરણોની પાછળ પાછળ ચાલનારી સીતાને અગ્નિ પરીક્ષા આપવા મજબૂર કરી... આ તે કેવો હૃદયહીન વ્યવહાર... કાનૂનની ધરાર અવહેલના છે...

મેં કહ્યું : દેવી, એ યુગમાં તો આપણી લોકશાહી પ્રથા, જેમ બંધારણ કાનૂન - ન્યાય - નીચલી અદાલત - ઉપલી અદાલત અને તમારા જેવા વકીલો... ન હતા. પતિ એ જ બંધારણ, પતિ જે બોલે તે બંધારણની કલમો, ને પતિ જ જજ. જે શિક્ષા કરે, તે મહિલાએ ભોગવવી પડતી. આમ જુઓ તો, સાંપ્રત ન્યાયપ્રથાનો દાટ વાળ્યો હોય તો તમારા જેવા વકીલોએ જ વાળ્યો છે. પૈસાના લોભે નિજી સ્વાર્થ ખાતર તમો ખૂનીને નિર્દોષ છોડાવો, નિર્દોષને જેલભેગો કરાવો છો. ત્યારે ન્યાયની દેવીનું ગળું ટૂંપતાં હોય એવું તમને ક્યારેય ફીલ થતું નથી. કોઈએ લખ્યું છે કે કોર્ટની સૌથી મોટી મુશ્કેલી વકીલો.

મનુકાકા વદ્યા : દીકરી, રામ મર્યાદા પુરુષોત્તમ તરીકે જીવ્યા છે. જો કે એમના વલણને વ્યવહાર વિશે આંગળી ચીંધી શકાય પણ જે તે સમયને, તે સમયની સમાજ પરંપરાએ એમને એમ કરવા પ્રેર્યા છે એમ કહીએ તો ન્યાયયુક્ત છે. સાંપ્રત સમયમાં જે નિંદનીય ઘટનાઓ ઘટે છે,તે પણ આવકાર્ય નથી. ટૂંકમાં રામાયણના પ્રત્યેક પાત્રો ઉત્કૃષ્ટ પ્રણાલી સ્થાપી ગયા છે. તેને આપણે પ્રસંશીએ તો રામાયણ વાંચ્યાનું સાર્થક થયું એમ કહેવાય.

*૧૩૨૮/૨, સેક્ટર-૩બી,*
*ગાંધીનગર-૩૮૨ ૦૦૩.*

## માણસ

*બે છે પગ અને બે હાથ*
*વળી એને બત્રીસ દાંત,*
*બે કાન, બે આંખ વચ્ચે*
*સોહામણું ને સુંદર નાક.*

*સદાય રહેતો અપ ટુ ડેટ*
*આંખે ચશ્મા, ઉપર હેટ*
*સુઘડ કપડાં, સૂટ ને બૂટ*
*લાંબો સવા પાંચ ફૂટ.*

*વ્યવહારુ ને મીઠી વાત*
*બુદ્ધિશાળી એની જાત,*
*સૃષ્ટિ સકલને દેતો માત*
*વિશ્વે સર્વોપરી એ જાત.*

*ના અસ્મિતા, ભાવશૂન્યતા,*
*માનવતાની ના કોઈ વાત,*
*દેખાવે ભલે એ માણસ*
*તો ય નથી એ માણસની જાત.*

*— કમલ વાજા*

## વહેમ અને વ્યસનથી દૂર રહો...

વહેમ અને વ્યસન માણસને બરબાદ કરી નાખે છે. દરિયાનું પાણી ભલે ઊંડું હોય પણ તે હોડકીને ડૂબાડી શકતું નથી. પણ હોડીમાં નાનું કાણું પડી જાય તો હોડી ડૂબી જાય. તેમ વહેમ, વ્યસન અને શંકા જ્યારે માણસમાં પ્રવેશ કરે છે ત્યારે તે પણ પતનનું કારણ બને છે. નાવિકોને પાણીના ડર કરતાં પોતાની હોડી ઉપર વધુ શ્રદ્ધા હોય છે. શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો આપોઆપ વહેમ, વ્યસન અને શંકાને ત્યજી શકાય છે. ■




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પેંદરે ડીં પહેલા હકડે અકસ્માત મેં હકડી બસ પુલતા છણે પઈને નદીમેં પઇ ને અનમેં મુસાફરી કઇંધીવ્યું સે મડે ડૂબેને મરે વયું.... બોરો દુખદ બનાવ વો... તેં પુઆ મડે બાઇયેંજા પતિ અઠવાડે સુધી રૂંધાવા... પોય દુઃખ ઓછો થ્યો તડે મડે રૂટીનમેં અચે વ્યા ને પંઢજો કમકાજ ચાલુ ક્યાં. પણ પાંજી બાજુજી બિલ્ડિંગવારો જશાજી અના પણ સજોડી ગમગીન પ્યો આય ને થોડી થોડીવારે પંઢજે નસીબ કે દોષ દીંધો દીંધો રૂએતો... સે જરા તપાસ ત કર અનકે એડો કેડો આઘાત લગો આય?

બચુડો : (તપાસ કરે ને ચેં) જશાજી જી ઘરવારી અનજ બસમેં વેનેવારી વી પણ ટાપટીપ કરેમેં મોડી પઇ ને બસ ઉપડે વઇ... ને જશાજીજી ઘરવારી પાછી આવઈ. તેંલાકે જશાજી પંઢજે નસીબ કે કોશેતો ને ગમગીન ભનેને ફરેતો...

## ખિલજા મ ભલા

નોકર : શેઠ સાહેબ, બાબો મચ્છર ગળી ગયો છે.

શેઠ : તો જલ્દી ડૉક્ટરને ફોન કર... એટલું પણ સૂઝતું નથી?

નોકર : શેઠજી... તમે ચિંતા ના કરો. મેં ડૉક્ટર આવે એ પહેલાં અગમચેતી વાપરી, બાબાને ઑલઆઉટ પિવડાવી દીધું છે.

☺ ☺ ☺ ☺ ☺

કરશનકાકા : (દુકાનદારને) મોબાઇલમાં રિચાર્જ કરાવવાનું છે.

દુકાનદાર : કેટલાનું કરાવવાનું છે?

કરશનકાકા : દસનું કરી દે.

દુકાનદાર : એમાં ટૉકટાઈમ સાતનો મળશે.

કરશનકાકા : કાંઈ વાંધો નહીં. બાકીના ત્રણ રૂપિયાની મોળી સીંગ આપી દે. આ શ્રાવણમાં કામ આવશે.

☺ ☺ ☺ ☺ ☺

મંગુજી : અરે ચંગુજી, કેમ આમ ટેન્શનમાં આવી ગયો... શું વિચારે છે?

ચંગુજી : હું વિચારું છું કે 'મારવાડી' વિના ઇન્ડિયાના શું હાલ થશે? ચાલશે કેમ?

મંગુજી : તું કયા આધારે એવું કહે છે?

ચંગુજી : જો 'MARVADI' નો સ્પેલિંગ જો. એમાં...

M... એટલે MTNL

A... એટલે AIRTEL

R... એટલે Reliance

V... એટલે Vodafone

A... એટલે Aircel

D... એટલે DOCOMO

I... એટલે Idea.

પડી સમજ....?

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : એવી કઈ જગ્યા છે જ્યાં જીત કરતા 'હાર'નું મહત્ત્વ વધારે હોય છે?

પર્વ : સાહેબ, એ તો ફૂલવાળાની દુકાન. અહીં લોકો જીત્યા પછી પણ 'હાર' માંગે છે.

☺ ☺ ☺ ☺ ☺

છોકરી : (છોકરાને) થાય છે તારા હોઠ પરથી હાસ્ય ચોરી લઉં. તારી આંખોમાંથી નજર ચોરી લઉં... તારા ગાલ પરથી લાલી ચોરી લઉં... તારા હૃદયની ધડકન ચોરી લઉં...

છોકરો : બહુ થયુ મહા ચોરટી... આ બધું કાંઈ તારા બાપનું છે?

☺ ☺ ☺ ☺ ☺

જમનાદાસ : (ડૉક્ટરને) સાહેબ, મને વજન ઘટાડવા માટેનો કોઈ એક જ એવો સચોટ ઉપાય બતાવો કે મારું વજન ઘટી જાય.

ડૉક્ટર : પહેલા તમારે માથું ડાબી તરફ ફેરવવું અને પછી જમણી તરફ ફેરવવું - હલાવવું.

જમનાદાસ : શું આટલાથી મારું વજન ઘટી જશે?

ડૉક્ટર : હા જરૂર.. જ્યારે જ્યારે તમને જમવાનું કહેવામાં આવે ત્યારે આ કસરત કરવાની છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : કયું પક્ષી સૌથી ઝડપથી ઉડે છે?


મોન્ટુ : સાહેબ, હાથી...

શિક્ષક : ડફોળ, આટલું પણ આવડતું નથી? તારા પપ્પા શું કરે છે?

મોન્ટુ : સાહેબ, એ તો શાર્પ શૂટર છે.

શિક્ષક : શાબ્બાશ... બેસી જા, તારો જવાબ સાચો છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




સાદર જય જિનેન્દ્ર.

હું 'મંગલ મંદિર'નો ગ્રાહક છું. 'મંગલ મંદિર'નો અંક જોતાં એમ થાય છે કે અમદાવાદ આવીને રહેવા જેવું છે. ખરેખર તમારી પ્રવૃત્તિ માટે ધન્યવાદ.

આપને ખ્યાલ હશે કે અંજારમાં આપના ઘરની બાજુમાં જ હું પોસ્ટ ઓફિસવાળા મકાનમાં રહેતો હતો અને જી.ઈ.બી.માં એકાઉન્ટ ઑફિસર હતો. આપણે પૂર્ણભદ્ર મહારાજ સાહેબ જ્યારે બીમાર પડેલ ત્યારે આપ અમદાવાદથી આવેલ અને હું કચ્છમાંથી આવેલ. પૂર્ણભદ્ર મહારાજ, મારા સંસારી ભાણેજ થાય.

આ સાથે એક લેખ મોકલાવેલ છે. તે જો મંગલ મંદિરમાં છાપવામાં આવશે તો આભારી થઈશ.

શ્રી વીર વિજયજી અમદાવાદના સપૂત હતા અને અત્યારે જૈનોમાં જાગૃતિ આવી હોય, તો તેમને આભારી છે. તેમની દરેક રચનાઓ એવી છે.

**_મનસુખ મહેતા - ગાંધીધામ, કચ્છ._**
**_મો. ૯૪૨૬૫ ૪૪૬૩૦_**

★

'મંગલ મંદિર'ના માસ મે, જૂન, જુલાઈ તથા ઓગસ્ટ અંકમાં શ્રી કીર્તિચંદ્ર શાહ, શ્રી નીતિન સંઘવી અને શ્રી મગનભાઈ સંઘવીના લખાણો રસપૂર્વક વાંચ્યા અને માણ્યા. સરસ શાસ્ત્રાર્થ થયો અને સારું વિચારભાથું મળ્યું.

શાસ્ત્રવચન પણ છે :

*વાદે વાદે જાયતે તત્ત્વબોધ.*

આ સંદર્ભમાં મારે પણ થોડું ઉમેરણ કરવાની ઈચ્છા છે.

આપણે સૌ ધર્મની દૃષ્ટિએ જૈન છીએ પરંતુ આપણી સંસ્કૃતિ વૈદિક એટલે કે હિંદુ છે. આજે પણ આપણી લગ્નવિધિ સહિતની નાની મોટી તમામ ક્રિયાકાંડોની વિધિ હિંદુ પરંપરા મુજબની જ છે.

કામશાસ્ત્રની વાત કરીએ તો આપણે ત્યાં 'કામ' ઉપર વાત્સ્યાયનનું 'કામસૂત્ર' નામનો ગ્રંથ લખાયો છે. આ પ્રકારનો આ વિષય પર શાસ્ત્રીય ગ્રંથ અન્ય ભાષામાં નથી.

તદુપરાંત આપણે કામને દેવ માનીને 'કામદેવ' જેવું સ્વરૂપ આપેલ છે. દુનિયાના કોઈ પ્રદેશમાં કે ત્યાંની પ્રજાએ કામને દેવનું સ્વરૂપ આપેલ નથી. ગીતા જેવા આધ્યાત્મિક ગ્રંથમાં કૃષ્ણમુખે કહેવડાવ્યું છે :

*"ધર્મથી અવિરુદ્ધ એવો કામ હું છું."*

આપણા દેશમાં શિવજી પૂજાય છે અને શિવલિંગની પૂજા સર્વત્ર માન્ય છે. ટૂંકમાં નર-નારીના કામ સંબંધના ઊર્ધ્વીકરણની આ પ્રક્રિયા છે. ઋગ્વેદમાં તો સ્પષ્ટ કહેલ છે કે આ સૃષ્ટિની શરૂઆતમાં માત્ર 'કામ' હતો. 'પ્રેમ' શબ્દનો જન્મ તો ઘણો પાછળથી થયો છે.

આપણી સંસ્કૃતિમાં ચાર આશ્રમ છે. બાકીના ત્રણ આશ્રમ એટલે કે બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ સંપૂર્ણપણે ગૃહસ્થાશ્રમ પર અવલંબિત અને નિર્ભર છે. એ અર્થમાં ગૃહસ્થાશ્રમ એ પરોપકારી આશ્રમ છે. બીજા આશ્રમો ઓછા વધુ હશે તો ચાલશે પણ ગૃહસ્થાશ્રમ તો અનિવાર્ય છે. એટલે જ ગૃહસ્થાશ્રમ બધા આશ્રમ કરતા ઊંચો.

ગૃહસ્થો અને ગૃહિણીઓ પોતાને નહીં પણ અન્યને પુણ્યલાભ થાય, અન્યોને દેવલોકે અથવા મોક્ષે પ્રયાણ કાર્યમાં મદદ મળે એ અર્થે જાતે પાપ વેઠી લે છે. પરોપકાર એ જ સૌથી મોટું પુણ્ય.

રક્તદાન, ચક્ષુદાન, અંગદાન અને દેહદાન એ શ્રેષ્ઠ પુણ્યકાર્ય છે જ. ભલે આપણા પૂર્વજો એમનો ઉલ્લેખ કરવાનું ભૂલી ગયા હોય અથવા એમને એ વિષયનું જ્ઞાન ન હોય. ભગવાને તો આપણને સૌને બુદ્ધિ આપેલ છે. આપણે જાતે જ નિર્ણય લઈ શકીએ છીએ. ધર્મગ્રંથો પર જ આધાર રાખવાની જરૂર નથી.

સારું કામ કરનારા કે સારા કામમાં સહયોગ આપનારા થોડી ઘણી કીર્તિની કે પ્રસિદ્ધિની અપેક્ષા રાખે તો તે ક્ષમ્ય છે, કારણકે આપણે સૌ સામાન્ય માણસો છીએ, ગાંધીજી નથી.

શ્રધ્ધાળુઓના દૃષ્ટિબિંદુમાં અને રેશનાલિસ્ટના દૃષ્ટિબિંદુમાં થોડો તફાવત રહે એ તદ્દન સ્વાભાવિક છે. બ્રહ્મચર્યમાં મોક્ષની ગેરંટી નથી જ્યારે સેવા અને પરોપકારમાં મોક્ષની ગેરંટી છે.

**_શાંતિલાલ સંઘવી - અમદાવાદ_**

★

સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યકરો અને આમંત્રિત મહેમાનો ટાગોર હૉલમાં સમયસર પહોંચી ગયા હતા પણ સમાજના સભ્યો બહુ જ જૂજ સંખ્યામાં આવેલા જોઈ કાર્યક્રમ શરૂ કરવામાં સારો એવો વિલંબ થયો. કાર્યક્રમ શરૂ થયો ત્યારે પણ હૉલની મોટાભાગની ખુરશીઓ ખાલી હતી. પ્રમુખશ્રીએ એ મુદ્દે અફસોસ પણ વ્યક્ત કર્યો. જો કે પાછળથી બેઠકો ભરાવા લાગી હતી અને જમણવાર શરૂ થાય ત્યાં સુધીમાં તો આખો હૉલ ચિક્કાર થઈ ગયો હતો. આપણે સમયની આમન્યા રાખવાનું ક્યારે શીખીશું?

**_ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ_**

જ્યારે કોઈ પણ કાર્ય પૂરી લગનથી અને ધગશથી કરવામાં આવે તો એ કાર્ય પૂર્ણ રૂપે દીપી ઊઠે તેમાં કોઈ બેમત નથી. કંઈક અંશે આ હકીકત 'મંગલ મંદિર'ને લાગુ પડે છે એવું છેલ્લા કેટલાક અંકોની સામગ્રી નિહાળતાં બેશકપણે કહેવું જ પડે.

ચકલીના બચ્ચાની ભૂખી ચાંચ, સાંધ્યવેળાએ, ઘર વિનાની મા, ભૂખ, સાકરચંદના ત્રણ કેળાં – માહે સપ્ટેમ્બરના અંકોમાં સમાવિષ્ટ આવી અંતર તલને હચમચાવી નાખતી વાંચન સામગ્રી વાંચી 'મંગલ મંદિર'ની કૃતિઓ પસંદગી માટે સંચાલક મંડળ કેટલું સતર્ક, ખંતીલું અને 'મંગલ મંદિર' કચ્છીમાત્રનું પસંદગીનું નજરાણું બની રહે તે માટે કેટલું જાગૃત છે એની સાબિતી કરાવે છે.

સાહિત્યવર્ધક અધિક ઊંચાઈને આંબવા 'મંગલ મંદિર' ત્વરીત ગતિએ આગળ વધી રહેલ છે તે નિરખી એક કચ્છી તરીકે અધિક આનંદ થાય છે.

'મંગલ મંદિર'ની ૪૧ વર્ષની અવિરત યાત્રા સતક કાળ વિકસતી રહે એવી શુભ ભાવના.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩*

★

ગુજરાત સરકાર તરફથી બધી કોર્ટસ કોમર્શિયલ ડિવિઝન અને એપેલેટ ડિવિઝન ઓફ હાઈકોર્ટસ એક્ટ, ૨૦૧૫ (એક્ટ ૪/૨૦૧૬)ની કલમ-૩ મુજબ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લા તથા કચ્છ જિલ્લા મળી કુલ ૧૨ જિલ્લા માટે રાજકોટ ખાતે 'કોમર્શિયલ કોર્ટ'ની સ્થાપના કરવામાં આવેલ છે.

કચ્છ જિલ્લાની પરિસ્થિતિ અને કચ્છ જિલ્લાના પક્ષકારો તથા તેમના સાહેદો વગેરેને પડતી તકલીફો તથા હાડમારી વગેરેને અનુલક્ષી ગાંધીધામ બાર એસોસિએશન તરફથી કચ્છ જિલ્લા માટે કચ્છ ખાતે અલગ કોમર્શિયલ કોર્ટ સ્થાપવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે, જેની નકલ આ સાથે મોકલું છું.

ઉપરોક્ત કાયદાની કલમ-૩ પ્રમાણે દરેક રાજ્ય સરકારે દરેક જિલ્લા લેવલે અલગ કોમર્શિયલ કોર્ટ સ્થાપવાની છે.

ગુજરાત સરકાર કચ્છ જિલ્લા માટે અલગ કોમર્શિયલ કોર્ટ સ્થાપે તે ખૂબ જરૂરી છે.

આ અંગે આપ વ્યક્તિગત રીતે તથા અન્ય સંસ્થાઓ મારફત ગુજરાત સરકારશ્રીના પદાધિકારીઓ સમક્ષ ભારપૂર્વક રજૂઆત કરવા તથા કચ્છ જિલ્લા માટે અલગ કોમર્શિયલ કોર્ટ ન સ્થપાય ત્યાં સુધી તેના માટે સતત પ્રયત્નો કરવા વિનંતી છે.

*વિશનજી આર. ભેદા - એડવોકેટ*
*ગાંધીધામ, કચ્છ*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૪૫૭*

★

આપણા સમાજના વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ અંગે મારું મંતવ્ય રજૂ કરું છું.

લોકો પ્રોગ્રામની શરૂઆતથી જ આવી જાય તેવું કાંઈક આકર્ષણ વિચારવું જોઈએ. દા.ત. (એ) પ્રથમ ૨૦૦ વ્યક્તિ હોય તેમાંથી લક્કી ડ્રો દ્વારા પાંચ બંપર ઇનામ (સમાજ કે દાતા તરફથી.) (બી) બીજા ૧૦ લક્કી નંબરને હું મારા એક એક પુસ્તક આપી શકું. (સી) મ્યુઝિકલ હાઉસી પણ એક સરસ આકર્ષણ બની શકે (સરપ્રાઇઝ ગીફ્ટ સાથે.)

સ્વામિવાત્સલ્ય કે બીજા કોઈ પ્રસંગે થતા જમણવારમાં અવ્યવસ્થા અને અરાજકતા ન થાય તે માટેનું એક સજેશનઃ

બુફે લંચમાં સામાન્ય રીતે દરેકને અને સિનિયર સિટીઝનને તો ખાસ ઘણી જ તકલીફ થાય છે. આ માટે જેમ અગાઉ (૨/૩ વર્ષ પહેલાં) ટેબલ - ખુરશી પર બેસીને જમવા માટે વ્યવસ્થા થઈ હતી તેવી વ્યવસ્થા કાયમ માટે કરવી જોઈએ.

ટાગોર હોલના કમ્પાઉન્ડમાં ઘણી જ જગ્યા છે. વળી એક સાથે ઘણા લોકો ભેગા ન થઈ જાય તે માટે અગાઉની અડધા / અડધા કલાકની બેચની પ્રથા પણ ચાલુ રાખવી જોઈએ.

વળી બુફે લંચ / ડિનરમાં અનાજનો બગાડ પણ વધારે થતો હશે કારણકે મારા જેવા ઘણાને એમ પણ થતું હશે કે 'વસ્તુ ફરીથી લેવા માટે લાંબી લાઈનમાં કોણ ઉભે? તેના કરતા શરૂઆતમાં જ થોડું વધારે લઇ લો!'

આ પ્રમાણે પણ વસ્તુનો બગાડ થતો જ હશે. જે બેસીને જમવાની વ્યવસ્થામાં પીરસવા માટે યોગ્ય અને સેવાભાવી આપણા કાર્યકરો ગોઠવ્યા હોય તો ચોક્કસપણે અટકાવી શકાય.

જમણવાર સમિતિને આ અંગે જો કોઈ સહકારની જરૂર હોય તો આ લખનારનો કોન્ટેક્ટ કરી શકે.

*ચિત્રસેન આર. શાહ - ગાંધીનગર*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

★

૧૯૭૯માં A/C Tribunal ના ચુકાદા પ્રમાણે ૯ MAF નર્મદાનું પાણી ગુજરાતને આપવું. અને ગુજરાત નર્મદા નિગમે આ ચુકાદા પ્રમાણે પાણીની વહેંચણીની અમલવારી કરી. આ ચુકાદા બાદ કચ્છને માત્ર ૦.૪૫ MAF પાણી મળે છે. જે અમલવારી કરતાં પાઈપ મારફતે બહુ જ ઓછું પાણી કચ્છને મળે છે.

દર વર્ષે ૩ MAF નર્મદાના નીર ઓવરફ્લો થતાં તે પાણી દરિયામાં વહી જાય છે. તે પાણીની વહેંચણી ગુજરાત સરકારને આપવામાં આવેલ છે. જેમાંથી ૧ MAF ઉત્તર ગુજરાતને, ૧ MAF સૌરાષ્ટ્રને અને ૧ MAF કચ્છને.

૧. ઉત્તર ગુજરાતને ફાળવેલ ૧ MAF જેનું કામ લગભગ પૂરું થઈ ગયેલ છે અને તેની શરૂઆત ૨૦૦૮ કે તે પહેલા

થઈ હતી. મતલબ કે ઉત્તર ગુજરાતને ૮-૧૦ વર્ષ પહેલા પાણીનો લાભ મળેલ છે.

૨. ૧ MAF સૌરાષ્ટ્રને ફાળવવામાં આવેલ છે. જેનો પાયો ૨૦૧૨માં માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાખ્યો અને ૨૦૧૬માં પાણી આવ્યું. જેનું નામ સૌની (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના) હોતા બહુ જ ગેરસમજ ફેલાયેલ છે. 'સૌની' એટલે બધાયની, પણ ખરેખર સૌરાષ્ટ્ર માટે જ છે. જેને પૂર્ણ કરતાં લગભગ ૭ થી ૮ પમ્પિંગ સ્ટેશન મૂકવાં પડશે એવું જાણવા મળેલ છે.

૩. ૧ MAF કચ્છને ફાળવેલ છે. જેનું હાલે બજેટમાં જાહેર થયેલ નથી. ટેકનિકલ, સર્વે, નકશા વગેરેની માહિતી કચ્છના લોકોને નથી. આ કામની જોગવાઈ બજેટમાં ક્યારે થશે કામ ક્યારે શરૂ થશે અને ક્યારે પૂરું થશે? બીજા અર્થમાં કોઈપણ જાતના હાલ નક્કર પગલા લેવાયેલ હોય એવું જણાતું નથી. માત્ર વાતોથી કચ્છની પ્રજાને ભોળવી લેવાય છે. કચ્છની સદંતર ઉપેક્ષા કરી છે. પ્રજાના કામની ઉપેક્ષા કરી કોઈપણ કામ માટે જરાપણ રસ દાખવવામાં આવતો નથી.

કચ્છ - મોરબીના માનનીય સાંસદશ્રી તેમજ કચ્છમાંથી ચૂંટાયેલ ધારાસભ્યોશ્રી તેમજ કચ્છ જિલ્લા ચૂંટાયેલ પદાધિકારીઓને નમ્ર વિનંતી કે આ હકીકત ધ્યાને લઈ પ્રજા માટેના કાર્ય કરી ગત વર્ષોનો ઋણનો ભાર ઉતારવો જરૂરી છે. રાજકીય નેતાઓ અને પદાધિકારીઓને પ્રજાના કામો નિષ્ઠાથી કરવા માટે ઈશ્વર તેમને શક્તિ આપે.

*ડી. એચ. મહેતા*
*કચ્છ જિલ્લા પોસ્ટલ પેસેન્જર એસોસિએશન - માધાપર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૬ ૨૨૬૫૦*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## તેરામાં 'રાજલક્ષ્મી વાત્સલ્યધામ'નું લોકાર્પણ

જૈન પંચતીર્થીના યાત્રાધામ હેરિટેજ વિલેજ એવા તેરા ગામે જૈન મહાજન દ્વારા નિર્મિત અદ્યતન અતિથિગૃહ 'રાજલક્ષ્મી વાત્સલ્યધામ'નું લોકાર્પણ કરાયું હતું. યાત્રાળુઓનો પ્રવાહ અહીં વિશેષ પ્રમાણમાં રહેતા રૂા. ચાલીસ લાખના ખર્ચે નિર્મિત એ.સી. આઠ રૂમોનું લોકાર્પણ કરાયું હતું. મુખ્ય દાતા લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણિયાવાળા)ના સહયોગથી નિર્મિત અતિથિગૃહને દાતાએ ખુલ્લું મૂક્યું હતું.

દાતા પરિવાર વતી દક્ષાબેન ધીરેન્દ્રભાઈ મોતાએ આ પ્રસંગે ખુશી વ્યક્ત કરી પોતાના પરિવારને મુખ્ય દાતા બનવાનું સદ્ભાગ્ય મળ્યું હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે સમારંભના પ્રમુખ એવા કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડે અદ્યતન સુવિધાવાળા રૂમોના કારણે યાત્રિકોની સુવિધામાં વધારો થશે તેવું જણાવી અતિથિગૃહના નિર્માણમાં સહયોગ આપનારા દાતાઓની સરાહના કરી હતી.

અતિથિ વિશેષ તરીકે દમયંતીબેન એમ. ખીમજી (મુંબઈ), કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન મુંબઈના પ્રમુખ કલ્પેશ મોતા, મણિકાંતભાઈ દંડ (મુંબઈ), અન્ય દાતાઓ ગુલાબભાઈ પદમશી મોતા, મણિલાલ પદમશી લોડાયા વગેરે રહ્યા હતા.

પ્રારંભમાં ગામના મુંબઈ સ્થિત અગ્રણી રમેશભાઈ દંડે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુમારભાઈ દંડ તથા આભારવિધિ ગિરીશભાઈ શાહે કરી હતી.

## ભદ્રેશ્વર તીર્થ મધ્યે અચલગચ્છ જૈન સંઘના ચિંતક અને વિદ્વાન સંત શ્રી મહોદયસાગરશ્રી મહારાજનો બોધ

કચ્છના મુંદ્રા તાલુકાના ઐતિહાસિક અને પુરાણા તીર્થભૂમિ ભદ્રેશ્વરના જૈન પવિત્રધામ વસઈ તીર્થ મધ્યે ચાતુર્માસ બિરાજમાન થયેલા શ્રી અચલગચ્છ જૈન સંઘના ચિંતક અને તપસ્વી ધર્મધૂરંધર શ્રી મહોદયસાગરશ્રીએ તપસ્વીઓને અને શ્રાવકો અને શ્રાવિકાઓને સંબોધતા જણાવ્યું હતું કે માનવમાત્રએ લિંગભેદ, વાડાબંધી અને ભેદભાવ છોડે તો મોક્ષગતિ પામે તેમજ રાગદ્વેષને બદલે સમભાવ રાખવામાં આવે તો જીવમાત્રને મુક્તિ મળે. આ રીતે સમ્યક્ જ્ઞાનની ફિલોસોફીનો બોધ આપીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે જૈન સમાજના વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ ધારાસભ્ય શ્રી જયકુમાર સંઘવીએ જણાવ્યું હતું કે ધર્મક્ષેત્રમાં રાગદ્વેષ ન હોય તેનું અનુમોદન કર્યું હતું. પરંતુ રાજકારણમાં અંગત રાગદ્વેષ અને ભેદભાવભરી નીતિ-રીતિ હોવાને કારણે રાષ્ટ્રધર્મ પડખે રહી જાય છે તેમજ ભ્રષ્ટાચાર વધવાને કારણે ગુજરાતમાં ગૌહત્યા માટેનો કાયદો કડક અને મજબૂત હોવા છતાં તેનો અમલ થતો નથી. પરિણામે ગૌહત્યા, ગૌમાંસની હેરાફેરી અને તેને અપાતી સબસીડીનો રોગ વિકરાળ બનતો જાય છે. ત્યારે તીર્થંકર મહાવીર સ્વામિનો અહિંસાનો ઝંડો વધુને વધુ લહેરાય તે આપણે સંકલ્પ કરવો જોઈએ.

ભદ્રેશ્વરના જૈન તીર્થ માટે સમાજના અગ્રણીઓ શ્રી જેંતીભાઈ હાલાપરવાળા, રમેશભાઈ દેઢિયા, કોડાયવાળા શ્રી લાલન વગેરે સામાજિક અગ્રણીઓએ પોતાની ધાર્મિક ભાવનાથી ચાતુર્માસને ચાર ચાંદ લગાવી દીધેલ.

ભદ્રેશ્વર તીર્થ ભક્તિ, ભાવના અને આરતી - પૂજા અર્ચના અને વરસીતપના આરાધકોને કારણે ધર્મમય બની રહેલ છે.

સામાજિક કાર્યકરો તસવીરકાર શ્રી વસંત સંઘવી, કલાકાર શ્રી નિર્મલ સંઘવી, શ્રી મનુભાઈ ભૂલાણી અને જયજિનેન્દ્ર ભક્તિ મંડળના અગ્રણી શ્રી પ્રવીણ સંઘવીને આવકાર આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે લોકોએ તીર્થધામની આજુબાજુ ચાલતા માંસાહારના વેપાર અને ઔદ્યોગિકીકરણને કારણે થતા ઐતિહાસિક તીર્થધામ ભદ્રેશ્વર - વસઈ તીર્થ અને ચોખંડા મહાદેવના મંદિરને રજકણ અને ધુમાડાને કારણે ભારે ક્ષતિ થઈ રહી છે તેની સામે અસંતોષ ઠાલવ્યો હતો અને પર્યાવરણને દૂષિત કરી રહી છે તેવી ભીતિ વ્યક્ત કરી હતી તથા સરકારે ત્વરીત પગલા ભરવા જોઈએ તેવી ગંભીર ફરિયાદ શ્રી સંઘવી સમક્ષ કરી હતી.

## રાઈઝર્સ - સુસ્વાસ્થ્ય માટે પ્રતિબદ્ધ

લદાખ મેરેથોન સપ્ટેમ્બર-૨૦૧૬માં સહભાગી બર્લિન મેરેથોન ઓગસ્ટ-૨૦૧૬માં સફળતાનો સ્વાદ ચાખ્યા પછી રાઈઝર્સ લદાખ મેરેથોન સપ્ટેમ્બર-૨૦૧૬માં સહભાગી થઈને ફરી એકવાર ઈતિહાસ સર્જવા જઈ રહ્યું છે.

પાંચમી વખત યોજાનારી વિશ્વની સૌથી અઘરી અને પડકારરૂપ મેરેથોનમાં અંદાજિત ૪૦૦૦ લોકો સહભાગી થવાના છે. સંપૂર્ણ વિશ્વમાંથી કચ્છી વીસા ઓસવાલ (ક.વિ.ઓ.) જૈન સમાજના ઈતિહાસમાં પહેલીવાર રાઈઝર્સના ૩૫થી ૬૫ની વય જૂથમાં ૧૭ દોડવીરો આ પ્રસિદ્ધ મેરેથોનમાં પોતાનું ખાતું ખોલાવશે.

લદાખમાં દોડવું એટલે પોતાની શારીરિક મર્યાદાઓને ઓળંગી પોતાની જાતને સ્થાપિત કરવી. સમુદ્ર સ્તરથી ૩૫૦૦ મીટરની ઊંચાઈએ જ્યાં શ્વાસ લેવાનું જ મુશ્કેલ હોય, ત્યાં પોતાની જાતને ટકાવી રાખવી એ એક પડકારરૂપ સ્થિતિ છે. આ પરાક્રમ કરવા માટે રાઈઝર્સના મેમ્બરો છેલ્લા એક વર્ષથી આકરી ટ્રેઈનિંગ લઈ રહ્યા છે. જેમાં રાઈઝર્સના એક્વા યોગા પ્રાણાયામનો પણ સમાવેશ થાય છે. મેરેથોન પહેલા, મેરેથોન દરમ્યાન અને મેરેથોન પછી શારીરિક રીતે સુસજ્જ રહેવા માટે રાઈઝર્સના મેમ્બરો પ્રોફેશનલ - પ્રસિદ્ધ Nutritionist, Physiotherapistની દેખરેખ હેઠળ પોષણયુક્ત ખોરાક પણ લઈ રહ્યા છે.

લદાખ મેરેથોનમાં ભાગ લીધા પહેલાં રાઈઝર્સ ગ્રુપે વિવિધ પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લીધો છે જેનું આયોજન ચેમ્બુર હિલ્સ, ટાઈગર હિલ્સ (લોનાવલા), દૂરશેઠ, કાન્હેરી ગુફા ખાતે કરવામાં આવ્યું હતું.

લદાખ મેરેથોન નામની આ યાત્રામાં સફળતા મુશ્કેલ છે પરંતુ અશક્ય નથી. પારિવારિક અને સામાજિક સ્તર પર રાઈઝર્સના મેમ્બરોએ ઘણું બલિદાન આપ્યું છે. પરંતુ દૃઢ નિર્ધાર, સમર્પણ અને સાધના આગળ આ બલિદાનની કોઈ વિસાત નથી.

લદાખ મેરેથોનમાં સહભાગી થઈને કચ્છી સમાજ ચુનિંદા દોડવીરોની હરોળમાં આવી જશે જે અત્યંત કઠિન ભૌગોલિક પરિસ્થિતિમાં પોતાની યોગ્યતાનો પરિચય આપશે. આ મેરેથોનને કારણે રાઈઝર્સના દોડવીરાનો આત્મવિશ્વાસ તો વધશે જ અને એની સાથે અલ્ટ્રાથોન અને કોમરેડમાં સહભાગી થવાની શક્યતા અને તકોનું નિર્માણ થશે ને કોઈપણ દોડવીર માટેનું અંતિમ સ્વપ્ન હોય છે.

છેલ્લા બે વર્ષથી રાઈઝર્સ પોતાના સ્નાયુઓને સજ્જ બનાવવા માટે - પાસેથી ટ્રેનિંગ લઈ રહ્યા છે. ઘણા મેમ્બરોએ ૬ કિલોથી ૧૬ કિલો સુધીનું વજન ઘટાડ્યું છે અને દોડવું એ તેમના જીવનનો અવિભાજ્ય અંગ બની ચૂક્યું છે.

આ સાથે જ રાઈઝર્સ ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટબોલ, વોલીબોલ વગેરેમાં સક્રિય રીતે સહભાગી થઈ પોતાની ક્ષિતિજો વિસ્તારીત કરી છે.

અમે અમારા કુટુંબીજનો, મિત્રો અને શુભેચ્છકોના હૃદયપૂર્વક આભારી છીએ. તેમણે આરોગ્ય, સુખાકારી, ફિટનેસનો સંદેશ ફેલાવવામાં રાઈઝર્સને મદદ કરી છે. ભવિષ્યમાં પણ આ જ પ્રકારનો સહયોગ મળશે એવી આશા રાખીએ છીએ. ■

## ભૂખ : સૌથી મોટો રોગ છે

(અનુસંધાન : પાના નં. - ૮૪ ઉપરથી ચાલુ)

મારું આ મંતવ્ય, દબાયેલ, કચડાયેલ, શોષિત માનવ સમાજમાં ધંધા - ઉદ્યોગ તરફ જાગૃત કરવાનો માહોલ બનાવવાનો એક નમ્ર પ્રયાસ છે. આજે આપણા દેશમાં કોડીથી કરોડપતિ બનેલ કેટલાય મહેનતુ અને પ્રતિભાશાળી દલિતબંધુઓ છે. આરક્ષણ — અનામતનો સહારો લીધા વિના, પોતાની લાયકાત, સાહસ અને શ્રમના સહારે આજે કેટલીય દલિત પ્રતિભાઓ દેશમાં સફળતાના શિખરે પહોંચી છે. હવે દલિત વર્ગના યુવાન ભાઈ-બહેનોએ ઉદ્યોગ ધંધામાં કૂદી પડવામાં મોડું ન કરવું જોઈએ.

*જાગ્યા ત્યારથી સવાર...*


*ભવતુ સબ્બ મંગલમ્....*

*સર્વેનું કલ્યાણ થાઓ.*

*૧૫૦, ગણેશ નગર, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*મો. ૯૪૨૬૭ ૮૯૬૭૦*

## NanoNine™ શબ્દ રમત-૧૨૧

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૧૦-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી જેમણે હાલમાં રાજીનામું આપ્યું (૯)
૭. ઝાડ, વૃક્ષ (૨)
૮. ઘડીનો સાઠમો ભાગ (૨)
૯. સંબંધ, આચરણ, વહીવટ (૪)
૧૦. ત્રણ ફૂટ જેટલું માપ, અઠવાડિયાનો દિવસ, વિલંબ (૨)
૧૧. પેટીસ સાથે ખવાતી વાનગી (૩)
૧૩. કીર્તિ, શાખ, નામના, સ્ત્રીની લાજ (૩)
૧૫. લાલાશ (૩)
૧૬. જકાત, ટોલ (૨)
૧૮. નાનો દાબડો (૩)
૨૦. સેનાપતિ, લશ્કરી પદવી, સામાન્ય (૪)
૨૧. લાકડા કાપવાનું સાધન (૪)
૨૨. ઘણું જ (૪)
૨૪. મીઠું (૩)
૨૫. વિવશ, નિરુપાય, ગરીબ (૩)
૨૭. _____ ડાળે ટહુંકા કરતી કોયલ રાની બોલી (૨)
૨૯. હાલવું ચાલવું તે, હલચલ (૬)
૩૧. પ્રવાહીથી ભરેલું, તરબોળ (૫)
૩૩. દહીં - દૂધ પરની મલાઈ (૨)
૩૪. ચીજ, સંખ્યા (ગણિતમાં) (૩)
૩૫. લાત - ઠોકર, સલમાન ખાનની ફિલ્મ (૨)
૩૬. ક્યારે, કદાચ (૨)
૩૮. કોટ, દુર્ગ (૨)
૩૯. કાળજી, સંભાળ, ગરજ, પરવા (૩)
૪૩. ભાષાંતર, અનુવાદ (૪)
૪૫. બૃહસ્પતિવાર (૪)
૪૬. દૃષ્ટિ, લક્ષ (૩)
૪૭. બાંધેલો લોટ, ભિક્ષાન્ન (૩)

### ઊભી ચાવીઓ

૧. આયુષ્ય,જિંદગાની (૪)
૨. વાઘની જાતનું એક જંગલી ખૂંખાર પ્રાણી (૩)
૩. જોર, તાકાત (૨)
૪. ભાગ્યશાળી, કિસ્મતદાર (૫)
૫. લત, ખો, આદત (૨)
૬. તરંગ, મોજું, મજા (૩)
૭. તરસ, પાણી પીવાની ઈચ્છા, તીવ્ર ઈચ્છા (૩)
૧૦. વાયુનું આવરણ, પરિસ્થિતિ (૫)
૧૨. મહાદેવના નાના પુત્ર (૪)
૧૪. રશિયાનું નાણું (૩)
૧૭. ફતેહ, જીત (૩)
૧૯. રાત્રિ, રજની (૨)
૨૧. ક્યારે (૨)
૨૨. ઉપાડી જવું તે (૫)
૨૩. ઝાકળ (ફા) (૪)
૨૫. દિલ્હીના આ સ્થળેથી વડાપ્રધાન ધ્વજવંદન કરે છે (૪)
૨૬. કાળજી, ચેતવણી, જાગૃતિ (૩)
૨૭. કાશ્મીરમાં _____ વાદ ફેલાયેલો છે (૩)
૨૮. તે અક્કલનો _____ છે (૪)
૨૯. સીતાજી સોનેરી _____ પાછળ લલચાઈ ગયા (૩)
૩૦. નસીબ (ઈં) (૨)
૩૨. ભોમિયો, રાહબર (૪)
૩૩. લાગ, અનુકૂળ વખત (૨)
૩૮. સગીર (૩)
૩૯. ખેત, ક્ષેત્ર (૩)
૪૦. કોમળ, મુલાયમ (૩)
૪૧. એક હિંસક પ્રાણી (૨)
૪૨. ડાબો હાથ ના જાણે તે રીતે જમણા હાથે _____ કરો કર્ણ રોજ સવારે સવા મણ સોનાનું _____ કરતો (૨)
૪૩. દહીં દૂધ પરની મલાઈ (૨)
૪૪. તેને વાતમાં _____ નાખવાની ટેવ છે લોટ બાંધવા તેલનું _____ નાખવું પડે (૨)

*ચંદન કરતાં વંદન વધુ શીતલ હોય છે.*
*યોગી કરતાં ઉપયોગી વધુ સારૂં હોય છે.*
*પ્રભાવ સારો હોયતેના કરતાં*
*સ્વભાવ સારો હોય તે જરૂરી છે.*
*તમારી લોકો ફરીયાદ કરે તેવા જીવન કરતાં*
*લોકો તમને ફરી યાદ કરે તેવું જીવો.*

## NanoNine™ શબ્દ રમત-૧૨૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ના | જ | ની | ન | | દા | | દૂ | ર | દ | ર્શ | ન |
| મ | ગ | | સિ | ત | મ | | ધ | ગ | શ | | વ |
| ચી | | કા | ય | ર | | | પા | | કો | ય | લ |
| ન | ફ | ર | ત | | ફ | રા | ક | | | | ક |
| | | સ્તા | | પા | | મ | | રા | મ | ક | થા |
| અ | ચા | ન | ક | | ક | રા | | | જા | મો | |
| ફ | ન | | લ | ક્ષ્મી | પૂ | જ | ન | | | સ | |
| વા | ક | | ર | | ર | | રા | જ | ર | મ | ત |
| | | દે | વ | તા | | મ | ધ | રા | ત | | ર |
| ગાં | ધા | રી | | જ | | ન | મ | ક | | ઘા | વ |
| સ | | | બે | | પો | હ | | | ક | | શ |
| ડિ | લ | ર | | જ | ઠ | ર | | મા | ર્ક | શી | ટ |

*માસ ઓગસ્ટ-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૧૯ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૩. અજિત મહેતા - અમદાવાદ
૪. જયસુખ સંઘવી - અમદાવાદ
૫. ઝરણા પારેખ - અમદાવાદ
૬. વર્ષાબેન પારેખ - અમદાવાદ
૭. હર્ષ પરીખ - અમદાવાદ
૮. સ્મિતા શાહ - અમદાવાદ
૯. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૦. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૧૧. નવલબેન શાહ - અમદાવાદ
૧૨. સુનીલ છેડા - અમદાવાદ
૧૩. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૪. જયશ્રી સંઘવી - અમદાવાદ
૧૫. ભાનુ શાહ - અમદાવાદ
૧૬. ગીતા મહેતા - અમદાવાદ
૧૭. નેહા પારેખ - અમદાવાદ
૧૮. અલકા શાહ - અમદાવાદ
૧૯. ચંદ્રકાંત શાહ - અમદાવાદ
૨૦. સરોજ શાહ - અમદાવાદ
૨૧. રંજન શાહ - અમદાવાદ
૨૨. પ્રભા શેઠિયા - વલસાડ
૨૩. હસમુખ દેઢિયા - અડાલજ
૨૪. સુરભિ દેઢિયા - રાજકોટ
૨૫. મુકુંદ મહેતા - આદિપુર
૨૬. ડૉ. પ્રદીપ ખોના - ગદગ
૨૭. રૂપાલી પારેખ - સિકંદ્રાબાદ
૨૮. ગીતા ભણસારી - અંજાર
૨૯. ઉષા સંઘવી - રુરકેલા
૩૦. દિનેશ મોમાયા - પૂના
૩૧. રાજેન્દ્ર વોરા - બેંગ્લોર
૩૨. નવીન લાલકા - ગદગ
૩૩. સરોજ ચંદુરા - સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. ડૉ. ગીતા ભણસારી - અંજાર**
**૨. રાજેન્દ્ર વોરા - બેંગ્લોર**
**૩. પ્રદીપ ખોના - ગદગ**

## NanoNine™ *Sudoku*

*ઓગસ્ટ-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૬ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. પ્રભા શેઠિયા - અમદાવાદ
૨. જાગૃતિ પારેખ - સિકંદ્રાબાદ
૩. ઉષા સંઘવી - રુરકેલા
૪. સંકેત મહેતા - ભુજ
૫. પદમશી ગાલા - અડાલજ
૬. લતા મોમાયા - પૂના
૭. રાજેન્દ્ર વોરા - બેંગ્લોર
૮. સુનીલ છેડા - અમદાવાદ
૯. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૦. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૧. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૨. સ્મિતા શાહ - અમદાવાદ
૧૩. હર્ષ પરીખ - અમદાવાદ
૧૪. નેહા પારેખ - અમદાવાદ
૧૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૬. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૭. આરતી મૈશેરી - અમદાવાદ
૧૮. બિંદુ શાહ - અમદાવાદ
૧૯. ઝરણા પારેખ - અમદાવાદ
૨૦. અક્ષય શાહ - અમદાવાદ
૨૧. શાંતિલાલ શાહ - અમદાવાદ
૨૨. અવંતી દંડ - અમદાવાદ
૨૩. હેમલતા દેઢિયા - અડાલજ
૨૪. અલકા શાહ - અમદાવાદ
૨૫. ગીતા મહેતા - અમદાવાદ
૨૬. ચંદનબેન શાહ - અમદાવાદ
૨૭. મોક્ષા લાલકા - અમદાવાદ
૨૮. મિતેશ દેઢિયા - અમદાવાદ
૨૯. કવિશા ગોસર - અમદાવાદ
૩૦. ધારા નાગડા - અમદાવાદ
૩૧. કલ્પના પાલાણી - અમદાવાદ
૩૨. વર્ષા શાહ - અમદાવાદ
૩૩. સરોજ ચંદુરા - સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**<u>વિજેતાઓ</u> :**

**૧. વર્ષા એસ. શાહ - અમદાવાદ**
**૨. લતા મોમાયા - પૂના**
**૩. સુનીલ છેડા - અમદાવાદ**

## NanoNine™ Sudoku

**ઓગસ્ટ-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૬ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૯૩**

## લઘુકથા : ચૂનો

*– રવજીભાઈ કાચા*

મહેશ ધુંઆફુંવા થતો ઘેરથી નીકળ્યો. આજે એના મગજનું ઠેકાણું નહોતું. તેની દશા અને સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ હતી. ઘરમાં કે બહાર કોઈને કહી શકવાની સ્થિતિમાં નહોતો. હોય પણ ક્યાંથી? ઘરમાં આર્થિક સંકળામણ ભોગવીને, મિત્રો પાસેથી ઉછીના પૈસા લઈને પણ તેણે મોટું સાહસ કરેલું. એ આશાએ કે રોકાણના ત્રણેક ગણા તો આવશે જ. જેમાંથી નાનકડું મકાન ખરીદીને પત્ની-બાળકોને ભેટમાં આપીશ. મિત્રોને મૂછ મરડીને કહીશ કે જોયા ભાયડાનાં ભડાકા. આમ પૈસા કમાવાય. ત્યારે બધા મારી વાહવાહ કરતા આજુબાજુ ફરતાં હશે.

અચાનક મહેશે બ્રેક મારી. પાનના ગલ્લે ઉભો રહ્યો. પાનવાળાએ પૂછ્યું, 'સાહેબ, પાનમાં ચૂનો લગાવું કે...?'

મહેશની કમાન છટકી, "તમે જ એક એવા નીકળ્યા કે પૂછીને ચૂનો લગાવો છો. ઓલ્યો મારો બેટો સુવિધા એન્ટરપ્રાઈઝવાળો પૂછ્યા વિના ચૂનો લગાવી રફુચક્કર થઈ ગયો તેનું શું?" ■

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૭૮અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૦-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ડિસેમ્બર-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૭૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 5 | | 9 | 1 |
| 4 | | | | 9 | | 8 | | |
| | 9 | 5 | 3 | | 1 | | 6 | |
| | 1 | | | 5 | | 9 | | 2 |
| | 4 | | | 6 | 2 | | 8 | |
| 5 | | 2 | | 8 | | | 1 | |
| | 8 | | 5 | | 9 | 6 | 7 | |
| | | 4 | | 3 | 6 | | | |
| | 5 | 6 | | | | | 2 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 8 | | | | 6 | 2 |
| 1 | 8 | | 6 | | | | | 4 |
| | | 9 | 1 | | 5 | | 3 | |
| | | 6 | 5 | 8 | | 4 | | 9 |
| | | 8 | | 1 | 7 | 6 | | 3 |
| | 9 | 7 | | | 4 | 2 | | |
| | 3 | | 2 | | 1 | | 8 | 6 |
| 8 | | 5 | | | 6 | | | 1 |
| | 2 | | | | 8 | 3 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | | | 8 | | | 5 | |
| | | | 4 | | 3 | 9 | 2 | |
| 9 | | 1 | | | 6 | | | 3 |
| | 6 | | 3 | | | 5 | 8 | 7 |
| | 8 | 5 | | 4 | 7 | | 9 | |
| | 2 | | | | 8 | | 6 | |
| 7 | | 2 | 1 | 6 | | 4 | | 8 |
| | | 8 | | | 4 | | | |
| | 1 | | | 3 | 9 | | 7 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | 8 | | 6 | 4 | |
| 6 | 9 | | | | 2 | | 5 | |
| | | 5 | 6 | 7 | | 9 | | 3 |
| | 6 | | | | 7 | 8 | | |
| | 8 | 9 | | | 3 | | 1 | 2 |
| | 5 | | 2 | 4 | | | 6 | |
| 5 | | 8 | | 1 | | 3 | | |
| | | | | 2 | 4 | | 7 | 6 |
| 4 | | 6 | 3 | | | 2 | | 1 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૭૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | 5 | 7 | 8 | 9 | 4 | 1 | 3 |
| 8 | 4 | 3 | 2 | 1 | 5 | 7 | 6 | 9 |
| 7 | 1 | 9 | 6 | 4 | 3 | 8 | 2 | 5 |
| 2 | 3 | 7 | 5 | 9 | 6 | 1 | 8 | 4 |
| 5 | 8 | 1 | 3 | 2 | 4 | 9 | 7 | 6 |
| 9 | 6 | 4 | 1 | 7 | 8 | 5 | 3 | 2 |
| 4 | 7 | 6 | 9 | 3 | 1 | 2 | 5 | 8 |
| 1 | 5 | 8 | 4 | 6 | 2 | 3 | 9 | 7 |
| 3 | 9 | 2 | 8 | 5 | 7 | 6 | 4 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 6 | 7 | 8 | 1 | 3 | 2 | 4 |
| 3 | 7 | 4 | 2 | 5 | 6 | 9 | 1 | 8 |
| 8 | 2 | 1 | 3 | 4 | 9 | 7 | 6 | 5 |
| 6 | 3 | 2 | 9 | 7 | 4 | 8 | 5 | 1 |
| 4 | 8 | 7 | 1 | 3 | 5 | 2 | 9 | 6 |
| 9 | 1 | 5 | 6 | 2 | 8 | 4 | 3 | 7 |
| 1 | 6 | 8 | 4 | 9 | 3 | 5 | 7 | 2 |
| 7 | 5 | 9 | 8 | 6 | 2 | 1 | 4 | 3 |
| 2 | 4 | 3 | 5 | 1 | 7 | 6 | 8 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | 1 | 9 | 7 | 4 | 5 | 2 | 3 |
| 2 | 4 | 7 | 5 | 3 | 6 | 1 | 8 | 9 |
| 5 | 9 | 3 | 2 | 1 | 8 | 7 | 4 | 6 |
| 6 | 5 | 8 | 4 | 9 | 7 | 3 | 1 | 2 |
| 4 | 3 | 9 | 8 | 2 | 1 | 6 | 5 | 7 |
| 7 | 1 | 2 | 3 | 6 | 5 | 4 | 9 | 8 |
| 3 | 8 | 6 | 1 | 4 | 9 | 2 | 7 | 5 |
| 9 | 7 | 4 | 6 | 5 | 2 | 8 | 3 | 1 |
| 1 | 2 | 5 | 7 | 8 | 3 | 9 | 6 | 4 |


**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 6 | 9 | 7 | 2 | 4 | 1 | 3 | 8 |
| 4 | 7 | 3 | 1 | 5 | 8 | 9 | 2 | 6 |
| 1 | 2 | 8 | 6 | 3 | 9 | 5 | 7 | 4 |
| 6 | 4 | 2 | 5 | 7 | 8 | 8 | 9 | 1 |
| 8 | 3 | 5 | 4 | 9 | 1 | 2 | 6 | 7 |
| 7 | 9 | 1 | 8 | 6 | 2 | 3 | 4 | 5 |
| 9 | 5 | 4 | 2 | 8 | 6 | 7 | 1 | 3 |
| 3 | 8 | 6 | 9 | 1 | 7 | 4 | 5 | 2 |
| 2 | 1 | 7 | 3 | 4 | 5 | 6 | 8 | 9 |

## પર્વાધિરાજને પ્રેમે નમું!

શ્રાવણતણા પૃષ્ટ ભાગે, આવી ગયાં પર્વાધિરાજ
લોકો તણા કરી મન મોકળાં, ક્ષમા-પતાકા ફરકે આજ
શાસન અને સંઘનો પ્રમાણિત, દિવ્ય દર્શનની આંખ
લોલુંબ ક્ષેત્ર હર ફૂલ ધાન્યે, નાવિન્યની પ્રસરાવે પાંખ
વ્યાખ્યાનથી પાવન કરી, કર્મ જાળને હટાવતો
વિવિધ તપ ભાવ ભક્તિ, સાધનાના જુવાળ ભરતો
જાણે સદેહે મહાવીર આવ્યાં, શાસન ધર્મના દંડધારી
અધર્મ દુષ્કૃત ટાળતા, સાધકોને વિવેકે વારી,
પ્રભાવનામાં ક્ષમતા જ અર્પો, દોષો ન કોના દિલે ધારો
આલિંગો સૌથી બંધુ ભાવે, ને વિશ્વપ્રેમની જ્યોતિ જગાવો
દિશાઓ ખીલી રહીને, દિવ્ય જ્યોત ચમકી રહ્યાં.
વ્યોમમાંથી સૂર્ય-ચંદ્રને તારકે સ્મિત વેર્યાં.
સુખ-દુઃખ ઊભો વિશ્વ ચોકે, પર્વાધિરાજ! પ્રેમે નમું!
વર્ષોવર્ષ પધારી પ્રેમે, વૃદ્ધિ ધર્મમાં કરજો
જિન શાસનની પ્રરૂપણાને, સૌના હૃદયે ધરજો.
મહેલોથી ઝુંપડી સુધી મહેકતી જેની સુવાસ
'રશ્મિન' પર્વ પર્યુષણની રહેતી સદા અમર યાદ.

## નમું નમું અરિહંત ભગવાન...

નમું નમું અરિહંત ભગવાન
ભાગ્ય વિધાયક ને છો મહાન...૧
કામ ક્રોધ લોભ મદ મત્સર
મોહ રિપુ બલવાન
કહાડજો મમ અંતરમાંથી
સૌ શરીરના શેતાન... ૨
અહિંસાવૃત્તિ ઉર જગાવજો

કરું ધ્યાન ને દાન
અહંકારથી અળગો રાખજો
વસજો હૃદય નિદાન... ૩
આરજુ મારી એક અંતરની
રહું ન કરજવાન
'રશ્મિન' કહે ગરીબીમાં પણ
સદા રહું મસ્તાન... ૪

*“રશ્મિનનો રણકાર : ભાગ-૧ અને ૨”માંથી સાભાર*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

# J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

★ આજકાલ યંગસ્ટર્સ પર હુક્કાબારમાં જઈને સ્મોક કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. પણ અમદાવાદના હિમાંશુ શ્રીમાળી નામના યંગસ્ટરને હુક્કાઓનો સંગ્રહ કરવાનો શોખ છે. તેની પાસે ૨ હજારથી ૫૦ હજારની કિંમતના હુક્કા છે. જેમાંથી મોટાભાગના વિદેશમાંથી મંગાવેલ છે. ૫૦ હજારની કિંમતના હુક્કા દુબઈમાં ખાસ રાજવી લોકો અને અમીર પરિવારના લોકો પાસે હોય છે.

★ અમદાવાદ પાલડીમાં રહેતો ભૂષણ પરાગ શાહ મેન્ટલી ચેલેન્જ ચાઈલ્ડ છે. પણ તેના માતા-પિતાની મદદથી તેણે રમકડાંની નાની-મોટી ૨૦૦ થી વધારે કાર એકત્ર કરી છે. તેના આ શોખને કારણે તે જ્યારે પણ બહાર ફરવા જાય ત્યારે કાર ખરીદવાની અચૂક માગણી કરે છે. દુનિયાભરની કંપનીઓની કાર જેવી કે બી.એમ.ડબલ્યુ, ફેરારી, વિન્ટેજ, જગુઆર, લિમોઝીન, સ્પોર્ટકાર જેવી કાર એકઠી કરેલ છે. ભૂષણના જન્મદિવસની કેક પણ કાર જેવા આકારની હોય છે.

★ ક્રિકેટની દુનિયામાં પીચ (વિકેટ) મહત્ત્વનું પાસું છે. પીચના આધારે જ ક્રિકેટરો રમે છે અને અનોખા રેકોર્ડ બનાવે છે. આ પીચ આપણા જ દેશ અને રાજ્યના (અજરાઈ પાથરી) નવસારીની માટીથી બનાવાય છે. આ માટી રેડ સોઈલ કે લાલ માટી તરીકે ઓળખાય છે. આ માટીમાં ચીકાશ હોવાથી રમત દરમિયાન તેમાંથી ધૂળ ઊડતી નથી. આ માટીના સ્તરમાં બરમુડા ઘાસ રોપાય છે જે પીચની માટીને જકડી રાખે છે. ક્ષાર રહિત પાણીનો પીચ પર છંટકાવ કરાય છે.

★ આ વરસે ચોમાસામાં પડેલા સાંબેલાધાર વરસાદના કારણે ૨૬ રાજ્યોનાં એક હજાર કરતાં વધુ શહેર પાણીમાં ગરકાવ થઈ ગયેલાં છે. ૩૫૦ લોકોએ જીવ ગુમાવ્યા છે અને લાપતા બન્યા છે. પાકની બરબાદીના કારણે ચીનને દોઢ લાખ કરોડનું નુકસાન થયું છે. આ સૌથી મોટી બીજી તારાજી છે. ૧૯૯૮માં ૪૪ અબજ ડોલરનું નુકસાન થયું હતું

★ દેશની પ્રથમ મલ્ટીસિટી મેરેથોન ગ્રેટ ઈન્ડિયા તાજેતરમાં યોજાઈ ગઈ. નવી દિલ્હીનાં ઇન્ડિયા ગેટથી શરૂ કરવામાં આવેલી આ ૧૪૮૦ કિ.મી. લાંબી મેરેથોનમાં એશિયા, આફ્રિકા, અમેરિકા તથા યુરોપના ૧૫ સ્પર્ધકો સામેલ થયા હતા.

★ સુરતમાં પ્રથમવાર ચાતુર્માસ કરી રહેલા જૈનાચાર્ય પૂજ્ય વિમલસાગર સૂરીશ્વરજી મહારાજનાં વ્યાખ્યાન સાંભળવા આવતા લોકો પૂજ્યશ્રીને બરાબર નિહાળી શકે તે માટે એક પણ થાંભલા વગરનો અને ૪૫૦૦ લોકો એક સાથે બેસી શકે તેવો ૨૨૦૦ સ્ક્વેર ફૂટનો વિશાળ મંડપ 'બુદ્ધિ વીર વાટિકા'નું નિર્માણ કરાયું છે.

★ દેશના કુલ મીઠાના ઉત્પાદનનું ૭૦ ટકા મીઠું પકવતાં અને રણમાં જીવન વિતાવતાં એક લાખથી વધારે અગરિયાના જીવનની ઝાંખી કરાવતાં દક્ષિણ કોરિયાના જુંગપાન અને હાય રાઉંગ યાર્ક દ્વારા ૩૩૩ પાનાના આ મેરેથોન પુસ્તક 'સોલ્ટ ઑફ ધ વર્લ્ડ' માં ખારાઘોડાના રણમાં મીઠું પકવતા અગરિયા માટે ૪૩ પાનાં ફાળવવામાં આવ્યાં છે. અગરિયાના ફોટોગ્રાફ હોશીક ચોઈ દ્વારા લેવામાં આવ્યા છે.

★ ચીને વિશ્વના સૌપ્રથમ ક્વોન્ટમ ઉપગ્રહનું પ્રક્ષેપણ કર્યું છે. તેમાં ડેટા કમ્યુનિકેશન ફોટોનના માધ્યમથી થશે. ફોટોનને અલગ પણ નથી કરી શકાતો કે તેની નકલ પણ થઈ શકતી નથી. આ સ્થિતિમાં તેના માધ્યમથી પસાર થતી માહિતી હૅક થઈ શકતી નથી. આમ માહિતીની ચોરી ન થાય તે માટે બનાવેલ ઉપગ્રહનું નામ પાંચમી સદીના ચીનના મહાન ચિંતક 'મિસિઅસ' ના નામ ઉપરથી રખાયું છે.

★ તાજેતરમાં મુંબઈના રાજભવનમાં સેંકડો દાયકાઓથી બંધ ૧૫૦ મીટર લાંબું અને ૨૦ ફૂટ ઊંચા ગેટ સાથેનું રેમ્પવાળું બંકર મળી આવ્યું છે. તેના લાંબા પેસેજની બંને બાજુ નાનાથી મધ્યમ આકારના રૂમ આવેલા છે.

★ દક્ષિણ ભારતના સુપર સ્ટાર ચિરંજીવીનું મૂળ નામ કોનીડેલા શિવશંકર વારા પ્રસાદ છે. તે પહેલા એવા દક્ષિણ ભારતીય અભિનેતા છે જેમને વરસ ૧૯૮૭માં ઑસ્કર એવોર્ડ્સ સેરેમનીમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ અભિનેતાની સિંગલ, ડબલ અને ત્રિપલ રોલમાં બનેલી ફિલ્મે સો દિવસો સુધી સતત ચાલીને રેકોર્ડ બનાવ્યો છે. તે એવા પહેલા ભારતીય સ્ટાર છે જેમણે પોતાની વેબસાઈટ શરૂ કરી છે.

★ ગીતા મહાભારતના અગણિત સંવાદોમાંથી એક સંવાદ છે. ગીતાનાં ૪૨ જેટલાં અનુકરણ થયાં છે. તેમાં અષ્ટાવક્ર ગીતા સૌથી સારી ગણાય છે. સાંસારિક બાબતોમાં રસ પણ ન હોય તેવા આચાર્યોએ ગીતાને અધ્યાત્મના ધોકાથી ટીપીને અધમૂઈ કરી નાખી છે. ગીતા નામ મહાભારતમાં નથી અને વ્યાકરણના નિયમ પ્રમાણે ચાલીએ તો ગીતા નામ ખોટું છે. સંસ્કૃત ભાષામાં ગીત શબ્દ નાન્યતર જાતિનો છે. તેથી ગીતમ્ કહેવું જોઈએ. ગીતા નારી જાતિનો શબ્દ છે. પણ ગીતા નામ નથી, ભૂતકૃદંત છે. નામ ઉપનિષદ છે. ભગવાને ગાયેલી (ગીતા) ઉપનિષદ તેવું કહેવાયું છે. ગીતા માત્ર હિંદુઓ કે હિન્દુસ્તાનનો ગ્રંથ નથી, ગીતા આજે વિશ્વગ્રંથ છે અને દુનિયાના તમામ બુદ્ધિવંતો ગીતાથી આકર્ષાયા છે. હિન્દુસ્તાનના પહેલા ગવર્નર જનરલ વોરન હોસ્ટિંગ્સથી માંડીને અવકાશમાં ઘૂમી વળનાર સુનિતા વિલિયમ્સ સુધીના અનેક મહાનુભાવો ગીતાના અભ્યાસીઓ છે.

★ બ્રોડ કાસ્ટિંગ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલના જણાવ્યા મુજબ રિયોમાં પી.વી. સિંધુની ફાઈનલ મેચે વ્યુઅરશિપના અનેક વિક્રમ તોડી નાખ્યા છે. સિંધુ મારીનની આ મેચ ભારતમાં દર મિનિટે ૧૭૩ લાખ લોકોએ જોઈ છે. નોન ક્રિકેટ મેચોનો વિક્રમ છે. ઑડિયન્સ રિસર્ચ કાઉન્સિલ મુજબ દેશમાં તેનાથી વધુ માત્ર ક્રિકેટ જ જોવાયું છે. આઈ.પી.એલ. ફાઈનલ ૪.૪૬ કરોડ લોકોએ જોઈ હતી.

★ **આપણા દેશમાં ડૉક્ટરોની કમનસીબી :**

(૧) આપણે એવા દેશમાં રહીએ છીએ જ્યાં ૨૦૦ રૂપિયા વિઝિટ ફી આપીને ક્વોલીફાઈડ ડૉક્ટરોને ઘરે અડધી રાતે બોલાવી શકીએ છીએ. પરંતુ અડધી રાત્રીએ તમને પ્લમ્બર કે ઈલેક્ટ્રીશિયનની સેવા ૫૦૦ રૂપિયા દેવા છતાંય ના મળે.

(૨) એક દર્દી હોસ્પિટલમાં અચાનક કોઈ કારણસર મૃત્યુ પામે તો તેનાં સગાંવહાલાં આખી હોસ્પિટલને માથે લઈને હંગામો મચાવી દે છે, જાણે કે ડૉક્ટરે દર્દીનું ખૂન કર્યું હોય! જ્યારે દેશમાં હજારો લોકો ભૂખ, ગરીબી અને કુપોષણને લીધે મરી જાય છે.

(૩) જ્યારે દર્દી દવાખાને આવે છે ત્યારે તેમને સારવાર તરત જ મળવી જોઈએ અને જરા પણ વિલંબ થાય તો રાડારાડ કરી મૂકે. જ્યારે કોર્ટ કચેરીમાં વરસોથી લાખો કેસો ચુકાદાની રાહમાં પેન્ડિંગ પડ્યા છે.

(૪) વાજબી ફી લેવા છતાં અને ઘણી વખત માનવતાને ખાતર મામૂલી ફી લેવા છતાં આપણા દેશમાં ડૉક્ટરોને લૂંટારા અને છેતરનારા ગણવામાં આવે છે. જ્યારે ખાયકીખોર બાબુઓ અને રાજકારણીઓને સેલીબ્રિટી તરીકે માનપાન આપવામાં આવે છે.

(૫) આપણે એ દેશમાં રહીએ છીએ જ્યાં બાળકની જન્મની ખુશીમાં પાર્ટીઓ કરીને લાખો લૂંટાવી દઈએ છીએ જ્યારે સલામત પ્રસૂતિ કરાવવાવાળા ડૉક્ટર ચાર પાંચ હજાર ફી માંગે તો ભવાં ચઢી જાય છે.

(૬) આપણા દેશમાં ૧૫૦૦ રૂપિયામાં એરકંડિશન રૂમના મળે પણ ડૉક્ટરોની હોસ્પિટલમાં ૧૫૦૦ રૂપિયામાં એરકંડિશન રૂમમાં ડૉક્ટરોની સેવા સાથે દરેક જાતની સારવાર આપવામાં આવે અને છતાં કંઈ ખોટું થઈ ગયું તો ડૉક્ટરનો કાંઠલો પકડવામાં આવે.

(૭) દર્દીને લોહીની જરૂરિયાત ઊભી થાય ત્યારે તેનાં સગાંવહાલાં આડાં-અવળાં ભાગી જાય છે. જ્યારે દવાખાનામાં કોઈનું સગું ન સમજાય તેવા કારણોસર મરી જાય તો કાચી સેકન્ડમાં હંગામો મચાવવા બધા ભેગા થઈ જાય છે.

*માટે જ તમારા ડૉક્ટરની ટીકા કરતાં પહેલાં બે ચાર વિચારો...*

## દોષનો ટોપલો 'દેવ'ને માથે નાખી ચાલાક માનવી કહે છે
## "ઇશ્વરને ગમ્યું તે ખરું"

જયરામભાઈ બીમાર હતા. અચાનક ગુજરી ગયા. તેમના બેસણાનો પત્ર જુઓ :

*શ્રીમાન મહાશય,*

*દુઃખ સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી જયરામભાઈ કારતક સુદી બારસને દિવસે દેવલોક પામ્યા છે. તેમનું બેસણું રવિવારે સાંજે ૪ થી ૬ સમયે રાખેલ છે. 'ઈશ્વરને ગમ્યું તે ખરું.'*

લગભગ દરેક અશુભ પત્રની છેલ્લી લીટીમાં આ વાક્ય જરૂર વાંચવા મળે.

પણ જેરામભાઈ મરી ગયા ત્યારે ચારે દીકરાઓએ જમવાના વારા કાઢેલા છતાં બાપની સેવા કરતાં તકલીફ પડી તેથી "ઘરડા ઘર"માં મૂકી આવ્યા. અસહાય, નિરાધાર, લાચાર બાપાએ દીકરાઓથી છૂટવા રિબાઈ રિબાઈને દમ તોડ્યો. અને છેલ્લે દીકરાઓ લખે છે : "ઈશ્વરને ગમ્યું તે ખરું."

બાપાના વારા કાઢ્યા અને ઘરડાઘરમાં મૂક્યા તે ઈશ્વરને ગમ્યું ન હતું. પણ રિવાજ પ્રમાણે લખવું પડે તેથી લખ્યું...

**વેપારી :** ખાદ્યચીજોમાં ભેળસેળ કરી પાપની કમાણી કરી સમાજમાં વાહવાહ કરવા "દાન" કરે ત્યારે તેને ખબર છે, ઈશ્વરને ગમ્યું નથી. છતાં ન ગમતાં કાર્યો કર્યે જાય છે.

**અમલદાર :** નોકરી દરમિયાન લાંચ લઈને અઢળક ધન ભેગું કરનાર લાંચિયા અમલદાર પણ કહે છે 'ઈશ્વરને ગમ્યું તે ખરું.'

**ડૉક્ટર :** સ્ત્રી ભ્રૂણ હત્યા કરી પાપના પોટલા બાંધનાર ડૉક્ટર પણ હત્યા કરવાના લાખો કમાઈને કહે છે, 'ઈશ્વરને ગમ્યું તે ખરું.'

**પડોશી ખેડૂત** બાજુના ખેતરની જમીન દબાવી હરામની જમીન પચાવનાર ખેડૂત કહે છે, 'ઈશ્વરને ગમ્યું તે ખરું.'

**યાત્રા :** તીર્થોના પાણીમાં ખોળિયા ઝબોળી કડવી તુમડી જેવા ભક્તો યાત્રા કર્યા પછી પણ સ્વભાવ ક્રોધી, ઝઘડાળુ, ઈર્ષ્યાળુ અને લોભ છોડતા નથી. છતાં કહે છે, 'ઈશ્વરને ગમ્યું તે ખરું.'

**નફ્ફટ નેતા :** ચૂંટણીમાં જીત્યા પછી સરકારમાંથી બે નંબરની કરોડો રૂપિયાની બેંક બેલેન્સ કરી કહે છે, 'ઈશ્વરને ગમ્યું તે ખરું.'

સમાજમાં રહી ખોટા કાર્યો કરી પોતાના દોષો છુપાવી અનેક કુકર્મીઓ સમાજને છેતરી પાપના પોટલા બાંધે છે. જે ઈશ્વરને ગમતું નથી તે જાણવા છતાં અનીતિ છોડતા નથી.

ઈશ્વર સર્વત્ર છે તેવી પાકી ખાતરી છે અને મરતા સુધી પાપના પોટલા બાંધનારને અંત સમયે યાદ આવે છે.

'ઈશ્વર' થાકી - હારી કહે છે, 'ઈશ્વરને ગમ્યું તે ખરું.'

ખરેખર તો પળેપળ જિંદગીમાં ઈશ્વરને યાદ કરી જીવન જીવાય તો સુખ, ચેન, આનંદ જરૂર મળે છે. માત્ર દૃષ્ટિ અને વિચાર બદલવાના છે.

**– પ્રભુલાલ એમ. સંઘવી**



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **લઘુ પાસપોર્ટ કેન્દ્ર :** તાજેતરમાં કેન્દ્રીય વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ સાથે પૂર્વ સાંસદ પૂનમબેન જાટે ભુજમાં પાસપોર્ટ કચેરી ખોલવા સંબંધી જાણકારી માટે મુલાકાત લીધેલ હતી. મુલાકાત દરમ્યાન વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે ભુજમાં ટુંક સમયમાં સારી સુવિધા સહિતની લઘુ પાસપોર્ટ કચેરી ચાલુ કરવામાં આવશે.

★ **નર્મદાના પાણી બાબત કચ્છને અન્યાય :** કચ્છના પ્રભારી રવિન્દ્ર ત્રવાડીએ ગુજરાતના મુખ્યમંત્રીને નર્મદાના સિંચાઈના નીરને કચ્છના છેવાડાના ગામોને લાભ મળે તેવી રજૂઆત પત્ર દ્વારા કરી છે. વધુમાં તેમણે જણાવ્યું છે કે ખનીજ રોયલ્ટીના કરોડો રૂપિયા કમાવી આપતા કચ્છને મળવાપાત્ર પાણીની મુખ્ય કેનાલો તાત્કાલિક બનાવવા અંગે જણાવેલ છે.

★ **કચ્છી લેખક વીનેશ અંતાણીને નર્મદ એવોર્ડ :** ગુજરાતના જાણીતા નવલકથાકાર, વાર્તાકાર, કચ્છી સર્જક અને ભુજના વતની વીનેશ અંતાણીને મુંબઈ ખાતે મહારાષ્ટ્ર સરકારના ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૬નું 'કવિ નર્મદ સાહિત્ય પારિતોષિક ઍવોર્ડ' આપવાની જાહેરાત કરવામાં આવી છે. ઉપરાંત તેમની નવલકથાઓ તેમજ વાર્તાઓને, નવલિકાઓને અલગ અલગ ઍવોર્ડો મળેલ છે.

★ **કચ્છી હસ્તકલાના પારખુ 'કાકી' ચંદ્રાબેન શ્રોફ :** સોય દોરામાંથી ક્રાંતિનું સર્જન કરનારા અને કચ્છમાં આહીર રબારી કોમની પરંપરાગત ભરતકામ તથા બાંધણીની હસ્તકળાને લુપ્ત થતી બચાવી વૈશ્વિક સ્તરે લોકપ્રિય બનાવનાર તેમજ એક લાખ અમેરિકન ડોલરના પ્રતિષ્ઠિત રોલેક્સ ઍવોર્ડથી સન્માનિત ચંદ્રાબેન કાંતિસેન શ્રોફનું ૮૩ વર્ષે નિધન થતાં હસ્તકળા જગતમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

★ **ભારતના 'મુન મિશન'માં કચ્છની ભૂમિકા :** મેઈડ ઈન્ડિયા તળે પ્રથમ વખત ગાંધીધામ નજીકના વરસાણા ગામમાં આવેલ એવરેસ્ટ કાન્ટો નામની કંપનીનાં ગેસ સિલિન્ડર મિશન ચંદ્રયાન-૨ ના એન્જિન ટેસ્ટીંગ માટે પસંદ પામેલ છે. જેને કંપનીએ વિક્રમી સમયમાં ૩ ટનનું એક એવા ૬૦ સિલિન્ડરો તૈયાર કરી ઈસરો ખાતે ડિલીવરી કરેલ.

★ **કચ્છી પુત્રીની સાહસિક સિદ્ધિ – બંજી જમ્પ :** દુબઈ ખાતે રહેતા માંડવી કચ્છના મનીષાબેન કૈલાસ મહેન્દ્રભાઈ આસરની ૧૩ વર્ષની પુત્રીએ બંજી જમ્પ માટે વિશ્વવિખ્યાત સાઉથ આફ્રિકાના વેસ્ટર્ન કેમ્પ ખાતે આવેલ દુનિયાના સૌથી ઊંચા બ્લાઉડન્સ બ્રિજ ઉપરથી છલાંગ લગાવી સાહસિકતાની દૃઢ શક્તિનો ધ્વજ લહેરાવ્યો છે.

★ **કાંઠાળ આર્થિક ઝોન – ગુજરાત :** ગુજરાત રાજ્યના શિપિંગ મંત્રાલયે કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયા કિનારાને સાંકળીને દેશના આર્થિક વિકાસને વેગ આપવા એક દરખાસ્ત તૈયાર કરેલ છે. આનાથી કચ્છના વેપાર ઉદ્યોગમાં વૃદ્ધિ આવશે.

★ **કચ્છી યુવાનનું અંગદાન :** મુંબઈના કાંજુરમાર્ગ પર રહેતા અને સીલાઈકામ કરતાં મૂળ મુંદ્રાના કચ્છી મચ્છુ સઈ સુથાર જ્ઞાતિના મેહુલ લધુભાઈનું બ્રેઈન ડેડ મૃત્યુ થવાથી તેમના પરિવારજનોએ તેના હૃદય, ફેફસા, બે કિડની, બે આંખો વગેરે અંગોનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન બક્ષેલ છે.

★ **કોઠારા - શિક્ષક રત્નોની ખાણ :** શિક્ષક દિન નિમિત્તે કચ્છના અબડાસાના કોઠારા ગામને અચૂક યાદ કરવામાં આવે છે. જયાં આજે આ ગામમાંથી ભણીને નીકળેલ ૪૪ શિક્ષકો કોઠારા ગામની સ્કૂલમાં ભણાવે છે. આ ગામમાં ૧૫ નિવૃત્ત શિક્ષકો છે તેમજ આ ગામમાંથી કચ્છના પ્રથમ આઈ.એ.એસ. કાર્તિક બુધ્ધભટ્ટીની ભેટ મળેલ છે. આ શિક્ષકોમાંથી રાષ્ટ્રીય બેસ્ટ શિક્ષકના ગુજરાત ઍવોર્ડ વિનર પણ છે.

★ **અબ્દુલ કલામ રાષ્ટ્રરત્ન એવોર્ડ :** પુના - મહારાષ્ટ્રના મણિભાઈ દેસાઈ માનવસેવા ટ્રસ્ટ દ્વારા કચ્છ મેરાઉના કાંદિવલી ખાતે રહેતા માનવ જયોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - મુલુંડના ટ્રસ્ટી વલ્લભભાઈ ડી. શાહ (માનવમિત્ર)ની અનેકવિધ સેવાઓને ધ્યાનમાં લઈ આ રાષ્ટ્રરત્ન ઍવોર્ડ આપવામાં આવશે. તેવી રીતે માનવજયોત સંસ્થા - ભુજના પ્રમુખ પ્રબોધ મુનવરને તેમની માનવસેવા, જીવદયા અને પર્યાવરણની સેવાઓને લઈને આ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

★ **રેલવે :** દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી ઓક્ટોબર માસમાં ટ્રેન નં. ૦૯૪૫૮ ગાંધીધામ - તિરૂનવેલી વાયા વસઈ સ્પેશિયલ ભાડા સાથે સાપ્તાહિક ટ્રેન દોડાવાશે. આ ટ્રેન ઓક્ટોબરમાં દર સોમવારે ગાંધીધામથી બપોરે ૧.૫૦ કલાકે ઉપડી બુધવારે તિરૂનવેલી પહોંચશે. જયારે ટ્રેન નં.

૦૯૪૫૭ તિરૂનવેલીથી દર ગુરુવારે સવારે ૬.૫૫ કલાકે ગાંધીધામ જવા ઉપડશે. જેમાં ૧ સેકન્ડ એ.સી., ૪ થર્ડ એ.સી., ૮ સ્લીપર કોચ તેમજ ૬ સેકન્ડ ક્લાસ સિટીંગ ધરાવતી આ ટ્રેનનું બુકિંગ ચાલુ થઈ ગયું છે.

★ **ભુજ - કંડલા દેશના હવાઈ સંપર્કોથી જોડાશે :** ગુજરાતના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટ બેઠકમાં ગુજરાતના ૧૧ શહેરો એર કનેક્ટીવિટીથી જોડવા કેન્દ્ર સરકારના ૮૦ ટકા સહાયથી એમ.ઓ.યુ.ની મંજૂરી આપી છે. આ ૧૧ શહેરો : ભુજ, પોરબંદર, કેશોદ, કંડલા, ડીસા, અમરેલી, મહેસાણા, માંડવી, જામનગર અને સુરત છે. તેમને વધુ સારી એર કનેક્ટીવિટી મળશે તેવી ખાતરી આપી છે.

★ **ગાંધીધામ - ભુજ - દેશપર વચ્ચે ડેમુ ટ્રેન :** ભુજથી નલિયા ગેજ પરિવર્તનનું કામ વર્ષ ૨૦૧૮ સુધીમાં પૂર્ણ થઈ જવાની ધારણા રેલવેની કમિટીએ આપેલ છે. એક સર્વે અનુસાર ગાંધીધામથી ભુજ અને ભુજથી દેશલપર વચ્ચે તાત્કાલિક, માત્ર સિટીંગ વ્યવસ્થા ધરાવતી નાની ચાર ડબ્બાની ટ્રેન કચ્છના ઇતિહાસમાં પ્રથમ વખત દોડતી થાય તેવી સંભાવના વ્યક્ત થઈ હતી. જે આગળ જતાં નલિયા સુધી પણ દોડી શકે છે. જો આ સુવિધા શરૂ થાય તો ગાંધીધામ - ભુજ અબડાસાને નજીક લાવી શકાય તેવી આશા બંધાઈ છે. આ નાની પેસેન્જર ટ્રેન આગામી એપ્રિલથી દોડતી થાય તેવી શક્યતા છે.

★ **ભુજથી એસ.ટી.ના નવા રૂટ શરૂ થયા :** તા. ૧૫-૯થી ભુજ એસ.ટી. ડેપો તરફથી ચાર નવા એક્સપ્રેસ રૂટ તથા નવો આંતરિક રૂટ શરૂ થશે. જેમાં ભુજથી વડોદરા સવારના ૯.૩૦ વાગે વાયા અમદાવાદ તથા વડોદરાથી સવારના ૫.૦૦ વાગે ઉપડશે. ભુજથી સારંગપુર સવારના ૮.૪૫ વાગે તથા સારંગપુરથી ભુજ સવારના ૬.૩૦ વાગે મળશે. ઉપરાંત ભુજથી બારિયા વાયા અમદાવાદ બપોરના ૧૨.૩૦ વાગે અને બારિયાથી સવારના ૧૦.૪૫ ઉપડી, રાત્રે ૧૦.૦૦ વાગે ભુજ પહોંચશે. તેમજ ભુજથી અમદાવાદ સવારે ૪.૧૫ વાગે ઉપડી બપોરે ૧૨.૦૦ વાગે અમદાવાદ પહોંચશે તેમજ અમદાવાદથી બપોરના ૩.૦૦ વાગે ઉપડી રાતે ૧૧.૦૦ વાગે ભુજ પહોંચશે. આ ઉપરાંત કચ્છમાં આંતરિક મિની બસ સેવા મુંદ્રા, ગાંધીધામ અને નલિયા માટે પણ સવારના ૬.૦૦ વાગ્યાથી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી દોડશે.

★ **આડેસરમાં રેલવે સ્ટોપની મંજૂરી :** લોક આંદોલનના ફળ સ્વરૂપે આખરે આડેસરને કચ્છ આવતી જતી ટ્રેનો માટે સ્ટોપ તા. ૧૪-૯ બુધવારથી મંજૂરી મળેલ છે. દર સોમ અને ગુરુવારે મુંબઈ જવા માટે આડેસરથી રાત્રે ૯.૩૦ કલાકે ટ્રેન કનેક્શન મળશે જ્યારે બુધ અને શનિવારે બપોરના ૧.૫૧ મિનિટે મુંબઈથી આડેસર ટ્રેન પહોંચશે. આડેસરથી હડપ્પન સંસ્કૃતિ ધોળાવીરા નજીક થવાથી પ્રવાસીઓને પણ આવવા જવાની સુગમતા રહેશે.

★ **રેલવે - કચ્છની ધડકન કચ્છ એક્સપ્રેસ :** ૧૯૮૨થી કચ્છ અને મુંબઈ વચ્ચે દોડતી કચ્છની ધડકન એવી કચ્છ એક્સપ્રેસ ટ્રેનની ૩૪ વર્ષ બાદ ઓક્ટોબર-૨૦૧૬થી સુપર ફાસ્ટ શ્રેણીમાં ગણતરી થશે. જેથી તેની ઝડપમાં વધારો થશે તેમજ સમયના અંતરમાં પણ ૨૦ મિનિટનો ઘટાડો થશે. આના કારણે સેકન્ડ ક્લાસમાં રૂા. ૩૦/- તથા એ.સી. ક્લાસમાં રૂા. ૪૫/- જેટલો ભાડાનો વધારો થશે. હવે આ ટ્રેન દાદર - ભુજ વચ્ચે દોડશે. ■

*"તમારા જ્ઞાનની કિંમત તમારાં કાર્યોમાં રહેલી છે. સેંકડો પુસ્તકોનું જ્ઞાન મગજમાં ભરવાથી તેની કિંમત મળી શકે છે, પરંતુ તેના પ્રમાણમાં કાર્યની કિંમત અનેકગણી વધારે છે. મગજમાં ભરેલા જ્ઞાનની કિંમત માત્ર કાર્યની કિંમત જેટલી જ છે. બાકીનું બધું જ્ઞાન મગજને નકામા ભારરૂપ છે. એટલે મારી તો હંમેશાં આ જ વિનંતી છે અને આ જ આગ્રહ છે કે તમે જેવું શીખો અને સમજો તેવું જ આચરણ કરજો. તેમ કરવામાં ઉન્નતિ છે."*

*– મો. ક. ગાંધી*

**પંચગની હવાફેર**
**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

**Laxmichand Dharshi**
Estd. 1955
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

*સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.*

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

● **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

*કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## શું આપ ૩ થી ૮ વર્ષની વયના બાળકના મા-બાપ / વાલી / વડીલ છો?

*આપ આપના બાળકની શક્તિઓને ઓળખો છો?* આપ તેને ઘણો બધો હોંશિયાર બનાવવામાં મદદ કરી શકો છો.

ડૉ. હાવર્ડ ગાર્ડનરના મત પ્રમાણે દરેક બાળક ૮ પ્રકારની વિવિધ બુદ્ધિ (Intelligence) લઈને જન્મે છે (visual, logical, bodily kinesthetic, interpersonal, intrapersonal, musical, linguistic and naturalistic).

આપનું બાળક કઈ બુદ્ધિ / કયા પ્રકારની Intelligence લઈને જન્મ્યું છે તે જાણવા અને તમે કેમ કરીને તેને મદદ કરી શકો તે જાણવા પધારો.

*તારીખ* : *તા. ૨૭-૧૧-૨૦૧૬, રવિવાર.*
*સમય* : *સાંજે ૪.૦૦ થી ૬.૦૦*
*સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન, પાલડી*
*રજિસ્ટ્રેશન ફી* : *રૂા. ૨૦/-*
*ફેકલ્ટી* : *કુ. હીરલ ધોળકિયા,* ***special educator.***

## *ARE YOU PARENT OF A CHILD OF AGE 3-8 YRS?*

Do u know all the strengths of your child??

You can help him become smarter n high achiever

According to Howard Gardner, every child is born with 8 different type of intelligences : visual, logical, bodily kinesthetic, interpersonal, intrapersonal, musical, linguistic and naturalistic.

Join our workshop on 'Knowing my child' to learn about the different type of intelligences your child is born with so that u can help him better!!

***Date*** : 27 November 2016
***Time*** : 4-6 pm onwards
***Venue*** : Kutchi Jain Seva Samaj
***Registration*** : Rs 20
***Faculty*** : Ms. Hiral Dholakia, special educator.

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા "એપ્ટિટ્યૂડ ટેસ્ટ" અથવા "બાયોમેટ્રિક ટેસ્ટ"

દર વર્ષની માફક આ વર્ષે પણ "એપ્ટિટ્યૂડ ટેસ્ટ" અથવા "બાયોમેટ્રિક ટેસ્ટ"નો કાર્યક્રમ શુક્રવાર તથા શનિવાર ૨ અને ૩ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ (સમય : સાંજે ૭.૩૦થી રાતના ૧૦.૦૦ વાગ્યા સુધીનો) રાખેલ છે. તો જે વિદ્યાર્થીઓ ધોરણ-૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨મા ધોરણમાં ભણે છે, તેઓ આમાં પોતાનું નામ નોંધાવી શકે છે.

અત્યારના સમયમાં જ્યારે Career બનાવવા માટે ધોરણ-૧૦ કે ૧૧-૧૨ના બદલે જો બાળકો બને એટલાં વહેલાં પોતાનામાં રહેલી શક્તિને પિછાણે, પોતાને શું ગમે છે? પોતાને આગળ જતા ભવિષ્યમાં શું બનવું છે? તેમ બને એટલું વહેલું જાણી શકે તો વધુ સારી રીતે; જ્યારે ધોરણ-૧૨ પછી Science, Arts, Engg., Medical, Design, Psychology, Theatre વગેરે લાઈન નક્કી કરવાનું આવશે – ત્યારે ઘણી જ આસાન થશે.

જો આપ આ વાંચી રહ્યા છો અને ધોરણ-૮, ૯, ૧૦, ૧૧, ૧૨નાં બાળકોનાં વાલીઓ છો, તો ખાસ ધ્યાન રાખીને આપનાં પાલ્યને અત્રે મોકલશો.

- **નામ નોંધાવવા માટે સંપર્ક :**
  ***નીશાબેન મહેતા,*** શ્રી કચ્છી જૈન ભવન - પાલડી
  (બપોરે ૧૨.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી)
  ફોન : ૨૬૫૮૧૫૦૧ • મો. ૮૦૦૦૦ ૩૫૦૦૫

***કન્વીનર - શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

# સમાજ દર્પણ

## અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૩૦-૮-૨૦૧૬**
  **મીઠુભાઈ (બાબુભાઈ) ખેતશી મહેતા (ઉં.વ.-૮૦)**
  **(ભુજપુર - અમદાવાદ)**
- **બુધવાર, તા. ૩૧-૮-૨૦૧૬**
  **હેમચંદ કુંવરજી ધરમશી (ઉં.વ.-૮૬) (સુથરી - અમદાવાદ)**
- **શુક્રવાર, તા. ૨-૯-૨૦૧૬**
  **પ્રભુલાલ રાઘવજી વોરા (ઉં.વ.-૭૨) (અંજાર - અમદાવાદ)**
- **તા. ૧૭-૯-૨૦૧૬**
  **માતુશ્રી પુષ્પાબેન પ્રાગજી પ્રેમચંદ કોરડિયા (ઉં.વ.-૬૨)**
  **(ફતેહગઢ (રાપર) – અમદાવાદ)**
- **સોમવાર, તા. ૧૯-૯-૨૦૧૬**
  **ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા (ઉં.વ.-૭૨)**
  **(ફતેહગઢ (રાપર) – અમદાવાદ)**
- **શનિવાર, તા. ૨૪-૯-૨૦૧૬**
  **માતુશ્રી પાનબાઈ ધારશી રાંભિયા (ઉં.વ.-૮૮)**
  **(નાના ભાડિયા - અમદાવાદ)**

## શોકાંજલિ

'મંગલ મંદિર'માં બાળકો માટેના લોકપ્રિય વિભાગ "બાલુડેં જ્યું ગાલિયું"ના સંપાદનની જવાબદારી સંભાળતા શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયાના **માતુશ્રી પાનબાઈ ધારશી રાંભિયા (ગામ : નાના ભાડિયા)**નું તા. ૨૪-૯-૨૦૧૬ના રોજ ૮૮ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયેલ છે.

'મંગલ મંદિર' પરિવાર તરફથી શોકાંજલિ અને સદ્‌ગત આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦,૮૦૫/- | સ્વામિવાત્સલ્ય જમણવારના શુભ પ્રસંગે સમાજના શુભેચ્છક સભ્યો તરફથી |
| રૂા. | ૧,૧૦૦/- | શ્રી પ્રવીણભાઈ કારાણી - હૈદ્રાબાદ |
| રૂા. | ૮૦૦/- | શ્રી સમર્થ પીયૂષ શાહ - અમદાવાદ |
| રૂા. | ૫૦૦/- | શ્રી નિખિલ સી. સંઘવી - ભુજ |

### વયસ્ક સમિતિ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૫૦૦/- | સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડ પરિવાર - અમદાવાદ (૪થી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે) |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી કાનજી સ્વરુપચંદ વોરા - અમદાવાદ |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી શાંતિલાલ સોમચંદ શેઠ - અમદાવાદ |

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૬,૦૦૦/- | ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ |
| રૂા. | ૨,૫૦૦/- | સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડ પરિવાર - અમદાવાદ (૪થી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે) |
| રૂા. | ૧,૦૦૦/- | શ્રી નિખિલ ગુણવંતભાઈ શાહ |

### સાધર્મિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૦૦૦/- | શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર |

### જનરલ ડોનેશન ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૫,૦૦૦/- | શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ મુળજી સાવલા - અમદાવાદ |

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી નિખિલ ગુણવંતભાઈ શાહ - અમદાવાદ |
| રૂા. | ૧,૦૦૦/- | શ્રી સુરેન્દ્ર ગાલા - હૈદ્રાબાદ |

### શૈક્ષણિક પુરસ્કાર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૫,૦૦૦/- | શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ - અમદાવાદ |


*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## સમાજના સભ્યો જોગ

### 'જીઓ' મેડિક્લેઇમ પોલિસી : ફેઝ-૧ રીન્યુઅલ બાબતે

*સમાજના જે સભ્યોએ 'જીઓ'ની ફેઝ-૧ મેડિક્લેઈમ પોલિસી લીધેલ છે તેની વાર્ષિક મુદત તા. ૩૦-૧૦-૨૦૧૬ના રોજ પૂરી થતી હોઈ, રીન્યુઅલ માટે તાત્કાલિક સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર સંપર્ક કરવો.*

## શ્રધ્ધાંજલી



**શ્રી બાબુભાઈ ઉર્ફે મીઠુભાઈ ખેતશી મહેતા** કચ્છના મૂળ ગામ ભુજપુરના હતા. તેઓશ્રીનાં પિતાશ્રી મુંબઈમાં સ્થાયી થયેલ હોવાથી જન્મ પણ મુંબઈમાં થયો. એસ.એસ.સી.નો અભ્યાસ પૂર્ણ કરી મુંબઈમાં કુર્લા ખાતે ઈલેક્ટ્રોનિક્સ આઈટમનો શો-રૂમ શરૂ કર્યો. તેઓશ્રી વર્ષ ૨૦૦૦ સુધી મુંબઈમાં રહ્યા પછી ધંધામાંથી નિવૃત્તિ લઈને પરિવાર સાથે અમદાવાદ સ્થળાંતર કર્યું. તેમના દીકરા શ્રી દર્શનભાઈએ અમદાવાદ આવીને હોમ એપ્લાયન્સિસનો હોલસેલ વ્યાપાર શરૂ કર્યો. શ્રી બાબુભાઈ ખેતશી મહેતા પછી તેઓના દીકરાની ઑફિસમાં જોડાયા તથા છેલ્લે સુધી પોતાના દીકરાને મદદરૂપ થતા — નિયમિત ઑફિસે જતા.

તેઓશ્રી મળતાવડા સ્વભાવના હતા તથા જ્યારથી અમદાવાદ આવ્યા ત્યારથી શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાયા. તેઓશ્રીએ કેટલાંક વર્ષો સુધી સંસ્થાની કારોબારી સમિતિના સભ્ય તરીકે પણ જવાબદારી નિભાવેલ હતી. વર્ષ ૨૦૦૩-૨૦૦૪ તથા ૨૦૦૪-૨૦૦૫ માટે તેઓએ સંસ્થામાં સહમંત્રી તરીકે પણ ફરજ બજાવેલ હતી.

તેઓશ્રીનું તા. ૩૦-૦૮-૨૦૧૬ના રોજ અવસાન થયેલ છે. તેઓશ્રીના પરિવારમાં ધર્મપત્ની ઉપરાંત એક દીકરો અને એક દીકરી છે, જેઓ પોતાના પરિવાર સાથે અમદાવાદમાં સ્થાયી થયેલ છે.

તેઓશ્રીનાં અવસાન થકી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખૂબ જ આઘાતની લાગણી અનુભવે છે. પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ અર્પે તથા તેમના કુટુંબીજનોને આ કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના.


*એજ લિ.*

**કાંતિલાલ રામજી શાહ** — **માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ** — **મેનેજિંગ ટ્રસ્ટી / પ્રમુખ**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રધ્ધાંજલી



**શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ (કોરડિયા)** મૂળ ગામે કચ્છમાં ફતેહગઢ રાપરના હતા. નાનપણ અંજારમાં વીત્યું. ૭ ચોપડી ભણીને પોતાના મોટાભાઈ શ્રી ધનજીભાઈ સાથે મુંબઈ જઈને ધંધામાં જોડાયા. મુંબઈ કાલબાદેવી પર શ્રી ધનજીભાઈની ચોપડીઓની નાની દુકાન હતી. બંને ભાઈઓની ધગશ અને અપાર મહેનતથી તેઓએ નવભારત સાહિત્ય મંદિરને ખૂબ જ ઊંચાઈએ પહોંચાડ્યું. મુંબઈ તથા ગુજરાતમાં આ નામ — ખાસ કરીને વાર્તાની ચોપડીઓ માટે ખૂબ જ જાણીતું થયું. ૩૫-૪૦ વર્ષ પહેલાં તેઓએ મુંબઈથી ગુજરાતમાં ધંધાના વિકાસ અર્થે અમદાવાદમાં સ્થળાંતર કર્યું. ત્યારથી અત્યાર સુધી તેઓએ અમદાવાદમાં જ જીવન વ્યતીત કર્યું. સી.જી. રોડ સ્થિત 'બુક શેલ્ફ' નામની દુકાનની શરૂઆત કરી અને છેલ્લે સુધી તેઓ નિયમિત ત્યાં જ બેસતા.

તેઓશ્રીના સાલસ સ્વભાવ થકી તેઓ ફક્ત પરિવારમાં જ નહીં આપણા સમગ્ર સમાજમાં લોકપ્રિય હતા. છેલ્લા કેટલાક સમયથી તેઓને હૃદયની બીમારી હતી. તેથી જાહેર જીવનમાંથી કેટલેક અંશે નિવૃત્તિ સ્વીકારી હતી. તેઓશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક સક્રિય કાર્યકર્તા રહી ચૂક્યા છે. વર્ષો સુધી તેઓશ્રીએ સંસ્થાની કારોબારીમાં સભ્યપદે ફરજ બજાવેલ હતી તથા વર્ષ ૧૯૮૯-૯૦ તથા ૧૯૯૨-૯૩માં સંસ્થાના સહમંત્રી પદે હતા.

સ્વ. શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ પાંચ ભાઈઓ તથા બે બહેનોનો બહોળો પરિવાર ધરાવતા હતા. પોતાના પરિવારમાં ધર્મપત્ની ઉપરાંત બે પુત્ર અને એક પુત્રી છે. બધાને સારી રીતે ઉછેરીને યોગ્ય વ્યવસાયમાં લગાડી ગત તા. ૧૮-૯-૨૦૧૬ના રોજ સ્વર્ગે સિધાવ્યા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેઓને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે તથા પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના કરે છે. સાથે સાથે તેઓના પરિવારજનોને આ આઘાત જીરવવાની શક્તિ પ્રદાન કરે તેવી અંતઃકરણપૂર્વક અભ્યર્થના કરે છે.

*એજ લિ.*

**કાંતિલાલ રામજી શાહ** — **માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ** — **મેનેજિંગ ટ્રસ્ટી / પ્રમુખ**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય તથા સરસ્વતી સન્માન કાર્યક્રમનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે રવિવાર તા. ૧૮-૯-૨૦૧૬ના દિવસે સંસ્થાનો ૫૪મો વાર્ષિક સ્નેહમિલન, સામૂહિક ક્ષમાપના, સરસ્વતી સન્માન તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ ઉજવ્યો હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સંસ્થાન સભ્યો હાજર રહ્યા હતા.

સ્નેહમિલન સમારંભની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોને આવકાર્યા હતા. પોતાના વક્તવ્યમાં તેઓએ જણાવેલ હતું કે ૨૦૧૨ના વસતિ પત્રક પ્રમાણે અમદાવાદ તથા ગાંધીનગર આસપાસ વસતા કચ્છી જૈન કુટુંબોની સંખ્યા ૮૦૦ જેટલી છે. જ્યારે સભ્યપદ સમિતિના છેલ્લા રેકોર્ડ મુજબ સ્થાનિકે વસતા કચ્છી જૈન સભ્યોના કુટુંબોની સંખ્યા ૧૦૦૦/૧૧૦૦ ઉપર થઈ ગઈ છે. તે ઉપરાંત ઘણા સભ્યોના સરનામા તેમજ ટેલિફોન નંબર બદલાઈ ગયા છે. જેથી નવું વસતિ પત્રક તૈયાર કરવું જરૂરી જણાય છે. આ કાર્યવાહી માટે નિયત કરેલ ફોર્મમાં જરૂરી વિગત ભરીને કાઉન્ટર પર / સંસ્થાના કાર્યાલયમાં તુરંત પહોંચાડવા બધા સભ્યોને અપીલ કરી હતી.

ધીમે ધીમે સંજોગો એવા થતા જાય છે કે આપણે હવે આવા મોટા કાર્યક્રમો શ્રી કચ્છી જૈન ભવન ઉપર કરવા મુશ્કેલ છે અને તેથી હવે ફરજિયાત વાર્ષિક સ્નેહમિલ તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ બહાર જ કરવો પડે છે. અને તે માટે ટાગોર હૉલ બધી જ રીતે અનુકૂળ છે. સમયની મર્યાદા હોતા આપણા કાર્યક્રમોમાં સમાજનાં સભ્યો સમયસર હાજર રહે તે ઈચ્છનીય છે. જેથી કાર્યક્રમ સમયસર શરૂ કરી પૂર્ણ કરી શકાય.

ત્યારબાદ સંસ્થાના સહખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે જૈન ધર્મમાં મિચ્છામિ દુક્કડમ્ નું મહત્ત્વ સમજાવી હાજર રહેલ સૌ સભ્યોને સામૂહિક ક્ષમાપના કરાવી સૌ સભ્યોએ અરસપરસ મિચ્છામિ દુક્કડમ્ પાઠવેલ હતા.

ગત વર્ષ દરમ્યાન સંસ્થા તરફથી સંસ્થાના હોદ્દેદારો તરફથી તથા સંસ્થાની વિવિધ કાર્યકારીણી સમિતિઓ તરફથી થયેલ કાર્યવાહીનો સંક્ષિપ્ત અહેવાલ જણાવેલ હતો કે સંસ્થાની નાની મોટી બધી જ સમિતિઓએ પોતાની કાર્યવાહી વર્ષ દરમ્યાન સુચારૂ રૂપે પૂર્ણ કરેલ છે. સંસ્થામાં રોજબરોજ કાર્ય કરતી સમિતિઓનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે હિસાબી સમિતિ, કે જે રોજબરોજના હિસાબો તપાસી સમયસર લખાવે છે અને સમયસર ઑડિટ કરાવી સમાજ સમક્ષ અહેવાલ રજૂ કરે છે. હિસાબો દરરોજ સમયસર ચેક કરી અને લખાવવાની જવાબદારી ખજાનચી શ્રી કે.ડી. શાહ તથા સહ ખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર નિષ્ઠાપૂર્વક બજાવે છે. એમની સેવાઓની આપણે નોંધ લઈને હું એમની કાર્યવાહીને બિરદાવું છું.

ભવન સમિતિ કે જેની કાર્યવાહીમાં રોજબરોજ ત્રણે ભવનની સફાઈ તથા રૂમોની સગવડો રોજબરોજ ચેક કરી વ્યવસ્થિત રાખવાની છે. આવનાર યાત્રિકોની બધી જ સુવિધાઓ સમયસર અને સારી રીતે સાચવવાની જવાબદારી સમિતિનાં કન્વીનર અને સભ્યશ્રીઓએ નિષ્ઠાપૂર્વક બજાવેલ છે. આ સમિતિના કાર્યવાહીનો સંપૂર્ણ યશ શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર તથા શ્રી રજનીકાંત પારેખ તેમજ સમિતિના અન્ય સભ્યોને જાય છે. તેઓએ પોતાની કાર્યવાહી સુચારૂ રૂપે નિભાવી અને સંસ્થાના અધિકારીઓની જવાબદારી ઓછી કરેલ છે. જેને હું હૃદયપૂર્વક બિરદાવું છું. એવી જ એક ખૂબ જ અગત્યની સમિતિ મેડિકલ સમિતિ છે અને એ સમિતિને પણ રોજબરોજ સારવાર લેવા આવતા દર્દીઓની સગવડો સાચવવી તથા સારી અને સમયસર સારવાર મળે તેવી વ્યવસ્થા, સમયાંતરે મેડિકલ સેન્ટરમાં ફેરફારો કરવા, કંઈ નવું ઉમેરવા માટેની કાર્યવાહી પણ સમિતિ રાબેતા મુજબ કરતી જ રહે છે. આ બદલ સમિતિનાં કન્વીનર ડૉ. હિતેન્દ્રભાઈ શાહ તથા અન્ય સભ્યો ધન્યવાદને પાત્ર છે. એ સૌને હું અભિનંદન આપું છું. આ વર્ષે મેડિકલ સેન્ટરમાં સોનોગ્રાફીનું આધુનિક મશીન રૂા. ૨૦.૦૦ લાખના ખર્ચે વસાવવામાં આવ્યું એ મેડિકલ સમિતિની અગત્યની કાર્યવાહીની હું નોંધ લઉં છું.

તે જ રીતે આ વર્ષે ગુજરાત સરકારે જૈન જ્ઞાતિને લઘુમતિનો દરજ્જો આપેલ છે. તેથી દરેક સભ્યોએ લઘુમતિનાં સર્ટીફિકેટ મેળવી લેવા અત્યંત આવશ્યક છે. આ બદલ સંસ્થા તરફથી સર્ટીફિકેટ મેળવી આપવા માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં આશરે ૧,૦૦૦ સર્ટીફિકેટ બનાવીને સભ્યોને આપી દેવામાં આવ્યા છે. આજના દિવસે પણ બહારના કાઉન્ટર પર એના ફોર્મ્સ ઉપલબ્ધ છે તે પણ ભરીને આપી દેવા ખાસ ભલામણ કરવામાંઆવે છે. વક્તવ્યનાં અંતે તેઓએ સંસ્થાના ટ્રસ્ટ મંડળનાં સર્વ સભ્યો, કારોબારી સમિતિનાં સભ્યો, વિવિધ કાર્યકારીણી સમિતિનાં સભ્યો તથા સમાજના સભ્યોનો સાથ-સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરેલ હતો.

ત્યારબાદ સ્વામિવાત્સલ્યના દાતા પરિવારમાંથી શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડા તથા વિવિધ પારિતોષિક યોજનાઓના દાતાઓ શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા, શ્રીમતી વીણાબેન ભરતભાઈ ગાલા, માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ, શ્રી જિતેન્દ્રભાઈ કુરુવા તથા મંગલ મંદિર નિર્ણાયક સમિતિનાં સભ્ય શ્રી ચિત્રસેન શાહનું બહુમાન સંસ્થાના વિવિધ હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યું હતું.

મંગલ મંદિર વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાનનો શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશી જેઠાભાઈ કુરુવા પારિતોષિક યોજના અંતર્ગત શ્રેષ્ઠ લેખકનું પ્રથમ ઈનામ શ્રી કેશુભાઈ દેસાઈનાં 'હેવાતન' લેખને મળ્યું હતું. જે પારિતોષિક શ્રી જિતેન્દ્રભાઈ કુરુવાએ અર્પણ કરેલ હતો. શ્રી કેશુભાઈ દેસાઈએ ઈનામનો સહર્ષ સ્વીકાર કરી પોતે પણ મંગલ મંદિર સાથે સંકળાયેલા હોતાં, ઈનામ બહુમાનસહ પરત કરેલ હતું. શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા આંજો કાગર વિભાગનાં ઉત્તમ પત્રનું પ્રથમ પારિતોષિક શ્રી શાંતિલાલ સંઘવીને મળેલ હતું. તેઓ હાજર ન હોતાં તેમના વતી શ્રી મગનભાઈ સંઘવીએ સ્વીકારેલ હતું. તથા દ્વિતીય પારિતોષિક શ્રી શાંતિલાલ શાહ વતી તેઓની સુપુત્રી શ્રીમતી સુલુબેને સ્વીકારેલ હતું. ઉપરોક્ત ઈનામ પણ પારિતોષિકના દાતા સુશ્રી ચૌલાબેન કુરુવા વતી તેઓનાં ભાઈ શ્રી જિતેન્દ્રભાઈ કુરુવાનાં હસ્તે આપવામાં આવ્યા હતા.

આજના સમારંભમાં સમાજના એક સભ્ય તથા હાસ્યલેખક શ્રી ચિત્રસેન શાહના 'હાસ્યનું મેઘધનુષ' પુસ્તકનું સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્ટેજ ઉપર ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ વિમોચનમાં સાથ આપેલ હતો.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ આજના પ્રવક્તા અને રાપર કૉલેજનાં પ્રોફેસર તથા જૈન ધર્મનાં જ્ઞાતા શ્રી રમજાનભાઈ હસણિયાએ 'ક્ષમાપના' ઉપર પ્રવચન આપેલ હતું. તેઓની બોલવાની તથા સમજાવવાની પદ્ધતિ ખૂબ જ સરળ ભાષામાં હતી તથા યોગ્ય દાખલાઓ ટાંકીને તેઓએ જૈન ધર્મમાં અને ખાસ કરીને પર્યુષણમાં શ્રાવકનાં પાંચ કર્તવ્યોમાંનો એક કર્તવ્ય 'ક્ષમાપના' વિશે સમજણ આપી હતી. આજના કાર્યક્રમમાં તેઓનું વક્તવ્ય ખૂબ જ અસરકારક રહ્યું હતું અને હાજર રહેલા સૌ સભ્યોને ખૂબ જ ગમ્યું હતું.

***ત્યારબાદ સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ દ્વારા આયોજિત ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના અંતર્ગત નીચે મુજબના વિદ્યાર્થીઓને યોજનાના દાતા શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ મૂળજી સાવલાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.***

(૧) ભાવિક રીટાબેન જિતેન્દ્ર તલકશી મહેતા
(૨) જાનકી નીનાબેન અશોક ગોગરી
(૩) દૃષ્ટિ નૂતનબેન અનિલ પ્રાગજી શાહ
(૪) મૌલિન પ્રફુલ્લાબેન પંકજ મેઘજી ગોગરી
(૫) શ્લેષા ભારતીબેન સંદીપ સંઘવી
(૬) શૈલી પ્રેમાબેન જિતેન કલ્યાણજી છેડા
(૭) મિલન લીનાબેન યતીન ધારશી સંઘવી
(૮) વત્સલ પૂનમબેન સુનિલ ગોવિંદજી શાહ
(૯) દૃષ્ટિ લતાબેન મનીષ મનસુખલાલ ત્રેવડિયા
(૧૦) વિશાલ જયાબેન હિતેશ દેઢિયા
(૧૧) સિદ્ધાર્થ ભારતીબેન અજય કાંતિલાલ શાહ
(૧૨) દ્રવ્યા જ્યોતિબેન ખુશાલ મગનલાલ શાહ
(૧૩) નીરલ નિયતિબેન નીતેન નવીનચંદ્ર વસા
(૧૪) કેવલ સુનિતાબેન અજય નાનજી રાંભિયા

***શૈક્ષણિક પારિતોષિક યોજના અંતર્ગત ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના દાતા માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહના હસ્તે નીચે મુજબના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા.***

(૧) વિકી પ્રીતિબેન હરેશ લાલજી ગંગર
(૨) પૃથ્વી જસ્મીનબેન હીરેન ભોગીલાલ કોરડિયા
(૩) મીત હેતલ રાહુલ પ્રતાપ દંડ

***શ્રી ભરતભાઈ ભાણજી ગાલા શૈક્ષણિક પારિતોષિક યોજના ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) અંતર્ગત પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને શ્રીમતી વીણાબેન ભરતભાઈ ગાલાના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.***

(૧) પ્રિયલ જાગૃતિબેન વીરેન વાડીલાલ મહેતા
(૨) નેહલ નયનાબેન સનત તલકશી મહેતા
(૩) પરીન અમીબેન નીતિન ભોગીલાલ શાહ

***શ્રીમતી પ્રમીલાબેન ઉમરશી કુરુવા ફાઉન્ડેશન શૈક્ષણિક પારિતોષિક યોજના અંતર્ગત ધોરણ-૧૦માં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને સુશ્રી ચૌલાબેન કુરુવા વતી શ્રી જિતેન્દ્રભાઈ કુરુવાએ પારિતોષિક પ્રદાન કર્યા હતા.***

(૧) દેવાંશી અલ્પાબેન મૂલચંદ નાનજી મારૂ
(૨) સ્નેહ પાયલબેન મેહુલ શાહ
(૩) ઋત્વિક માધવીબેન રાકેશ ધીરજલાલ સંઘવી

***શ્રી કાંતિલાલ રામજી શાહ ઉચ્ચ શિક્ષણ પારિતોષિક યોજના (સર્ટીફિકેટ્સ) અંતર્ગત નીચે મુજબના ૧૮ વિદ્યાર્થીઓને દાતા શ્રી કાંતિલાલ રામજી શાહનાં હસ્તે સર્ટીફિકેટ્સ અર્પણ કરવામાં આવ્યા હતા.***

(૧) આરતી હીનાબેન લક્ષ્મીચંદ ભાણજીભાઈ મૈશેરી
(૨) દીપલ મંજુલાબેન વિજય કલ્યાણજી છેડા
(૩) કેવલ દિવ્યાબેન સંદીપ મોતા
(૪) નાગેશ જાગૃતિબેન જયેશ મહાદેવ મહેતા
(૫) ચાર્મિ કસ્તુરબેન હસમુખ હીરજી વોરા
(૬) પૂજા સાધનાબેન રમેશ કેશવજી મોતા
(૭) મયંક ચેતનાબેન પંકજ શાંતિલાલ મહેતા
(૮) વીરાલી દીનાબેન સંજય ભાઈચંદ બાબરિયા
(૯) મિહિર કિરણબેન મનીષ લક્ષ્મીચંદ શાહ
(૧૦) ધારા મંજુલાબેન વિજય કલ્યાણજી છેડા
(૧૧) પૂજા તૃષિતાબેન ભરત ગઢેચા
(૧૨) દિવ્યા નીતાબેન નવીન વાડીલાલ વોરા
(૧૩) વંશ જાગૃતિબેન વીરેન વાડીલાલ મહેતા
(૧૪) ઋષભ હેતલબેન અનિલ નારાણજી શાહ
(૧૫) શિવાની ભારતીબેન હિતેશ મુકેશભાઈ મુનવર
(૧૬) જિત હેતલબેન રાહુલ પ્રતાપ દંડ
(૧૭) આદિત્ય પ્રીતિબેન ખુશાલ ગુલાબચંદ શાહ
(૧૮) ચૈત્ય સોનલબેન અંકુર કાંતિલાલ ભણસાલી

***શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક યોજના અંતર્ગત નીચે મુજબની પ્રતિભાઓને યોજનાનાં દાતા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલાનાં હસ્તે આપવામાં આવ્યા હતા.***

(૧) રીયા રાહુલ નાગડા
(૨) કેવલ અજય રાંભિયા
(૩) સંગીતા વિશાલ ગડા
(૪) શૈલેન વિજયસેન શાહ
(૫) વૃષ્ટી પ્રદીપ મહેતા
(૬) વિશુ મેહુલ શાહ
(૭) એકતા નિખિલ શાહ

ઉપરોક્ત સરસ્વતી સન્માનનાં કાર્યક્રમનું સંચાલન સુચારૂ રૂપે શ્રી મનીષ આણંદજી વીરા તથા શ્રી પંકજ મેઘજી ગોગરી દ્વારા કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના અંતમાં સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહે આભારવિધિ કરેલ હતી. તેઓએ આજના સ્વામિવાત્સલ્યના દાતાશ્રી, વિવિધ હરીફાઈઓના દાતાશ્રીઓ તથા સરસ્વતી સન્માન સમિતિ દ્વારા આયોજિત વિવિધ પારિતોષિક યોજનાના દાતાશ્રી, આજના ખાસ પ્રવક્તા શ્રી રમજાનભાઈ હસણિયા, સંસ્થાની વિવિધ સમિતિઓના કાર્યકર્તાઓ, સંસ્થાના ઑફિસ સ્ટાફ તથા વ્યવસ્થા જાળવનાર બધા જ વોલન્ટિયર્સ ભાઈઓનો સંસ્થા વતી આભાર માનેલ હતો. ■

***(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર-૧૧૩)***

## વયસ્ક સમિતિ — આગામી કાર્યક્રમ : રમતગમત કાર્યક્રમ

સમિતિ તરફથી વડીલોના મનોરંજન માટે વિવિધ – સોલો, કપલ અને ગ્રુપ રમતોનો અદ્‌ભુત કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેથી સર્વે વડીલોને સમયસર હાજર રહેવા વિનંતી.

***તારીખ : ગુરુવાર, તા. ૧૦ નવેમ્બર, ૨૦૧૬ • સમય : બપોરે ૩.૩૦ વાગ્યાથી***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.***

કાર્યક્રમ બાદ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

***નોંધ :*** લક્કી ડ્રો માં ભાગ લેવા માટે સમયસર પધારશો.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## જાહેર નિમંત્રણ

## નૂતન વર્ષ મિલન સમારંભ

વિક્રમ સંવત ૨૦૭૨ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૭૨ની આસો વદ અમાસ એટલે કે રવિવાર, તા. ૩૦-૧૦-૨૦૧૬ના રોજ આપણે ઊજવીશું દીપોત્સવી તહેવાર. એ દિવસે આપણે વર્ષ ૨૦૭૨ને વિદાય કરી, સોમવાર, તા. ૩૧-૧૦-૨૦૧૬ એટલે કે કારતક સુદ-એકમના દિવસે વિક્રમ સંવત ૨૦૭૩ના વર્ષમાં પ્રવેશ કરીશું.

તે નિમિત્તે સોમવાર, તા. ૩૧-૧૦-૨૦૧૬ના સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવનાર છે.

નૂતન વર્ષ મિલન સમારંભમાં શ્રી કચ્છી જૈન પરિવારોની સાથે અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પરિવારોને પણ આમંત્રિત કરવામાં આવે છે. એ દિવસે આપણે એકબીજાને હળીમળીને પરસ્પર નૂતન વર્ષના અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીશું.

નૂતન વર્ષ મિલન સમારંભમાં હાજર રહેનાર દરેક સભ્યોને નમ્ર વિનંતી કે તેઓ એ દિવસે પોતાનું વસતિપત્રકનું ફોર્મ ભરીને સાથે લેતા આવે...

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી / પ્રમુખ**

## તબીબી સેવા સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટર ખાતે તા. ૧૦-૯-૨૦૧૬ને શનિવારના રોજ સવારે ૧૦થી ૧.૦૦ દરમિયાન એક B.M.D. (હાડકાંની ઘનતા) માપવાનો નિઃશુલ્ક કેમ્પ યોજાઈ ગયો. કુલ ૭૭ વ્યક્તિઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. ૧ વાગ્યા સુધી ચાલેલ આ કેમ્પમાં મશીનથી પગના હાડકાંનું ચેક-અપ કરવામાં આવ્યું હતું. જેમાં ફક્ત ૫ વ્યક્તિઓનો B.M.D. બરાબર (નોર્મલ) હતો. ૫૨ (બાવન) વ્યક્તિઓને Osteopenia એટલે કે કેલ્શિયમની ઊણપ વરતાઈ હતી અને ૨૦ વ્યક્તિઓને Osteoporosis (હાડકા પોલા થઇ જવા)નું નિદાન થયેલ હતું. ત્યાર પછી ૫૫ વ્યક્તિઓને ઓર્થોપેડિક સર્જનનું કન્સલ્ટેશન કરાવેલ હતું અને દર્દીઓએ દવા તેમજ હાડકાંના ઘસારા તથા Knee replacement વિશે સલાહ લીધી હતી.

*ડૉ. હિતેન્દ્ર એમ. શાહ - કન્વીનર*

**શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિના સમાચારો માટે જુઓ પાના નંબર : ૧૦૧ તથા ૧૦૨**

## શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત આવાસ યોજના સ્થિત શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ કેન્દ્ર ખાતે ગૃહ ઉદ્યોગ સમિતિ તરફથી તા. ૧૫ અને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ આદર્શ અમદાવાદ સંસ્થાના સહયોગથી મહિલા કૂકિંગ કોર્સ રાખવામાં આવેલ હતો. તેમાં ૭૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો.

તા. ૧૫-૯-૨૦૧૬ના રોજ પ્રીતિબેન ઠક્કર દ્વારા કલાકંદ અને સેઝવાન નુડલ્સની વાનગી તૈયાર કરી પ્રેક્ટિકલ તેમજ થિયરી દ્વારા ખૂબ જ સુંદર રીતે શીખવવામાં આવેલ. શ્રીમતી પ્રીતિબેન ઠક્કરનું સૂતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

તા. ૧૬-૯-૨૦૧૬ના રોજ શ્રીમતી સંગીતાબેન શાહે માઈક્રોવેવ ઓવનમાં બનતી ત્રણ વાનગીઓ : (૧) હાંડવો, (૨) બ્રાઉની અને (૩) ગાર્લિક બ્રેડ કેવી રીતે બને તેને થીયરી તેમજ પ્રેક્ટીકલ રીતે ખૂબ જ સુંદર રીતે શીખવ્યું હતું. સંગીતાબેનનું સૂતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ બાદ દરેક મહિલાઓનું એક જ મંતવ્ય હતું કે આવા શીખવા લાયક કાર્યક્રમો વારંવાર ગોઠવવામાં આવે.

*શ્રીમતી ચંદ્રિકાબેન લોડાયા*
*કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## સપ્ટેમ્બર - ૨૦૧૬

● **તા. ૧૨-૯-૨૦૧૬**

★ આજે સવારે પ્રતાપ નારાણજી દંડે મ્યુનિ. કોર્પો.ના એન્જિનિયર શ્રી કમલેશભાઈ સાથે વાત કરીને ઈમ્પેક્ટ ફી ભરવાની કાર્યવાહી અંગે ચર્ચા કરેલ હતી. તેઓશ્રીનું કહેવું હતું કે આપણી પાસે હવે સમય છે તો જેટલી પણ મિકેનિકલ લિફ્ટ લાગી શકે તેટલી લગાવી શકો છો. જેથી ઈન્સ્પેક્શન કરાવીને મૂળ રકમ ભરવાની જ કાર્યવાહી કરી શકાય.

● **તા. ૧૪-૯-૨૦૧૬**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ અને શ્રી હસમુખ બાબુભાઈ શાહે એરો ટેલિકોમ પ્રા.લિ.વાળા શ્રી અપૂર્વભાઈ કોન્ટ્રાક્ટર સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે EPBX સિસ્ટમ લગાડવા માટેની ચર્ચા વિચારણા કરેલ હતી તથા Metrix EPBX સિસ્ટમ અંગેની જાણકારી મેળવેલ હતી.

★ આજે સવારના ૧૧ વાગે પાર્કિંગમાં મિકેનિકલ લિફ્ટ લગાડવા માટે લિફ્ટ કંપનીના પ્રતિનિધિ શ્રી કૌશિકભાઈ સાથે પાલડી ભવનના કમ્પાઉન્ડમાં ૧૦ લિફ્ટ લગાડવા માટેની વાતચીત કરી હતી. તેઓને પાર્કિંગમાં લિફ્ટ કેવી રીતે લગાડશે તેના પ્લાન દોરીને બતાવવા જણાવેલ હતું. તેઓએ આપણે ઓર્ડર આપીશું તે પછી ૧ મહિનામાં લિફ્ટ બેસાડી આપવાનું જણાવેલ છે.

● **તા. ૧૫-૯-૨૦૧૬**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે સંસ્થાના કાયદાકીય સલાહકાર શ્રી અશોકભાઈ શુક્લ સાથે સંસ્થાના કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરેલ હતી અને તેઓની સલાહ મુજબ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

★ આજે બપોરે ૧૨ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખ બાબુભાઈ શાહે મિકેનિકલ લિફ્ટવાળા શ્રી કૌશિકભાઈ સાથે મિટિંગ કરેલ હતી અને તેઓએ મોકલાવેલ લિફ્ટ ફિટીંગના પ્લાન અંગે ચર્ચા વિચારણા કરેલ હતી તથા સ્થળ ઉપર નિરીક્ષણ કરી ૫રીથી નવો પ્લાન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

● **તા. ૧૭-૯-૨૦૧૬**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખ બાબુભાઈ શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી પંકજ ગોગરી તથા મેનેજર શ્રી પરાશર વ્યાસે આવતીકાલે યોજાનારા સ્વામિવાત્સલ્ય તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સાથે સાથે આ કાર્યક્રમ વખતે જૈન લઘુમતિના તથા સૂચિત વસતિ પત્રકના ફોર્મ છપાવી, વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

● **તા. ૧૮-૯-૨૦૧૬**

★ આજે સવારના ૯.૩૦થી ૧ વાગ્યા દરમ્યાન ટાગોર હૉલ - પાલડી ખાતે સંસ્થાના વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય જમણવાર તથા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સમાજના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા. આજના કાર્યક્રમમાં કચ્છ રાપરની કૉલેજના પ્રોફેસર શ્રી રમજાનભાઈ હસણિયાનું જૈન ધર્મ ઉપરનું વ્યાખ્યાન ખૂબ જ અસરકારક તથા માણવાલાયક રહ્યું હતું.

● **તા. ૧૯-૯-૨૦૧૬**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી હસમુખ બાબુભાઈ શાહે મેટ્રીક્ષ EPBX સિસ્ટમવાળા શ્રી અપૂર્વભાઈ સાથે ફરીથી સિસ્ટમ અંગે અને તેના ભાવ અંગે વાતચીત કરેલ હતી તથા આવતીકાલે પોતાનો નિર્ણય તેમને જણાવશે તેમ જણાવેલ હતું.

★ આજે સાંજે ૫ વાગે શ્રી હસમુખ બાબુભાઈ શાહે Panasonic EPBX સિસ્ટમવાળા શ્રી પંકજભાઈ સાથે મિટિંગ કરેલ હતી તથા સિસ્ટમ અંગેની જાણકારી મેળવેલ હતી. તેઓ સાથે પણ ભાવની વાતચીત કરી ટૂંક સમયમાં જણાવશે તેમ જણાવેલ હતું.

★ આજે સાંજે મિકેનિકલ લિફ્ટ કંપનીવાળા શ્રી કૌશિકભાઈએ સ્થળ ઉપર મુલાકાત લઈ ફરીથી પ્લાન બનાવીને આપણને મોકલાવી આપેલ હતા.

● **તા. ૨૦-૯-૨૦૧૬**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી હસમુખ બાબુભાઈ શાહે મેટ્રીક સિસ્ટમવાળા શ્રી અપૂર્વભાઈ સાથે મિટિંગ કરેલ હતી અને સિસ્ટમના ફાઈનલ ભાવ નક્કી કરી તાત્કાલિક સિસ્ટમ લગાવીને ચાલુ કરી આપવા માટે નક્કી કરી લેવામાં આવેલ હતું.

★ આજે સવારના ૧૧ વાગે મિકેનિકલ લિફ્ટવાળા શ્રી કૌશિકભાઈ સાથે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખ બાબુભાઈ શાહે મિટિંગ કરેલ હતી તથા શ્રી

કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પાર્કિંગ પ્લોટમાં ૧૦ લિફ્ટ લગાડવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને તે બદલના ભાવો નક્કી કરી ૪૦% પેમેન્ટ એડવાન્સ આપી દેવાનું નક્કી કરી લેવામાં આવેલ હતું. તેઓએ પોતાની ફેક્ટરી ઉપર લિફ્ટ બનાવવાનું શરૂ કરી દીધેલ છે અને તા. ૧૦મી ઓક્ટોબરની આસપાસ લિફ્ટનો સામાન ભવન ઉપર ઉતારી ૨-૪ દિવસમાં ફીટ કરી આપશે તેવી બાંહેધરી કંપની તરફથી મળેલ છે.

★ આજે સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રિનોવેશન સમિતિની એક બેઠક મળેલ હતી. જેમાં શ્રી આશિષ મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી પીયૂષ પારેખ તથા શ્રી પીયૂષ સાવલા હાજર રહેલ હતા. આ બેઠકમાં શાહીબાગ ભવન ખાતે પહેલા માળના જનરલ બાથરૂમોના રિનોવેશન અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા. ■

## ઊડતી નજરે....

**માસ ઓગસ્ટ-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૧૩,૩૯૪** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૫૧૭** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૮૪** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... **૧૧** | |
| | ● | સોનોગ્રાફી .......... **૧,૧૫૩** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... **૩૨** | |
| | ● | બોડી ચેક-અપ .......... **૪૧૨** | |
| | ● | અન્ય .......... **૧૦,૧૮૫** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૬૬૦** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૨,૧૧૦** | **૨,૭૭૦** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨,૧૦૦** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૫,૩૪૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૩૪૩** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૮૯૭** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ . **૪૯૨** | **૯,૦૭૨** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૩૩૭** | **૩૩૭** |
| | | માસ ઓગસ્ટ - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૫,૫૭૩** |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વસતિ પત્રક – ૨૦૧૭

પૂરું નામ : ______________________________

નામ　　પિતાનું નામ　　દાદાનું નામ　　અટક　　મૂળ અટક

**Full Name :** (Please write in CAPITAL LETTERS Only) ______________________________

રહેઠાણનું પૂરું સરનામું : ______________________________

______________________________ પીન કોડ : __________

ફોન નંબર : (ઘરનો) __________ (વ્યવસાયનો) __________ (મોબાઈલ નંબર) __________

ઈ-મેઈલ : ______________________________

વ્યવસાયનો પ્રકાર : ______________________________

અને પૂરું સરનામું - ફોન નંબર : ______________________________

(પરિવારના દરેક સભ્યની વિગત પૂરેપૂરી લખવી ● પાછળના પાને દર્શાવેલ સૂચના વાંચવી) ______________________________

અમદાવાદમાં વસવાટ : સન __________ થી ■ કચ્છમાં ગામ : __________ તાલુકો : __________ ■ સંપ્રદાય : ☐ સ્થાનકવાસી ☐ દેરાવાસી

જ્ઞાતિ : ☐ કચ્છી વીસા ઓસવાળ ☐ કચ્છી દશા ઓસવાળ ☐ ગુર્જર વીસા શ્રીમાળી ઓસવાળ ☐ ગુર્જર દશા શ્રીમાળી ☐ વાગડ સાત ચોવીસી ☐ વાગડ બે ચોવીસી

| ક્રમ | નામ | મોબાઈલ નંબર | જન્મ તારીખ | મુખ્ય વ્યક્તિ સાથે સંબંધ | વૈવાહિક સ્થિતિ | બ્લડ ગ્રૂપ | અભ્યાસ | પ્રવૃત્તિ (સ્વતંત્ર વ્યવસાય / નોકરી / ગૃહિણી / અભ્યાસ વગેરે) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પોતે | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

# વ્યવસાયની કોલમ ભરતાં પહેલાં નીચેની સૂચના અવશ્ય વાંચો

## સ્વતંત્ર વ્યવસાય કરનાર / પ્રોફેશનલ્સ માટે

★ સ્વતંત્ર વ્યવસાય કરતા હો તો, માલિક છો કે ભાગીદાર તે દર્શાવવા વિનંતી.
★ સ્વતંત્ર વ્યવસાયમાં ઉદ્યોગ અથવા ફેક્ટરી હોય તો આપ શાનું ઉત્પાદન કરો છો. આપની ઉદ્યોગ અથવા ફેક્ટરીનું નામ, સરનામું, ફોન નંબર સહિત જણાવવા વિનંતી.
★ સ્વતંત્ર જથ્થાબંધ વેપાર હોય તો શાનો વેપાર છે એનો સ્પષ્ટ પ્રકાર જણાવવો તથા નામ - સરનામું, ફોન નંબર સહિત જણાવવું.
★ સ્વતંત્ર છૂટક વેપાર કરતા હો તો તેનો પ્રકાર, નામ, સરનામું, ફોન નંબર સહિત જણાવવા વિનંતી.
★ આપ ડૉક્ટર હો તો કઈ શાખાના સ્પેશિયાલિસ્ટ છો. આપની હોસ્પિટલનું નામ, સરનામું, ફોન નંબર અથવા આપ કોઈ હોસ્પિટલ સાથે સંલગ્ન હો તો તેનું નામ, સરનામું, સંપર્ક ફોન નંબર સહિત વિગત જણાવવા વિનંતી.
★ આપ વકીલ હો તો કઈ કોર્ટમાં વકીલાત કરો છો, આપની ઓફિસનું નામ, સરનામું, ફોન નંબર અથવા કોઈ કંપની સાથે સંલગ્ન હો તો તેની વિગત જણાવવા વિનંતી.
★ આપ સી.એ. છો તો કઈ ફર્મના નામે વ્યવસાય કરો છો તે વિગત નામ, સરનામું, ફોન નંબર સહિત જણાવવા વિનંતી.
★ આપ કોઈ એજન્સી ધરાવો છો તો એનો પ્રકાર, એનું નામ - સરનામું, ફોન નંબર સહિત જણાવશો. કોઈ કંપનીની એજન્સી હોય તો તેનું નામ જણાવવા વિનંતી.
★ આપનો ટ્રાન્સપોર્ટનો વ્યવસાય હોય તો તેના પ્રકારની વિગત જણાવવા વિનંતી.
★ ઉપર જણાવેલ બાબતમાંથી આપની કોઈ અન્ય વિગત હોય તો જણાવવા વિનંતી.

## નોકરી કરનાર માટે

★ આપ નોકરી કોઈ ખાનગી કંપનીમાં કરતા હો તો, તેનું નામ, સરનામું, ફોન નંબર અને આપનો હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
★ આપ બેંકમાં નોકરી કરતા હો તો બેંકનું નામ, એની શાખાનું નામ - સરનામું, આપનો હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
★ આપ કોઈ સરકારી / અર્ધ સરકારી ખાતામાં નોકરી કરતા હો તો એનું નામ - સરનામું અને તેમાં આપનો હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
★ આપ કોઈ ટ્રાન્સપોર્ટ કંપનીમાં નોકરી કરતા હો તો, ટ્રાન્સપોર્ટ કંપનીનું નામ, સરનામું અને તેમાં આપનો હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
★ આપ કોઈ દુકાન કે પેઢીમાં નોકરી કરતા હો તો દુકાન - પેઢીનું નામ - સરનામું, આપનો તેમાં હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
★ આ સિવાય અન્ય કોઈ વિગત કે અન્ય જગ્યાએ આપ કામ કરતા હો તો તેની વિગત જણાવવા વિનંતી.

## ● વસતિ પત્રકનું ફોર્મ ઓનલાઇન ભરવા માટે સુવિધા ●

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવનાર વસતિ પત્રક-૨૦૧૭ની વિગત ઓનલાઈ ભરી શકાય તે હેતુથી આ સુવિધા કરવામાં આવેલ છે. વસ્તીપત્રકનું પૂરું ફોર્મ ઓનલાઈન સબમિટ કરી દેવાનું રહેશે. જે માટે આપના મોબાઈલ, લેપટોપ કે ડેસ્ક ટોપ પર નીચે મુજબની લીંક ખોલી ફોર્મની વિગત ભરી શકાય છે.

***CLICK ON : http://kutchijainahd.org/kutchijain-vastipatrak/***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ ● રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૬

### કાર્યક્રમની તસવીરી ઝલક













V-TRANS
Driving Excellence
Unique Features
WIDE NETWORK TO OVER 400 LOCATIONS ACROSS INDIA
BEST IN INDUSTRY INFRASTRUCTURE & IT SUPPORT
RUNS ON PROVEN SYSTEMS & EFFICIENT OPERATIONS
MOVING OVER 10 MILLION PARCELS, WEIGHING OVER 15 LAC TONS WORTH Rs. 35,000 Cr
MODERN, GPS SUPPORTED FLEET OF MORE THAN 800 VEHICLES
ETHICAL ORGANIZATION WITH CORE VALUES, VISION 2020, PURPOSE & QUALITY ASSURANCE
TRUSTED BY OVER 1 MILLION SATISFIED CUSTOMERS FROM ACROSS SME, LARGE & MNC SECTORS
WINNERS OF SEVERAL NATIONAL EXCELLENCE AWARDS
Our Offerings
END TO END MARINE TRANSIT INSURANCE COVER FOR ALL GOODS BOOKED THROUGH US
SPEEDY CLAIM SETTLEMENT
24 X 7 CCTV SURVEILLANCE AT MAJOR HUBS & BRANCHES
100% COMPUTERIZED & DIGITAL ENVIRONMENT
ISO 9000:2008 CERTIFIED COMPANY & FULLY COMPLIANCE DRIVEN
DEDICATED KEY & CORPORATE ACCOUNTS MANAGEMENT
SPECIALISTS IN SAFE, SPEEDY & COST FRIENDLY PARCEL MANAGEMENT AND CUSTOMIZED OFFERINGS
NATIONAL AWARD WINNING CUSTOMER SERVICES TEAM
TOTAL PEACE OF MIND
To know more about us, call us today
CORPORATE OFFICE : V-Trans India Limited, 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

